# શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન
# લઘુવૃત્તિ વિવરણ


– : વિવરણકાર : –

પંન્યાસ ચન્દ્રગુપ્ત વિજય ગણી



– : પ્રકાશન : –

શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

– : આર્થિક સહકાર : –

શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ

૨૦૩ ભવાની પેઠ, પુણે ૪૧૧ ૦૦૨

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

— : વિવરણકાર : —


પૂ. પરમશાસન પ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ પૂજ્યપાદ આ. ભ.
શ્રી. વિ. રામચન્દ્ર સૂ. મહારાજાના પટ્ટાલંકાર સ્વ. પૂજ્યપાદ આ.
શ્રી વિ. મુક્તિચન્દ્ર સૂ. મ. સા. ના શિષ્યરત્ન પૂ. પંન્યાસપ્રવર
શ્રી અમરગુપ્ત વિ. ગણિવર્ય મ. સાહેબના શિષ્યરત્ન

પંન્યાસ ચન્દ્રગુપ્ત વિ. ગણી



— : પ્રકાશન : —
શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

— : આર્થિક સહકાર : —
શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ
૨૦૩ ભવાની પેઠ, પુણે ૪૧૧ ૦૦૨

# શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન
## લઘુવૃત્તિ વિવરણ

પ્રથમ આવૃત્તિ : નકલ ૧૦૦૦

પ્રકાશક : શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

— : પ્રાપ્તિસ્થાન : —

શા. સૂર્યકાન્ત ચતુરલાલ
મુ.પો. મુરબાડ, જિ. ઠાણે

રજનીકાન્તભાઈ એફ. વોરા.
૬૫૫, સાચાપીર સ્ટ્રીટ
પુણે ૪૧૧ 00૧

વિજયકર કાંતિલાલ ઝવેરી
જહાંપનાંહની પોળ,
કાળુપુર રોડ, અમદાવાદ - ૧

— : મુદ્રક અને ફોટો કંપોઝીંગ : —
એસ્. જયકુમાર ઍણ્ડ કું.
૧૨૮/૨ રુપનગરી શૉપ નં. ૨૬
કર્વે રોડ, પુણે - ૪૧૧ ०૨૯

શા. મુકુન્દભાઈ રમણલાલ
૫ 'નવરત્ન' ફલેટ્સ
નવા વિકાસ ગૃહ માર્ગ
પાલડી. અમદાવાદ - ૭

મૂલ્ય : ૪૫ રૂા.

વિવરણકારની વાત ......

-અનન્તોપકારી દેવાધિદેવ શ્રી અરિહન્ત પરત્માઓએ કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી જ પરમતારક શાસનની સ્થાપના કરી હોવાથી એની સર્વોપરિતા સ્વયંસિદ્ધ છે. શ્રી સર્વજ્ઞ પ્રણીત એ પરમતારક શાસનના મર્મને સમજાવવાં માટે શ્રી ગણધર ભગવન્તો આદિ મહર્ષિઓએ શ્રી દ્વાદશાઙ્ગી પ્રમુખ અનેકાનેક શાસ્ત્રોની રચના કરીને આપણી ઉપર અસીમ ઉપકાર કર્યો છે. સ્યાદ્વાદના અભેધ કવચથી સુરક્ષિત શ્રી જિનવચનોના અખૂટ ખજાનાનો પરિચય કરાવનારા એ પરમ પવિત્ર અદ્ભુત ગ્રન્થરત્નો પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં રચાયા છે. પ્રાકૃત અને સંસ્કૃત ભાષાના પ્રારંભિક પણ તલસ્પર્શી યથાર્થજ્ઞાન વિના એ પરમતારક ગ્રન્થોના પરિશીલનથી પણ શ્રી જિનવચનોના એ અખૂટ ખજાનાનો પાવન પરિચય કરી શકાય એમ નથી.

મુમુક્ષુ જનોની એ પાવન પરિચય કરવાની પુણ્યકામના સફળ બને એ એકમાત્ર ભાવનાથી સંસ્કૃત અને પ્રાકૃતભાષાના પ્રારંભિક યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિમાં ઉપયોગી આ વિવરણ આજે પ્રકાશિત કરાય છે. કલિકાલ-સર્વજ્ઞ પૂજ્યપાદ આચાર્યભગવન્ત શ્રીમદ્ વિજય હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા દ્વારા વિરચિત શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુ શાસન - લઘુવૃત્તિના આ વિવરણનાં પ્રકાશન પૂર્વે આજ સુધીમાં અનેક વિવરણો પ્રકાશિત થયા છે. પ્રગટ થયેલા એ વિવરણોમાં કેટલાક વિવરણકારોએ પોતાની બુદ્ધિ - પ્રતિભાનુ ખરેખર જ પ્રદર્શન કર્યું છે. જેમને વ્યાકરણની પરિભાષાનો પણ સાચો ખ્યાલ નથી એવા લોકોએ ગ્રન્થકાર પરમર્ષિ ના સૂત્રરચના:ની સમીક્ષા કરી ખૂબ જ ધૃષ્ટતા કરી છે. ખરી રીતે તો સ્વતન્ત્ર રીતે વ્યાકરણની રચના માટે પોતાની જાતને સમર્થ માનનારાઓએ વ્યાકરણના વિવરણ અંગે શાં માટે પ્રયાસ કર્યો તે સમજાતું નથી. એ વિવરણો અંગે કેટલીક આવશ્યક સમીક્ષા હું કરું એની અપેક્ષાએ વૈયાકરણીઓ પોતે જ એની સમીક્ષા કરી લે - એ વધુ ઉચિત જણાય છે.

પાતંજલ મહાભાષ્ય જેવા આકરગ્રન્થો સુધીના વ્યાકરણના વિશાલ ગ્રન્થો ની ઉજ્જવલપ્રભામાં આ વિવરણની અલ્પતમ પ્રભાનું કોઈ જ અસ્તિત્વ નથી. વિદ્વાન્ ગણાતા લોકોની વ્યાકરણ પ્રત્યેની ઉદાસીનતાને દૂર કરી વ્યાકરણશાસ્ત્રના અધ્યયન - અધ્યાપન પ્રત્યે અભિરુચિ પ્રગટાવવાં માટે આ એક પ્રયાસ છે. મુખ્યપણે વ્યાકરણની પ્રધાનપરિભાષાના પરિચય પૂર્વક સામાન્ય પ્રક્રિયાંશનું અહીં સ્પષ્ટ દિગ્દર્શન કર્યું છે. વ્યાકરણનું અધ્યયન - અધ્યાપન કરતી વખતે પડતી અગવડને લક્ષ્યમાં રાખી તેને દૂર કરવાં પૂરતો પ્રયત્ન કર્યો છે. ખાસ તો પૂ. સાધુ - સાધ્વીજી મ. ને અધ્યયન - અધ્યાપન અંગેની સગવડતા માટે આ વિવરણ 'શ્રી પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટ, ભવાનીપેઠ પૂના' ના જ્ઞાનખાતાની રકમના સદ્વ્યયે પ્રગટ થાય છે. તેથી આ પુસ્તકની સમ્પૂર્ણ કિંમત અથવા યોગ્ય નકરો જ્ઞાનખાતે આપ્યા વિના શ્રાવકોએ આ પુસ્તકનો ઉપયોગ ન કરવા ભલામણ છે. અનેકાન્તવાદનું અવગાહન કરવા દ્વારા આત્મકલ્યાણની સાધનામાં મુમુક્ષુ જનોને સહાયક બનવાની કામનાથી લખાએલા આ વિવરણનો માત્ર આજીવિકા ચલાવવા આદિના લક્ષ્યથી ઉપયોગ ન કરવા પણ સૂચના છે.

દેશકાલની સીમાઓથી પર એવા પરમ સત્યસ્વરૂપ શ્રી જિનવચનોના જયવાદમાં આ વિવરણનો નાનો પણ નિખાલસ સાદ સંભળાય અને શાસનસેવાનું આ નાનું સુકૃત મારા અને પાઠકોના આત્માને પરમાત્મા બનાવે એવી શ્રદ્ધા સાથે વિરમું છું.

પં ચન્દ્રગુપ્ત વિ. ગણી

ગુરુમંદિર જૈન ઉપાશ્રય
પગડબંધલેન નાસિક
વિ. સં. ૨૦૪૭ માગસર વદ ૫ :
ગુરુવાર : તા. ૬-૧૨-૧૯૯૦

## अथ प्रारभ्यते प्रथमाध्याये प्रथमः पादः।

प्रणम्य परमात्मानं ........ ઈત્યાદિ - શ્રી વીતરાગ પરમાત્માને અથવા સ્વકીય અને પરકીય આત્માને પ્રણામ કરીને પૂર્વાચાર્યોની પદ્ધતિનું કાંઈક સ્મરણ કરીને આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્ર સૂરિજી દ્વારા સમ્યક્ શબ્દોનાં અનુશાસનને પ્રકાશિત કરાય છે. અથવા પૂર્વાચાર્યોની પદ્ધતિનું સ્મરણ કરીને આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્ર સૂરિજી દ્વારા કેટલાંક સમ્યક્ શબ્દોનાં અનુશાસનને પ્રકાશિત કરાય છે. સામાન્યતઃ લોકમાં બોલાતા 'લૌકિક' અને વેદમાં પ્રસિદ્ધ 'વૈદિક' આ બે ભેદથી શબ્દો બે પ્રકારના છે. એમાંથી અહીં લૌકિક શબ્દોનું અનુશાસન હોવાથી 'किञ्चित् श्रेयः शब्दानुशासनं प्रकाश्यते' આ પ્રમાણે અન્વય કર્યો છે.

### अर्हं ॥१।१।१॥

'अर्हम्' આ મંત્રાક્ષર છે. એનો નાશ થતો નથી. અથવા 'अर्हम्' માં 'अ र् ह् अ म्' આમાંથી કોઈ એકજ વર્ણ મંત્ર છે. બાકીના વર્ણો તેનો આન્તર પરિકર મનાય છે. 'આન્તર' અને 'બાહ્ય' આ બે ભેદથી પરિકર બે પ્રકારનો છે. સપરિકર જ મંત્ર કાર્યસાધક બને છે. મુદ્રા આસન વર્તુલાદિ મંત્રનો બાહ્ય પરિકર છે. અને મંત્રાક્ષરની સાથેના વર્ણો તેનો આંતર પરિકર છે. 'अर्हम्' આ મંત્રાક્ષર પરમેષ્ઠીનો વાચક છે. શાસ્ત્રકર્તા અને શાસ્ત્રભણનારના મંગલ માટે શાસ્ત્રના પ્રારંભે તેનું પ્રણિધાન કર્યુ છે. 'अर्हम्' આ મંત્રાક્ષર વાચક છે અને 'પરમેષ્ઠી' તેના વાચ્ય છે. આ મંત્રાક્ષરની સાથે પ્રણિધાન કરનારનો સંભેદ છે અર્થાદ્ વાચ્ય વાચક ભાવ સ્વરૂપ સંશ્લેષ છે અને મંત્રાક્ષરના વાચ્ય

એવા પરમેષ્ઠીની સાથે પ્રણિધાન કર્ત્તાને અભેદ છે. 'જેમ 'अर्हम्' આ મંત્રાક્ષર પરમેષ્ઠીનું વાચક છે તેમ તેમનાથી અભિન્ન એવા મારું પણ વાચક છે.' આ રીતે પોતાના શુદ્ધ આત્માના, પરમાત્માની સાથેના અભેદનું જે ધ્યાન છે તેને પ્રણિધાન કહેવાય છે. જે તાત્ત્વિક નમસ્કાર સ્વરૂપ છે. જેથી નમસ્કાર કર્ત્તા સ્વયં નમસ્કાર્ય બને છે.॥૧॥

## सिद्धिः स्याद्वादात् १।१।२॥

સ્યાદ્વાદ એટલે અનેકાંતવાદ. સ્યાદ્વાદથી, પ્રકૃત - આ વ્યાકરણમાંના શબ્દોની સિદ્ધિ એટલે ઉત્પત્તિ અને જ્ઞાન જાણવાં. આશય એ છે કે નિત્યત્વ અનિત્યત્વ; ભેદ અભેદ ઈત્યાદિ અનંતધર્મોથી યુક્ત એવી વસ્તુમાં નિત્યત્વ અનિત્યત્વાદિ ધર્મોનો ભિન્ન ભિન્ન અપેક્ષાએ સ્વીકાર કરવો એ અનેકાંતવાદ છે. આ વ્યાકરણમાં જે જે સમ્યક્ શબ્દોની સિદ્ધિ કરાઈ છે. એ સિદ્ધિ અનેકાંતવાદ વિના શક્ય નથી. શબ્દમાં નિત્યત્વ અને અનિત્યત્વ, ભેદ અને અભેદ ઈત્યાદિ વિરુદ્ધ ધર્મોનો સમાવેશ ન માનીએ તો શબ્દોનો; પરસ્પરનો વિશેષણ-વિશેષ્યભાવ, -હ્રસ્વ - દીર્ઘાદિ આદેશ, વગેરે જે ફેરફાર છે તે ઘટી શકે નહીં. સર્વવ્યવહારની ઉપપત્તિની જેમ જ શબ્દોની ઉપપત્તિ પણ અનેકાંતવાદને આધીન છે. એ અનેકાંતવાદથી અસત્કાર્યવાદીના મતે સાધુશબ્દોની ઉત્પત્તિ અને સત્કાર્યવાદીના મતે શબ્દોની જ્ઞપ્તિ (જ્ઞાન) થાય છે. અનેકાંતવાદ વિના શબ્દોમાં થતાં ફેરફાર શાં માટે સંગત થતાં નથી, સત્કાર્યવાદ અને અસત્કાર્યવાદ માનનારનો કયો આશય છે.... ઈત્યાદિ વસ્તુને, ભણાવનારા પાસેથી બરાબર સમજવી જોઈએ. ॥૨॥

## लोकात् १।१।३॥

સંયોગાદિ સંજ્ઞાઓ; ઘણ્ટાલાલાદિ ન્યાયો અને 'अ आ इ ई ....' ઈત્યાદિ વર્ણોનો અનુક્રમ વગેરે જે આ વ્યાકરણમાં કહયું નથી

તેની સિદ્દ્ધિ અન્યવ્યાકરણકારોના નિયમથી સમજવી જોઈએ; અર્થાદ્ એ માટે વૈયાકરણોની પરંપરા જ પ્રમાણ છે. એનાથી જ સંયોગાદિ સંજ્ઞાઓ વગેરે સિદ્ધ છે. ॥૩॥

**औदन्ताः स्वराः १।१।४॥**

'अ' થી 'औ' સુધીના દરેક વર્ણોને સ્વર સંજ્ઞા થાય છે. સૂત્રમાં 'स्वराः' આ બહુવચનનો નિર્દેશ 'अ ३' 'इ ३' ઈત્યાદિ પ્લુત વર્ણોને પણ 'स्वर' સંજ્ઞાનું વિધાન કરવા માટે છે. ॥૪॥

**एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः १।१।५॥**

એક -હ્રસ્વ વર્ણના ઉચ્ચારણ માટે જેટલો સમય લાગે છે તેને 'માત્રા' કહેવાય છે. જે સ્વરનું ઉચ્ચારણ કરવા માટે એક માત્રા થાય છે તે સ્વરને '-ह्रस्व' કહેવાય છે. જે સ્વરનું ઉચ્ચારણ કરવા માટે બે માત્રા થાય છે. તે સ્વરને 'दीर्घ' કહેવાય છે. અને જે સ્વરનું ઉચ્ચારણ કરવા માટે ત્રણ માત્રા થાય છે, તેને 'प्लुत' કહેવાય છે. अ इ उ ....ઈત્યાદિ -હ્રસ્વ છે. आ ई ऊ .. ઈત્યાદિ દીર્ઘ છે. અને आ ३ इ ३ ऊ ३ ... ઈત્યાદિ પ્લુત છે.॥૫॥

**अनवर्णा नामी १।१।६॥**

'अ' વર્ણને છોડીને બીજા સ્વરોને નામિસંજ્ઞા થાય છે. 'इ' થી 'औ' સુધીના સ્વરો 'નામિ' કહેવાય છે. ('अनवर्णा नामी' આ સૂત્રમાં 'अनवर्णाः' આ બહુવચનાન્ત પદ છે; અને 'नामी' આ એકવચનાન્ત પદ છે. આ પ્રમાણે અહીં જે વચનનો ભેદ છે તે, 'જયાં કાર્યી સ્વરની અપેક્ષાએ કાર્ય સ્વર ન્યૂન હોય છે ત્યાં નામિસંજ્ઞાશ્રિત કાર્ય થતું નથી અર્થાત્ કાર્યી સ્વરને, ત્યાં નામિસંજ્ઞા થતી નથી' એ જણાવવા માટે છે. 'म्लै' (૧ લો ગણ)+अ (શવ્) +

ति (तिव्) આ અવસ્થામાં ऐ સ્વરને નામિસંજ્ઞા થાય તો 'नामिनो०.....૪-૩-૧' થી ऐ ના સ્થાને 'ए' ગુણ થશે અને તેથી 'ए' ને 'एदैतोऽयाय्' ૧-૨-૨૩ થી 'अय्' આદેશ થવાથી 'म्लयति' આવો અનિષ્ટ પ્રયોગ થશે. તેથી તેનાં નિવારણ માટે અહીં 'ऐ' ને નામિસંજ્ઞા કરાતી નથી. કારણ કે કાર્યી (જેને કાર્ય કરવાનું છે તે) સ્વર 'ऐ' ની અપેક્ષાએ કાર્ય (વિધેય) સ્વર 'ए' (પ્રયત્નની અપેક્ષાએ) ન્યૂન છે. તેથી 'म्लै + अ + ति' આ અવસ્થામાં 'ऐ' ને નામિસંજ્ઞા ન થવાથી તેને 'एदैतोऽयाय्' ૧-૨-૨૩ થી 'आय्' આદેશ થવાથી 'म्लायति' આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ 'કરમાય છે.' એવો છે.) ॥૬॥

### लृदन्ताः समानाः १।१।७॥

'अ' થી 'लृ' સુધીના વર્ણોને 'समान' સંજ્ઞા થાય છે. अ आ इ ई उ ऊ ऋ ॠ लृ અને ॡ આ સમાન સ્વરો છે. ॥૭॥

### ए-ऐ-ओ-औ सन्ध्यक्षरम् १।१।८॥

ए ऐ ओ અને औ આ ચાર વર્ણોને सन्ध्यक्षर સંજ્ઞા થાય છે.॥૮॥

### अं-अः अनुस्वारविसर्गौ १।१।९॥

अं અને अः અહીં અકારને છોડીને ' ं ' અને ':' ને અનુક્રમે 'અનુસ્વાર' અને 'વિસર્ગ' સંજ્ઞા થાય છે. અનુસ્વાર અને વિસર્ગનું ઉચ્ચારણ સ્વરની સહાય વિના થતું ન હોવાથી સૂત્રમાં 'अं' અને 'अः' આ પ્રમાણે અકાર સાથે અનુસ્વાર અને વિસર્ગનું ગ્રહણ છે. અનુસ્વાર નાસિક્ય વર્ણ છે અને વિસર્ગ કણ્ઠ્ય વર્ણ છે. એ યાદ રાખવું ॥૯॥

**कादिर्व्यञ्जनम् ।१।१।१०॥**

'क्' થી 'ह्' સુધીના પ્રત્યેક વર્ણને વ્યઞ્જન સંજ્ઞા થાય છે. (અનુસ્વાર અને વિસર્ગ પણ વ્યઞ્જન મનાય છે.) ॥૧૦॥

**अपञ्चमान्तस्थो धुट् ।१।१।११॥**

દરેક વર્ગના પાંચમા (ङ् ञ् ण् न् म्) વ્યઞ્જનને અને અન્તસ્થા (य् र् ल् व्) ને છોડીને બાકીના क् થી ह् સુધીના વર્ણોને 'धुट्' સંજ્ઞા થાય છે. ॥૧૧॥

**पञ्चको वर्गः ।१।१।१२॥**

પાંચ પાંચ સંખ્યા પ્રમાણ क् થી ङ्; च् થી ञ्; ट् થી ण्; त् થી न्; અને प् થી म्; સુધીના વર્ણોને વર્ગ સંજ્ઞા થાય છે. ॥૧૨॥

**आद्य-द्वितीय-श-ष-सा अघोषाः ।१।१।१३॥**

દરેક વર્ગના આદ્ય क् च् ट् त् प् તેમ જ દ્વિતીય ख् छ् ठ् थ् फ् અને श् ष् स् ને 'અઘોષ' સંજ્ઞા થાય છે.॥૧૩॥

**अन्यो घोषवान् ।१।१।१४॥**

અઘોષ વર્ણોને છોડીને બાકીના ग् વગેરે વર્ણોને અર્થાદ્ દરેક વર્ગના ત્રીજા ચોથા પાંચમા વર્ણોને તેમ જ य् र् ल् व् ह् ने 'घोषवत्' સંજ્ઞા થાય છે.॥૧૪॥

**य-र-ल-वा अन्तस्थाः ।१।१।१५॥**

य् र् ल् અને व् ને 'अन्तस्था' સંજ્ઞા થાય છે. ॥૧૫॥

**अं-अः ≍ क )( प - शषसाः शिट् १।१।१६॥**

આ સૂત્રમાં अ क અને प કેવલ અનુસ્વારાદિનાં ઉચ્ચારણ માટે છે. અનુસ્વાર (ं), વિસર્ગ (ः), વજ્રાકૃતિ (≍) અને ગજકુમ્ભાકૃતિ ()() વર્ણને તેમ જ श् ष् स् ને 'शिट्' સંજ્ઞા થાય છે.॥૧૬॥

**तुल्यस्थानाऽऽस्यप्रयत्नः स्वः १।१।१७॥**

જે વર્ણોના કણ્ઠ્ય આદિ સ્થાન અને આસ્ય પ્રયત્ન સમાન હોય છે તે વર્ણોને પરસ્પર 'स्व' સંજ્ઞા થાય છે. વર્ણોનાં સ્થાન નીચે જણાવ્યા મુજબ આઠ પ્રકારનાં છે. (૧) उरस् (હૃદય). (૨) कण्ठ. (૩) मूर्धन्. (૪) जिह्वामूल. (૫) दन्त. (૬) नासिका. (૭) ओष्ठ. અને (૮) तालु. મુખની અંદર થનારા વર્ણાનુકૂલ પ્રયત્નોને 'आस्यप्रयत्न' કહેવાય છે. જે સ્પૃષ્ટત્વાદિ સ્વરૂપ છે. उदात्त[१] अनुदात्त[२] અને स्वरित[३] આ ત્રણ ભેદથી 'अ' વગેરે વર્ણો ત્રણ પ્રકારના છે. ઉદાત્તાદિ વર્ણો 'સાનુનાસિક'[૧] અને 'નિરનુનાસિક'[૨] ભેદથી બે પ્રકારના છે. તેથી આ રીતે 'अ' વગેરે વર્ણો છ પ્રકારના છે અને એના -હ્રસ્વ[૧], દીર્ઘ[૨] અને પ્લુત[૩], આ ત્રણ ત્રણ ભેદ ગણવાથી 'अ इ उ' વગેરેના દરેકના અઢાર અઢાર ભેદ છે.

ઉપર જણાવેલા અઢાર પ્રકારના 'अ' વર્ણનો 'વિવૃત પ્રયત્ન' અને 'કણ્ઠ' સ્થાન સમાન છે. તેથી તે અઢાર વર્ણોને પરસ્પર 'स्व' સંજ્ઞા થાય છે.

આવીજ રીતે અઢાર પ્રકારના 'इ' વર્ણનું 'તાલુ' સ્થાન અને 'વિવૃત પ્રયત્ન' સમાન હોવાથી તે અઢાર વર્ણો પરસ્પર 'स्व' સંજ્ઞક છે.

અઢાર પ્રકારના 'उ' વર્ણનું 'ઓષ્ઠ' સ્થાન અને 'વિવૃત પ્રયત્ન' સમાન હોવાથી તે વર્ણોને પરસ્પર 'स्व' સંજ્ઞા થાય છે.

અઢાર પ્રકારના 'ऋ' વર્ણનું 'મૂર્ધન્' સ્થાન અને 'વિવૃત પ્રયત્ન'

સમાન હોવાથી તે વર્ણોને પરસ્પર 'स्व' સંજ્ઞા થાય છે.

અઢાર પ્રકારના 'ऌ' વર્ણનું 'दन्त' સ્થાન અને 'વિવૃત પ્રયત્ન' સમાન હોવાથી તે અઢાર વર્ણો પરસ્પર 'स्व' સંજ્ઞક છે.

સન્ધ્યક્ષરો -હ્રસ્વ ન હોવાથી ए ऐ ओ અને औ દરેકના બાર બાર ભેદ છે. એમાં બાર પ્રકારના 'ए' વર્ણનું 'તાલુ' સ્થાન અને 'વિવૃતતર' પ્રયત્ન સમાન હોવાથી તે બાર વર્ણો પરસ્પર 'स्व' સંજ્ઞક છે. બાર પ્રકારના 'ऐ' વર્ણોનું 'તાલુ' સ્થાન અને 'અતિ વિવૃતતર' પ્રયત્ન સમાન હોવાથી તે બાર વર્ણો પરસ્પર 'स्व' સંજ્ઞક છે. બાર પ્રકારના 'ओ' વર્ણનું 'ઓષ્ઠ' સ્થાન અને 'વિવૃતતર' પ્રયત્ન સમાન હોવાથી તે બાર વર્ણોને પરસ્પર 'સ્વ' સંજ્ઞા થાય છે. બાર પ્રકારના 'औ' વર્ણનું 'ઓષ્ઠ' સ્થાન અને 'અતિવિવૃતતર' પ્રયત્ન સમાન હોવાથી તે બાર વર્ણો પરસ્પર 'સ્વ' સંજ્ઞક છે.

આવીજ રીતે વર્ગીય (કાદિ વર્ગીય) પાંચ પાંચ વર્ણો પરસ્પર 'સ્વ' સંજ્ઞક છે અર્થાત્ ક વર્ગીય પાંચ પરસ્પર 'સ્વ' સંજ્ઞક છે તેમજ ચ વર્ગીય, ટ વર્ગીય, ત વર્ગીય અને પ વર્ગીય પાંચ પાંચ વર્ણો પરસ્પર 'સ્વ' સંજ્ઞક છે. 'સાનુનાસિક' અને 'નિરનુનાસિક' આ બે બે ભેદથી य् ल् અને व् બે બે પ્રકારના છે. તે બે પ્રકારનો य् વર્ણ પરસ્પર 'स्व' સંજ્ઞક છે. બે પ્રકારનો 'ल्' વર્ણ પરસ્પર 'स्व' સંજ્ઞક છે. અને બે પ્રકારનો 'व्' વર્ણ પણ પરસ્પર 'स्व' સંજ્ઞક છે.॥૧૭॥

**स्यौ-जसमौ-शस्-टा-भ्याम्-भिस्-ङे-भ्याम्-भ्यस्-ङसिभ्याम्-भ्यस्-ङसोसाम् ङ्योस्सुपां त्रयी त्रयीप्रथमादिः १।१।१८॥**

(१) सि औ जस् (२) अम् औ शस् (३) टा भ्याम् भिस् (४) ङे भ्याम् भ्यस् (५) ङसि भ्याम् भ्यस् (६) ङस् ओस् आम् (७) ङि ओस् सु આ ત્રણ ત્રણ પ્રત્યયોને અનુક્રમે प्रथमा द्वितीया तृतीया चतुर्थी पञ्चमी षष्ठी અને सप्तमी સંજ્ઞા થાય છે.॥૧૮॥

## स्यादिर्विभक्तिः १।१।१९॥

'सि' પ્રત્યયમાં 'इ' અનુબંધ છે અને 'तिव्' પ્રત્યયમાં 'व्' અનુબંધ છે. એ અનુબંધથી રહિત 'सि' અને 'तिव्' નું ગ્રહણ કરીને 'स्त्यादि' આ પ્રમાણે અહીં નિર્દેશ કર્યો છે. 'सि' પ્રત્યયથી 'सुप्' સુધીના અને 'तिव्' પ્રત્યયથી 'स्यामहि' સુધીના (જુઓ સૂ. નં. ३-३-६ થી ३-३-१६) પ્રત્યયોને 'विभक्ति ' સંજ્ઞા થાય છે. ॥१९॥

## तदन्तं पदम् १।१।२०॥

સ્યાદિની ('सि' વગેરે પ્રત્યયોની) પ્રકૃતિ જેની આદિમાં હોય અને સ્યાદિ જેના અન્તમાં હોય તે સમુદાયને તેમજ ત્યાદિની ('तिव्' વગેરે પ્રત્યયોની) પ્રકૃતિ જેની આદિમાં હોય અને ત્યાદિ જેના અન્તમાં હોય તે સમુદાયને 'पद' સંજ્ઞા થાય છે. જેનાથી પ્રત્યયોનું વિધાન કરાય છે તેને તે પ્રત્યયની 'प्रकृति' કહેવાય છે. 'धर्मो युष्माकं स्वम्' અહીં 'धर्म' નામથી सि પ્રત્યય વિહિત છે. અને 'ददाति अस्मभ्यं शास्त्रम्' અહીં 'दा' ધાતુથી तिव् પ્રત્યય વિહિત છે. તેથી सि પ્રત્યયની પ્રકૃતિ ધર્મ છે અને तिव् પ્રત્યયની પ્રકૃતિ 'दा' ધાતુ છે. સ્યાદિ અને ત્યાદિ પ્રત્યય ની પ્રકૃતિ જેની આદિમાં છે અને સ્યાદિ અને ત્યાદિ પ્રત્યય જેના અન્તમાં છે એવા धर्मस् અને ददाति આ સમુદાયને આ સૂત્રથી પદ સંજ્ઞા થાય છે. અને તેથી 'पदाद्युग् विभ०.... २-१-२१' થી 'युष्माकम्' ને 'वस्' અને 'अस्मभ्यम्' ને 'नस्' આદેશ થવાથી 'धर्मो वः स्वम्' અને 'ददाति नः शास्त्रम्' આવો પ્રયોગ થાય છે. જેનો ક્રમશઃ અર્થ 'ધર્મ તમારું ધન છે.' 'અમને શાસ્ત્ર આપે છે.' આ પ્રમાણે છે. ॥२०॥

## नाम सिदय्व्यञ्जने १।१।२१॥

'स्' ઈત્ (અનુબંધ) છે જેમાં એવો સિત્ પ્રત્યય; અથવા य्

સિવાયનો વ્યઞ્જન છે આદિમાં જેના એવો  य् ભિન્ન વ્યઞ્જનાદિ પ્રત્યય પરમાં (અવ્યવહિતોત્તરમાં) હોય તો પૂર્વનાં નામને 'पद' સંજ્ઞા થાય છે. 'भवत्' શબ્દને "भवतोरिकणीयसौ" ६-३-३० થી ईयस् પ્રત્યય. 'अप्रयोगीत्' १-१-३७ થી ईयस् ના 'स्' ને ઈત્ સંજ્ઞા અર્થાત્ તેનો લોપ. તેથી સિત્ 'ईयस्' પ્રત્યય પરમાં હોવાથી 'भवत्' નામને આ સૂત્રથી 'पद' સંજ્ઞા થાય છે; અને તેથી 'धुटस्तृतीयः' ૨-૧-૭૬ થી भवत् નામના 'त्' ને द् આદેશ થવાથી સ્યાદિ કાર્ય બાદ 'भवदीयः' આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ 'આપસંબંધી' આ પ્રમાણે છે. पयस्+भ्याम् આ અવસ્થામાં વ્યઞ્જનાદિ (य् ભિન્નવ્યઞ્જનાદિ) भ्याम् પ્રત્યય પરમાં હોવાથી पयस् નામને આ સૂત્રથી 'पद' સંજ્ઞા થાય છે. તેથી 'सोरुः' ૨-૧-૭૨ થી स् ને 'रु' (र्) આદેશ. 'घोषवति' ૧-૩-૨૧ થી रु (र्) ને 'उ' આદેશ.... ઈત્યાદિ કાર્ય થવાથી 'पयोभ्याम्' આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ સ્પષ્ટ છે. अयिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ य् ભિન્ન જ વ્યઞ્જનાદિ પ્રત્યય પરમાં હોય તો પૂર્વનાં નામને 'पद' સંજ્ઞા થાય છે. તેથી 'वाचमिच्छति' આ અર્થમાં 'वाचम्' શબ્દને ' अमाव्ययात् क्यन् च ' ૩-૪-૨૩ થી क्यन् (य) પ્રત્યય. 'ऐकार्थ्ये' ૩-૨-૮ થી સ્યાદિવિભક્તિ अम् નો લોપ. वाच्+य આ અવસ્થામાં य् ભિન્ન વ્યઞ્જનાદિ પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી वाच् નામને પદ સંજ્ઞા થતી નથી. અન્યથા માત્ર વ્યઞ્જનાદિ પ્રત્યય પરમાં હોય તો પૂર્વનાં નામને 'पद' સંજ્ઞા થાય તો 'वाच्' નામને પણ પદ સંજ્ઞા થશે. તેથી 'चजः कगम्' ૨-૧-૮૬ થી वाच् ના च् ને क् આદેશ વગેરે કાર્ય થવાથી वाच्यति ના સ્થાને वाक्यति આવો અનિષ્ટ પ્રયોગ થશે. क्यन् પ્રત્યયાન્ત वाच्य ધાતુને ति પ્રત્યયાદિ કાર્ય થવાથી वाच्+य+अ+ति આ અવસ્થામાં 'लुगस्या०... ૨-૧-૧૧૩' થી य ના 'अ' નો લોપ થવાથી 'वाच्यति' આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ 'વાણીને ઈચ્છે છે.' આ પ્રમાણે છે.॥૨૧॥

## नं क्ये ११।२२॥

આ સૂત્રમાંના 'क्य' થી क्यन् क्यङ् અને क्यङ्ष् નું ગ્રહણ કરવું. क्य પ્રત્યય અર્થાત્ क्यन् क्यङ् અને क्यङ्ष् પ્રત્યય પરમાં હોય તો પૂર્વનાં નકારાન્ત નામને પદ સંજ્ઞા થાય છે. અહીં क्यन् વગેરે પ્રત્યયોમાં य સિવાયના બધાં વર્ણો ઈત્ છે અર્થાત્ તેનો 'अप्रयोगीत्' ૧-૧-૩૭ થી લોપ થાય છે. સૂ.નં. ૧-૧-૨૧ થી य् ભિન્ન વ્યઞ્જનાદિ પ્રત્યય પરમાં હોય તો પૂર્વનાં નામને પદ સંજ્ઞા થાય છે. પરન્તુ યાદિ પ્રત્યય પરમાં હોય તો પૂર્વનાં નામને પદ સંજ્ઞા થતી નથી તેથી આ સૂત્રનું પ્રણયન છે.

'राजानमिच्छति' આ અર્થમાં દ્વિતીયાન્ત राजन् શબ્દને 'अमाव्य०....' ૩-૪-૨૩ થી क्यन् (य) પ્રત્યય. 'राजेवाचरति' આ અર્થમાં પ્રથમાન્ત राजन् શબ્દને 'क्यङ्' ૩-૪-૨૬ થી क्यङ् (य) પ્રત્યય. न चर्म अचर्म अचर्म चर्म सम्पद्यते આ અર્થમાં પ્રથમાન્ત चर्मन् શબ્દને "डाच् लोहिता०...."૩-૪-૩૦ થી क्यङ्ष् (य) પ્રત્યય. સર્વત્ર ऐकार्थ्ये ૩-૨-૮ થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી क्यन् क्यङ् અને क्यङ्ष् પ્રત્યયની પૂર્વેના राजन् અને चर्मन् સ્વરૂપ નકારાન્ત નામને पद સંજ્ઞા થાય છે. તેથી राजन्+य राजन्+य અને चर्मन्+य આ અવસ્થામાં 'नाम्नो नो०....' ૨-૧-૯૧ થી न् નો લોપ. ત્યારબાદ राज+य, राज+य, અને चर्म+य આ ધાતુઓને અનુક્રમે વર્તમાનાના तिव् (ति), ते અને तिव् (ति) પ્રત્યય. તેની પૂર્વે शव् (अ) વિકરણ પ્રત્યય. 'लुगस्या०....' ૨-૧-૧૧૩ થી य ના 'अ' નો લોપ. राज+य्+अ+ति આ અવસ્થામાં 'क्यनि' ૪-૩-૧૧૨ થી राज ના 'अ' ને 'ई' આદેશ. તેમ જ राज+य्+अ+ते અને चर्म+य्+अ+ति આ અવસ્થામાં राज અને चर्म ના અન્ત્ય 'अ' ને 'दीर्घश्च्वि०...' ૪-૩-૧૦૮ થી 'आ' આદેશ થવાથી અનુક્રમે राजीयति, राजायते અને चर्मायति આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ અનુક્રમે નીચે મુજબ છે. રાજાને ઈચ્છે છે. રાજાની જેમ આચરણ કરે છે. ચર્મ ભિન્ન ચર્મ

થાય છે.॥૨૨॥

## नस्तं मत्वर्थे १।१।२३॥

મત્વર્થીય પ્રત્યય પરમાં હોય તો 'स्' અને 'त्' જેના અન્તમાં છે એવા નામને પદ સંજ્ઞા થતી નથી. સકારાન્ત અને તકારાન્ત નામને સૂ.નં. ૧-૧-૨૧ થી પદ સંજ્ઞાની જે પ્રાપ્તિ હતી; તેનો આ સૂત્ર ઉપર જણાવ્યા મુજબ નિષેધ કરે છે. यशोऽस्यास्ति આ અર્થમાં 'असतपोमाया०...' ૭-૨-૪૭ થી પ્રથમાન્ત यशस् શબ્દને 'विन्' પ્રત્યય. तडिद् यत्राऽस्ति આ અર્થમાં तडित् શબ્દને 'तदस्या० ....' ૭-૨-૧ થી 'मतु' (मत्) પ્રત્યય. 'मावर्णान्तो०...' ૨-૧-૯૪ થી 'म्' ને व् આદેશાદિ કાર્ય થવાથી અનુક્રમે 'यशस्वी' અને 'तडित्वान्' આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ અનુક્રમે 'યશવાળો' અને 'મેઘ' આ પ્રમાણે છે. यशस् + विन् અને तडित्+मत् આ અવસ્થામાં य् ભિન્નવ્યઞ્જનાદિ પ્રત્યય પરમાં હોવાથી यशस् અને तडित् નામને 'नाम सिद०.....' ૧-૧-૨૧ થી પદ સંજ્ઞાની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિષેધ થયો છે. જેથી 'सोरुः' ૨-૧-૭૨ થી यशस् ના स् ને 'रु' આદેશ અને 'धुटस्तृतीयः'. ૨-૧-૭૬ થી तडित् ના અન્ત્ય त् ને 'द्' આદેશ થયો નથી. અન્યથા આ સૂત્રના અભાવમાં એ થાત તો અનિષ્ટ પ્રયોગ થાત.॥૨૩॥

## मनुर्नभोऽङ्गिरो वति १।१।२४॥

'वत्' પ્રત્યય પરમાં હોય તો પૂર્વના मनुस् नभस् અને अङ्गिरस् નામને 'पद' સંજ્ઞા થતી નથી. 'मनुरिव', 'नभइव' અને 'अङ्गिरा इव' આ અર્થમાં પ્રથમાન્ત मनुस् नभस् અને अङ्गिरस् નામને 'स्यादेरिवे' ૭-૧-૫૨ થી वत् પ્રત્યય. 'ऐकार्थ्ये' ૩-૨-૮ થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'नाम्यन्त०....' ૨-૩-૧૫ થી मनुस् ના स् ને ष् આદેશ. 'वत्तस्याम्' ૧-૧-૩૪ થી અવ્યય સંજ્ઞા ઈત્યાદિ કાર્ય થવાથી અનુક્રમે मनुष्वत्

नभस्वत् અને अङ्गिरस्वत् આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ અનુક્રમે નીચે મુજબ છે. મનુષ્યની જેમ. આકાશની જેમ. અને અઙ્ગિરા ઋષિની જેમ. मनुस्+वत्, नभस्+वत् અને अङ्गिरस्+वत् આ અવસ્થામાં 'नाम सिदय्व्यञ्जने' ૧-૧-૨૧ થી मनुस् વગેરે નામોને પદસંજ્ઞાની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થાય છે. અન્યથા આ સૂત્રના અભાવમાં સૂ.નં. ૧-૧-૨૧ થી પદ સંજ્ઞા થાત તો मनुस् વગેરે નામના स् ને 'सोरुः' ૨-૧-૭૨ થી रु આદેશાદિ કાર્ય થાત, જેથી 'मनुर्वत्' ઈત્યાદિ અનિષ્ટ પ્રયોગનો પ્રસંગ થાત. ॥૨૪॥

## वृत्त्यन्तोऽसषे १।१।२५॥

પર અર્થને જણાવનારી વૃત્તિ છે. જે समास, कृत्, तद्धित, एकशेष અને सनाद्यन्त, ભેદથી પાંચ પ્રકારની છે. વૃત્તિ ઘટક પદોના અર્થથી અતિરિક્ત અર્થનું અભિધાન વૃત્તિથી થતું હોવાથી વૃત્તિને 'પરાર્થાભિધાયી' કહેવાય છે. राज्ञः पुरुषः = राजपुरुषः અહીં સમાસવૃત્તિ; સ્વઘટક राज અને पुरुष પદાર્થથી ભિન્ન રાજસમ્બન્ધિત્વ અર્થને જણાવે છે. આવી જ રીતે करोति इति कारकः ઈત્યાદિ કૃદાદિ વૃત્તિઓમાં પરાર્થાભિધાયિત્વ સમજી લેવું.

વૃત્તિના અન્ત ભાગને પદ સંજ્ઞા થતી નથી. પરન્તુ स् ને ष् આદેશ કરવાના પ્રસંગે વૃત્તિના અન્ત ભાગને પદ સંજ્ઞા થાય છે જ. परमे च ते दिवौ આ વિગ્રહમાં કર્મધારય સમાસ. 'ऐकार्थ्ये' ૩-૨-૮ થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'स्थानीवा०....' ૭-૪-૧૦૯ થી दिवौ માં લુપ્ત औ ને સ્થાનિવદ્ભાવ. (એટલે લુપ્ત વિભક્તિ પ્રત્યય, છે એ પ્રમાણે માનવું.) તેથી परमदिव् આ સમાસવૃત્તિના અન્ત ભાગ दिव् ને 'तदन्तं पदम्' ૧-૧-૨૦ થી પદ સંજ્ઞાની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી दिव् ના व् ને 'उः पदान्तेऽनुत्' ૨-૧-૧૧૮ થી उ આદેશ થતો નથી. જેથી परमदिव् નામને औ પ્રત્યય બાદ 'परमदिवौ' આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ 'સારા બે સ્વર્ગ' આવો છે. આવી

જ રીતે बहवो दण्डिनो ययोः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસ. ઉપર જણાવ્યા મુજબ સ્યાદિ વિભક્તિનો લોપ. दण्डिन् પદોત્તર લુપ્તવિભક્તિને સ્થાનિવદ્ભાવ. અને दण्डिन् નામને પ્રાપ્ત પદસંજ્ઞાનો આ સૂત્રથી નિષેધ થાય છે. તેથી दण्डिन् ના न् નો 'नाम्नो नो०... ૨-૧-૯૧' થી લોપ થતો નથી. જેથી बहुदण्डिन् નામને 'औ' પ્રત્યય બાદ 'बहुदण्डिनौ' આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ 'ઘણા સંન્યાસીઓ જેમાં છે એવા બે ગામો.' આ પ્રમાણે છે. असष इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ स् ને ष् આદેશ કરવાના પ્રસંગે વૃત્તિના અન્ત ભાગને પદ સંજ્ઞાનો નિષેધ થતો નથી. તેથી 'दध्नः सेक्' આ વિગ્રહમાં ષષ્ઠી તત્પુરુષ સમાસ ઉપર જણાવ્યા મુજબ સ્યાદિનો લોપ અને सेक् પદોત્તર લુપ્ત સિ પ્રત્યયને સ્થાનિવદ્ભાવ થવાથી 'सक्' આ વૃત્તિના અન્તભાગને 'तदन्तं पदम्' ૧-૧-૨૦ થી પદ સંજ્ઞા વગેરે કાર્ય થવાથી दधिसेक् આવો પ્રયોગ થાય છે. અન્યથા આ સૂત્રથી स् ને ष् આદેશ કરવાના પ્રસંગે પણ વૃત્તિના અન્તભાગને પદ સંજ્ઞાનો નિષેધ કર્યો હોત અર્થાત્ સૂત્રમાં 'असषे ' નું ઉપાદાન ન કર્યું હોત તો सेक् ને પદ સંજ્ઞા થાત નહીં અને તેથી सेक् નો स् પદાદિ ન થાત પરન્તુ दधिसेक् ની અપેક્ષાએ તે પદમધ્યસ્થ થાત. જેથી 'नाम्यन्तस्था०....' ૨-૩-૧૫ થી स् ને ष् આદેશ થવાથી 'दधिषेक्' આવો અનિષ્ટ પ્રયોગ થાત. તેના નિવારણ માટે સૂત્રમાં 'असषे ' નાં ગ્રહણથી ઉપર જણાવ્યા મુજબ વૃત્તિના અન્તભાગને स् ને ष् કરવાના પ્રસંગે આ સૂત્રથી પદ સંજ્ઞાનો નિષેધ કર્યો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ सेक् ને પદ સંજ્ઞા થવાથી તેનો स् પદાદિ હોવાથી ( પદની આદિમાં હોવાથી) સૂ. નં. ૨-૩-૧૫ થી તેને ष् આદેશ થતો નથી. જેથી दधिसेक् આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ 'દહીંને સિંચવાવાળો'.. આવો છે. (सिञ्चति અર્થમાં सिच् ધાતુને 'मन् वन्०....' ૫-૧-૧૪૭ થી विच् (૦) પ્રત્યય. 'नामिनो०...' ૪-૩-૧ થી इ ને ગુણ ए આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'सेक्' શબ્દ બને છે.) ॥૨૫॥

## सविशेषणमाख्यातं वाक्यम् १।१।२६॥

પ્રયુજ્યમાન અથવા અપ્રયુજ્યમાન કર્તા કર્મ કરણ વગેરે કારક સ્વરૂપ વિશેષણ વાચક શબ્દ સહિત, પ્રયુજ્યમાન અથવા અપ્રયુજ્યમાન આખ્યાતને ( त्याद्यन्तने) 'વાક્ય' સંજ્ઞા થાય છે. धर्मो युष्मान् रक्षतु અહીં પ્રયુજ્યમાન કર્તૃવાચક અને કર્મવાચક धर्मस् અને युष्मान् સ્વરૂપ વિશેષણવાચક શબ્દ સહિત પ્રયુજ્યમાન 'रक्षतु ' આ આખ્યાતને આ સૂત્રથી વાક્ય સંજ્ઞા થાય છે. તેથી 'पदाद्यु०....' ૨-૧-૨૧ થી युष्मान् ને 'वस्' આદેશ થવાથી 'धर्मो वो रक्षतु' આવો પ્રયોગ થાય છે. 'लुनीहि' અહીં અપ્રયુજ્યમાન त्वम् વગેરે વિશેષણવાચક શબ્દો સહિત પ્રયુજ્યમાન लुनीहि આ આખ્યાતને આ સૂત્રથી 'વાક્ય' સંજ્ઞા થવાથી 'क्षियाऽऽशीः प्रैषे' ૭-૪-૯૨ થી हि ના इ ને પ્લુત इ (इ३) આદેશ થવાથી 'लुनीहि ३ पृथुकाँश्च खाद' આવો પ્રયોગ થાય છે. शीलं तव, स्वम् અહીં પ્રયુજ્યમાન शीलम् ઈત્યાદિ વિશેષણ વાચક શબ્દો સાથે અપ્રયુજ્યમાન 'अस्ति' આ આખ્યાતને આ સૂત્રથી 'વાક્ય' સંજ્ઞા થવાથી "ङे ङसा ते मे' ૨-૧-૨૩ થી 'तव' ને 'ते' આદેશ થાય છે. જેથી शीलं ते स्वम् આવો પ્રયોગ થાય છે. અહીં 'पृथुकाँश्च खाद' આ વાક્યનો ઉલ્લેખ, 'लुनीहि' આ વાક્ય બીજા વાક્યની સાથે સાકાંક્ષ છે આવું બતાવવા માટે છે. પરંતુ તેનો ઉલ્લેખ દૃષ્ટાન્તરૂપે નથી. પ્લુત આદેશ વાક્યાન્તરની અપેક્ષામાં થાય છે. તેથી વાક્યાન્તરની અપેક્ષા જણાવવી અહીં આવશ્યક છે. અર્થક્રમશઃ - ધર્મ, તમારું રક્ષણ કરે. કાપ અને પૃથુક ( ગોળ મિશ્રિત ભીના ચોખા.) ખા. શીલ તારું ધન છે. ॥૨૬॥

## अधातुविभक्तिवाक्यमर्थवन्नाम १।१।२७॥

ધાતુ, વિભક્ત્યન્ત અને વાક્યને છોડીને અન્ય અર્થવત્ શબ્દને 'नाम' સંજ્ઞા થાય છે. वृक्ष स्व धव અને च શબ્દને આ સૂત્રથી नाम

સંજ્ઞા થવાથી सि (स्) પ્રત્યયાદિ કાર્ય થવાથી वृक्षः स्वः धवश्च આવા પ્રયોગો થાય છે. જેનો અનુક્રમે અર્થ નીચે જણાવ્યા મુજબ છે. વૃક્ષ. પોતાનો. ધવનામનું વૃક્ષ. અને.

अधातु-विभक्ति-वाक्यमिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુ, વિભક્ત્યન્ત અને વાક્યભિન્ન જ અર્થવત્ શબ્દને નામ સંજ્ઞા થાય છે. તેથી अहन्, वृक्षान् અને साधुः धर्मं ब्रूते, અહીં ધાતુ વિભક્ત્યન્ત અને વાક્યને આ સૂત્રથી નામ સંજ્ઞા થતી નથી. અન્યથા ધાતુ વિભક્ત્યન્ત અને વાક્યને પણ આ સૂત્રથી નામ સંજ્ઞા થાય તો; "यदागमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते" આ પરિભાષાથી 'अट्' (अ) આગમસહિત 'हन्' ધાતુના હ્યસ્તની તૃતીય પુરુષ એકવચનમા નિષ્પન્ન 'अहन्' આ પ્રમાણેના રૂપને તેમ જ 'वृक्ष' શબ્દના દ્વિતીયા બહુવચનમાં નિષ્પન્ન 'वृक्षान्' આ પ્રમાણેના રૂપને આ સૂત્રથી નામસંજ્ઞા થવાથી "नाम्नो नो ऽनह्नः" ૨-૧-૯૧ થી અન્ત્ય 'न्' નો લોપ કરવાની આપત્તિ આવશે. ઉપર જણાવ્યા મુજબ વાક્યને પણ આ સૂત્રથી નામ સંજ્ઞા થતીૐ ન હોવાથી 'साधुः धर्मं ब्रूते' આ વાક્યને सि વગેરે પ્રત્યયો લગાડવાની આપત્તિ આવતી નથી. અર્થક્રમશઃ- માર્યો. વૃક્ષોને. સાધુ ધર્મ કહે છે. ॥૨૭॥.

## शिर्घुट् ११।२८॥

પ્રથમા અને દ્વિતીયા વિભક્તિના બહુવચનના 'जस्' અને 'शस्' (अस्) પ્રત્યયના સ્થાને નપુંસકમાં જે 'शि' (इ) આદેશ થાય છે તેને (शिने) 'घुट्' સંજ્ઞા થાય છે.

पद्म+जस् અને पद्म+शस् આ અવસ્થામાં 'नपुंसकस्य शिः ૧-૪-૫૫' થી जस् અને शस् ને 'शि' આદેશ. 'स्वराच्छौ ૧-૪-૬૫' થી પદ્મ શબ્દની પરમાં 'न्' નો આગમ. આ સૂત્રથી शि (इ) ને घुट् સંજ્ઞા થવાથી 'नि दीर्घः ૧-૪-૮૫' થી પદ્મના અન્ત્ય 'अ' ને દીર્ઘ 'आ' આદેશ થવાથી पद्मानि, पद्मानि આ પ્રમાણે રૂપો થાય છે. અર્થ ક્રમશઃ- પદ્મો છે. પદ્મોને જૂઓ. ॥૨૮॥

## पुं-स्त्रियोः स्यमौजस् १।१।२९॥

सि औ जस् अम् અને औ આ પ્રથમા અને દ્વિતીયાના પાંચ પ્રત્યયોને પુલ્લિંગ અને સ્ત્રીલિંગમાં 'घुट्' સંજ્ઞા થાય છે. राजन् + सि (स्), राजन्+औ, राजन्+जस्, राजन्+अम् અને राजन्+औ, આ અવસ્થામાં सि औ .... વગેરે પાંચ પ્રત્યયોને આ સૂત્રથી 'घुट्' સંજ્ઞા. 'नि दीर्घः १-४-८५' થી राजन् ના 'अ' ને દીર્ઘ आ આદેશ. 'दीर्घङ्याब्० १-४-४५' થી 'सि' નો લોપ. राजन् ના 'न्' નો પ્રથમા એકવચનના રૂપમાં 'नाम्नो नो० २-१-९१' થી લોપ ઈત્યાદિ કાર્ય થવાથી राजा राजानौ राजानः; राजानम् અને राजानौ આ પ્રમાણે રૂપો થાય છે. આવી જ રીતે સ્ત્રીલિંગમાં પણ ઉપર જણાવ્યા મુજબ सीमन्+सि ... વગેરે અવસ્થામાં આ સૂત્રથી सि ....વગેરે પ્રત્યયોને 'घुट्' સંજ્ઞાદિ કાર્ય થવાથી सीमा सीमानौ सीमानः; सीमानम् અને सीमानौ આ પ્રમાણે રૂપો થાય છે. અર્થ ક્રમશઃ– એકરાજા. બે રાજા. ઘણા રાજા, એક રાજાને, બે રાજાને, એક સીમા. બે સીમા. ઘણી સીમાઓ. એક સીમાને, બે સીમાને.॥૨૯॥

## स्वरादयोऽव्ययम् १।१।३०॥

'स्वर्' શબ્દ જેની શરુઆતમાં છે તે 'स्वरादि' ગણપાઠમાંના શબ્દોને 'अव्यय' સંજ્ઞા થાય છે. स्वर् अन्तर् અને प्रातर् આ શબ્દોને આ સૂત્રથી 'अव्यय' સંજ્ઞા થવાથી स्वर् વગેરે અવ્યયોથી પરમાં રહેલી સ્યાદિ વિભક્તિનો 'अव्ययस्य ३-२-७' થી લોપ થવાથી स्वर् अन्तर् અને प्रातर् આવા રૂપો થાય છે. અર્થક્રમશઃ- સ્વર્ગ. અંદર. સવાર. સ્વરાદિ ૧૧૬ અવ્યયો છે.॥૩૦॥

## चादयोऽसत्त्वे १।१।३१॥

અદ્રવ્યવાચિ; 'च' છે આદિમાં જેના એવા 'चादि' ગણપાઠના

શબ્દોને 'अव्यय' સંજ્ઞા થાય છે. લિઙ્ગ અને સઙ્ખ્યાદિનું જેમાં જ્ઞાન થાય છે તેને 'द्रव्य' કહેવાય છે. તદર્થને જણાવનારા શબ્દોને 'द्रव्यवाचि' કહેવાય છે. જેમ કે – रामः, सीता અને वनानि અહીં ક્રમશઃ રામાદિ પદાર્થોમાં પુલ્લિઙ્ગત્વ - એકત્વસઙ્ખ્યા, સ્ત્રીલિઙ્ગત્વ - એકત્વસઙ્ખ્યા અને નપુંસકલિઙ્ગત્વ - બહુત્વસઙ્ખ્યાનું જ્ઞાન થાય છે. તેથી રામાદિ દ્રવ્ય છે અને તદર્થવાચિ રામાદિ શબ્દો દ્રવ્યવાચક છે. તેનાથી ભિન્ન એવા અદ્રવ્યવાચક ચાદિગણપાઠમાંના 'च' ને આ સૂત્રથી અવ્યય સંજ્ઞા થવાથી 'वृक्षश्च' અહીં 'अव्ययस्य' ૩-૨-૭ થી; 'च' શબ્દની પરમાં રહેલી સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે. અહીં વૃક્ષમાં જેવી રીતે પુલ્લિઙ્ગત્વ – એકત્વસઙ્ખ્યાનું જ્ઞાન થાય છે તેમ ચાર્થ 'अने' માં તેનું જ્ઞાન થતું નથી. તેથી 'च' અદ્રવ્યવાચિ છે- તે સમજી શકાય છે. અર્થ - વૃક્ષ અને. ॥૩૧॥

## अधण्तस्वाद्या शसः ૧।૧।૩૨॥

धण् (ध) પ્રત્યયને છોડીને અન્ય - तसु (तस्) પ્રત્યયથી માંડીને 'शस्' પ્રત્યયસુધીનો પ્રત્યય જેની અન્તમાં છે એવા શબ્દને 'अव्यय' સંજ્ઞા થાય છે. 'देवा अर्जुनतोऽभवन्' અહીં ષષ્ઠ્યન્ત अर्जुन શબ્દને 'व्याश्रये तसुः ૭-૨-૮૧' થી 'तसु' પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન तसुप्रत्ययान्त अर्जुनतस् શબ્દને આ સૂત્રથી અવ્યય સંજ્ઞા થવાથી अर्जुनतस् શબ્દની પરમાં રહેલી સ્યાદિવિભક્તિનો, 'अव्ययस्य ૩-૨-૭' થી લોપ થાય છે. આવી જ રીતે પઞ્ચમ્યન્ત तद् શબ્દને 'किमद्वयादि० ૭-૨-૮૯' થી पित् तस् (प्तस्) પ્રત્યય. સપ્તમ્યન્ત 'तद्' શબ્દને 'सप्तम्याः ૭-૨-૯૪' થી 'त्रप्' (त्र) પ્રત્યય. तद्+तस् અને तद्+त्र આ અવસ્થામાં 'तद्' ના द् ને 'आद्वेरः ૨-૧-૪૧' થી 'अ' આદેશ. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી 'त' ના અનો લોપ થવાથી નિષ્પન્ન 'ततस्' અને 'तत्र' ને આ સૂત્રથી 'अव्यय' સંજ્ઞા થવાથી તદ્દુત્તર સ્યાદિ વિભક્તિનો ઉપર જણાવ્યા મુજબ લોપાદિકાર્ય થવાથી

ततः અને तत्र આ પ્રમાણે રૂપો થાય છે. આવીજ રીતે 'बह्वल्पा०. ૭-૨-૧૫૦'.થી બહુ શબ્દને 'शस्' (शस्) પ્રત્યયથી નિષ્પન્ન 'बहुशस्' શબ્દને આ સૂત્રથી 'अव्यय' સંજ્ઞાદિ કાર્ય થવાથી 'बहुशः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દેવો અર્જુનના પક્ષમાં થયા. તેનાથી. તેમાં. ઘણું. अधण् इति किम्?- ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી धण् પ્રત્યયાન્ત શબ્દને અવ્યય સંજ્ઞા થતી ન હોવાથી; 'द्वौ प्रकारावेषाम्' આ અર્થમાં 'द्वि' શબ્દને 'तद्वति धण् ૭-૨-૧૦૮' થી धण् (ध्) પ્રત્યય. 'वृद्धिः स्वरेष्वादे० ૭-૪-૧' થી द्विना ઈને વૃદ્ધિ 'ऐ' આદેશથી નિષ્પન્ન द्वैध શબ્દથી પરમાં રહેલી સ્યાદિવિભક્તિનો (जस् કે शस् નો) ઉપર જણાવ્યા મુજબ લોપ થતો નથી. તેથી 'पथो द्वैधानि' આ વિગ્રહમાં ષષ્ઠી-તત્પુરુષ સમાસાદિ કાર્ય બાદ 'पथिद्वैधानि' આવો પ્રયોગ થાય છે. અર્થ- માર્ગના બે પ્રકારવાલા ગામ વગેરે. ॥૩૨॥

**विभक्ति-थमन्ततसाद्याभाः १।१।३३॥**

વિભક્તિનો પ્રત્યય અન્તમાં ન હોય પરન્તુ તે અન્તમાં હોય તેવું જણાય, તેમજ तस् પ્રત્યયથી માંડીને थम् પ્રત્યય સુધીના પ્રત્યયમાંથી કોઈ પણ પ્રત્યય અન્તમાં ન હોય તો પણ તે અન્તમાં હોય એવું જણાય તેવા શબ્દોને, અર્થાદ્ વિભક્ત્યન્ત અને तस् થી थम् સુધીના પ્રત્યયાન્ત શબ્દો જેવા શબ્દોને 'अव्यय' સંજ્ઞા થાય છે. 'अहंयुः' પ્રથમાન્ત શબ્દ જેવું લાગે છે. 'अस्तिक्षीरा गौः' અહીં 'अस्ति' 'तिव्' પ્રત્યયાન્ત (त्यादि વિભક્ત્યન્ત) હોય એવું લાગે છે. कथम् અને 'कुतस्' આ थम् અને तस् પ્રત્યયાન્ત હોય એવું લાગે છે; પરન્તુ આ શબ્દો વસ્તુતઃ પ્રથમાન્તાદિ ન હોવાથી अहंयुस् अस्ति कथम् અને कुतस् શબ્દને આ સૂત્રથી अव्यय સંજ્ઞા થાય છે. તેથી તદુત્તર સ્યાદિવિભક્તિનો 'अव्ययस्य- ૩-૨-૭' થી લોપ વગેરે કાર્ય થવાથી अहंयुः; अस्तिक्षीरा गौः; कथम् અને कुतः આવા રૂપો થાય છે. આ સૂત્રથી अस्ति ને અવ્યય સંજ્ઞા થવાથી તત્સ્વરૂપનામને अस्ति क्षीरं

यस्याः આ વિગ્રહમાં ક્ષીર નામની સાથે બહુવ્રીહિ સમાસ થયો છે. અર્થક્રમશઃ- અહંકારી, દૂધવાલી ગાય, કેમ, શાંથી. ॥૩૩॥

## वत्-तस्याम् १।१।३४॥

'वत्', 'तसि' અને 'आम्' પ્રત્યયાન્ત શબ્દને 'अव्यय' સંજ્ઞા થાય છે. 'मुनेरर्हम्' આ અર્થમાં मुनि શબ્દને 'तस्यार्हे क्रियायां वत् ७-१-५१' થી वत् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન मुनिवत् શબ્દને આ સૂત્રથી 'अव्यय' સંજ્ઞા થવાથી પૂર્વે જણાવ્યા મુજબ તદુત્તર સ્યાદિ વિભક્તિનો લોપ થવાથી 'मुनिवद् वृत्तम्' આવો પ્રયોગ થાય છે. उरसा एकदिग् આ વિગ્રહમાં उरस् શબ્દને 'यश्चोरसः ६-३-२१२' થી तसि (तस्) પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન उरस्तस् શબ્દને આ સૂત્રથી 'अव्यय' સંજ્ઞા થવાથી 'उरस्तः' આવો પ્રયોગ થાય છે. उच्चैस् શબ્દને 'द्वयो र्विभज्ये०. ७-३-६' થી तरप् (तर) પ્રત્યય. 'किं त्याद्येव्ययाद० ૭-૩-૮' થી 'तर' ના અન્ત્ય 'अ' ને 'आम्' આદેશાદિ કાર્યથી નિષ્પન્ન 'उच्चैस्तराम्' શબ્દને આ સૂત્રથી 'अव्यय' સંજ્ઞા થવાથી 'उच्चैस्तराम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મુનિને યોગ્ય આચરણ. જે દિશામાં હૃદય છે તે દિશામાં પ્રવૃત્તિવાળો. અત્યન્ત ઊંચું. ॥૩૪॥

## क्त्वातुमम् १।१।३५॥

'क्त्वा', 'तुम्' અને 'अम्' પ્રત્યયાન્ત શબ્દને 'अव्यय' સંજ્ઞા થાય છે. 'कृ' ધાતુને 'प्राक्काले' ૫-૪-૪૭' થી 'क्त्वा' (त्वा) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન 'कृत्वा' શબ્દને આ સૂત્રથી 'अव्यय' સંજ્ઞા. कृ ધાતુને 'क्रियायां क्रियार्था०.. ૫-૩-૧૩' થી 'तुम्' પ્રત્યય. 'नामिनो गुणो० ૪-૩-१' થી कृ ના ऋ ને ગુણ 'अर्' આદેશ થી નિષ્પન્ન 'कर्त्तुम्' શબ્દને આ સૂત્રથી अव्यय સંજ્ઞા. यावत्+जीव् ધાતુને 'यावतो विन्दजीवः ૫-૪-૫૫' થી 'णम्' (अम्) પ્રત્યયથી નિષ્પન્ન 'यावज्जीवम्' શબ્દને

આ સૂત્રથી 'अव्यय' સંજ્ઞા. સર્વત્ર સ્યાદિવિભક્તિનો 'अव्ययस्य' ૩-૨-૭' થી લોપ થવાથી कृत्वा कर्त्तुम् અને यावज्जीवमदात् આવા રૂપો થાય છે. અર્થક્રમશ :- કરીને. કરવા માટે. જીવ્યો ત્યાં સુધી દાન આપ્યું. ॥૩૫॥

## गतिः १।१।३६॥

ગતિસંજ્ઞાવાલા શબ્દને 'अव्यय' સંજ્ઞા થાય છે. 'अदःकृत्य' અહીં ''अदस्' ને 'अग्रहानुपदेशे०. ૩-૧-૫ ' થી ગતિ સંજ્ઞા. આ સૂત્રથી ગતિસંજ્ઞક अदस् શબ્દને 'अव्यय' સંજ્ઞા થવાથી તેના स् ને 'अतःकृ-कमि०.. ૨-૩-૫ ' થી र् આદેશ ન થવાથી 'अदःकृत्य' આવો પ્રયોગ થાય છે. અર્થ - તેવું કરીને . ॥३६॥

## अप्रयोगीत् १।१।३७॥

આ વ્યાકરણ શાસ્ત્રમાં જે વર્ણનો અથવા જે વર્ણસમુદાયનો ઉપદેશ અર્થાદ્ પાઠ છે, પરન્તુ લોક પ્રયોગમાં તે વર્ણ અથવા તે વર્ણ સમુદાય જણાતો નથી તે વર્ણ અથવા તે વર્ણસમુદાયને 'इत्' સંજ્ઞા થાય છે. 'एति अपगच्छति इति इत्' આ પ્રમાણેની અન્વર્થસંજ્ઞાના કારણે 'इत्' વર્ણ અથવા વર્ણસમુદાયનો લોપ આ જ સૂત્રથી થાય છે. एधि+ शव् (अ)+ते અહીં एधि માં इ અને शव् પ્રત્યયમાં श् અને व् 'इत्' છે. તેથી 'एधते' આવો પ્રયોગ થાય છે. यजीं+शव्+ते અહીં ई, अनुस्वार, श् અને व् इत् છે. તેથી 'यजते' આવો પ્રયોગ થાય છે. 'चित्रङ्' અહીં ङ् इत् છે. તેથી 'नमोवरिवश्चि०.. ૩-૪-૩૭ ' થી चित्रङ् (चित्र)+क्यन् (य) પ્રત્યય 'चित्र' ના 'अ' ને 'क्यनि' ૪-૩-૧૧૨ થી 'ई' આદેશ. ચિત્રઙ્ ઙિત્ હોવાથી આત્મનેપદનો 'ते' પ્રત્યયાદિ કાર્ય થવાથી 'चित्रीयते' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પ્રકાશે છે. પૂજાકરે છે. આશ્ચર્ય કરે છે.॥૩૭॥

## अनन्तः पञ्चम्याः प्रत्ययः १।१।३८॥

અન્તશબ્દનાં ઉચ્ચારણથી વિહિત ન હોય એવા પઞ્ચમ્યન્તપદાર્થથી વિહિત શબ્દને 'प्रत्यय' સંજ્ઞા થાય છે. 'वृक्षः' અહીં 'नाम्नः प्रथमैक-द्वि-बहौ ૨-૨-૩૧ ' થી वृक्ष શબ્દને વિહિત 'सि' શબ્દને આ સૂત્રથી પ્રત્યય સંજ્ઞા થાય છે. કારણ કે તે 'सि' 'नाम्नः' આ પ્રમાણે પઞ્ચમ્યન્તપદાર્થ નામથી વિહિત છે; તેમજ 'अन्त' શબ્દનાં ઉચ્ચારણ વિના વિહિત છે. તેથી આ સૂત્રથી 'सि' (स्) ને પ્રત્યય સંજ્ઞા થવાથી वृक्ष શબ્દની પરમાં सि પ્રત્યય લાગે છે. अनन्त इति किम् ?- આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अन्त શબ્દનાં ઉચ્ચારણથી વિહિત ન હોય તો જ પઞ્ચમ્યન્તપદાર્થથી વિહિત શબ્દને 'प्रत्यय' સંજ્ઞા થાય છે. તેથી 'स्वराच्छौ' ૧-૪-૬૫' થી; અન્ત શબ્દોચ્ચારણથી વિહિત 'न्' આગમને આ સૂત્રથી 'प्रत्यय' સંજ્ઞા થતી નથી. અન્યથા આગમને પણ પ્રત્યય સંજ્ઞા થઈ જાય તો; પ્રત્યયની જેમ આગમ પણ ધાતુ કે નામની મધ્યમાં કે આદિમાં ન થતાં પરમાં જ થશે-જે ઈષ્ટ નથી. वृक्षः- એક વૃક્ષ. ॥૩૮॥

## डत्यतु सङ्ख्यावत् १।१।३९॥

डति (अति) અને अतु (अत्) પ્રત્યયાન્ત નામને સઙ્ખ્યા વાચક નામની જેમ કાર્ય થાય છે. 'का सङ्ख्या मानमेषाम्' આ વિગ્રહમાં किम् શબ્દને 'यत्तत्किमः० ૭-૧-૧૫૦' થી 'डति' પ્રત્યય. 'डित्यन्त्यस्वरादेः ૨-૧-૧૧૪' થી किम् ના ઈમ્ નો લોપ થવાથી कति શબ્દ (अतिप्रत्ययान्त) બને છે. તેમજ 'यत्प्रमाणमस्य' આ વિગ્રહમાં यद् શબ્દને 'यत्तदेतदो डावादिः ૭-૧-૧૪૯' થી डावतु (अत्) પ્રત્યય અને ઉપર જણાવ્યા મુજબ यद् ના અન્ત્યસ્વરાદિ 'अद्' નો લોપ થવાથી यावत् (अतुप्रत्ययान्त) શબ્દ બને છે. આ સૂત્રથી બંન્ને શબ્દને સઙ્ખ્યા વાચક શબ્દની જેમ કાર્ય થતું હોવાથી 'कतिभिः क्रीतः' અને 'यावद्भिः

क्रीतः' આ અર્થમાં कति અને यावत् શબ્દને 'सङ्ख्याऽतेः... ૬-૪-૧૩૦' થી 'क' પ્રત્યયાદિ કાર્ય થવાથી 'कतिकः' અને 'यावत्कः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કેટલાથી ખરીદેલ. જેટલાથી ખરીદેલ.॥૩૯॥

### बहु-गणं भेदे ૧।૧।૪૦॥

ભેદવાચક बहु અને गण શબ્દને સઙ્ખ્યાવાચક શબ્દની જેમ કાર્ય થાય છે. નાનાત્વ અર્થાદ્ એકત્વવિરોધિને 'ભેદ' કહેવાય છે. આશય એ છે કે 'बहवो जना गच्छन्ति' અને 'बहु प्रयतते' અહીં બંન્ને સ્થાને'બહુ' શબ્દનો સમાન પ્રયોગ હોવા છતાં અર્થ સમાન નથી - એ સમજી શકાય છે. बहवो जना गच्छन्ति અહીં જનારા માણસોની ચોક્કસ સઙ્ખ્યા જણાતી ન હોવા છતાં એકત્વભિન્ન કોઈ પણ અનિયત સઙ્ખ્યા બહુ પદથી જણાય છે. बहु प्रयतते અહીં બહુ પદથી પ્રયત્નાતિશય જણાય છે પણ ઉપર જણાવ્યા મુજબ નિયત કે અનિયત એવી કોઈ પણ સઙ્ખ્યા જણાતી નથી. આવી જ રીતે भूतगणः અને रजोगणः અહીં પણ ક્રમશઃ ગણ શબ્દથી એકત્વભિન્ન અનિયત સઙ્ખ્યાનું અને સમુદાયનું જ્ઞાન થાય છે- એ સમજી શકાય છે. આથી સ્પષ્ટ છે કે એકત્વ છે प्रतियोगी (विरोधी) જેનો એવા ભેદના વાચક 'બહુ' અને 'ગણ' શબ્દને સઙ્ખ્યાવાચી શબ્દની જેમ કાર્ય થાય છે. बहुभिः क्रीतः અને गणेन क्रीतः આ અર્થમાં; ભેદ વાચક બહુ અને ગણ નામને આ સૂત્રથી સઙ્ખ્યાવાચક શબ્દની જેમ કાર્ય થતું હોવાથી 'सङ्ख्या-डतेश्चा०. ૬-૪-૧૩૦' થી 'क' પ્રત્યયાદિ કાર્ય થવાથી बहुकः અને गणकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઘણાથી ખરીદેલ. ગણ (ઘણા) થી ખરીદેલ. भेद इति किम्? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભેદવાચક જ બહુ ને ગણ શબ્દને સઙ્ખ્યાવાચક શબ્દની જેમ કાર્ય થાય છે. તેથી ઉપર જણાવ્યા મુજબ વૈપુલ્યાર્થક બહુ (बहु प्रयतते) શબ્દને અને સઙ્ઘાર્થક ગણ શબ્દને

(रजोगणः) આ સૂત્રથી સઙ્ખ્યાવાચક શબ્દની જેમ કાર્ય થતું નથી.॥૪૦॥

**क-समासेऽध्यर्द्धः १।१।४१॥**

क પ્રત્યય કરવાના પ્રસંગે અને સમાસ કરવાના પ્રસંગે અધ્યર્દ્ધ શબ્દ સઙ્ખ્યાવાચક મનાય છે. 'अध्यर्द्धेन क्रीतम्' આ અર્થમાં 'सङ्ख्या-डतेश्चा० ६-४-१३०' થી 'क' પ્રત્યય કરવાના પ્રસંગે આ સૂત્રથી अध्यर्द्ध શબ્દ સઙ્ખ્યાવાચક મનાવાથી ઉપર જણાવ્યા મુજબ 'क' પ્રત્યયાદિ કાર્ય થવાથી 'अध्यर्द्धकम्' આવો પ્રયોગ થાય છે.આવી જ રીતે 'अध्यर्द्धेन शूर्पेण क्रीतम्' આ અર્થમાં सङ्ख्या-समाहारे० ३-१-९९ થી દ્વિગુ સમાસ કરવાના પ્રસંગે अध्यर्द्ध શબ્દ સઙ્ખ્યાવાચક મનાતો હોવાથી તાદૃશ સમાસાદિ કાર્ય બાદ 'मूल्यैः क्रीते ६-४-१५०' થી इकण् પ્રત્યય. 'अनाम्य०... ६-४-१४१' થી इकण् નો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી 'अध्यर्द्धशूर्पम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– દોઢથી ખરીદેલું. દોઢ સુપડાથી ખરીદેલું.॥૪૧॥

**अर्द्धपूर्वपदः पूरणः १।१।४२॥**

'अर्द्ध' પદ છે પૂર્વમાં જેનાં એવાં પૂરણ પ્રત્યયાન્ત નામને 'क' પ્રત્યય કરવાના પ્રસંગે અને સમાસ કરવાના પ્રસંગે સઙ્ખ્યાવાચક મનાય છે. 'अर्द्धपञ्चमेन क्रीतम्' આ અર્થમાં તેમજ 'अर्द्धपञ्चमेन शूर्पेण क्रीतम्' આ અર્થમાં સૂત્ર નં ૧-૧-૪૧ માં જણાવ્યા મુજબ 'क' પ્રત્યય અને દ્વિગુ સમાસ કરવાના પ્રસંગે આ સૂત્રથી 'अर्द्धपञ्चम' શબ્દને સઙ્ખ્યાવાચક માનીને પૂર્વ સૂત્રમાં જણાવ્યા મુજબ क પ્રત્યયાદિ કાર્ય થવાથી 'अर्द्धपञ्चमकम्' અને 'अर्द्धपञ्चमशूर्पम्' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ – સાડીચારથી ખરીદેલું અને સાડીચાર સુપડાથી ખરીદેલું. ॥૪૨॥

इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे
प्रथमेऽध्याये प्रथमः पादः॥

हरिरिव - વિષ્ણુની જેમ બલીને બાન્ધનાર શંકરની જેમ ત્રણશક્તિથી યુક્ત અને બ્રહ્માની જેમ કમલાશ્રય એવા શ્રીમૂલરાજ રાજા જય પામે છે. આશય એ છે કે વિષ્ણુએ બલી નામના રાજાને બાન્ધ્યો હતો તેમ મૂલરાજ રાજાએ બલી એટલે બલવાન્ રાજાઓને બાન્ધ્યા હતા. શંકર, ઉત્પત્તિ સ્થિતિ અને વિનાશ અંગેની ત્રણ શક્તિવાલા હતા - તેમ મૂલરાજ રાજા, નિગ્રહ (દંડ); અનુગ્રહ (કૃપા) અને પાલન અંગેની ત્રણ શક્તિવાલા હતા. તેમજ બ્રહ્મા જેવી રીતે કમલાશ્રય (कमलमाश्रयो यस्य सः) હતા તેમ મૂલરાજ રાજા પણ કમલા - લક્ષ્મીના આશ્રય (कमलाया आश्रयः) હતા. આ રીતે બલિબન્ધકરત્વેન ત્રિશક્તિયુક્તત્વેન અને કમલાશ્રયત્વેન અનુક્રમે વિષ્ણુ, શંકર અને બ્રહ્માનું સામ્ય દર્શાવીને શ્રીમૂલરાજ રાજાનું અહીં વર્ણન કર્યું છે.

# अथ प्रारभ्यते प्रथमेऽध्याये द्वितीयः पादः।

## समानानां तेन दीर्घः १।२।१॥

સમાન સ્વર સહિત સમાન સ્વરને 'दीर्घ' આદેશ થાય છે. दण्ड+अग्रम् આ અવસ્થામાં દણ્ડના અન્ત્ય 'अ' ને અગ્રમ્ ના આદ્ય 'अ' ની સાથે આ સૂત્રથી દીર્ઘ 'आ' આદેશ થવાથી 'दण्डाग्रम्' આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે दधि+इदम् અને नदी+इन्द्रः આ અવસ્થામાં દધિ અને નદીના इ અને ई ને તેનાથી પરમાં રહેલા 'इ' ની સાથે દીર્ઘ 'ई' આદેશ આ સૂત્રથી થવાથી 'दधीदम्' અને 'नदीन्द्रः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - દણ્ડનો અગ્રભાગ. આ દહીં. નદીઓનો રાજા. પ્રકૃત સૂત્રમાં 'समानानाम्' આ પ્રમાણે જે બહુવચનનો નિર્દેશ છે તેનું પ્રયોજન બૃહદ્વૃત્તિથી અથવા ભણાવનાર પાસેથી જિજ્ઞાસુઓએ જાણી લેવું. ॥૧॥

## ऋलृति-ह्रस्वो वा १।२।२॥

'ऋ' અને 'लृ' પરમાં હોય તો તેની પૂર્વના સમાનસ્વરને વિકલ્પથી 'ह्रस्व' આદેશ થાય છે. बाल+ऋश्यः; लृ+ऋषभः અને होतृ + लृकारः આ અવસ્થામાં આ સૂત્રથી बाल ના 'अ' ને તેમજ लृ અને હોતૃ ના ऋ ને ह्रस्व 'अ' 'लृ' અને 'ऋ' આદેશ થવાથી અનુક્રમે बालऋश्यः, लृऋषभः અને होतृलृकारः આવા પ્રયોગો થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'ह्रस्व' આદેશ ન થાય ત્યારે बाल+ऋश्यः આ અવસ્થામાં 'अवर्ण० ૧-૨-૬' થી बाल ના 'अ' ને ऋની સાથે 'अर्' આદેશ થવાથી 'बालर्श्यः' આવો પ્રયોગ થાય છે - શેષ બે પ્રયોગોના સ્થાને વિકલ્પપક્ષમાં ઉત્તર સૂત્રથી જે કાર્ય થાય છે- તે, તે સૂત્રથી સમજવું. बालऋश्यः ઈત્યાદિ પ્રયોગોમાં ह्रस्व 'अ' ઈત્યાદિને આ સૂત્રથી ह्रस्व अ... ઈત્યાદિ કાર્ય કરવાથી ત્યારબાદ અન્ય 'अर्...'

ઈત્યાદિ કાર્ય થતું નથી. અર્થક્રમશઃ - છોકરો સત્ત્વવિશેષ. લૃકાર ઋષભ. ગોર લૃકાર. ॥૨॥

## लृत ऌल ऋलृभ्यां वा १।२।३॥

'ऌ' ને તેની પરમાં રહેલા 'ऋ' ની સાથે 'ॠ' અને 'ऌ' ની સાથે 'ॡ' આદેશ વિકલ્પથી થાય છે. 'ऌ+ऋकारः' આ અવસ્થામાં ઋની સાથે 'ऌ' ને 'ॠ' આદેશ થવાથી 'ॠकारः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'ॠ' આદેશ ન થાય ત્યારે 'ऌ' ને 'ऋलति ह्रस्वो वा १-२-२' થી ह्रस्व ऌ આદેશ થવાથી 'लऋकारः' આવો પ્રયોગ થાય છે; અને વિકલ્પપક્ષમાં સૂ.નં. ૧-૨-૨ થી -હસ્વ આદેશ ન થાય તો "ॠस्तयोः ૧-૨-૫" થી ऌ ને 'ॠ' આદેશ થવાથી 'ॠकारः' આવો પ્રયોગ થાય છે. અર્થ-લૃકાર ઋકાર. ऌ+ऌकारः આ અવસ્થામાં આ સૂત્રથી 'ऌ' ને 'ऌ' ની સાથે 'ॡ' આદેશ થવાથી 'ॡकारः' આ પ્રમાણે પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી 'ॡ' આદેશ ન થાય તો 'ऋलति० ૧-૨-૨' થી ऌ ને -હસ્વ 'ऌ' આદેશ થવાથી 'लऌकारः' આ પ્રમાણે પ્રયોગ થાય છે; તેમજ તેના (૧-૨-૨ના) વિકલ્પમાં 'समाना० ૧-૨-૧' થી ऌ ને દીર્ઘ 'ॡ' આદેશ થવાથી 'ॡकारः' આવો પ્રયોગ થાય છે. અર્થ-લૃ લૃકાર. ॥૩॥

## ऋतो वा तौ च १।२।४॥

'ऋ' ને ઋની સાથે 'ॠ' અને લૃની સાથે 'ॡ' આદેશ વિકલ્પથી થાય છે. તેમજ 'ऋ' ને ઋની સાથે 'ऋ' અને 'ऌ' ની સાથે 'ऌ' આદેશ પણ વિકલ્પથી થાય છે. 'पितृ+ऋषभः' આ અવસ્થામાં પિતૃના 'ऋ' ને ઋની સાથે 'ॠ' આદેશ થવાથી 'पितॄषभः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'ॠ' આદેશ ન થાય ત્યારે 'ऋलति० ૧-૨-૨' થી 'ऋ' ને -હસ્વ 'ऋ' આદેશ થવાથી 'पितृऋषभः' આવો પ્રયોગ થાય

છે. તેના પણ (૧-૨-૨ ના) વિકલ્પપક્ષમાં 'समाना०. ૧-૨-૧' થી 'ऋ' ને દીર્ઘ 'ॠ' આદેશ થવાથી 'पितॄषभः' આવો પ્રયોગ થાય છે. તેમજ આ સૂત્રથી 'ऋ' ને ऋ ની સાથે ऋ આદેશ થવાથી 'पितृषभः' આવો પ્રયોગ થાય છે. આથી સમજી શકાય છે કે આ સૂત્રના બે વિકલ્પ અને સૂ.નં. ૧-૨-૨ નો એક વિકલ્પ-એમ ત્રણ વિકલ્પમાં ઉપર જણાવ્યા મુજબ ચાર રૂપો થાય છે. અર્થ-પિતા ઋષભ. 'होतृ+लृकारः' આ અવસ્થામાં 'ऋ' ને ऌ ની સાથે 'ऌ' આદેશ થવાથી 'होतॢकारः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી 'ऌ' આદેશ ન થાય ત્યારે 'ऋ लृति० ૧-૨-૨' થી 'ऋ' ને -હ્રસ્વ 'ऋ' આદેશ થવાથી 'होतृलृकारः' આવો પ્રયોગ થાય છે. તેના (૧-૨-૨ ના) વિકલ્પપક્ષમાં 'ऋ' ને 'ॠस्तयोः ૧-૨-૫' થી દીર્ઘ 'ॠ' આદેશ થવાથી 'होतॄकारः' આવો પ્રયોગ થાય છે; તેમજ આ સૂત્રથી 'ऋ' ને ऌ ની સાથે ऌ આદેશ થવાથી 'होतॢकारः' આવો પ્રયોગ થાય છે. અર્થ-ગોર લૃકાર. ॥૪॥

## ॠस्तयोः १।२।५॥

સૂત્ર નં. ૧-૨-૩ અને ૧-૨-૪ ના સ્થાનીભૂત-કાર્યીભૂત (જેને ર્ વગેરે કાર્યકરવાનું છે તે) 'ऌ' અને 'ऋ' ને અનુક્રમે 'ऋ' અને 'ऌ' ની સાથે દીર્ઘ 'ॠ' આદેશ થાય છે. 'ऌ + ऋषभः' અને 'होतृ+ऌकारः' આ અવસ્થામાં ऌ ને ऋ ની સાથે અને ऋ ને ऌ ની સાથે આ સૂત્રથી દીર્ઘ 'ॠ' આદેશ થવાથી ॠषभः અને होतॄकारः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- લૃઋષભ. હોતા (ગોર) લૃકાર. ॥૫॥

## अवर्णस्येवर्णादिनैदोदरल् १।२।६॥

'अ' વર્ણને (અ -આને) 'ઈ', 'ઉ', 'ऋ' અને લૃ વર્ણની સાથે અનુક્રમે 'ए', 'ओ', 'अर्', અને 'अल्' આદેશ થાય છે. देव+इन्द्रः,

तव+ईहा, माला+इयम् અને सा+ईक्षते આ અવસ્થામાં પૂર્વ પદના અન્ત્ય 'अ' તથા 'आ' ને તેની પરમાં રહેલા इ અને ई ની સાથે 'ए' આદેશ આ સૂત્રથી થવાથી देवेन्द्रः, तवेहा, मालेयम् અને सेक्षते આવો પ્રયોગ થાય છે. तव+उदकम् અને तव+ऊढा આ અવસ્થામાં 'तव' ના અન્ત્ય 'अ' ને તેની પરમાં રહેલા उ અને ऊ ની સાથે આ સૂત્રથી 'ओ' આદેશ થવાથી तवोदकम् અને तवोढा આવો પ્રયોગ થાય છે. तव+ऋषिः, तव+ॠकारः, महा+ऋषिः અને सा+ॠकारः આ અવસ્થામાં ऋ અને ॠ ની સાથે તેની પૂર્વમાં રહેલા 'अ' અને 'आ' ને આ સૂત્રથી 'अर्' આદેશ થવાથી तवर्षिः, तवर्कारः, महर्षिः અને सर्कारः આવો પ્રયોગ થાય છે. तव+ऌकारः અને सा+ॡकारेण આ અવસ્થામાં ऌ અને ॡ ની સાથે તેની પૂર્વમાં રહેલા 'अ' અને 'आ' ને આ સૂત્રથી 'अल्' આદેશ થવાથી तवल्कारः અને सल्कारेण આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દેવોનો રાજા. તારી ઈચ્છા. આ માળા. તેણી જુવે છે. તારું પાણી. તારી પરણેલી. તારો ઋષિ. તારો ૠકાર. મહાન્ ઋષિ. તેણી ૠકાર. તારો ઌકાર. તેણી ॡકારવડે. ॥૬॥

**ऋणे प्र-दशार्ण-वसन-कम्बल-वत्सर-वत्सतरस्याऽऽर् १।२।७॥**

प्र, दश, ऋण, वसन, कम्बल, वत्सर, અને वत्सतर શબ્દ સમ્બન્ધી અન્ત્ય 'अ' વર્ણને ऋण શબ્દ પરમાં હોય તો તેના 'ऋ' ની સાથે 'आर्' આદેશ થાય છે. प्र+ऋणम्, दश+ऋणम्, ऋण+ऋणम्, वसन+ऋणम्, कम्बल+ऋणम्, वत्सर+ऋणम् અને वत्सतर+ऋणम् આ અવસ્થામાં प्र दश વગેરેના અન્ત્ય 'अ' ને 'ऋण' ના 'ऋ' ની સાથે આ સૂત્રથી 'आर्' આદેશ થવાથી प्रार्णम्, दशार्णम्, ऋणार्णम्, वसनार्णम्, कम्बलार्णम, वत्सरार्णम् અને वत्सतरार्णम् આવો પ્રયોગ થાય છે. અહીં સર્વત્ર 'अवर्ण०. १-२-६' થી 'अर्' આદેશની પ્રાપ્તિ હતી; તેનો બાધ થવાથી આ સૂત્રથી 'आर्' આદેશ થાય છે. અર્થક્રમશઃ- સારું ઋણ (કરજ). દશનું ઋણ. ઋણમાટેનું ઋણ. કપડામાટેનું ઋણ. કામળી

માટે ઋણ. વાર્ષિક ઋણ. બળદ માટેનું ઋણ. ॥૭॥

### ऋते तृतीयासमासे १।२।८॥

તૃતીયા સમાસમાં (તૃતીયાન્તનામને થયેલા સમાસમાં) 'ऋत' શબ્દ પરમાં હોય તો તેના ऋની સાથે તેની પૂર્વમાં રહેલા 'अ' વર્ણને 'आर्' આદેશ થાય છે. 'शीतेन ऋतः' આ વિગ્રહમાં થયેલ તૃતીયા તત્પુરુષસમાસમાં 'शीत+ऋतः' આ અવસ્થામાં આ સૂત્રથી ऋની સાથે તેની પૂર્વેના 'अ' ને 'आर्' આદેશ. 'र्हादर्हस्वरस्याऽनु नवा १-३-३१' થી त् ને 'त्त्' આદેશ થવાથી 'शीतार्त्तः' આવો પ્રયોગ થાય છે. અર્થ-શીતથી દુઃખી. तृतीयासमास इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસમાત્રમાં નહિ પરન્તુ તૃતીયાસમાસમાં જ 'ऋत' શબ્દ પરમાં હોય તો તેના ऋ ની સાથે તેની પૂર્વેના 'अ' વર્ણને આ સૂત્રથી 'आर्' આદેશ થાય છે. તેથી 'परमश्चासावृतः' આ વિગ્રહમાં થયેલ કર્મધારય સમાસમાં परम+ऋतः આ અવસ્થામાં અહીં તૃતીયાસમાસ ન હોવાથી આ સૂત્રથી ऋની સાથે પૂર્વના 'अ' ને 'आर्' આદેશ ન થવાથી 'अवर्णस्ये०. १-२-६' થી 'अर्' આદેશ થવાથી 'परमर्त्तः' આવો પ્રયોગ થાય છે. અર્થ-અત્યન્ત જવાવાલો. समास इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ માત્ર તૃતીયાન્ત નામથી પરમાં રહેલા નહિ પરન્તુ તૃતીયા સમાસમાં પરમાં રહેલા 'ऋत' શબ્દના 'ऋ' ની સાથે તેની પૂર્વેના 'अ' વર્ણને 'आर्' આદેશ થાય છે; તેથી 'दुःखेन ऋतः' અહીં તૃતીયાન્ત શબ્દથી પરમાં હોવા છતાં તૃતીયાસમાસ ન હોવાથી 'ऋ' ની સાથે પૂર્વના 'अ' ને આ સૂત્રથી 'आर्' આદેશ ન થવાથી 'अवर्णस्ये० १-२-६' થી 'अर्' આદેશાદિ કાર્ય થવાથી 'दुःखेनर्त्तः' આવો પ્રયોગ થાય છે. અર્થ - દુઃખથી પૂર્ણ. ॥૮॥

## ऋत्यारुपसर्गस्य १।२।९॥

ઉપસર્ગસંબન્ધી 'अ' વર્ણને; તેની પરમાં ऋકારાદિ ધાતુ હોય તો તેના ऋની સાથે 'आर्' આદેશ થાય છે. प्र+ऋच्छति અને परा + ऋच्छति આ અવસ્થામાં ઉપસર્ગ સમ્બન્ધી 'अ' અને 'आ' ને ऋકારાદિ 'ऋच्छ्' ધાતુના ऋની સાથે આ સૂત્રથી 'आर्' આદેશ થવાથી प्रार्च्छति અને परार्च्छति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - જાય છે. પાછળ જાય છે. ॥૯॥

## नाम्नि वा १।२।१०॥

ઉપસર્ગ સમ્બન્ધી 'अ' વર્ણને તેની પરમાં ऋકારાદિ નામધાતુ (નામ છે અવયવ જેનો તેવા ધાતુને 'नामधातु' કહેવાય છે.) પરમાં હોય તો તેના 'ऋ' ની સાથે વિકલ્પથી 'आर्' આદેશ થાય છે. 'प्र+ऋषभीयति' આ અવસ્થામાં 'प्र' ના 'अ' ને ऋની સાથે આ સૂત્રથી 'आर्' આદેશ થવાથી 'प्रार्षभीयति' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'आर्' આદેશ ન થાય ત્યારે 'अवर्णस्ये० ૧-૨-૬' થી 'अर्' આદેશ થવાથી 'प्रर्षभीयति' આવો પ્રયોગ થાય છે. (ऋषभमिच्छति આ અર્થમાં 'ऋषभ' નામને क्यन् પ્રત્યયાદિ કાર્ય થવાથી ऋषभीयति આવો પ્રયોગ થયો છે. જુઓ સૂ. નં. ૧-૧-૨૨ માં राजीयति) અર્થ - ઋષભદેવ ભગવાનને ઘણું ઈચ્છે છે. ॥૧૦॥

## लृत्याल्वा १।२।११॥

ઉપસર્ગ સમ્બન્ધી 'अ' વર્ણને; લૃકારાદિ નામધાતુ પરમાં હોય તો તેના 'લૃ' ની સાથે વિકલ્પથી 'आल्' આદેશ થાય છે. उप+लृकारीयति આ અવસ્થામાં उप ના 'अ' ને લૃકારાદિ નામધાતુના 'લૃ' ની સાથે આ સૂત્રથી 'आल्' આદેશ થવાથી 'उपाल्कारीयति' આવો પ્રયોગ થાય

છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'आल्' આદેશ ન થાય ત્યારે 'अवर्णस्ये० ૧-૨-૬' થી 'अल्' આદેશ થવાથી 'उपल्कारीयति' આવો પ્રયોગ થાય છે. (लृकारमिच्छतीति लृकारीयति પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ૧-૧-૨૨ માં राजीयति) અર્થ - નજીકમાં લૃકારને ઈચ્છે છે. ॥૧૧॥

**ऐदौत्सन्ध्यक्षरैः ૧।૨।૧૨॥**

'अ' વર્ણને તેની પરમાં રહેલા સન્ધ્યક્ષરની સાથે 'ऐ' અને 'औ' આદેશ થાય છે. तव+एषा, खट्वा+एषा, तव+ऐन्द्री, सा+ऐन्द्री, तव+ओदनः અને तव+औपगवः આ અવસ્થામાં આ સૂત્રથી 'अ' અને 'आ' ને તેની પરમાં રહેલા ए અને ऐ ની સાથે 'ऐ' આદેશ; તેમજ ओ અને औ ની સાથે 'औ' આદેશ થવાથી तवैषा, खट्वैषा, तवैन्द्री, सैन्द्री, तवौदनः અને तवौपगवः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આ તારી. આ ખાટલો. તારી ઈન્દ્રસમ્બન્ધી (વસ્તુ). તે ઈન્દ્રસમ્બન્ધી. (લક્ષ્મી.) તારો ભાત. તારું ઉપગુ (ગાય પાસે છે જેને તે) નું સન્તાન (પુત્રાદિ). ॥૧૨॥

**ऊटा ૧।૨।૧૩॥**

'अ' વર્ણને; 'ऊट्' (ऊ) પરમાં હોય તો તેની સાથે 'औ' આદેશ થાય છે. धाव्+त અને धाव्+तवत् આ અવસ્થામાં 'अनुनासिके च च्छ्-वः शूट् ૪-૧-૧૦૮' થી 'धाव्' ધાતુના व् ને ऊट् (ऊ) આદેશ. धा+ऊ આ અવસ્થામાં धा ના 'आ' ને 'ऊ' ની સાથે આ સૂત્રથી 'औ' આદેશ થવાથી નિષ્પન્ન धौत અને धौतवत् નામને सि (स्) પ્રત્યયાદિ કાર્ય થવાથી 'धौतः'અને 'धौतवान्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ – ધોએલું. ધોયું. ॥૧૩॥

**प्रस्यैषैष्योढोढ्यूहे स्वरेण १।२।१४॥**

'प्र' ઉપસર્ગ સમ્બન્ધી 'अ' વર્ણને; તેની પરમાં एष, एष्य, ऊढ, ऊढि અને ऊह હોય તો તેના 'ए' ની સાથે 'ऐ' તેમ જ 'ऊ' ની સાથે 'औ' આદેશ થાય છે. प्र+एषः, प्र+एष्यः, प्र+ऊढः; प्र+ऊढिः અને प्र + ऊहः, આ અવસ્થામાં આ સૂત્રથી 'प्र' ના 'अ' ને ए ની સાથે 'ऐ' આદેશ તેમજ ऊ ની સાથે 'औ' આદેશ થવાથી प्रैषः, प्रैष्यः, प्रौढः, प्रौढिः અને प्रौहः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - મોકલવું. મોકલાય છે તે. નિપુણ. નિપુણતા. સારો તર્ક. ॥૪॥

**स्वैरस्वैर्यक्षौहिण्याम् १।२।१५॥**

स्वैर स्वैरी અને अक्षौहिणी આ શબ્દમાં 'स्व' ના 'अ' ને તથા 'अक्ष' ના 'अ' ને તેની પરમાં રહેલા 'ई' ની સાથે 'ऐ' આદેશ તથા 'ऊ' ની સાથે 'औ' આદેશ થાય છે. તેથી स्व+ईर, स्व+ईरिन् અને अक्ष+ऊहिणी આ અવસ્થામાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ स्व ના 'अ' ને તેની પરમાં રહેલા 'ई' ની સાથે 'ऐ' આદેશ થવાથી તેમજ अक्ष ના 'अ' ને તેની પરમાં રહેલા 'ऊ' ની સાથે 'औ' આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'स्वैरः'; 'स्वैरी' અને 'अक्षौहिणी सेना' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઈચ્છા મુજબ ભટકવું. ઈચ્છા મુજબ ભટકનાર. અક્ષૌહિણી સેના વિશેષ. ॥૧૫॥

**अनियोगे लुगेवे १।२।१६॥**

'नियोग' એટલે અવધારણ-નિશ્ચય 'अनियोग' એટલે અનવધારણ. 'અનવધારણ' અર્થ ગમ્યમાન (જણાતો) હોય તો'एव' શબ્દ પરમાં હોય તો તેની પૂર્વેના 'अ' વર્ણનો લુક્ (લોપ) થાય છે.

इह+एव અને अद्य+एव આ અવસ્થામાં આ સૂત્રથી 'एव' ની પૂર્વેના 'अ' નો લોપ થવાથી 'इहेव तिष्ठ' અને 'अद्येव गच्छ' આવો પ્રયોગ થાય છે. પરન્તુ નિયોગ અર્થ ગમ્યમાન હોય તો ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી एव ની પૂર્વેના 'अ' નો લોપ થતો ન હોવાથી 'ऐदौत् सन्ध्यक्षरैः १-२-१२' થી 'अ' ને 'ए' ની સાથે ऐ આદેશ થવાથી इहैव तिष्ठ मा गाः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અહીં પણ ઉભો રહે. આજે પણ જા. અહીંજ ઉભો રહે જતો નહિ. (इहेव तिष्ठ અને अद्येव गच्छ અહીં સ્થાન અને કાલ નિયત નથી. ગમે તે સ્થાન અને ગમે તે કાલ વિવક્ષિત છે.) ॥१६॥

## वौष्ठौतौ समासे १।२।१७॥

સમાસમાં 'ओष्ठ' અને 'ओतु' શબ્દ પરમાં હોય તો; તેની પૂર્વેના 'अ' વર્ણનો વિકલ્પથી લુક્ (લોપ) થાય છે. 'बिम्बफलमिवौष्ठौ यस्याः सा' આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસમાં बिम्ब+ओष्ठी આ અવસ્થામાં 'बिम्ब' ના 'अ' નો આ સૂત્રથી લોપ થવાથી 'बिम्बोष्ठी' આવો પ્રયોગ થાય છે. તેમજ 'स्थूलश्चासावोतुः' આ વિગ્રહમાં કર્મધારયસમાસમાં स्थूल+ओतुः આ અવસ્થામાં 'स्थूल' ના 'अ' નો આ સૂત્રથી લોપ થવાથી 'स्थूलोतुः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'अ' નો લોપ ન થાય ત્યારે 'अ' ને 'ओ' ની સાથે 'ऐदौत्० १-२-१२ ' થી 'औ' આદેશ થવાથી 'बिम्बौष्ठी' અને 'स्थूलौतुः' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બિંબફળ જેવા લાલ હોઠવાલી. સ્થૂલ બિલાડો. समास इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસમાં જ ओष्ठ અને ओतु શબ્દ પરમાં હોય તો પૂર્વના 'अ' વર્ણનો વિકલ્પથી લુક્ (લોપ) થાય છે. તેથી हे पुत्रौष्ठं पश्य અહીં पुत्र!+ओष्ठम् આ અવસ્થામાં સમાસ ન હોવાથી 'पुत्र' ના 'अ' નો લોપ; આ સૂત્રથી ન થવાથી ઉપર જણાવ્યા મુજબ 'अ' ને 'औ' આદેશ થયો છે. અર્થ- હે પુત્ર! હોઠ જો.॥१७॥

## ओमाङि ॥१।२।१८॥

'अ' વર્ણનો; 'ओम्' અને आङ् ઉપસર્ગના સ્થાને થયેલો આદેશ (आङादेश) પરમાં હોય તો લુક્ (લોપ) થાય છે. 'अद्य+ओम्' અને 'सा+ओम्' આ અવસ્થામાં 'ओम्' ની પૂર્વેના 'अ' અને 'आ' નો આ સૂત્રથી લોપ થવાથી 'अद्योम्' અને 'सोम्' આવો પ્રયોગ થાય છે. आ+ऊढा આ અવસ્થામાં 'आ' ને 'ऊ' ની સાથે 'अवर्णस्ये० १-२-६' થી ओ થવાથી ओढा પ્રયોગ થાય છે. તેનો 'ओ' आङ् ઉપસર્ગના સ્થાને થયેલો હોવાથી आङादेश છે. તેથી अद्य+ओढा આ અવસ્થામાં તેમજ सा+ओढा આ અવસ્થામાં આ સૂત્રથી 'ओ' ની પૂર્વેના 'अ' અને 'आ' નો લોપ થવાથી 'अद्योढा' અને 'सोढा' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- આજે ઓમ્. તેણી ઓમ્. આજે પરણેલી. તે પરણી ગઈ.॥૧૮॥

## उपसर्गस्यानिणेधेदोति ॥१।२।१९॥

ઉપસર્ગ સમ્બન્ધી 'अ' વર્ણનો; 'इण्'. (इ.૨જોગણ) અને 'एध्' (૧ લો ગણ) ધાતુને છોડીને અન્ય એકારાદિ અને ઓકારાદિ ધાતુ પરમાં હોય તો લુક્ થાય છે. प्र+एलयति, परा+एलयति, प्र+ओषति અને परा+ओषति આ અવસ્થામાં प्र ના 'अ' નો અને परा ના 'आ' નો આ સૂત્રથી લોપ થવાથી प्रेलयति, परेलयति, प्रोषति અને परोषति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પ્રેરણા કરે છે. વિપરીત રીતે પ્રેરણા કરે છે. બાળે છે. વિપરીત રીતે બાળે છે. अनिणेधिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગ સમ્બન્ધી 'अ' વર્ણનો, તેની પરમાં इण् અને एध् ધાતુથી ભિન્ન જ એકારાદિ અને ઓકારાદિ ધાતુ હોય તો લુક્ થાય છે. તેથી उप+एति અને प्र+एधते આ અવસ્થામાં ઉપસર્ગના 'अ' નો; તેની પરમાં इण् અને एध् ધાતુ હોવાથી આ સૂત્રથી લોપ થતો નથી. જેથી 'अ' ને 'ए' ની સાથે 'ऐदौत सन्ध्यक्षरैः १-२-१२' થી 'ऐ' આદેશ થવાથી उपैति અને प्रैधते આવો

પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પાસે જાય છે. વધે છે. ॥૧૯॥

## वा नाम्नि १।२।२०॥

ઉપસર્ગ સમ્બન્ધી 'अ' વર્ણનો; નામાવયવ (નામ છે અવયવ જેનો તેવો) એકારાદિ અને ઓકારાદિ ધાતુ પરમાં હોય તો વિકલ્પથી લુક્ થાય છે. उप+एकीयति અને प्र+ओषधीयति આ અવસ્થામાં ઉપસર્ગ સંબન્ધી 'अ' નો તેની પરમાં એકારાદિ નામાવયવ અને ઓકારાદિ નામાવયવ (એક અને ઓષધ સ્વરૂપ નામાવયવ) ધાતુ હોવાથી આ સૂત્રથી લોપ થાય છે, તેથી उपेकीयति અને प्रोषधीयति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'अ' નો લોપ ન થાય ત્યારે 'अ' ને 'ए' અને 'ओ' ની સાથે 'ऐदौत्० ૧-૨-૧૨' થી અનુક્રમે 'ऐ' અને 'औ' આદેશ થવાથી उपैकीयति અને प्रौषधीयति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નજીકમાં એકની ઈચ્છા કરે છે. સારી રીતે દવાની ઈચ્છા કરે છે. (एकमिच्छतीति एकीयति, ओषधमिच्छतीति ओषधीयति ની પ્રક્રિયા राजीयति-ની જેમ જુઓ સૂ.નં. ૧-૧-૨૨.) ॥૨૦॥

## इवर्णादेरस्वे स्वरे यवरलम् १।२।२१॥

'इ', 'उ', 'ऋ' અને 'ऌ' વર્ણને, તેની પરમાં અસ્વ- સ્વભિન્ન (વિજાતીય) સ્વર હોય તો અનુક્રમે 'य्', 'व्', 'र्' અને 'ल्' આદેશ થાય છે. दधि+अत्र અને नदी+एषा આ અવસ્થામાં આ સૂત્રથી इ અને ई ને 'य्' આદેશ થવાથી 'दध्यत्र' અને 'नद्येषा' આવો પ્રયોગ થાય છે. मधु+अत्र અને वधू+आसनम् આ અવસ્થામાં આ સૂત્રથી उ અને ऊ ને 'व्' આદેશ થવાથી 'मध्वत्र' અને 'वध्वासनम्' આવો પ્રયોગ થાય છે. पितृ+अर्थः અને कृ+आदिः આ અવસ્થામાં આ સૂત્રથી ऋ અને ॠ ને 'र्' આદેશ થવાથી 'पित्रर्थः' અને 'क्रादिः' આવો પ્રયોગ થાય છે. ऌ+इत् અને ॡ+आकृतिः આ અવસ્થામાં આ સૂત્રથી ऌ અને

ऌ ને 'ल्' આદેશ થવાથી 'लित्' અને 'लाकृतिः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અહીં દહીં . આ નદી. અહીં મધ. વહુનું આસન. પિતા માટે. ક્ છે આદિમાં જેના. લૃ છે ઈત્ જેમાં. લક્ષ્મી જેવી આકૃતિ (આકાર) છે જેની. ॥૨૧॥

## ह्रस्वोऽपदे वा ૧।૨।૨૨॥

'इ', 'उ', 'ऋ' અને 'ऌ' વર્ણને તેની પરમાં અસ્વ સ્વર હોય તો વિકલ્પથી ह्रस्व આદેશ થાય છે. પરન્તુ તે બંન્ને- निमित्त અને निमित्ती (અસ્વ સ્વર અને इ વર્ણાદિ) એક પદમાં ન હોવા જોઈએ. (અર્થાદ્ એક પદમાં તે બંન્ને હોય તો આ સૂત્રથી '-हस्व' આદેશ થતો નથી.) नदी+एषा અને मधु+अत्र આ અવસ્થામાં 'ई' અને 'उ' ને આ સૂત્રથી -હસ્વ 'इ' અને 'उ' આદેશ થવાથી 'नदि एषा' અને 'मधु अत्र' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી -હસ્વ આદેશ ન થાય ત્યારે 'इवर्णादि० ૧-૨-૨૧' થી ઈ ને 'य्' અને 'उ' ને 'व्' આદેશ થવાથી 'नद्येषा' અને 'मध्वत्र' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- આ નદી. અહીં મધ. अपद इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इ વર્ણાદિ અને તેની પરમાં રહેલો અસ્વસ્વરૂપ નિમિત્તી અને નિમિત્ત એક પદમાં હોય તો इ વર્ણાદિને -હસ્વ આદેશ વિકલ્પથી થતો નથી. તેથી नदी+औ અને नदी+अर्थः અહીં અનુક્રમે ઈ અને औ એકપદમાં હોવાથી; તેમજ ई અને अ, नद्या अर्थः આ વિગ્રહવાક્યની અપેક્ષાએ ભિન્નપદમાં હોવા છતાં સમાસની અપેક્ષાએ એક પદમાં હોવાથી આ સૂત્રથી 'ई' ને આ સૂત્રથી '-हस्व' इ આદેશ થતો નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ 'ई' ને 'य्' આદેશ થવાથી 'नद्यौ' અને 'नद्यर्थः' આવો પ્રયોગ થાય છે. આથી સમજી શકાશે કે, નિમિત્ત અને નિમિત્તી કોઈ પણ રીતે એકપદમાં ન હોય તો જ આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ 'इ' વર્ણાદિને -હસ્વતા થાય છે. અન્યથા થતી નથી. સામાન્યથી સૂત્રમાં ષષ્ઠીથી જેનો નિર્દેશ

હોય છે તેને 'निमित्ती' કહેવાય છે. અને સપ્તમી કે પઞ્ચમીથી જેનો નિર્દેશ હોય છે તેને 'निमित्त' કહેવાય છે. અર્થક્રમશઃ- બે નદીઓ. નદી માટે.॥૨૨॥

## एदैतोऽयाय् ૧।૨।૨૩॥

સ્વર પરમાં હોય તો તેની પૂર્વેના 'ए' ને 'अय्' તથા 'ऐ' ને 'आय्' આદેશ થાય છે. ने+अन् (नी+अनट् ने+अनट्); वृक्षे+एव; नै+अक (नी+णक, नै+णक), અને रै+ऐन्द्री આ અવસ્થામાં ने અને वृक्षे ના 'ए' ને આ સૂત્રથી 'अय्' આદેશાદિ કાર્ય થવાથી 'नयनम्' અને 'वृक्षयेव' આવો પ્રયોગ થાય છે. તેમજ नै અને रै ના 'ऐ' ને આ સૂત્રથી 'आय्' આદેશાદિ કાર્ય થવાથી 'नायकः' અને 'रायैन्द्री' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- લઈ જવું. વૃક્ષપર જ. લઈ જનાર. ઈન્દ્રદેવસંબંધી ધન.

અહીં યાદ રાખવું જોઈએ કે સૂ. નં. ૧-૨-૨૧ થી અત્યાર સુધી अस्व स्वर ની અનુવૃત્તિ ચાલું હોવાથી અસ્વ સ્વર પરમાં હોય તો જ તે તે સૂત્રથી તે તે કાર્ય થતું હતું. અહીં 'સ્વર પરમાં હોય તો' એ પ્રમાણે જણાવીને 'अस्व' ની અનુવૃત્તિ બંધ કરી છે. કારણકે अस्व સ્વરનો સમ્બન્ધ इ વર્ણાદિની સાથે હતો. ए અને ऐ ના ગ્રહણથી इ વર્ણાદિની અનુવૃત્તિ અટકી જવાથી તત્સમ્બદ્ધ 'अस्व' ની પણ અનુવૃત્તિ અટકી ગઈ છે. માત્ર સ્વરનો જ અધિકાર ચાલું છે. ॥૨૩॥

## ओदौतोऽवाव् ૧।૨।૨૪॥

સ્વર પરમાં હોય તો તેની પૂર્વેના 'ओ' અને 'औ' ને અનુક્રમે 'अव्' અને 'आव्' આદેશ થાય છે. लो+अन (लू+अनट् लो+अनट्); पटो+ओतु; लौ+अक (लू+णक लौ+णक) અને गौ+औ આ અવસ્થામાં लो તથા पटो ના 'ओ' ને આ સૂત્રથી 'अव्' આદેશાદિ કાર્ય થવાથી

તેમજ लौ તથા गौ ના 'औ' ને આ સૂત્રથી 'आव्' આદેશાદિ કાર્ય થવાથી 'लवनम्'; 'पटवोतुः'; 'लावकः' અને 'गावौ' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કાપવું તે. હે હોશિયાર! બિલાડો. કાપનાર. બે ગાયો.

**य्यक्ये ૧।૨।૨૫॥**

'क्य' પ્રત્યયથી ભિન્ન એવો યકારાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના ओ ને 'अव्' આદેશ અને औ ને 'आव्' આદેશ થાય છે. गो+य(क्यन्)+ति; गो+य(क्यङ्)+ते, नौ+य(क्यन्)+ति; नौ+य (क्यङ्)+ते;, लो+य (लू+य लो+य) અને लौ+य (लू+घ्यण् लौ+घ्यण्) આ અવસ્થામાં આ સૂત્રથી ओ ને 'अव्' આદેશ અને औ ને 'आव्' આદેશાદિ કાર્ય થવાથી 'गव्यति'; 'गव्यते'; 'नाव्यति', 'नाव्यते', 'लव्यम्' 'लाव्यम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ગાયની ઈચ્છા કરે છે. ગાયની જેમ આચરણ કરે છે. હોડીની ઈચ્છા કરે છે. હોડીની જેમ આચરણ કરે છે. કાપવાં યોગ્ય. અવશ્ય કાપવાં યોગ્ય. अक्य इति किम्? આ સૂત્રથી; ઉપર જણાવ્યા મુજબ 'क्य' ને છોડીને જ અન્ય યકારાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના ओ ને 'अव्' અને औ ને 'आव्' આદેશ થાય છે. તેથી उप + वे + य (क्य) + ते આ અવસ્થામાં નિષ્પન્ન उपोयते અહીં તેમજ वे+य(क्य) + त (હ્ય.ભૂ. તૃ. એ.વ.) આ અવસ્થામાં નિષ્પન્ન औयत અહીં 'क्य'(य) પ્રત્યયની પૂર્વેના ओ ને આ સૂત્રથી 'अव्' આદેશ થયો નથી. તેમજ औ ને 'आव्' આદેશ થયો નથી. અર્થક્રમશઃ- નજીકમાં વણે છે. વણ્યું.

અહીં યાદ રાખવું જોઈએ કે સૂત્રમાં यि+अक्ये = य्यक्ये આવો નિર્દેશ હોવાથી न क्ये इति अक्ये આ વિગ્રહમાં नञ्तत्पुरुष સમાસ હોવાથી क्य ભિન્ન યકારાદિ પ્રત્યયનું જ; કેવલ 'य्' નો નિર્દેશ હોવા છતાં ગ્રહણ થાય છે. અન્યથા માત્ર य् પરમાં હોય તો પણ તેની પૂર્વેના ओ, औ ને અનુક્રમે अव्, आव् આદેશ કરવાનો પ્રસઙ્ગ આવશે ..... ઈત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું જોઈએ ।।૨૫।।

## ऋतो रस्तद्धिते १।२।२६॥

યકારાદિ તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના ऋ ને 'र्' આદેશ થાય છે. पितरि साधु આ અર્થમાં 'तत्र साधौ ७-१-१५' થી સપ્તમ્યન્ત पितृ શબ્દને તદ્ધિતનો 'य' પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી पितृ શબ્દથી પરમાં રહેલી સપ્તમીનો લોપ. આ સૂત્રથી 'पितृ' ના ऋ ને र् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'पित्र्यम्' આવો પ્રયોગ થાય છે. અર્થ - પિતાને યોગ્ય. तद्धित इति किम्? = આ સૂત્રથી, ઉપર જણાવ્યા મુજબ યકારાદિ તદ્ધિતનો જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના 'ऋ' ને 'र्' આદેશ થાય છે. તેથી 'कृ' ધાતુને 'ऋवर्णव्यञ्जनाद् घ्यण् ५-१-१७ થી' घ्यण् (य) પ્રત્યય. 'नामिनो० ४-३-५१ થી 'कृ' ના ऋ ને વૃદ્ધિ 'आर्' આદેશાદિ કાર્યથી નિષ્પન્ન 'कार्यम्' અહીં કૃદન્તનો યકારાદિ પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વેના 'कृ' ધાતુના ऋ ને આ સૂત્રથી 'र्' આદેશ થતો નથી. અર્થ- કાર્ય. ॥२६॥

## एदोतः पदान्तेऽस्य लुक् १।२।२७॥

પદના અન્તે રહેલા 'ए' અને 'ओ' ની પરમાં જો 'अ' હોય તો તે 'अ' નો લુક્ (લોપ) થાય છે. ते+अत्र અને पटो + अत्र આ અવસ્થામાં 'ए' અને 'ओ' ની પરમાં રહેલા 'अ' નો આ સૂત્રથી લોપ થવાથી 'तेऽत्र' અને 'पटोऽत्र' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તારું અહીં. હે હોશિયાર! અહીં. पदान्त इति किम्? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદના અન્તે રહેલા જ ए અને ओ ની પરમાં રહેલા 'अ' નો લોપ થાય છે. તેથી સૂ. નં. ૧-૨-૨૩ માં જણાવ્યા મુજબ નિષ્પન્ન नयनम् અહીં ने + अन આ અવસ્થામાં ने નો 'ए' પદના અન્તે ન હોવાથી તેની પરમાં રહેલા 'अ' નો લોપ, આ સૂત્રથી થતો નથી. ॥२७॥

## गोर्नाम्न्यवोऽक्षे १।२।२८॥

'अक्ष' શબ્દ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા 'गो' શબ્દના પદના અન્તે રહેલા 'ओ' ને સંજ્ઞાના વિષયમાં (તે શબ્દ કોઈનું નામ વિશેષ હોય તો); 'अव' આદેશ થાય છે. गो + अक्ष આ અવસ્થામાં આ સૂત્રથી गो ના 'ओ' ને 'अव' આદેશ. 'समाना० ૧-૨-૧' થી 'अव' ના અન્ત્ય 'अ' ને 'अक्ष' ના આદ્ય 'अ' ની સાથે દીર્ઘ 'आ' આદેશાદિ કાર્ય થવાથી 'गवाक्षः' આવો પ્રયોગ થાય છે. અર્થ - બારી. नाम्नीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં જ, अक्ष શબ્દ પરમાં હોય તો તેની પૂર્વેના गो શબ્દના પદના અન્તે રહેલા ओ ને 'अव' આદેશ થાય છે. તેથી गो + अक्षाणि( गोरक्षाणीति गोऽक्षाणि) આ અવસ્થામાં અહીં સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી गो ના ओ ને 'अव' આદેશ થતો નથી. તેથી 'एदोतः पदा० ૧-૨-૨૭' થી 'अक्ष' ના આદ્ય 'अ' નો લોપ થવાથી गोऽक्षाणि આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાયની ઈન્દ્રિયો. ( गोरक्षीव આ વિગ્રહમાં સમાસાદિ કાર્યથી गवाक्षः આવો પ્રયોગ થાય છે.) ॥૨૮॥

## स्वरे वाऽनक्षे १।२।२९॥

अक्ष સમ્બન્ધી સ્વરને છોડીને અન્ય કોઈપણ સ્વર પરમાં હોય તો તેની પૂર્વેના गो ના પદના અન્તે રહેલા 'ओ' ને 'अव' આદેશ વિકલ્પથી થાય છે. गो+अग्र આ અવસ્થામાં 'गो' ના 'ओ' ને આ સૂત્રથી 'अव' આદેશ. 'अव' ના અન્ત્ય 'अ' ને; તેની પરમાં રહેલા 'अ' ની સાથે 'समानानां० ૧-૨-૧' થી દીર્ઘ 'आ' આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'गवाग्रम्' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'ओ' ને 'अव' આદેશ ન થાય ત્યારે 'एदोतः० ૧-૨-૨૭' થી गो ના ओ ની પરમાં રહેલા 'अ' નો લોપ થવાથી 'गोऽग्रम्' આવો પ્રયોગ થાય છે. गो+ईश આ અવસ્થામાં આ સૂત્રથી, गो ના 'ओ' ને

'अव' આદેશ. 'अव' ના અન્ત્ય 'अ' ને ईश ના ई ની સાથે 'ए' આદેશાદિ કાર્ય થવાથી 'गवेशः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી गो ના 'ओ' ને 'अव' આદેશ ન થાય ત્યારે 'ओदौतोऽवाव् ૧-૨-૨૪' થી 'अव्' આદેશાદિ કાર્ય થવાથી 'गवीशः' આવો પ્રયોગ થાય છે, અર્થક્રમશઃ – ગાયનો અગ્રભાગ. ગાયનો સ્વામી. अनक्ष इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अक्ष સમ્બન્ધી સ્વરને છોડીને જ અન્ય સ્વર પરમાં હોય તો તેની પૂર્વેના गो ના પદના અન્તે રહેલા ओ ને 'अव' આદેશ વિકલ્પથી થાય છે; તેથી गो + अक्षम् આ અવસ્થામાં अक्ष સમ્બન્ધી સ્વર પરમાં હોવાથી गो ના 'ओ' ને આ સૂત્રથી 'अव' આદેશ ન થવાથી 'एदोतः पदा० ૧-૨-૨૭' થી 'ओ' નો લોપ થવાથી 'गोऽक्षम्' આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાયની ઈન્દ્રિય. ओत इति किम्? આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अक्षસમ્બન્ધી સ્વર ભિન્ન સ્વર; પરમાં હોય તો તેની પૂર્વેના गो શબ્દના પદાન્તે રહેલા 'ओ' ને જ વિકલ્પથી 'अव' આદેશ થાય છે. તેથી चित्रा गौ र्यस्य આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસ. 'परतः स्त्री० ३-२-४९' થી चित्रा ને પુંવદ્ભાવ (એટલે चित्र શબ્દને સ્ત્રીલિંગમાં થયેલ आप् (आ) પ્રત્યયની નિવૃત્તિ). 'गोश्चान्ते० २-४-९६' થી गो ના ओ ને -હસ્વ 'उ' આદેશાદિ કાર્યથી નિષ્પન્ન चित्रगु શબ્દના 'उ' ને; 'चित्रगु+अर्थ' આ અવસ્થામાં આ સૂત્રથી 'अव' આદેશ થતો નથી. જેથી 'इवर्णादे० ૧-૨-૨૧' થી उ ને 'व्' આદેશાદિ કાર્ય થવાથી 'चित्रग्वर्थः' આવો પ્રયોગ થાય છે. અર્થ–ચિત્રગુ (કાબર ચીતરી ગાયનો સ્વામી) માટે.॥૨૧॥

## इन्द्रे ૧।૨।૩૦॥

'इन्द्र' શબ્દ સમ્બન્ધી સ્વર પરમાં હોય તો તેની પૂર્વેના गो શબ્દના પદના અન્તે રહેલા 'ओ' ને 'अव' આદેશ થાય છે. गो+इन्द्र (गवामिन्द्रः) આ અવસ્થામાં આ સૂત્રથી गो ના ओ ને 'अव' આદેશ.

अव ના અન્ત્ય 'अ' ને इ ની સાથે 'अवर्णस्ये० ૧-૨-૬' થી 'ए' આદેશાદિ કાર્ય થવાથી 'गवेन्द्रः' આવો પ્રયોગ થાય છે. અર્થ-ગાયોનો રાજા. ॥૩૦॥

## वाऽत्यसन्धिः ११२।३१॥

'अ' પરમાં હોય તો તેની પૂર્વેના गो શબ્દના પદના અન્તે રહેલા 'ओ' ને વિકલ્પથી 'असन्धिभाव' (સન્ધિ ન કરવી તે) થાય છે. गो+अग्र આ અવસ્થામાં આ સૂત્રથી गो ના ओ ને સન્ધિ ન થવાથી 'गो अग्रम्' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'असन्धिभाव' ન થાય ત્યારે સૂ.નં. ૧-૨-૨૯ માં જણાવ્યા મુજબ 'गवाग्रम्' અને 'गोऽग्रम्' આવો પ્રયોગ થાય છે. अतीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ 'अ' જ પરમાં હોય તો તેની પૂર્વેના गो શબ્દના પદાન્તમાં રહેલા 'ओ' ને વિકલ્પથી સન્ધિ થતી નથી. તેથી गो+इङ्गितम् (गोरिङ्गितम्) આ અવસ્થામાં 'अ' પરમાં ન હોવાથી गो ના ओ ને આ સૂત્રથી અસન્ધિ ન થવાથી; સૂ.નં. ૧-૨-૨૯ માં જણાવ્યા મુજબ 'गवेशः' ની જેમ 'गवेङ्गितम्' આવો પ્રયોગ થાય છે. અર્થ–ગાયની ચેષ્ટા. ॥૩૧॥

## प्लुतोऽनितौ ११२।३२॥

इति શબ્દના સ્વરથી ભિન્ન સ્વર પરમાં હોય તો તેની પૂર્વેના 'प्लुत' સ્વરને અસન્ધિભાવ થાય છે. देवदत्त+अत्र न्वसि આ અવસ્થામાં 'दूरादामन्त्र्यस्य० ७-४-९९' થી દેવદત્ત ના અન્ત્ય 'अ' ને 'प्लुत' (अ३) આદેશ. देवदत्त३+अत्र આ અવસ્થામાં 'समानानां० १-२-१' થી પ્લુત 'अ' ને તેની પરમાંના 'अ' ની સાથે દીર્ઘ 'आ' આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી 'देवदत्त ३ अत्र न्वसि' આ પ્રમાણે પ્રયોગ થાય છે. અર્થ– દેવદત્ત! અહીં જ છે? अनिताविति

किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इति શબ્દના સ્વરથી ભિન્ન જ સ્વર પરમાં હોય તો તેની પૂર્વેના 'પ્લુત' સ્વરને સન્ધિ થતી નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ सुश्लोक+इति આ અવસ્થામાં 'अ' ને 'પ્લુત' આદેશ થયા બાદ તેની પરમાં इति શબ્દનો સ્વર હોવાથી આ સૂત્રથી પ્લુત अ ને સન્ધિનો નિષેધ ન થવાથી તેને (अ३ને) તેની પરમાં રહેલા इ ની સાથે 'अवर्णस्य० ૧-૨-૬' થી 'ए' આદેશ થવાથી 'सुश्लोकेति' આવો પ્રયોગ થાય છે. અર્થ– હે સુશ્લોક! આ પ્રમાણે.॥૩૨॥

## इ३ वा १।२।३३॥

'इ' સ્થાને થયેલા પ્લુતને; તેની પરમાં સ્વર હોય તો વિકલ્પથી असन्धिभाव થાય છે. लुनीहि+इति આ અવસ્થામાં लुनीहि ના 'इ' ને 'क्षियाऽऽशीः प्रैषे ૭-૪-૯૨' થી પ્લુત 'इ' (इ३) આદેશ. 'समानानां० ૧-૨-૧' થી 'इ३' ને પ્રાપ્ત દીર્ઘ 'ई' આદેશનો આ સૂત્રથી નિષેધ થવાથી 'लुनीहि३ इति' આવો પ્રયાગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી અસન્ધિ ન થાય ત્યારે 'समानानां० ૧-૨-૧ ' થી 'इ३' ને તેની પરમાં રહેલા इ ની સાથે દીર્ઘ 'ई' આદેશ થવાથી लुनीहीति આવો પ્રયોગ થાય છે. અર્થ– કાપ આ પ્રમાણે. ॥૩૩॥

## ईदूदेद्द्विवचनम् १।२।३४॥

સ્વર પરમાં હોય તો તેની પૂર્વે રહેલા 'ई', 'ऊ' અને 'ए' જેના અન્તમાં છે– એવા 'દ્વિવચનાન્ત' ને સન્ધિ થતી નથી. मुनी+इह આ અવસ્થામાં 'समानानां० ૧-૨-૧' થી ई ને इ ની સાથે દીર્ઘ ई આદેશની પ્રાપ્તિ હતી; साधू+एतौ આ અવસ્થામાં 'ऊ' ને 'इवर्णादे० ૧-૨-૨૧' થી 'व्' આદેશની પ્રાપ્તિ હતી; તેમજ माले+इमे અને पचेते+इति આ અવસ્થામાં 'एदैतोऽयाय् ૧-૨-૨૩' થી 'अय्' આદેશની પ્રાપ્તિ હતી;

તેનો આ સૂત્રથી નિષેધ થવાથી 'मुनी इह', 'साधू एतौ', 'माले इमे' અને 'पचेते इति' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અહીં બે મુનિઓ. આ બે સાધુઓ. આ બે માલાઓ. તેઓ બે રાંધે છે આ પ્રમાણે. ईदूदेदिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વર પરમાં હોય તો 'ई', 'ऊ' અને 'ए' જેના અન્તમાં છે એવા જ દ્વિવચનાન્તને સન્ધિ થતી નથી. તેથી वृक्षौ+अत्र અહીં ઔકારાન્ત દ્વિવચનાન્તને આ સૂત્રથી અસન્ધિ ન થવાથી 'ओदौतो० ૧-૨-૨૪' થી औ ને 'आव्' આદેશ થવાથી 'वृक्षावत्र' આ પ્રમાણે પ્રયોગ થાય છે. અર્થ - અહીં બે વૃક્ષો. द्विवचनमिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વર પરમાં હોય તો, 'ई' 'ऊ' અને 'ए' છે અન્તમાં જેના - એવા દ્વિવચનાન્તને જ અસન્ધિ થાય છે. તેથી कुमारी+अत्र અહીં એકવચનાન્ત कुमारी પદના અન્તે ई હોવા છતાં આ સૂત્રથી તેને અસન્ધિ ન થવાથી 'इवर्णादि० ૧-૨-૨૧' થી ई ને 'य्' આદેશ થવાથી 'कुमार्यत्र' આવો પ્રયોગ થાય છે. અર્થ - અહીં કુમારી. ॥૩૪॥

**अदोमु-मी १।२।३५॥**

સ્વર પરમાં હોય તો તેની પૂર્વમાં રહેલા 'अदस्' શબ્દ સમ્બન્ધી 'मु' અને 'मी' ના સ્વરને સન્ધિ થતી નથી. 'अमुमुईचा' અને 'अमी अश्वाः' અહીં अदस् શબ્દ સમ્બન્ધી मु અને मी ના उ અને ई ને તેની પરમાં અસ્વ સ્વર હોવાથી અનુક્રમે 'इवर्णादि० ૧-૨-૨૧' થી 'व्' અને 'य्' આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થક્રમશઃ - એ જગ્યાએ જવાંવાલા વડે. એ ઘોડાઓ. (प्रक्रिया માટે જુઓ સૂ.નં. ૨-૧-૪૬ અને ૨-૧-૪૫) ॥૩૫॥

**चादिः स्वरोऽनाङ् १।२।३६॥**

आङ् ને છોડીને 'चादि' ગણપાઠમાનાં અવ્યય સ્વરૂપ 'स्वर' ને,

તેની પરમાં સ્વર હોય તો 'અસન્ધિ' થાય છે. 'अ+अपेहि' 'इ इन्द्रं पश्य' અને 'उ+उत्तिष्ठ' આ અવસ્થામાં ચાદિ ગણપઠિત અવ્યય સ્વરૂપ 'अ', 'इ' અને 'उ' ને समानानां० ૧-૨-૧ થી દીર્ઘ आ ई અને ऊ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી 'अ अपेहि'; 'इ इन्द्रं पश्य', અને 'उ उत्तिष्ठ' આવો પ્રયોગ થાય છે. તેમજ आ एवं किल मन्यसे અને आ एवं नु तत् અહીં ચાદિ ગણપઠિત અવ્યય સ્વરૂપ 'आ' સ્વરને 'ऐदौत्० ૧-૨-૧૨' થી 'ऐ' આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ ક્રમશઃ દૂર થા. ઈન્દ્રને જો. ઉઠ. તું નિશ્ચિત આવું માને છે?. શું તે આવું!. (અહીં 'अ' વગેરે અવ્યયો આશ્ચર્યાદિના દ્યોતક છે.) अनाङ् इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आङ् ને છોડીને જ અન્ય સ્વર સ્વરૂપ ચાદિ અવ્યયને તેની પરમાં સ્વર હોય તો અસન્ધિ થાય છે. તેથી 'आङ्(आ)+इहि' આ અવસ્થામાં आङ् સ્વરૂપ અવ્યયને અસન્ધિ થતી ન હોવાથી 'अवर्णस्ये० ૧-૨-૬' થી आङ् (आ) ને તેની પરમાં રહેલા 'इ' ની સાથે 'ए' આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'एहि' આ પ્રમાણે પ્રયોગ થાય છે. અર્થ - આવ. ॥૩૬॥

### ओदन्तः ૧।૨।૩૭॥

સ્વર પરમાં હોય તો તેની પૂર્વેના ઓકારાન્ત ચાદિ ગણપાઠમાંના અવ્યયને સન્ધિ થતી નથી. 'अहो अत्र' આ અવસ્થામાં अत्र ના આદ્ય 'अ' ને 'एदोत० ૧-૨-૨૭' થી લોપ ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થાય છે. અર્થ - આશ્ચર્ય અહીં.॥૩૭॥

### सौ नवेतौ ૧।૨।૩૮॥

इति શબ્દ પરમાં હોય તો તેની પૂર્વેના; 'सि' પ્રત્યયના નિમિત્તથી થયેલા ઓકારાન્ત નામને વિકલ્પથી સન્ધિ થતી નથી. पटु+सि (स)

આ પ્રમાણેની સમ્બોધન એકવચનની અવસ્થામાં 'ह्रस्वस्य गुणः १-४-४१' થી 'सि' પ્રત્યયની સાથે તેની પૂર્વેના 'उ' ને ગુણ 'ओ' આદેશ થવાથી पटो આ પ્રમાણે सि નિમિત્તક ઓકારાન્ત શબ્દ બને છે. पटो+इति આ અવસ્થામાં 'ओदौतोऽवाव् १-२-२४' થી ओ ને 'अव्' આદેશની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થવાથી 'पटो इति' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં; આ સૂત્રથી સન્ધિનો નિષેધ ન થાય ત્યારે ओ ને 'अव्' આદેશ થવાથી 'पटविति' આવો પ્રયોગ થાય છે. અર્થ - હે હોશિયાર! આ પ્રમાણે..॥૩૮॥

## ऊँ चोञ् १।२।३९॥

इति શબ્દ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા, ચાદિ ગણપાઠમાંના उञ् અવ્યયને વિકલ્પથી 'असन्धि' થાય છે તેમજ અસન્ધિ થાય ત્યારે उञ् (उ) ને વિકલ્પથી 'ऊँ' આ પ્રમાણે દીર્ઘ અનુનાસિક આદેશ થાય છે. उञ्+इति આ અવસ્થામાં આ સૂત્રથી उञ् (उ) ને અસન્ધિ થવાથી અર્થાદ્ 'इवर्णादि० १-२-२१ ' થી 'उ' ને પ્રાપ્ત 'व्' આદેશનો નિષેધ થવાથી 'उ इति' આ પ્રમાણે પ્રયોગ થાય છે. તે વખતે उ ને વૈકલ્પિક 'ऊँ' આદેશ થવાથી 'ऊँ इति' આવો પ્રયોગ થાય છે. તેમજ આ સૂત્રથી વિકલ્પપક્ષમાં અસન્ધિ અને તેના યોગે વૈકલ્પિક 'ऊँ' આદેશ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ उञ् (उ) ને 'व्' આદેશ થવાથી 'विति' આ પ્રમાણે પ્રયોગ થાય છે. અર્થ - આઃ! આ પ્રમાણે. ॥૩૯॥

## अञ्वर्गात् स्वरे वोऽसन् १।२।४०॥

'ञ्' ને છોડીને અન્ય વર્ગીય ( क् થી म् સુધીના ) વ્યઞ્જનથી પરમાં રહેલા ચાદિ ગણપઠિત उञ् અવ્યયને; તેની પરમાં સ્વર હોય તો વિકલ્પથી 'व्' આદેશ થાય છે; અને તે 'व्' આદેશ 'असत्' મનાય છે. અર્થાદ્ 'व्' આદેશ થયા પછી પણ તેના સ્થાને उञ् અવ્યય છે -

એમ માનીને અન્ય કાર્ય થાય છે. क्रुङ् + उञ् (उ) + आस्ते આ અવસ્થામાં ञ् ભિન્ન વર્ગીય ङ् વ્યઞ્જનથી પરમાં રહેલા 'उञ्' અવ્યયને તેની પરમાં સ્વર હોવાથી આ સૂત્રથી 'व्' આદેશ અને તે 'व्' અસત્ મનાતો હોવાથી તેના સ્થાને 'उ' માનીને क्रुङ् ના 'ङ्' ને 'ह्रस्वान् ङ्-णनो द्वे १-३-२७' થી દ્વિત્વ (ङ्ङ्) આદેશ કરીને 'क्रुङ्ङ्वास्ते' આ પ્રમાણે પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'उञ्' ને व् આદેશ ન થાય ત્યારે 'चादिः स्वरो० १-२-३६' થી અસન્ધિ થવાથી ' क्रुङ्ङु आस्ते ' આવો પ્રયોગ થાય છે. અર્થ - કુટિલ ચાલ વાળો બેસે છે. ॥૪૦॥

### अ-इ-उ-वर्णस्यान्तेऽनुनासिकोऽनीदादेः १।२।४१॥

'अ', 'इ' અને 'उ' વર્ણ જો વિરામમાં હોય તો તેના સ્થાને 'અનુનાસિક' આદેશ વિકલ્પથી થાય છે; પરન્તુ अ इ કે उ વર્ણ 'ईदूदेद् द्विवचनम् १-२-३४' ઈત્યાદિ સૂત્રના વિષય (કાર્યી) ન હોવા જોઈએ. साम खट्वा दधि कुमारी અને मधु અહીં વિરામમાં રહેલા अ आ इ ई અને उ ને અનુક્રમે અનુનાસિક अँ आँ इँ ईँ અને उँ આદેશ આ સૂત્રથી થવાથી सामँ खट्वाँ दधिँ कुमारीँ અને मधुँ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુનાસિક (સ્વાનુનાસિક) આદેશ ન થાય ત્યારે साम... વગેરે ઉપર જણાવેલા પ્રયોગો થાય છે. અર્થ ક્રમશઃ - સામવેદ. ખાટલો. દહીં. કુમારી. મધ. अनीदादेरिति किम्? - આ સૂત્રથી; ઉપર જણાવ્યા મુજબ વિરામમાં રહેલા अ इ અને उ વર્ણ 'ईदूदे० १-२-३४' ઈત્યાદિ સૂત્રના વિષય ન હોય તો જ તેને વિકલ્પથી સ્વાનુનાસિક આદેશ થાય છે. તેથી 'अग्नी' 'अमी' અને 'किमु' અહીં ई ई અને उ; અનુક્રમે 'ईदूदे० १-२-३४' 'अदोमुमी १-२-३५' અને 'चादिः स्वरो० १-२-३६' ના વિષય હોવાથી આ સૂત્રથી તેને (ई ई અને उ ને) અનુનાસિક આદેશ થતો નથી. અર્થ ક્રમશઃ - બે અગ્નિ. પેલા. શું.

અહીં એ યાદ રાખવું જોઇએ કે 'एदोतः पदान्ते०... ૧-૨-૨૭' થી પદાન્તનો અધિકાર ચાલું હોવા છતાં આ સૂત્રમાં 'वर्णस्यान्ते' આ પ્રમાણે 'અન્તે' નું ગ્રહણ કર્યું હોવાથી આ સૂત્રમાં કેવલ પદાન્ત अ इ કે उ વર્ણનું ગ્રહણ થતું નથી; પરન્તુ પદાન્ત अ इ કે उ વર્ણ વિરામસ્થ જ ગ્રાહય છે. તેથી ઉપસર્ગ કે समासान्तर्वर्त्ति अ इ કે उ વર્ણ વિરામસ્થ ન હોવાથી તેને આ સૂત્રથી વિહિત અનુનાસિક આદેશ થતો નથી. ઉપસર્ગો અવ્યય હોવાથી તેને અને સમાસના પૂર્વપદને લુપ્ત વિભક્તિના કારણે પદ સંજ્ઞા થવાથી તેના અન્તે રહેલા अ इ કે उ વર્ણ પદાન્ત હોવા છતાં વિરામમાં રહેલા નથી- એ સમજી શકાય છે.॥૪૦॥

**॥इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे प्रथमेऽध्याये द्वितीयःपादः॥**

पूर्वभवदारगोपी०:- પૂર્વભવની પત્ની ગોવાળણીઓનું હરણ કરવાનાં સ્મરણથી જ જાણે સળગી ઉઠયો છે ક્રોધરૂપી અગ્નિ જેનો- એવા શ્રી મૂલરાજ પુરુષોત્તમે (વિષ્ણુએ); દુષ્ટ આભીરોને માર્યા. આશય એ છે કે અહીં ગ્રન્થકારપરમર્ષિએ શ્રી મૂલરાજને શ્રી કૃષ્ણના બીજા અવતાર સ્વરૂપ પુરુષોત્તમની ઉપમા આપીને વર્ણવ્યા છે. શ્રી મૂલરાજે દુષ્ટ આભીરો (ગોવાળીયા) ને માર્યા હતા. તેના કારણ તરીકે પોતાના પૂર્વભવમાં પોતાની પત્ની જે ગોપીઓ હતી તે ગોપીઓનું હરણ કરીને વર્ત્તમાનમાં ગોવાળીઆઓએ; તેઓને પોતાની પત્નીઓ બનાવી છે. એનાં સ્મરણને વર્ણવ્યું છે - ઈત્યાદિ સમજી શકાય છે.

# अथ प्रारभ्यते प्रथमेऽध्याये तृतीयः पादः ।

## तृतीयस्य पञ्चमे १।३।१॥

આ સૂત્રમાં 'सौ नवेतौ १-२-३८' થી 'नवा' ની, 'एदोतः पदान्ते० १-२-२७' થી 'पदान्त' ની અને 'अ-इ-उ वर्णस्यान्ते० १-२-४१' થી 'अनुनासिक' ની અનુવૃત્તિ ચાલું છે. પદના અન્તે રહેલા વર્ગીય તૃતીય વ્યઞ્જનને, તેની પરમાં પઞ્ચમ વ્યઞ્જન હોય તો વિકલ્પથી સ્વ (તૃતીય વ્યઞ્જન) વર્ગનો અનુનાસિક થાય છે. 'वाग्+ङ्वते' અને 'ककुब्+मण्डलम्' આ અવસ્થામાં ग् અને ब् ને આ સૂત્રથી અનુક્રમે 'ङ्' અને 'म्' આદેશ થવાથી 'वाङ्ङ्वते' અને 'ककुम्मण्डलम्' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુનાસિક આદેશ ન થાય ત્યારે 'वाग्ङ्वते' અને 'ककुब्मण्डलम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વાણી શબ્દ કરે છે. દિશાનું મણ્ડલ. ॥૧॥

## प्रत्यये च १।३।२॥

પદના અન્તે રહેલા વર્ગીય તૃતીય વ્યઞ્જનને; તેની પરમાં પ્રત્યય સમ્બન્ધી પઞ્ચમ વ્યઞ્જન હોય તો; સ્વ (તૃતીય વ્યઞ્જન) વર્ગનો અનુનાસિક નિત્ય થાય છે. वाग्+मयम् અને षड्+नाम् આ અવસ્થામાં ग् અને ड् ને તેની પરમાં અનુક્રમે પ્રત્યયસમ્બન્ધી म् અને न् હોવાથી આ સૂત્રથી અનુક્રમે ङ् અને ण् આદેશ. 'तवर्गस्य० १-३-६०' થી नाम् ના न् ને ण् આદેશ થવાથી 'वाङ्मयम्' અને 'षण्णाम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વાણીમય. છનું. આ સૂત્રમાં 'च' નું ગ્રહણ; આગળના સૂત્રમાં 'वा' ની અનુવૃત્તિ લઈ જવા માટે કર્યું છે. ॥૨॥

## ततो हश्चतुर्थः १।३।३॥

પદના અન્તમાં રહેલા તૃતીય વ્યઞ્જનની પરમાં રહેલા 'ह्' ને તેની પૂર્વેના તૃતીય વ્યઞ્જનના વર્ગનો ચતુર્થ વ્યઞ્જન વિકલ્પથી થાય છે. वाग्+हीनः અને ककुब्+हासः આ અવસ્થામાં ह् ને અનુક્રમે તેની પૂર્વેના ग् અને ब् ના વર્ગનો ચતુર્થ 'घ्' અને 'भ्' આદેશ થવાથી 'वाग्घीनः' અને 'ककुब्भासः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ 'ह्' ને તેની પૂર્વેના તૃતીય વ્યઞ્જનના વર્ગનો 'ચતુર્થ વ્યઞ્જન' ન થાય ત્યારે 'वाग्हीनः' અને 'ककुब्हासः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મૂંગો. દિશાઓનો પ્રકાશ. ॥૩॥

## प्रथमादधुटि शश्छः १।३।४॥

પદના અન્તે રહેલા પ્રથમ વ્યઞ્જનની પરમાં રહેલા 'श्' ને; તેની પરમાં 'धुट्' સિવાયનો કોઈ પણ વર્ણ હોય તો વિકલ્પથી 'छ्' આદેશ થાય છે. वाक्+शूरः અને त्रिष्टुप्+श्रुतम् આ અવસ્થામાં આ સૂત્રથી 'श्' ને 'छ्' આદેશ થવાથી वाक्छूरः અને त्रिष्टुप् छुतम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'छ्' આદેશ ન થાય ત્યારે 'वाक्शूरः' અને 'त्रिष्टुप्श्रुतम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વ્યર્થ બહુ બોલનાર. ત્રિષ્ટુપ્ ગ્રન્થને સાંભળ્યો. अधुटीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધુટ્‌ભિન્ન જ વર્ણ પરમાં હોય તો તેની પૂર્વેના, પદાન્તે રહેલા પ્રથમવ્યઞ્જનની પરમાંના 'श्' ને વિકલ્પથી 'छ्' આદેશ થાય છે. તેથી 'वाक्+श्च्योतति' આ અવસ્થામાં પદના અન્તે રહેલા પ્રથમ વ્યઞ્જન 'क्' ની પરમાં श् હોવા છતાં તેની પરમાં 'च्' ધુટ્ હોવાથી અર્થાદ્ ધુટ્‌ભિન્ન-અધુટ્ વર્ણ ન હોવાથી 'श्' ને 'छ्' આદેશ ન થવાથી 'वाक्श्च्योतति' આવો પ્રયોગ થાય છે. અર્થ–વાણી નીકળે છે. ॥૪॥

## र: कख-पफयोः ≍क - )( पौ ૧।૩।૫॥

પદના અન્તે રહેલા र् ને તેની પરમાં क् કે ख् હોય તો ≍ (જિહ્વામૂલીય) વર્ણ અને प् કે फ् પરમાં હોય તો )( (ઉપધ્માનીય) વર્ણ આદેશ વિકલ્પથી થાય છે. कर् (किम्+सि)+करोति, कर्+खनति, कर्+पचति અને कर्+फलति આ અવસ્થામાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क् અને ख् ની પૂર્વેના પદાન્તે રહેલા र् ને ≍ આ પ્રમાણે જિહ્વામૂલીય વર્ણાદેશ. અને प् તથા फ् ની પૂર્વેના પદાન્તે રહેલા र् ને )( આ પ્રમાણે ઉપધ્માનીય વર્ણાદેશ થવાથી 'क ≍ करोति'; 'क ≍ खनति'; 'क )( पचति' અને 'क )( फलति' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી र् ને તે આદેશો ન થાય ત્યારે 'र: पदान्ते० १-३-५३' થી વિસર્ગ થવાથી 'क: करोति'; 'क: खनति'; 'क: पचति' અને 'क:फलति' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કોણ કરે છે. કોણ ખોદે છે. કોણ રાંધે છે. કોણ સફળ થાય છે.॥૫॥

## श-ष-से श-ष-सं वा ૧।३।६॥

પદના અન્તે રહેલા 'र्' ને તેની પરમાં श् ष् કે स् હોય તો અનુક્રમે श् ष् કે स् આદેશ વિકલ્પથી થાય છે. कर्+शेते, कर्+षण्ढः અને कर्+साधु: આ અવસ્થામાં અનુક્રમે र् ને श् ष् અને स् આદેશ થવાથી 'कश्शेते', 'कष्षण्ढ:' અને 'कस्साधु:' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી र् ને श् ष् અને स् આદેશ ન થાય ત્યારે 'र: पदान्ते० ૧-૩-૫૩' થી વિસર્ગ થવાથી 'क: शेते', 'क:षण्ढ:' અને 'क:साधु:' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– કોણ ઉંઘે છે. કોણ નપુંસક છે. કોણ સાધુ છે. ॥६॥

## च-ट-ते सद्वितीये ૧।૩।૭॥

પદના અન્તે રહેલા 'र्' ને તેની પરમાં च् કે छ् હોય તો 'श्', ट् કે ठ् પરમાં હોય તો 'ष्' અને त् કે थ् પરમાં હોય તો 'स्' આદેશ

નિત્ય થાય છે. कर्+चरः, कर्+छन्नः આ અવસ્થામાં આ સૂત્રથી 'र्' ને 'श्' આદેશ થવાથી 'कश्चरः'; 'कश्छन्नः' આવો પ્રયોગ થાય છે. कर्+टः, कर्+ठः આ અવસ્થામાં 'र्' ને આ સૂત્રથી 'ष्' આદેશ થવાથી 'कष्टः', 'कष्ठः' આવો પ્રયોગ થાય છે. અને कर्+तः, कर्+थः આ અવસ્થામાં આ સૂત્રથી 'र्' ને 'स्' આદેશ થવાથી- 'कस्तः', 'कस्थः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– કોણ ચાલવાવાલો છે. કોણ છૂપાયું છે. ટ કોણ. ઠ કોણ. ત કોણ. થ કોણ. ॥૭॥

**नोऽप्रशानोऽनुस्वारानुनासिकौ च पूर्वस्याऽधुट् परे १।३।८॥**

प्रशान् શબ્દ સમ્બન્ધી 'न्' ને છોડીને અન્ય, પદના અન્તે રહેલા 'न्' ને; તેની પરમાં च् કે छ्, ट् કે ठ्, અને त् કે थ् હોય અને તેની (च् વગેરેની) પરમાં ધુટ્ ભિન્ન વર્ણ હોય તો અનુક્રમે 'श्', 'ष्' અને 'स्' આદેશ થાય છે; તેમજ ત્યારે 'न्' ની પૂર્વેના સ્વરને અનુસ્વારનો આગમ અને અનુનાસિકનો આદેશ થાય છે. भवान्+चरः અને भवान्+छ्यति આ અવસ્થામાં प्रशान् શબ્દ સમ્બન્ધી 'न्' થી ભિન્ન પદના અન્તે રહેલા भवान् શબ્દ સમ્બન્ધી न् ને તેની પરમાં च् અને छ् હોવાથી તેમજ તેની પરમાં અનુક્રમે अ અને य् સ્વરૂપ અધુટ્ વર્ણ હોવાથી આ સૂત્રથી श् આદેશ અને ત્યારે भवान् ના न् ની પૂર્વેના आ ને અનુસ્વારનો આગમ તથા અનુનાસિક આદેશ થવાથી 'भवांश्चरः', 'भवाँश्चरः' અને 'भवांश्छ्यति', 'भवाँश्छ्यति' આવો પ્રયોગ થાય છે. તેમજ ઉપર જણાવ્યા મુજબ भवान्+टकः અને भवान्+ठकारः આ અવસ્થામાં न् ને આ સૂત્રથી 'ष्' આદેશાદિ કાર્ય થવાથી, તથા भवान्+तनुः અને भवान्+थुडति આ અવસ્થામાં 'न्' ને 'स्' આદેશાદિ કાર્ય થવાથી 'भवांष्टकः', 'भवाँष्टकः' અને 'भवांष्ठकारः', 'भवाँष्ठकारः' તથા 'भवांस्तनुः', 'भवाँस्तनुः' અને 'भवांस्थुडति', 'भवाँस्थुडति' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આપ ચાલવાવાલા. આપ કાપો છો. આપ ટકાર. આપ ઠકાર. આપ દુર્બલ છો. આપ ઢાંકો છો. अप्रशान्

इति किम् ? આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદના અન્તે રહેલા प्रशान् ભિન્ન (प्रशान् સમ્બન્ધી न् ભિન્ન) न् ને જ તેની પરમાં च् કે छ् , ट् કે ठ् અને त् કે थ् હોય અને તેની પરમાં અધુટ્ વર્ણ હોય તો અનુક્રમે श् ष् અને स् આદેશાદિ કાર્ય થાય છે. તેથી प्रशान्+चरः આ અવસ્થામાં प्रशान् ના न् ને આ સૂત્રથી श् આદેશ ન થવાથી न् ને 'तवर्गस्य० १-३-६०' થી ञ् આદેશ થવાથી 'प्रशाञ्चरः' આવો પ્રયોગ થાય છે. અર્થ - શાન્ત માણસ ચાલવાવાલો. अधुट्पर इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ 'अधुट्' વર્ણ જ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા 'च्' કે 'छ्' 'ट्' કે 'ठ्' અને 'त' કે 'थ्' ની પૂર્વે રહેલા પદાન્તસ્થ प्रशान् ભિન્ન न् ને श् ष् અને स् આદેશાદિ કાર્ય થાય છે. તેથી भवान्+त्सरुकः આ અવસ્થામાં स् સ્વરૂપ ધુટ્ વર્ણની પૂર્વેના 'त्' ની પૂર્વે રહેલા પદાન્તસ્થ 'न्' ને આ સૂત્રથી 'स्' આદેશાદિ કાર્ય થતું નથી. તેથી 'भवान्त्सरुकः આવો પ્રયોગ થાય છે. અર્થ - આપ ખડ્ગની મુષ્ટિનિર્માણમાં નિપુણ છો.॥૮॥

## पुमोऽशिट्यघोषेऽख्यागि रः १।३।९॥

આ સૂત્રમાં 'पुम्' આ પ્રમાણે; 'पुंस्' શબ્દના સંયોગ (સંયુક્તવ્યઞ્જન) ના અન્ત્ય 'स्' નો લોપ થયા પછીના અવશિષ્ટ સ્વરૂપનું અનુકરણ છે. 'पुंस्' શબ્દના અન્ત્ય 'स्' નો લોપ થયા પછી જે સ્વરૂપ બાકી રહે છે - તે 'पुम्' ના म् ને; તેની પરમાં શિટ્ સ્વરૂપ અઘોષ વ્યઞ્જન તથા 'ख्याग्' (ख्या) સમ્બન્ધી અઘોષ વ્યઞ્જનને છોડીને અન્ય અઘોષ વ્યઞ્જન હોય અને તેની પરમાં અધુટ્ (ધુટ્ ભિન્ન) વર્ણ હોય તો 'र्' આદેશ થાય છે. તેમજ ત્યારે 'म्' ની પૂર્વેના 'उ' ને અનુસ્વારનો આગમ તથા અનુનાસિકનો આદેશ થાય છે. पुम्+कामा (पुमांसं कामयते આ અર્થમાં पुंस्+कम् ધાતુને 'शीलि-कामि० ५-१-७३' થી ण (अ) પ્રત્યય. 'पदस्य २-१-८९' થી 'स्' નો લોપ ઈત્યાદિ કાર્યથી નિષ્પન્ન) આ અવસ્થામાં આ સૂત્રથી पुम् ના 'म्' ને

'र्' આદેશ. તેમ જ 'उ' ને અનુસ્વારનો આગમ અને અનુનાસિકનો આદેશ. र् ને 'पुंसः २-३-३' થી 'स्' આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'पुंस्कामा' અને 'पुँस्कामा' આવો પ્રયોગ થાય છે. અર્થ - પુરુષને ઈચ્છનારી. अशिटीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અધુટ્ વર્ણની પૂર્વે રહેલા; ख्याग् સમ્બન્ધી અઘોષ વ્યઞ્જનથી અને શિટ્ સ્વરૂપ અઘોષથી ભિન્ન જ અઘોષથી પૂર્વે રહેલા 'पुम्' ના 'म्' ને 'र्' આદેશાદિ કાર્ય થાય છે. તેથી पुम्+शिरः (पुंसः शिरः આ વિગ્રહમાં ષષ્ઠી સમાસાદિ કાર્યથી નિષ્પન્ન) આ અવસ્થામાં 'पुम्' ના म् ને, તેની પરમાં શિટ્ સ્વરૂપ અઘોષ 'श्' વ્યઞ્જન હોવાથી આ સૂત્રથી 'र्' આદેશ થતો નથી. જેથી 'म्' ને 'तौ मुमौ व्यञ्जने स्वौ १-३-१४' થી અનુસ્વાર થવાથી 'पुंशिरः' આવો પ્રયોગ થાય છે. અર્થ - પુરુષનું મસ્તક. अघोष इति किम्? ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી 'पुम्' ના म् ને; તેની પરમાં; શિટ્ તથા ख्याग् સમ્બન્ધી અઘોષ વ્યઞ્જનથી ભિન્ન 'અઘોષ' જ વ્યઞ્જન હોય અને તેની પરમાં અધુટ્ વર્ણ હોય તો 'र्' આદેશાદિ કાર્ય થાય છે. તેથી पुंसो दासः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન पुम्+दासः આ અવસ્થામાં पुम् ના म् ને તેની પરમાં ઘોષ વ્યઞ્જન હોવાથી આ સૂત્રથી र् આદેશ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ म् ને અનુસ્વાર થવાથી 'पुंदासः' આવો પ્રયોગ થાય છે. અર્થ - પુરુષનો નોકર. अख्यागीति किम ?- આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ पुम् ના 'म्' ને તેની પરમાં શિટ્ તથા ख्याग् સમ્બન્ધી અઘોષ વ્યઞ્જનથી ભિન્ન જ અઘોષ વ્યઞ્જન પરમાં હોય તથા તેની પરમાં અધુટ્ વર્ણ હોય તો 'र्' આદેશાદિ કાર્ય થાય છે. તેથી पुम्+ख्यातः આ અવસ્થામાં 'पुम्' ના म् ને તેની પરમાં 'ख्याग्' ધાતુ સમ્બન્ધી અઘોષ વ્યઞ્જન હોવાથી 'र्' આદેશ થતો નથી. તેથી म् ને 'तौ मुमौ० १-३-१४' થી અનુસ્વાર થવાથી 'पुंख्यातः' આવો પ્રયોગ થાય છે. અર્થ - પુરુષથી પ્રસિદ્ધ. अधुट्पर इत्येव = આ સૂત્રથી ઉપર

જણાવ્યા મુજબ 'पुम्' ના म् ને તેની પરમાં; शिट् તથા ख्याग् સમ્બન્ધી અઘોષ વ્યઞ્જનથી ભિન્ન અઘોષ વ્યઞ્જન હોય અને તેની પરમાં અધુટ્ વર્ણ જ હોય તો र् આદેશાદિ કાર્ય થાય છે. તેથી पुम्+क्षारः આ અવસ્થામાં पुम् ના 'म्' ને; તેની પરમાં क् અઘોષ વ્યઞ્જન, शिट् અને ख्याग् સંબંધી અઘોષથી ભિન્ન હોવા છતાં તેની પરમાં 'ष्' સ્વરૂપ ધુટ્ વર્ણ હોવાથી આ સૂત્રથી र् આદેશાદિ કાર્ય થતું નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ म् ને અનુસ્વારાદિ કાર્ય થવાથી 'पुंक्षारः' આવો પ્રયોગ થાય છે.અર્થ - પુરુષનું અધઃપતન. ||૯||

## नॄनः पेषु वा १।३।१०॥

આ સૂત્રમાં 'नॄन्' આ પ્રમાણે नृ શબ્દનાં દ્વિતીયા બહુવચનનાં રૂપનું અનુકરણ છે. 'नॄन्' ના न् ને; તેની પરમાં 'प्' હોય તો વિકલ્પથી 'र्' આદેશ થાય છે; અને 'र्' આદેશ થાય ત્યારે 'ॠ' ને અનુસ્વારનો આગમ તથા અનુનાસિકનો આદેશ થાય છે. नॄन्+पाहि આ અવસ્થામાં 'न्' ને આ સૂત્રથી 'र्' આદેશ. તેમજ ॠ ને અનુસ્વાર નો આગમ અને અનુનાસિકનો આદેશ. 'रः कखपफयोः० १-३-५' થી 'र्' ને ઉપધ્માનીય આદેશ થવાથી 'नॄं )( पाहि' અને 'नॄँ )( पाहि' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં 'र्' ને ઉપધ્માનીય આદેશ ન થાય ત્યારે 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ થવાથી 'नॄंः पाहि' અને 'नॄँः पाहि' આવો પ્રયોગ થાય છે. તેમજ આ સૂત્રથી વિકલ્પપક્ષમાં न् ને 'र्' આદેશ ન થાય ત્યારે 'नॄन्पाहि' આવો પ્રયોગ થાય છે.આ રીતે કુલ પાંચ રૂપો થાય છે. લઘુવૃત્તિમાં આમાંથી ચાર જ રૂપોનો ઉલ્લેખ છે. જેનો ઉલ્લેખ નથી તે સમજી લેવું. અર્થ- મનુષ્યોનું રક્ષણ કર. (સૂત્રમાં 'पेषु वा' અહીં બહુવચનનો નિર્દેશ હોવાથી नॄन् ના न् ની પરમાં કોઈ પણ प् હોય તો આ સૂત્રથી 'र्' આદેશાદિ કાર્ય થાય છે. તેથી 'प्' ની પરમાં અધુટ્ કે ધુટ્ હોય તો પણ વાંધો ન હોવાથી 'अधुट्पर' નો અધિકાર નિવૃત્ત થયો છે.) ||૧૦||

## द्विः कानः कानि सः १।३।११॥

આ સૂત્રમાં 'कान्' આ પ્રમાણે किम् શબ્દનાં દ્વિતીયા બહુવચનના રૂપનું અનુકરણ છે. દ્વિરુક્ત થયા પછી 'कान्' ના 'न्' ને તેની પૂર્વે 'कान्' શબ્દ હોય તો 'स्' આદેશ થાય છે. અને ત્યારે न् ની પૂર્વેના 'आ' ને અનુસ્વારનો આગમ તથા અનુનાસિકનો આદેશ થાય છે. कान्+कान् (અહીં 'वीप्सायाम् ७-४-८०' થી कान् ને દ્વિરુક્તિ થઈ છે) આ અવસ્થામાં પૂર્વ कान् ના 'न्' ને આ સૂત્રથી 'स्' આદેશ. તેમજ તેની પૂર્વેના 'आ' ને અનુસ્વારનો આગમ અને અનુનાસિકનો આદેશ થવાથી 'कांस्कान्' તેમજ 'कँस्कान्' આવો પ્રયોગ થાય છે. અર્થ– કોને કોને. द्विरिति किम्? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિરુક્ત થયા પછી જ પૂર્વના 'कान्' શબ્દના न् ને તેની પરમાં कान् શબ્દ હોય તો 'स्' આદેશ થાય છે. તેથી कान् कान् पश्यति અહીં 'कान्' ના 'न्' ને, તેની પરમાં कान् શબ્દ હોવા છતાં 'स्' આદેશ થતો નથી. કારણ કે અહીં દ્વિરુક્તિ થયેલી નથી. અહીં એક कान् શબ્દ પ્રશ્નમાં છે અને બીજો ક્ષેપ- નિન્દામાં છે. અર્થ- કોને શું જુવે છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે न् ને ઉપર જણાવ્યા મુજબ स् આદેશ કર્યા બાદ 'सोरुः २-१-७२' થી स् ને रु (र्) અને रु ના 'र्' ને 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગની પ્રાપ્તિ હોવા છતાં તે કાર્ય થતું નથી. કારણ કે તે કાર્ય કરવું હોત તો 'सू.नं. १-३-९' થી र् નો અધિકાર ચાલુ રાખીને તે કાર્ય થઈ શકત. પરન્તુ તે અધિકાર ચાલુ ન રાખતાં र् ના બદલે કરેલું स् નું વિધાન જ स् ને रु કરવામાં બાધક છે. ॥૧૧॥

## स्सटि समः १।३।१२॥

'सम्' ના 'म्' ને; તેની પરમાં स्सट् (स्) નો આગમ હોય તો 'स्' આદેશ થાય છે, અને ત્યારે 'सम्' ના 'अ' ને અનુસ્વારનો આગમ તથા અનુનાસિકનો આદેશ થાય છે. सम्+कर्ता આ અવસ્થામાં 'सम्परे

कृगःस्सट् ४-४-९१' थी सम् ની પરમાં स्सट् (स) નો આગમ. सम्+स्+कर्ता આ અવસ્થામાં 'म्' ને આ સૂત્રથી 'स्' આદેશ. 'म्' ની પૂર્વેના 'अ' ને અનુસ્વારનો આગમ. તથા અનુનાસિક આદેશ થવાથી 'संस्कर्त्ता' તથા 'सँस्कर्त्ता' આવો પ્રયોગ થાય છે. અર્થ- સંસ્કાર કરનાર. स्सटीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सम् ના म् ને તેની પરમાં स्सट् નો આગમ હોય તો જ स् આદેશાદિ કાર્ય થાય છે. તેથી 'संकृतिः' અહીં स्सट् નો આગમ પરમાં ન હોવાથી सम् ના म् ને આ સૂત્રથી स् આદેશાદિ કાર્ય ન થવાથી 'तौ मुमौ० १-३-१४' થી અનુસ્વાર થયો છે. सम्+कृतिः આ અવસ્થામાં 'सम्परे कृगः स्सट् ४-४-९१' થી પ્રાપ્ત પણ स्सट् નો આગમ, गर्गादि ગણપાઠ માં જણાવેલો संकृति શબ્દ સ્સટ્ નાં આગમથી રહિત હોવાથી પાઠસામર્થ્યના કારણે થતો નથી. અર્થ- સંસ્કાર.॥૧૨॥

## लुक् ૧।૩।૧૩॥

सम् ના म् નો તેની પરમાં स्सट् નો આગમ હોય તો લોપ (લુક્) થાય છે. सम्+स्+कर्त्ता આ અવસ્થામાં (સૂ.નં. ૧।૩।૧૨ જુઓ) આ સૂત્રથી 'म्' નો લોપ થવાથી 'सस्कर्त्ता' આવો પ્રયોગ થાય છે. અર્થ- સંસ્કાર કરનાર. અહીં એ યાદ રાખવું જોઈએ કે આ સૂત્રના વિષયમાં પૂર્વ (૧।૩।૧૨) સૂત્રથી म् ને स् આદેશની પણ પ્રાપ્તિ છે જ. આ સ્થિતિમાં આ સૂત્ર, પર હોવાથી 'म्' નો આ સૂત્રથી લોપ જ થાય તો પૂર્વસૂત્ર વ્યર્થ બનશે. તેથી પૂર્વ સૂત્રના વૈયર્થ્યના ભયથી આ સૂત્રનું અને પૂર્વ સૂત્રનું પણ કાર્ય થાય છે. આ રીતે સર્વત્ર "સમાન વિષયવાલા નિત્ય સૂત્રોથી વિહિત કાર્ય અન્યતર (બે માંથી કોઈ એક) સૂત્રની વ્યર્થતાના પ્રસંગના ભયે વિકલ્પથી થાય છે." જેથી આ સૂત્રમાં 'वा' નું ગ્રહણ ન હોવા છતાં म् નો લોપ, આ સૂત્રથી વિકલ્પથી જ થાય છે. યદ્યપિ આ સૂત્રમાં પૂર્વ સૂત્રની જેમ અનુસ્વાર અને અનુનાસિકની અનુવૃત્તિ હોવાથી म् નો લોપ થાય ત્યારે પણ

सम् ના 'अ' ને અનુસ્વારાદિ કાર્ય થવું જોઈએ. પરન્તુ આ સૂત્રનું પ્રણયન સ્વતન્ત્ર કર્યું હોવાથી પૂર્વનો અનુસ્વાર- અનુનાસિકનો અધિકાર નિવૃત્ત થયો છે- ઈત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું.॥૧૩॥

## तौ मु-मौ व्यञ्जने स्वौ ૧।૩।૧૪॥

'मु' આગમ સમ્બન્ધી 'म्' ને તેમજ પદના અન્તે રહેલા 'म्' ને તેની પરમાં વ્યઞ્જન હોય તો અનુસ્વાર તથા પરવ્યઞ્જનના સ્થાનનો અનુનાસાસિક આદેશ થાય છે. चंक्रम्यते અને वंवम्यते અહીં क्रम् અને वम् ધાતુને यङ् (य) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન च+क्रम्यते અને व+वम्यते આ અવસ્થામાં 'मुरतोऽनुनासिकस्य ૪-૧-૫૧' થી च તથા व ના અન્તે 'मु' (म्) નો આગમ. मु ના म् ને; આ સૂત્રથી અનુસ્વાર થયો છે. તેમજ તેની પરમાં રહેલા क् અને व् વ્યઞ્જનના સ્થાનનો અનુક્રમે ङ् અને वँ् આદેશ થવાથી चङ्क्रम्यते અને वँव्म्यते આવો પ્રયોગ થાય છે. त्वम्+करोषि અને कम्+वः આ અવસ્થામાં પદના અન્તે રહેલા म् ને આ સૂત્રથી અનુસ્વાર થવાથી त्वं करोषि અને कंवः આવો પ્રયોગ થાય છે.તેમજ તે પદાન્ત म् ને તેની પરમાં રહેલા क् અને व् વ્યઞ્જનનાં સ્થાનનો અનુનાસિક ङ् અને वँ् આદેશ થવાથી त्वङ्करोषि અને कव्वँः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઘણું ચાલે છે. ઘણી ઉલટી કરે છે. તું કરે છે. કોને તમારું. સૂત્રમાં मु નું ગ્રહણ અપદાન્ત માટે છે. અન્યથા म् ના ગ્રહણથી मु આગમનું પણ ગ્રહણ શક્ય હોવાથી मु નું પૃથગ્ ગ્રહણ; જરૂરી નથી.॥૧૪॥

## म-न-य-व-ल-परे हे ૧।૩।૧૫॥

પદના અન્તે રહેલા म् ને; તેની પરમાં ह् હોય અને ह् ની પરમાં

म् न् य् व् के ल् હોય તો અનુસ્વાર થાય છે; તેમજ म् न् य् व् કે ल् નાં સ્થાનનો અનુનાસિક આદેશ અનુક્રમે થાય છે. किम् +ह्मलयति, किम् + ह्नुते, किम्+ह्य:; किम्+ह्वलयति અને किम् + ह्लादते આ અવસ્થામાં પદના અન્તે રહેલા म् ને આ સૂત્રથી અનુસ્વાર થવાથી 'किं ह्मलयति' 'किं ह्नुते' 'किं ह्य:' 'किं ह्वलयति' અને 'किं ह्लादते' આવો પ્રયોગ થાય છે. તેમજ किम् ના म् ને અનુક્રમે म्, न्, य्, व् અને ल् ના સ્થાનનો અનુનાસિક 'म्'; 'न्'; 'यँ' ,'वँ' અને 'लँ' આદેશ થવાથી 'किम्ह्मलयति'; 'किन्ह्नुते' 'कियँह्य:', 'किवँह्वलयति' અને 'किलँह्लादते' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - શું ચાલે છે. શું છૂપાય છે. શું કાલે. શું ચાલે છે. શું આનંદ પામે છે. ॥૧૫॥

## सम्राट् १।३।१६॥

सम् ના 'म्' ને, તેની પરમાં, क्विप् (०) પ્રત્યય અન્તમાં છે જેના એવું राज् પદ હોય તો અનુસ્વાર થતો નથી. 'संराजते' આ અર્થમાં सम् + राज् ધાતુને 'क्विप् ૫-૧-૪૮' થી क्विप् (०) પ્રત્યય. 'तौ मुमौ० १-३-१४' થી सम् ના म् ને પ્રાપ્ત અનુસ્વારનો આ સૂત્રથી નિષેધ થવાથી નિષ્પન્ન सम्राज् નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી અને औ પ્રત્યય થવાથી 'सम्राट्' અને 'सम्राजौ' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મહારાજા. બે મહારાજા. ॥૧૬॥

## ङ्णोः कटावन्तौ शिटि न वा १।३।१७॥

પદના અન્તે રહેલા 'ङ्' અને 'ण्' ને; તેની પરમાં શિટ્ વ્યઞ્જન હોય તો અનુક્રમે ङ् અને 'ण्' ના અન્તે 'क्' અને 'ट्' વિકલ્પથી થાય છે. અર્થાદ્ 'ङ्' અને 'ण्' ના અન્તમાં અનુક્રમે क् અને ट् નો આગમ વિકલ્પથી થાય છે. प्राङ्+शेते અને सुगण्+

शेते આ અવસ્થામાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ङ् ના અન્તે क् નો અને ण् ના અન્તે ट् નો આગમ. 'प्रथमादधुटि शश्छः १-३-४' થી श् ને छ् આદેશ થવાથી प्राङ्क्छेते અને 'सुगण्ट्छेते' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં 'प्रथमा० १-३-४' થી श् ને छ् આદેશ ન થાય ત્યારે 'प्राङ्क्शेते' અને 'सुगण्ट्शेते' આવો પ્રયોગ થાય છે. તેમ જ વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી क् અને ट् નો આગમ ન થાય ત્યારે 'प्राङ्शेते' અને 'सुगण्शेते' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ઘણું જનાર સુવે છે. સારો નાયક સુવે છે. ॥૧૭॥

## ड्नः सः त्सोऽश्चः १।३।१८॥

પદના અન્તે રહેલા ड् અને न् ની પરમાં રહેલા स् ને 'त्स्' આદેશ વિકલ્પથી થાય છે. પરન્તુ श्च् સમ્બન્ધી स् (श्) ને त्स् આદેશ થતો નથી. षड् + सीदन्ति આ અવસ્થામાં આ સૂત્રથી स् ને 'त्स्' આદેશ થવાથી 'षड् त्सीदन्ति' આવો પ્રયોગ થાય છે. તેમજ भवान् + साधुः આ અવસ્થામાં स् ને આ સૂત્રથી 'त्स्' આદેશ થવાથી 'भवान् त्साधुः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'त्स्' આદેશ ન થાય ત્યારે 'अघोषे प्रथमोऽशिटः' १-३-५० થી ड् ને ट् આદેશ થવાથી 'षट् सीदन्ति' અને 'भवान् साधुः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- છ દુઃખી થાય છે. આપ સાધુ છો. षड् त्सीदन्ति અહીં પણ ड् ને ઉપર જણાવ્યા મુજબ ट् આદેશની પ્રાપ્તિ છે. પરન્તુ 'ड्नः' આ પ્રમાણેના સૂત્રનિર્દેશથી જ ड् ને ट् આદેશ થતો નથી. અન્યથા ड् ને, 'त्स्' આદેશના પ્રસઙ્ગે પણ ट् થવાનો જ હોય તો સૂત્રમાં 'ड्नः' ના સ્થાને 'ट्नः' આ પ્રમાણે જ નિર્દેશ કરવો યોગ્ય બનત. अश्च इति किम्? આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદના અન્તે રહેલા ड् અને न् ની પરમાં રહેલા श्च् સમ્બન્ધી स् (श्) ને त्स् આદેશ થતો નથી. તેથી षट् श्च्योतन्ति અને भवान् श्च्योतति અહીં श्च् ના श् ને આ સૂત્રથી 'त्स्' આદેશ થતો

નથી. અર્થક્રમશઃ - છ પડે છે. આપ પડો છો. યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી 'स्' ને 'त्स्' આદેશનું વિધાન હોવાથી 'श्च्' ના 'श्' ને त्स् આદેશનો પ્રસંગ જ નથી. તેથી 'अश्चः' આ પ્રમાણેના નિર્દેશથી त्स् નો નિષેધ અનાવશ્યક છે. પરન્તુ તાદૃશ નિર્દેશથી જ "सकारोपदिष्टं कार्यं तदादेशे शकारेऽपि विज्ञायते" અર્થાદ્ स् ને વિહિત કાર્ય स् ના સ્થાને થયેલા આદેશ 'श्' ને પણ થાય છે - આ પરિભાષા જણાય છે. તેથી તાદૃશ પરિભાષાના બલે श्च्योतन्ति..... ઈત્યાદિના श् ને પ્રાપ્ત त्स् આદેશનો આ સૂત્રમાં 'अश्चः' આ પ્રમાણેના નિર્દેશથી નિષેધ કર્યો છે. स्च्युत् क्षरणे આ પ્રમાણે ધાતુપાઠમાં સોપદેશ ધાતુ છે. તેના स् ને 'सस्य श-षौ १-३-६१' થી श् આદેશ થવાથી श्च्युत् ધાતુનો 'श्' 'सकारादेश' છે ... ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું ॥૧૮॥

## नः शि ञ्च् १।३।१९॥

પદના અન્તે રહેલા न् ને તેની પરમાં श् હોય તો વિકલ્પથી ञ्च् આદેશ થાય છે. પરન્તુ પદાન્ત न् ની પરમાં રહેલો श् 'श्च्' સમ્બન્ધી ન હોવો જોઈએ. અર્થાદ્ તાદૃશ श् પરમાં હોય તો ઉપર જણાવ્યા મુજબ 'न्' ને ञ्च् આદેશ થતો નથી. भवान्+ शूरः આ અવસ્થામાં न् ને આ સૂત્રથી 'ञ्च्' આદેશ. 'प्रथमाद० १-३-४' થી श् ને 'छ्' આદેશ થવાથી 'भवाञ्च्छूरः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં 'प्रथमा० १-३-४' થી श् ને छ् આદેશ ન થાય ત્યારે 'भवाञ्च्शूरः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં भवान् ના 'न्' ને આ સૂત્રથી ञ्च् આદેશ ન થાય ત્યારે 'तवर्गस्य० १-३-६०' થી તે 'न्' ને 'ञ्' આદેશ થવાથી 'भवाञ्शूरः' આવો પ્રયોગ થાય છે. અર્થ– આપ શૂર છો. अश्च इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદના અન્તે રહેલા न् ને તેની પરમાં 'श्च्' સમ્બન્ધી श् થી ભિન્ન જ 'श्' હોય તો વિકલ્પથી 'ञ्च्' આદેશ થાય છે. તેથી 'भवाञ्श्च्योतति' અહીં श्च्

ના श् ની પૂર્વે રહેલા, પદાન્તસ્થ न् ને આ સૂત્રથી 'ञ्च्' આદેશ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ न् ને ञ् આદેશ થયો છે. અર્થ–આપ પડો છો. राजा शेते અહીં राजन्+सि+शेते આ અવસ્થામાં सि ના લોપ બાદ 'नाम्नो नो० ૨-૧-૯૧' આ સૂત્ર પર હોવાથી તેનાથી (૨-૧-૯૧ થી) न् નો લોપ થાય છે. પરન્તુ આ સૂત્રથી ञ्च् આદેશ થતો નથી- એ યાદ રાખવું. ॥૧૯॥

## अतोऽति रोरुः ૧।૩।૨૦॥

'अ' થી પરમાં રહેલા પદાન્તે વર્ત્તમાન रु (र्) ને, તેની પરમાં 'अ' હોય તો 'उ' આદેશ નિત્ય થાય છે. कस्+अर्थः (किम्+सि+अर्थः) આ અવસ્થામાં स् ને 'सोरुः ૨-૧-૭૨' થી रु(र्) આદેશ. આ સૂત્રથી 'रु' ને 'उ' આદેશ. 'उ' ની સાથે क ના अ ને 'अवर्णस्ये० ૧-૨-૬' થી 'ओ' આદેશ. ओ ની પરમાં રહેલા अर्थ ના 'अ' નો 'एदोतः पदान्ते० ૧-૨-૨૭' થી લોપ ઈત્યાદિ કાર્ય થવાથી 'कोऽर्थः' આવો પ્રયોગ થાય છે. અર્થ-શું પ્રયોજન. ॥૨૦॥

## घोषवति ૧।૩।૨૧॥

'अ' થી પરમાં રહેલા પદાન્તસ્થ 'रु' ને , તેની પરમાં, घोषवत् વ્યઞ્જન હોય તો 'उ' આદેશ થાય છે. धर्मस्+जेता આ અવસ્થામાં 'सोरुः ૨-૧-૭૨' થી 'स्' ને 'रु' આદેશ. આ સૂત્રથી रु ને 'उ' આદેશ. 'उ' ની સાથે તેની પૂર્વેના 'अ' ને 'अवर्णस्ये० ૧-૨-૬' થી 'ओ' આદેશાદિ કાર્ય થવાથી 'धर्मो जेता' આવો પ્રયોગ થાય છે. અર્થ-ધર્મ જયવન્તો છે. ॥૨૧॥

## अवर्ण-भो-भगोऽघो र्लुगसन्धिः १।३।२२॥

अ वर्ण, भो भगो અને अघो શબ્દથી પરમાં રહેલા પદાન્તસ્થ 'रु' નો તેની પરમાં ઘોષવત્ વ્યઞ્જન હોય તો લુક્ (લોપ) થાય છે. અને ત્યાર પછી બીજી કોઈ સન્ધિ થતી નથી. देवास्+यान्ति, भोस्+यासि, भगोस्+हस અને अघोस्+वद આ અવસ્થામાં 'सोरुः २-१-७२' થી स् ને रु (र्) આદેશ. આ સૂત્રથી 'रु' નો લોપ થવાથી 'देवा यान्ति'; 'भो यासि'; 'भगो हस' અને 'अघो वद' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દેવો જાય છે. અરે! તું જાય છે. અરે! તું હસ. અરે! તું બોલ. યદ્યપિ देवा यान्ति ઈત્યાદિ સ્થળે 'रु' નો આ સૂત્રથી લોપ થયા બાદ કોઈ પણ સન્ધિની પ્રાપ્તિ ન હોવાથી આ સૂત્રમાં 'असन्धिः' આ પ્રમાણેનું ગ્રહણ જરૂરી નથી. પરન્તુ 'स्वरे वा १-३-२४' માં તેનું ગ્રહણ જરૂરી હોવાથી આ સૂત્રમાં તે ગૃહીત છે. યદ્યપિ અસન્ધિ ગ્રહણનું પ્રયોજન અહીં ન હોય અને સૂ. નં. ૧-૩-૨૪ માં હોય તો ત્યાંજ તેનું ગ્રહણ કરવું જોઈએ- એવી શઙ્કા સમ્ભવિત છે. પરન્તુ તેનું સમાધાન અધ્યાપક પાસેથી કરી લેવું. ॥૨૨॥

## व्योः १।३।२३॥

'अ' વર્ણથી પરમાં રહેલા પદાન્તસ્થ 'व्' અને 'य्' નો તેની પરમાં ઘોષવત્ વ્યઞ્જન હોય તો લોપ થાય છે. અને ત્યારે બીજી કોઈ સન્ધિ થતી નથી. वृक्षवृश्चमाचक्षाणः અને अव्ययमाचक्षाणः આ અર્થમાં वृक्षवृश्च् અને अव्यय શબ્દને 'णिज्बहुलं०... ३-४-४२' થી णिच् (इ) પ્રત્યય. 'त्रन्त्यस्वरादेः ७-४-४३' થી वृक्षवृश्च् ना ऋश्च् નો અને अव्यय ના અન્ત્ય अ નો (અર્થાદ્ અન્ત્યસ્વરાદિનો) લોપ કરવાથી નિષ્પન્ન वृक्षवि અને अव्ययि ધાતુને विच्(०) પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી णिच् (इ) નો લોપ કરવાથી નિષ્પન્ન वृक्षव् અને अव्यय् નામને सि પ્રત્યયાદિ કાર્યથી वृक्षव् અને अव्यय् આવો પ્રયોગ થાય

છે. वृक्षव्+याति અને अव्यय्+याति આ અવસ્થામાં આ સૂત્રથી પદના અન્તે રહેલા 'व्' અને 'य्' નો લોપ થવાથી 'वृक्ष याति' અને 'अव्य याति' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વૃક્ષકાપનારને કહેવાવાલો જાય છે. અવ્યયને કહેવાવાલો જાય છે. (वृक्षं वृश्चति આ અર્થમાં वृक्ष+व्रश्च् ધાતુને क्विप (0) પ્રત્યયાદિ કાર્ય થવાથી वृक्षवृश्च् શબ્દ બને છે.) ॥૨૩॥

## स्वरे वा १।३।२४॥

अ વર્ણ भोस् भगोस् અને अघोस् શબ્દથી પરમાં રહેલા પદાન્તસ્થ व् અને य् નો, તેની પરમાં સ્વર હોય તો વિકલ્પથી લોપ થાય છે; અને ત્યાર પછી, પાસે આવેલા સ્વરોની સન્ધિ થતી નથી. पटो+इह वृक्षौ+इह આ અવસ્થામાં 'ओदौतो० १-२-२४' થી ओ ને अव् અને औ ને आव् આદેશ. ते+आहु: અને तस्मै+इदम् આ અવસ્થામાં 'एदैतो० १-२-२३' થી ए ને अय् અને ऐ ને आय् આદેશ. તેમજ भोस्+अत्र, भगोस्+अत्र અને अघोस्+अत्र આ અવસ્થામાં 'सोरुः २-१-७२' થી स् ને रु (र्) આદેશ. 'रु' ને 'रोर्यः १-३-२६' થી य् આદેશ થવાથી નિષ્પન્ન पटव्+इह, वृक्षाव्+इह, तय्+आहुः, तस्माय्+इदम्, भोय्+अत्र, भगोय्+अत्र અને अघोय्+अत्र આ અવસ્થામાં પદાન્તસ્થ व् અને य् નો આ સૂત્રથી લોપ અને ત્યાર પછી 'अवर्णस्ये० १-२-६' થી પ્રાપ્ત ए....વગેરે સન્ધિનો આ સૂત્રથી નિષેધ થવાથી 'पट इह', 'वृक्षा इह', 'त आहुः', 'तस्मा इदम्', 'भो अत्र', 'भगो अत्र' અને 'अघोअत्र' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ व् અને य् લોપાદિ કાર્ય ન થાય ત્યારે 'पटविह', 'वृक्षाविह', 'तयाहुः', 'तस्मायिदम्', 'भोयत्र', 'भगोयत्र', અને 'अघोयत्र' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– હે હોશિયાર! અહીં. અહીં બે વૃક્ષો. તેઓએ કહ્યું. તેના માટે આ. અરે! અહીં. અરે! અહીં. અરે! અહીં.॥૨૪॥

## अस्पष्टाववर्णात्त्वनुञि वा १।३।२५॥

अ वर्ण भोस् भगोस् અને अघोस् શબ્દથી પરમાં પદાન્તસ્થ व् અને य् ને તેની પરમાં સ્વર હોય તો 'अस्पष्ट' અર્થાદ્ ઈષત્ સ્પૃષ્ટતર પ્રયત્નવાલા व् અને य् આદેશ થાય છે. પરન્તુ 'उञ्' (उ) સમ્બન્ધી સ્વરથી ભિન્ન સ્વર પરમાં હોય તો, 'अ' વર્ણથી પરમાં રહેલા પદાન્તસ્થ व् અને य् ને વિકલ્પથી अस्पष्ट व् અને य् આદેશ થાય છે. पटो+उ, असौ+उ, આ અવસ્થામાં 'ओदौतो० १-२-२४' થી ओ ને 'अव्' આદેશ તથા औ ને 'आव्' આદેશ. આ સૂત્રથી व् ને अस्पष्ट 'व्' આદેશ થવાથી 'पटवॅु' અને 'असावॅु' આવો પ્રયોગ થાય છે. कस् (किम्+स्)+उ, देवास्+उ, भोस्+अत्र, भगोस्+अत्र અને अघोस्+अत्र, આ અવસ્થામાં 'सोरुः २-१-७२' થી स् ને 'रु' (र्) આદેશ. 'रोर्यः १-३-२६' થી रु ने य् આદેશ. આ સૂત્રથી य् ને अस्पष्ट 'य्' આદેશાદિ કાર્ય થવાથી 'कयॅु, देवायॅु', 'भोयॅत्र', 'भगोयॅत्र' અને 'अघोयॅत्र' આવો પ્રયોગ થાય છે. अवर्णात्त्वनुञि वा = 'उञ्' સમ્બન્ધી સ્વરથી ભિન્ન સ્વર પરમાં હોય તો 'अ' વર્ણથી પરમાં રહેલા પદાન્તસ્થ व् અને य् ને આ સૂત્રથી વિકલ્પે અસ્પષ્ટ व् અને य् આદેશ થાય છે. તેથી पटव्+इह, असाव्+इन्दुः, तय्+इह(ते+इह) અને तस्माय्+इदम् (तस्मै+इदम्) આ અવસ્થામાં આ સૂત્રથી પદાન્તસ્થ व् ને वॅ् અને य् ને यॅ् આદેશ થવાથી 'पटवॅिह;' 'असावॅिन्दुः' 'तयॅिह', અને 'तस्मायॅिदम्' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वॅ् અને यॅ् આદેશ ન થાય ત્યારે 'पटविह', 'असाविन्दुः' 'तयिह' અને 'तस्मायिदम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - હે પટુ! એ!. કોણ?. દેવો!. અરે! અહીં.અરે! અહીં. અરે! અહીં . હે હોશિયાર! અહીં !. એ ચન્દ્ર. તેઓ અહીં. તેના માટે આ.॥૨૫॥

## रोर्यः १।३।२६॥

अ વર્ણ भोस् भगोस् અને अघोस् થી પરમાં રહેલા પદાન્તસ્થ 'रु' (र्) ને તેની પરમાં સ્વર હોય તો 'य्' આદેશ થાય છે. कस् (किम्+सि) + आस्ते, देवास्+आसते; भोस्+अत्र, भगोस्+अत्र અને अघोस्+अत्र આ અવસ્થામાં 'सोरुः २-१-७२' થી પદાન્તસ્થ स् ને 'रु' આદેશ. તે 'रु' ને આ સૂત્રથી 'य्' આદેશાદિ કાર્ય થવાથી 'कयास्ते'; 'देवायासते'; 'भोयत्र'; 'भगोयत्र' અને 'अघोयत्र' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કોણ બેસે છે. દેવો બેસે છે. અરે! અહીં. અરે! અહીં. અરે! અહીં.॥२६॥

## ह्रस्वान् ङणनो द्वे १।३।२७॥

ह्रस्व સ્વરથી પરમાં રહેલા પદાન્તસ્થ 'ङ्' 'ण्', અને 'न्' ને; તેની પરમાં સ્વર હોય તો દ્વિત્વ થાય છે. क्रुङ्+आस्ते, सुगण्+इह અને कृषन्+आस्ते આ અવસ્થામાં પદાન્તે રહેલા ङ् ण् અને न् ને આ સૂત્રથી દ્વિત્વ થવાથી 'क्रुङ्ङास्ते' 'सुगण्णिह' અને 'कृषन्नास्ते' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કુટિલ ચાલવાલો બેસે છે. સારોનાયક અહીં છે. ખેડતો એવો બેસે છે. ॥२७॥

## अनाङ्माङो दीर्घाद् वा छः १।३।२८॥

પદના અન્તે રહેલા - आङ् (आ) અને माङ् (मा) ને છોડીને અન્ય દીર્ઘ સ્વરથી પરમાં રહેલા छ् ને વિકલ્પથી દ્વિત્વ થાય છે. कन्या+छत्रम् આ અવસ્થામાં પદાન્તે રહેલા દીર્ઘ 'आ' સ્વરની પરમાં રહેલા छ् ને દ્વિત્વ (छ् छ्) આદેશ. 'अघोषे प्रथमो० १-३-५०' થી પ્રથમ छ् ને च् આદેશ થવાથી कन्याच्छत्रम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'छ्' ને દ્વિત્વ ન થાય તો कन्याछत्रम्' આવો

પ્રયોગ થાય છે. અર્થ - કન્યાનું છત્ર. अनाङ्माङिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आङ् અને माङ् ને છોડીને જ અન્ય દીર્ઘ - પદાન્તસ્થ સ્વરથી પરમાં રહેલા 'छ्' ને વિકલ્પથી દ્વિત્વ થાય છે. તેથી आ+छाया અને मा+छिदत् આ અવસ્થામાં આ સૂત્રથી, પદાન્તસ્થ आङ् અને माङ् સમ્બન્ધી દીર્ઘ સ્વર 'आ' થી પરમાં રહેલા छ् ને દ્વિત્વ થતું નથી. તેથી 'स्वरेभ्यः १-३-३०' થી छ् ને નિત્ય દ્વિત્વ થવાથી ઉપર જણાવ્યા મુજબ પ્રથમ छ् ને 'च्' આદેશાદિ કાર્ય થવાથી 'आच्छाया' અને 'माच्छिदत्' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - થોડી છાયા. કાપ નહિ.॥૨૮॥

## प्लुताद् वा १।३।२९॥

દીર્ઘ સ્વરનાં સ્થાને થયેલા પદાન્તસ્થ પ્લુતની પરમાં રહેલા 'छ्' ને વિકલ્પથી દ્વિત્વ થાય છે. आगच्छ भो इन्द्रभूते३ च्छत्रमानय અહીં 'दूरादामन्त्र्यस्य०.. ७-४-९९' થી દીર્ઘ ए નાં સ્થાને થયેલા પદાન્તસ્થ પ્લુત'ए३' થી પરમાં રહેલા छत्र ના 'छ्' ને આ સૂત્રથી દ્વિત્વ. તથા પ્રથમ छ् ને 'अघोषे० १-३-५०' થી च् આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી छ् ને દ્વિત્વ ન થાય ત્યારે छत्रमानय આવો પ્રયોગ થાય છે. અર્થ-આવ, હે ઈન્દ્રભૂતિ છત્ર લાવ. યદ્યપિ આ સૂત્રથી વિહિત દ્વિત્વ સૂ. નં. ૧-૩-૨૮ થી સિદ્ધ જ છે. કારણ કે પ્લુતસ્વરાદેશ દીર્ઘનાં સ્થાને થયો હોવાથી તેનાં સ્થાને ભૂતપૂર્વ દીર્ઘ માનીને તે કાર્ય થઈ શકે છે. પરન્તુ 'ह्रस्व-दीर्घापदिष्टं कार्यं न प्लुतस्य' આ પરિભાષાના બલે ૧-૩-૨૮ થી દીર્ઘાપદિષ્ટ કાર્ય પ્લુતને નહિ થાય. તેથી આ સૂત્રનું નિર્માણ છે.॥૨૯॥

## स्वरेभ्यः १।३।३०॥

સ્વરથી પરમાં રહેલા छ् ને દ્વિત્વ થાય છે. સૂત્રમાં બહુવચનનો

નિર્દેશ હોવાથી સ્વર માત્રથી પરમાં રહેલા અર્થાદ્ પદાન્તસ્થ કે અપદાન્તસ્થ સ્વરથી પરમાં રહેલા छ् ને આ સૂત્રથી દ્વિત્વ વિહિત છે. આથી સમજી શકાશે કે સૂત્રના બહુવચનના નિર્દેશથી જ પદાન્ત નો અધિકાર નિવૃત્ત થાય છે. इच्छति અને गच्छति અહીં इष् ધાતુના ष् ને તથા गम् ધાતુના म् ને 'गमिषद्यमश्छः ४-२-१०६' થી થયેલા छ् ને આ સૂત્રથી દ્વિત્વ. તથા પ્રથમ 'छ्' ને 'अघोषे० १-३-५०' થી 'च्' આદેશ વેગેરે કાર્ય થયું છે. અર્થક્રમશઃ- ઈચ્છા કરે છે. જાય છે.॥૩૦॥

## र्हादर्ह - स्वरस्यानु नवा १।३।३१॥

સ્વરથી પરમાં રહેલા र् અને ह् ની પરમાં રહેલા- र् ह् અને સ્વરને છોડીને અન્ય વર્ણને, બધા કાર્ય કર્યા બાદ વિકલ્પથી 'દ્વિત્વ' થાય છે. 'अर्क्कः' અને 'ब्रह्म्म' અહીં र् થી પરમાં રહેલા क् ને અને ह् થી પરમાં રહેલા म् ને આ સૂત્રથી દ્વિત્વ થયું છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી દ્વિત્વ ન થાય ત્યારે 'अर्कः' અને 'ब्रह्म' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સૂર્ય. બ્રહ્મ. अर्हस्वरस्येति किम्? આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરથી પરમાં રહેલા र् અને ह् ની પરમાં રહેલા र् ह् અને સ્વરને છોડીને અન્ય જ વર્ણને, બધા કાર્ય કર્યા બાદ દ્વિત્વ, વિકલ્પથી થાય છે. તેથી 'पद्महृदः', 'अर्हः' અને 'करः' અહીં અનુક્રમે સ્વરથી પરમાં રહેલા ह् ની પરમાં રહેલા र् ને, સ્વરથી પરમાં રહેલા र् ની પરમાં રહેલા ह् ને અને સ્વરથી પરમાં રહેલા र् ની પરમાં રહેલા સ્વર 'अ' ને આ સૂત્રથી દ્વિત્વ થતું નથી. અર્થક્રમશઃ- પદ્મસરોવર. પૂજાયોગ્ય. હાથ. स्वरेभ्य इत्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરથી જ પરમાં રહેલા र् અને ह् ની પરમાં રહેલા- र् ह् અને સ્વર ભિન્ન વર્ણને; બધા કાર્ય કર્યા બાદ વિકલ્પથી દ્વિત્વ થાય છે. તેથી 'अभ्र्यते' અહીં भ् થી (સ્વરથી નહિ) પરમાં રહેલા र् ની પરમાં રહેલા, र् ह् અને સ્વર ભિન્ન 'य्' ને આ સૂત્રથી દ્વિત્વ થતું નથી. અર્થ-જવાય છે. अन्विति किम्?= આ સૂત્રથી ઉપર

જણાવ્યા મુજબ સ્વરથી પરમાં રહેલા र् અને ह् ની પરમાં રહેલા- र् ह् અને સ્વર ભિન્ન વર્ણને, બધા કાર્ય કર્યા બાદ જ વિકલ્પથી દ્વિત્વ થાય છે. તેથી 'प्रोर्ण्णुनाव' અહીં 'परोक्षा' સમ્બન્ધી દ્વિત્વ થયા પછી જ આ સૂત્રથી 'ण्' ને દ્વિત્વ થાય છે. અન્યથા તેની પૂર્વે આ સૂત્રથી દ્વિત્વ થાય તો प्रोर्णुन्नाव આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવશે. प्र+ऊर्नु+णव् (अ) (परोक्षा.) આ અવસ્થામાં 'स्वरादे र्द्वितीयः ४-१-४' થી नु ને દ્વિત્વ (नु नु).'रषृवर्णा० २-३-६३' થી પ્રથમ नु ના न् ને ण् આદેશ. 'नामिनो० ४-३-५१' થી દ્વિતીય नु ના उ ને વૃદ્ધિ 'औ' આદેશ. औ ને 'ओदौतो० १-२-२४' થી आव् આદેશ. प्र ના अ ને ऊ ની સાથે 'अवर्णस्ये० १-२-६' થી ओ આદેશ થવાથી નિષ્પન્ન 'प्रोर्णुनाव' અહીં આ સૂત્રથી ण् ને દ્વિત્વ થવાથી प्रोर्ण्णुनाव આવો પ્રયોગ થાય છે. પરન્તુ પરોક્ષાના દ્વિત્વ પહેલાજ આ સૂત્રથી દ્વિત્વ થાય તો નીચે જણાવ્યા મુજબ प्रोर्णुन्नाव આવો પ્રયોગ થશે જે અનિષ્ટ છે. प्र+ऊर्नु+णव्(अ) આ અવસ્થામાં આ સૂત્રથી न् ને દ્વિત્વ. प्र+ऊर्न्नु+अ, प्र+ऊ+र्न्नुन्नु+अ, प्र+ऊ+र्नुन्नु+अ, प्र+ऊ+र्णु+न्नु+अ, प्रोर्णु+न्नु+अ, प्रोर्णु+न्नौ+अ, प्रोर्णु+न्नाव्+अ = 'प्रोर्णुन्नाव' આ પ્રમાણે અનિષ્ટ પ્રયોગનો પ્રસંગ ન આવે- એ માટે સૂત્રમાં 'अनु' નું ગ્રહણ છે-એ બરાબર સમજી લેવું. અર્ણ-સારી રીતે ઢાંક્યું.॥૩૧॥

## अदीर्घाद् विरामैकव्यञ्जने १।३।३२॥

દીર્ઘ સ્વરથી ભિન્ન સ્વરથી પરમાં રહેલા र् ह् અને સ્વરને છોડીને અન્ય વર્ણને, તે જો વિરામમાં હોય, અથવા તેની પરમાં એક વ્યઞ્જન હોય અર્થાદ્ સંયુક્ત વ્યઞ્જનથી ભિન્ન વ્યઞ્જન હોય તો વિકલ્પથી દ્વિત્વ થાય છે. આ દ્વિત્વ અનુ- કાર્યાન્તર બાદ થાય છે. त्वक्, दध्यत्र (दधि+अत्र) અને गोः त्रात અહીં દીર્ઘ સ્વરથી ભિન્ન अ થી પરમાં રહેલા क् ને, તે વિરામમાં હોવાથી; તેમજ ध् ને, તેની પરમાં અસંયુક્ત વ્યઞ્જન 'य्' હોવાથી અને પ્લુત ओ થી પરમાં

રહેલા त् ને, તેની પરમાં અસંયુક્ત વ્યઞ્જન र् હોવાથી, આ સૂત્રથી દ્વિત્વ થવાથી 'त्वक्क्' 'दद्ध्यत्र' (અહીં 'तृतीयस्तृती०... ૧-૩-૪૯' થી પૂર્વ ध् ને द् આદેશ થાય છે.) અને गो ३ त्रात આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી દ્વિત્વ ન થાય ત્યારે 'त्वक्' વગેરે ઉપર જણાવેલ પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સ્પર્શનેન્દ્રિય. અહીં દહીં. ગાયનો રક્ષણ કરનાર. अर्हस्वरस्येत्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દીર્ઘ ભિન્ન સ્વરથી પરમાં રહેલા र् ह् અને स्वर ભિન્ન જ વર્ણને, તે વિરામમાં હોય અથવા તો તેની પરમાં સંયુક્તવ્યઞ્જનથી ભિન્ન વ્યઞ્જન હોય તો કાર્યાન્તરં બાદ વિકલ્પથી દ્વિત્વ થાય છે. તેથી वर्या, वह्यम्, અને तितउ, અહીં ક્રમશઃ- र् य् અને उ સ્વરને આ સૂત્રથી દ્વિત્વ થતું નથી. અર્થક્રમશઃ-વિવાહયોગ્ય કન્યા. વહનકરવા યોગ્ય. ચાલણી. ||૩૨||

## अञ्वर्गस्यान्तस्थातः ૧|૩|૩૩||

અન્તસ્થા વર્ણની પરમાં રહેલા-'ञ्' ને છોડીને અન્ય વર્ગીય વ્યઞ્જનને બધા કાર્ય કર્યા બાદ વિકલ્પથી દ્વિત્વ થાય છે. उल्का અહીં અન્તસ્થા ल् ની પરમાં રહેલા ञ् ભિન્ન વર્ગીય 'क्' વ્યઞ્જનને દ્વિત્વ થવાથી 'उल्क्का' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી દ્વિત્વ ન થાય ત્યારે उल्का આવો પ્રયોગ થાય છે. અર્થ-કાકડો. अञिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અન્તસ્થા વર્ણથી પરમાં રહેલા ञ् ભિન્ન જ વર્ગીય વ્યઞ્જનને કાર્યાન્તરબાદ વિકલ્પે દ્વિત્વ થાય છે. તેથી हल्ञौ અહીં ञ् ને આ સૂત્રથી દ્વિત્વ થતું નથી. અર્થ-વ્યઞ્જન અને ञ्. ||૩૩||

## ततोऽस्याः ૧|૩|૩૪||

ञ् ને છોડીને અન્ય વર્ગીય વ્યઞ્જનની પરમાં રહેલા અન્તસ્થા-

વ્યઞ્જનને વિકલ્પથી દ્વિત્વ થાય છે. 'दध्यत्र' અહીં ञ् ભિન્ન વર્ગીય ध् વ્યઞ્જનની પરમાં રહેલા અન્તસ્થા- य् ને આ સૂત્રથી દ્વિત્વ થવાથી 'दध्य्यत्र' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી દ્વિત્વ ન થાય ત્યારે 'दध्यत्र' આવો પ્રયોગ થાય છે. અર્થ- અહીં દહીં (સૂ.નં.૧-૩-૩૨ માં જણાવ્યા મુજબ ध् ને દ્વિત્વ થાય ત્યારે 'दद्ध्यत्र' આવો પ્રયોગ થાય છે. તેમાં આ સૂત્રથી य् ને દ્વિત્વ થાય ત્યારે 'दद्ध्य्यत्र' આવો પ્રયોગ થાય છે. આ રીતે दधि+अत्र આ અવસ્થામાં ચાર જાતના પ્રયોગ થાય છે. આ સૂત્રમાં તેમજ આગળના સૂત્રોમાં 'अनु' અધિકાર ચાલું હોવાથી તે તે સૂત્રોથી વિહિત કાર્ય કાર્યાન્તર બાદ થાય છે.॥૩૪॥

**शिटःप्रथम-द्वितीयस्य १।३।३५॥**

શિટ્ વર્ણથી પરમાં રહેલા વર્ગીય પ્રથમ અને દ્વિતીય વ્યઞ્જનને વિકલ્પથી દ્વિત્વ થાય છે. त्वं करोषि અને त्वं खनसि અહીં અનુસ્વાર સ્વરૂપ શિટ્ વર્ણથી પરમાં રહેલા क् અને ख् ને આ સૂત્રથી દ્વિત્વ. 'अघोषे प्रथ० ૧-૩-૫૦' થી પૂર્વ ख् ને क् આદેશ થવાથી 'त्वं क्करोषि' અને 'त्वं क्खनसि' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી દ્વિત્વ ન થાય ત્યારે 'त्वं करोषि' અને 'त्वं खनसि' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તું કરે છે. તું ખોદે છે. ॥૩૫॥

**ततः शिटः १।३।३६॥**

વર્ગીય પ્રથમ અને દ્વિતીય વ્યઞ્જનથી પરમાં રહેલા શિટ્ વર્ણને વિકલ્પથી દ્વિત્વ થાય છે. तत् शेते આ અવસ્થામાં 'तवर्गस्य० ૧-૩-૬૦' થી त् ને च् આદેશ.. तच्+शेते આ અવસ્થામાં च् ની પરમાં રહેલા श् ને આ સૂત્રથી દ્વિત્વ થવાથી 'तच् श्शेते' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી દ્વિત્વ ન થાય ત્યારે 'तच् शेते' આવો

પ્રયોગ થાય છે. અર્થ-તે સુવે છે. ॥૩૬॥

**न रात् स्वरे १।३।૩૭॥**

र् થી પરમાં રહેલા શિટ્ વર્ણને, તેની પરમાં સ્વર હોય તો દ્વિત્વ થતું નથી. 'दर्शनम्' અહીં र् થી પરમાં રહેલા શિટ્-श् ને તેની પરમાં 'अ' સ્વર હોવાથી આ સૂત્રથી દ્વિત્વ થતું નથી. અહીં 'हार्दर्हस्वर० ૧-૩-૩૧' થી श् ને દ્વિત્વની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ થાય છે. અર્થ-જોવું. ॥૩૭॥

**पुत्रस्यादिन् - पुत्रादिन्याक्रोशे १।३।૩८॥**

આક્રોશ - નિન્દા કે શાપનો વિષય હોય તો, 'पुत्र' શબ્દ સમ્બન્ધી 'त्' ને તેની પરમાં 'आदिन्' અથવા 'पुत्रादिन्' શબ્દ હોય તો દ્વિત્વ થતું નથી. 'पुत्रादिनी त्वमसि पापे!' 'पुत्रमुत्रादिनी भव', અહીં ક્રમશઃ નિન્દા અને શાપના વિષયમાં पुत्र શબ્દના त् ને, તેની પરમાં आदिन् અને पुत्रादिन् શબ્દ હોવાથી આ સૂત્રથી દ્વિત્વ થતું નથી. અહીં 'अदीर्घाद्० ૧-૩-૩૨' થી દ્વિત્વની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થક્રમશઃ- હે પાપિણી! તું પુત્રને ખાનારી છે. હે પાપિણી! તું પુત્રના પુત્રને ખાનારી થા. आक्रोश इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આક્રોશના વિષયમાં જ, पुत्र શબ્દ સમ્બન્ધી 'त्' ને, आदिन् કે पुत्रादिन् શબ્દ, તેની પરમાં હોય તો દ્વિત્વ થતું નથી. તેથી જ્યાં આક્રોશનો વિષય નથી એવા 'पुत्रादिनी शिशुमारी' અને 'पुत्रपुत्रादिनी नागी' આ સ્થળે આ સૂત્રથી पुत्र ના त् ને દ્વિત્વનો નિષેધ થતો નથી. જેથી 'अदीर्घाद्० ૧-૩-૩૨' થી દ્વિત્વ થવાથી 'पुत्त्रादिनी शिशुमारी' અને 'पुत्त्रपुत्त्रादिनी नागी' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં સૂ.નં.'૧-૩-૩૨' થી દ્વિત્વ ન થાય ત્યારે ઉપર જણાવેલો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ડાકિણી પુત્રને ખાનારી છે. સર્પિણી પુત્રના પુત્રને

ખાનારી છે. ॥૩૮॥

## म्नां धुड्वर्गेऽन्त्योऽपदान्ते १।३।३९॥

પદના અન્તે નહિ રહેલા म् અને न् ને, તેની પરમાં વર્ગીય ધુટ્-વ્યઞ્જન હોય તો તે ધુટ્ વ્યઞ્જનનાં સ્થાન નો અન્ત્ય (અનુનાસિક) વ્યઞ્જન, બધા કાર્ય કર્યા પછી થાય છે. गम्+ता (तृ+सि), शक्+ता અને कप्+ता આ અવસ્થામાં शक् અને कप्-આ ધાતુઓ ઉદિત હોવાથી તેના સ્વર 'अ' ની પરમાં 'उदितःस्वरा० ૪-૪-૯૮' થી न् નો આગમ. આ સૂત્રથી गम् ના म् ને તવર્ગનો અન્ત્ય न् આદેશ. તેમજ शन्+क् અને कन्+प् આ અવસ્થામાં न् ને તેની પરમાં રહેલા क् અને प् વર્ગનો અન્ત્ય ङ् અને म् આદેશ... ઈત્યાદિ કાર્ય થવાથી 'गन्ता' 'शङ्किता' અને 'कम्पिता' આવો પ્રયોગ થાય છે. (અહીં તા ની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨' થી इट् (इ) થાય છે.) અર્થક્રમશઃ- જવાવાલો. શઙ્કાકરવાવાલો. ધ્રુજવાવાલો. धुडिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બધા કાર્ય કર્યા પછી અપદાન્તસ્થ म् અને न् ને, તેની પરમાં વર્ગીય 'धुट्' વ્યઞ્જન જ હોય તો તેનાં સ્થાનનો અન્ત્ય વ્યઞ્જન થાય છે. તેથી आ+हन्+महे અહીં અપદાન્તસ્થ हन् ના न् ને આ સૂત્રથી તેની પરમાં વર્ગીય ધુટ્ વ્યઞ્જન ન હોવાથી प् વર્ગનો અન્ત્ય म् થતો નથી. જેથી आहन्महे આવો પ્રયોગ થાય છે. અર્થ– અમે પોતે માર ખાઈએ છીએ. (અહીં आ+हन् ધાતુને 'आङो यम हनः० ३-३-८६' થી આત્મનેપદ થાય છે.) धुड्वर्ग इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બધા કાર્ય થયા પછી અપદાન્તસ્થ म् અને न् ને, તેની પરમાં, વર્ગીય ધુટ્ વર્ણ (ગમે તે વર્ણ નહિ) જ હોય તો, તેના વર્ગનો અન્ત્ય વ્યઞ્જન થાય છે. તેથી गम्यते અહીં આ સૂત્રથી અપદાન્તસ્થ म् ને તેની પરમાં અધુટ્ य् વ્યઞ્જન હોવાથી તેનો અન્ત્ય ર્ આદેશ થતો નથી. અર્થ-જવાય છે. (સામાન્યતઃ અન્ત્ય શબ્દનો અર્થ, સમુદાય સમ્બન્ધી છેલ્લો વર્ણ છે. ક્ વગેરે વર્ગના

છેલ્લા વર્ણો છે. પરન્તુ य् નો અન્ત્ય સમ્ભવિત નથી. તેથી તેવી સ્થિતિમાં य् નો અન્ત્ય એટલે પરવર્ણ સમજાય છે. આથી જ म् ના સ્થાને 'र्' નો પ્રસંગ ઉપર જણાવ્યો છે.) अपदान्त इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બધા કાર્ય કર્યા પછી અપદાન્તસ્થ જ म् અને न् ને, તેની પરમાં વર્ગીય ધુટ્ વ્યઞ્જન હોય તો તેના વર્ગનો અન્ત્ય વ્યઞ્જન થાય છે. તેથી 'भवान् करोति' અહીં પદાન્તસ્થ 'न्' ને 'क' વર્ગનો અન્ત્ય 'ङ्' આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થ-આપ કરો છો. 'म्नां' આ પ્રમાણે સૂત્રમાં જે બહુવચનનો નિર્દેશ છે-તે, સર્વત્ર આ સૂત્રના વિષયમાં અન્ય સૂત્ર વિહિત પ્રાપ્ત કાર્યનો નિષેધ કરવા માટે છે. તેથી कुर्वन्ति.... ઈત્યાદિ સ્થળે 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् થતો નથી. પરન્તુ न् ને આ સૂત્રથી 'न्' જ થાય છે........ ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥३९॥

## शिड्हेऽनुस्वारः १।३।४०॥

પદના અન્તે નહીં રહેલા- 'म्' અને 'न्' ને, તેની પરમાં 'शिट्' વર્ણ હોય અથવા 'ह्' પરમાં હોય તો, બધા કાર્યો થયા પછી 'અનુસ્વાર' આદેશ થાય છે. 'पुम्+सि', 'दन्+शः' અને 'बृन्+हणम्' આ અવસ્થામાં આ સૂત્રથી शिट् स् અને श् થી પૂર્વેના તેમજ ह् થી પૂર્વેના અપદાન્તસ્થ म् અને न् ને અનુસ્વાર થવાથી 'पुंसि', 'दंशः', અને 'बृंहणम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પુરુષમાં. ડંખ, વધવું તે. આ સૂત્રમાં પૂર્વ સૂત્રથી બહુવચનથી નિર્દિષ્ટ 'म्नां' ની અનુવૃત્તિ હોવાથી આ સૂત્રના વિષયમાં, પ્રાપ્ત પણ અન્ય સૂત્રથી વિહિત કોઈ પણ કાર્ય થતું નથી. તેથી 'दंशः' અહીં 'तवर्गस्य० १-३-६०' થી न् ને ञ् આદેશ થતો નથી-એ યાદ રાખવું. ॥४०॥

## रो रे लुग् दीर्घश्चादिदुतः १।३।४१॥

र् नो, तेनी परमां र् होय तो, बधा कार्य कर्या बाद लोप थाय छे. ए वखते लोप कराता र् नी पूर्वे अ इ के उ होय तो ते अ इ के उ ने दीर्घ आ ई के ऊ आदेश थाय छे. पुनर्+रात्रिः; अग्निर्+रथेन अने पटुर्+राजा आ अवस्थामां आ सूत्रथी र् नी पूर्वेना 'र्' नो लोप अने क्रमशः तेनी पूर्वेना अ इ अने उ ने दीर्घ आ ई अने ऊ आदेश थवाथी 'पुना रात्रिः', 'अग्नी रथेन' अने 'पटू राजा' आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- फरीथी रात. अग्नि रथथी. होशियार राजा. (अग्नि+र् अने पटु+र् अहीं प्रथमा ए.व.ना स् ने सोरुः २-१-७२ थी र् आदेश थयो छे.) अनु इत्येव = आ सूत्रथी उपर जणाव्या मुजब बधा कार्य थया पछी ज र् नो तेनी परमां र् होय तो लोप थाय छे. तेथी अहन्+रूपम् आ अवस्थामां 'अह्नः २-१-७४' थी अहन् ना न् ने 'रु' (र्) आदेश. 'घोषवति १-३-२१' थी रु ने 'उ' आदेश. 'अवर्णस्य० १-२-६' थी उ साथे तेनी पूर्वेना अ ने 'ओ' आदेशादि कार्य थवाथी 'अहोरूपम्' आवो प्रयोग थाय छे. अन्यथा बधा कार्य करता पहेला ज आ सूत्रथी र् नो लोप थई जात तो रु ना र् नो लोप अने पूर्वना 'अ' ने दीर्घ 'आ' आदेश करीने 'अहारूपम्' आवो अनिष्ट प्रयोग थात- ए समजी शकाय छे. बधा कार्य कर्या पछी तो रु ने उ आदेश थवाथी र् ना लोपनो प्रसङ्ग ज नथी. अर्थ- दिवसनुं रुप- सारोदिवस. ॥४१॥

## ढस्तड्ढे १।३।४२॥

ढ् ना कारणे उत्पन्न थयेलो ढ् परमां होय तो कार्यान्तर बाद पूर्व ढ् नो लोप थाय छे अने पूर्व ढ् नी पूर्वेना अ इ अने उ ने दीर्घ 'आ', 'ई' अने 'ऊ' आदेश थाय छे. मह्+ति (क्ति), लिह्+त (क्त) अने गुह्+त(क्त) आ अवस्थामां मह् वगेरे धातुना ह् ने 'हो धुट्

પદાન્તે० ૨-૧-૮૨' થી 'ढ्' આદેશ. 'अधश्चतुर्था० ૨-૧-૭૯' થી त् ને ध् આદેશ. ध् ને પૂર્વેના ढ् ના યોગમાં 'तवर्गस्य श्चवर्ग० ૧-૩-૬૦' થી 'ढ्' આદેશ. આ રીતે ढ् ના કારણે થયેલો ढ् પરમાં હોવાથી તેની પૂર્વેના ढ् નો આ સૂત્રથી લોપ તેમજ તેની પૂર્વેના अ इ અને उ ને દીર્ઘ आ, ई, અને ऊ આદેશાદિ કાર્ય થવાથી 'माढिः', 'लीढम्' અને 'गूढम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પૂજા. આસ્વાદેલું. છૂપાએલું. तड्ढ इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ढ् ના કારણે થયેલો જ ढ् પરમાં હોય તો પૂર્વેના ढ् નો આ સૂત્રથી લોપ થાય છે. તેથી मधुलिह्+ढौकते આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ ह् ને ढ् આદેશ થયા પછી તેની પરમાં તેના કારણે થયેલો ढ् ન હોવાથી આ સૂત્રથી પૂર્વ ढ् નો લોપ થતો નથી. જેથી પૂર્વ ढ् ને 'धुटस्तृतीयः ૨-૧-૭૬' થી ड् આદેશાદિ કાર્ય થવાથી 'मधुलिड् ढौकते' આવો પ્રયોગ થાય છે. અર્થ-ભમરો જાય છે.॥૪૨॥

### सहि-वहेरोच्चा ऽ॰ वर्णस्य ૧।૩।૪૩॥

સह् અને वह् ધાતુસમ્બન્ધી 'ढ्' નો, તેની પરમાં તેના કારણે થયેલો ढ् હોય તો, બધા કાર્ય થયા બાદ લોપ થાય છે. અને ત્યારે सह् અને वह् ના अ વર્ણને ને અર્થાદ્ લુપ્ત ढ् ની પૂર્વેના अ વર્ણને ને 'ओ' આદેશ થાય છે. सह्+ता (तृ+सि) અને वह्+ता આ અવસ્થામાં 'हो धुट् पदान्ते० ૨-૧-૮૨' થી ह् ને 'ढ्' આદેશ. 'अधश्चतुर्था० ૨-૧-૭૯' થી त् ને 'ध्' આદેશ. ध् ને ढ् ના યોગમાં 'तवर्गस्य० ૧-૩-૬૦' થી ढ् આદેશ. તેની પૂર્વેના ढ् નો આ સૂત્રથી લોપ. તેમજ सह् અને वह् ના 'अ' ને 'ओ' આદેશ ઇત્યાદિ કાર્ય થવાથી 'सोढा' અને 'वोढा' આવો પ્રયોગ થાય છે. उद्+वह् ધાતુને અદ્યતનીનો ताम् પ્રત્યય. 'सिजद्यतन्याम्' ૩-૪-૫૩ થી ताम् પ્રત્યયની પૂર્વે सिच् (स) પ્રત્યય. वह् ધાતુના अ ને 'व्यञ्जनानामनिटि ૪-૩-૪૫' થી વૃદ્ધિ 'आ' આદેશ. 'धुड्ह्रस्वा० ૪-૩-૭૦' થી सिच् નો લોપ. 'अड् धातो० ૪-૪-

૨૯' થી वह् ની પૂર્વે अट् (अ) નો આગમ. ઉપર જણાવ્યા મુજબ वह् ના ह् ને ढ् આદેશ. त् ને ध् આદેશ. ध् ને ढ् ના યોગમાં 'ढ्' આદેશ. આ સૂત્રથી પૂર્વ ढ् નો લોપ તથા તેની પૂર્વેના 'आ' ને 'ओ' આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'उदवोढाम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સહનકરનાર. વહનકરનાર. બંન્ને જણા ઉપાડીને લઈ ગયા અથવા પરણી ગયા. ॥૪૩॥

### उदः स्था-स्तम्भः सः १।३।४४॥

'उद्' ઉપસર્ગથી પરમાં રહેલા स्था અને स्तम्भ् ધાતુના 'स्' નો લોપ થાય છે. उद्+स्था+ता અને उद्+स्तम्भ+ता આ અવસ્થામાં આ સૂત્રથી स्था અને स्तम्भ् ધાતુના स् નો લોપ. 'अघोषे प्रथ० ૧-૩-૫૦' થી उद् ના द् ને त् આદેશ.....ઈત્યાદિ કાર્ય થવાથી 'उत्थाता' અને 'उत्तम्भिता' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઉઠવાવાલો. ઉપર રોકવાવાલો. ॥૪૪॥

### तदः सेः स्वरे पादार्था १।३।४५॥

तद् શબ્દ સમ્બન્ધી 'सि' (प्र.ए.व.) પ્રત્યયનો स्वर પરમાં હોય તો લુક્ થાય છે. પરન્તુ આ રીતે सि નો લોપ કરવાથી જ પાદની પૂર્તિ થતી હોય તો જ આ સૂત્રથી લોપ થાય છે. શ્લોકના દરેક પાદમાં જે જે વર્ણોનું પ્રમાણ નિયત રીતે બતાવેલું છે તેમાં ન્યૂન કે અધિક પ્રમાણ થાય તો છન્દોભઙ્ગ થાય છે. એ દોષને દૂર કરવા શ્લોકના પાદમાં વર્ણોનું પ્રમાણ, જયાં ઉપર જણાવ્યા મુજબ तद् શબ્દસમ્બન્ધી सि પ્રત્યયનો લોપ કરવાથી જળવાતું હોય એવા સ્થાને જ આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तद् શબ્દ સમ્બન્ધી सि નો, તેની પરમાં સ્વર હોય તો લોપ થાય છે. सैष दाशरथी रामः, सैष राजा युधिष्ठिरः। આઠ અક્ષરવાલા અનુષ્ટુબ્ છંદના આ બંન્ને પાદમાં

स+सि+एष આ અવસ્થામાં (तद्+सि આ અવસ્થામાં द् ને 'अ' આદેશ વગેરે કાર્ય થવાથી तद् નું 'स' રૂપ થાય છે.) આ સૂત્રથી 'सि' નો લોપ. ए ની સાથે તેની પૂર્વેના 'अ' ને 'ऐदौत्सन्ध्यक्षरैः' ૧-૨-૧૨ થી 'ऐ' આદેશ......ઈત્યાદિ કાર્ય થવાથી 'सैष' આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तद् શબ્દ સમ્બન્ધી 'सि' નો લોપ થવાથી જ ઉપર જણાવેલા બંન્ને પાદોમાં આઠ અક્ષર નું પ્રમાણ જળવાઈ રહેવાથી પાદપૂર્ત્તિ થાય છે. અન્યથા सस् (तद्+सि) ના स् ને 'सोरुः ૨-૧-૭૨' થી रु આદેશ. रु ને 'रोर्यः ૧-૩-૨૬' થી य् આદેશ અને 'स्वरे वा' ૧-૩-૨૪ થી य् નો લોપ. તથા સન્ધિ ન થાય ત્યારે 'स एष' આવો પ્રયોગ થાય તો શ્લોકના બંન્ને પાદોમાં એક અક્ષર વધવાથી પાદપૂર્તિ થતી નથી- એ સમજી શકાશે. पादार्था इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પાદપૂર્તિ થતી હોય તો જ तद् શબ્દ સમ્બન્ધી 'सि' પ્રત્યયનો સ્વર પરમાં હોય તો લોપ થાય છે. તેથી 'स एष भरतो राजा' અહીં શ્લોકના આઠ અક્ષરના પાદમાં આ સૂત્રથી तद् ના सि નો લોપ થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ 'स्' ને रु આદેશાદિ કાર્ય થયું છે. અહીં પણ 'सैष दाशरथी' ની જેમ सैष પ્રયોગ થાય તો ઉપર જણાવ્યા મુજબ આઠ અક્ષરના બદલે સાત અક્ષર થવાથી પાદપૂર્તિ થશે નહિ. તેથી સમજી શકાશે કે અહીં પાદપૂર્તિ નો વિષય ન હોવાથી सि નો લોપ આ સૂત્રથી થતો નથી. અર્થક્રમશઃ- તે આ દશરથના પુત્ર રામ છે. તે આ રાજા યુધિષ્ઠિર છે. તે આ રાજા ભરત છે. ॥૪૫॥

**एतदश्च व्यञ्जनेऽनगूनञ्समासे १।३।४६॥**

સ્વાર્થિક 'अक्' પ્રત્યયનો આગમ તેમજ नञ्समास થયો ન હોય તો एतद् અને तद् શબ્દ સમ્બન્ધી 'सि(स्)' નો, તેની પરમાં વ્યઞ્જન હોય તો લોપ થાય છે. 'एष दत्ते' અને 'स लाति' અહીં આ સૂત્રથી एतद् અને तद् ના सि પ્રત્યયનો તેની પરમાં વ્યઞ્જન હોવાથી લોપ

થાય છે. બાકીની પ્રક્રિયા સૂ.નં.૨-૧-૪૨ થી જાણવી. અર્થક્રમશઃ- આ આપે છે. તે લે છે. अनग्नञ्समास इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વાર્થિક अक् પ્રત્યય અને नञ्समास થયો ન હોય તો જ एतद् અને तद् શબ્દ સમ્બન્ધી 'सि' નો, તેની પરમાં વ્યઞ્જન હોય તો લોપ થાય છે. તેથી 'एषकः कृती', 'सको याति', 'अनेषो याति' અને 'असो वाति' અહીં સ્વાર્થિક अक् પ્રત્યય ('त्यादि सर्वादेः० ७-३-२९' થી વિહિત अक् પ્રત્યય) અને નઞ્તત્પુરુષ સમાસ થયો હોવાથી एतकद्+सि, तकद्+सि, अनेतद्+सि અને अतद्+सि આ અવસ્થામાં सिं પ્રત્યયનો, તેની પરમાં વ્યઞ્જન હોવા છતાં આ સૂત્રથી લોપ થતો નથી. તેથી 'सोरुः २-१-७२' થી स् ને रु આદેશ. क् ની પૂર્વેના रु (र्) ને 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ અને य् અને व् ની પૂર્વેના रु ને 'घोषवति १-३-२१' થી 'उ' આદેશાદિ કાર્ય થયું છે. અર્થક્રમશઃ- આ પુણ્યવાન્ છે. તે જાય છે. આનાથી ભિન્ન જાય છે. તેનાથી ભિન્ન જાય છે. 'तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते' આ પરિભાષાના સામર્થ્યથી एतद् અને तद् ના ગ્રહણથી एतकद् અને तकद् શબ્દનું પણ ગ્રહણ થતું હોવાથી આ સૂત્રથી एतद् અને तद् થી પરમાં રહેલા તત્સમ્બન્ધી सि નો લોપ, જેમ થાય છે તેમ एतकद् અને तकद् શબ્દ સમ્બન્ધી सि નો લોપ પણ થઈ જાત. તેથી તેના નિષેધ માટે સૂત્રમાં 'अनक्' આ પ્રમાણેનું ગ્રહણ છે- એ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઈએ. ।।૪૬।।

**व्यञ्जनात्पञ्चमाऽन्तस्थायाः सरूपे वा १।३।४७।।**

વ્યઞ્જનથી પરમાં રહેલા વર્ગીય પઞ્ચમ વ્યઞ્જનનો તેમજ અન્તસ્થા વ્યઞ્જનનો, તેની પરમાં સરૂપ-સમાન વ્યઞ્જન હોય તો વિકલ્પથી લુક્ થાય છે. 'क्रुञ्चो ङ्ङौ' આ વિગ્રહમાં ષષ્ઠી તત્પુરુષ સમાસ 'क्रुञ्च् + ङ्ङौ' આ અવસ્થામાં 'पदस्य २-१-८९' થી च् નો લોપ. च् ના યોગમાં न् ને થયેલા ञ् ની નિવૃત્તિ. તેથી क्रुन्+ङ्ङौ' આ

અવસ્થામાં 'युजञ्च० ૨-૧-૭૧' થી न् ને ङ् આદેશ. આ અવસ્થામાં (क्रुङ्+ङ्+ङौ આ અવસ્થામાં) વચ્ચેના ङ् નો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી क्रुङ्ङौ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પઞ્ચમ વ્યઞ્જન ङ् નો લોપ ન થાય ત્યારે 'क्रुङ्ङ्ङौ આવો પ્રયોગ થાય છે. आदित्यो देवताऽस्य આ વિગ્રહમાં आदित्य નામને 'देवता ६-२-१०१' થી य પ્રત્યય.'अवर्णेवर्णस्य' ७-४-६८ થી आदित्य ના 'अ' નો લોપ. આ સૂત્રથી त् ની પરમાં રહેલા य् નો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી आदित्यः આવો પ્રયોગ થાય છે, વિકલ્પપક્ષમાં આ સૂત્રથી य् નો લોપ ન થાય ત્યારે 'आदित्य्यः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ક્રુઞ્ચ્ ના બે ङકાર. આદિત્યદેવતા સમ્બન્ધી. सरूप इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનથી પરમાં રહેલા વર્ગીય પઞ્ચમ વ્યઞ્જનનો તેમજ અન્તસ્થા વ્યઞ્જનનો, તેની પરમાં સરૂપ જ વર્ણ હોય તો વિકલ્પથી લોપ થાય છે. તેથી 'वर्ण्यते' અહીં र् થી પરમાં રહેલા ण् નો તેની પરમાં અસરૂપ य् વ્યઞ્જન હોવાથી આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ- વર્ણન કરાય છે. ॥૪૭॥

## धुटो धुटि स्वे वा १।३।४८॥

વ્યઞ્જનથી પરમાં રહેલા ધુટ્ વ્યઞ્જનનો, તેની પરમાં તેનો 'स्व' સંજ્ઞાવાલો ધુટ્ વ્યઞ્જન હોય તો વિકલ્પથી લોપ થાય છે. शिष् (૭ ગણ) ધાતુને हि (આ.બી.પુ.એ.) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન शिन्ष्+हि આ અવસ્થામાં 'हु धुटो हेर्धिः ४-२-८३' થી हि ને धि આદેશ. 'तृतीयस्तृती० १-३-४९' થી ष् ને ड् આદેશ. 'र्नां धुडवर्गे० १-३-३९ થી न् ને ण् આદેશ. 'तवर्गस्य श्चवर्ग० १-३-६०' થી धि ના ध् ને ढ् આદેશ. આ સૂત્રથી ड् નો લોપ થવાથી 'शिण्ढि' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ड् નો લોપ ન થાય ત્યારે 'शिण्ड्ढि' આવો પ્રયોગ થાય છે. અર્થ- તું માર. स्व इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનથી પરમાં રહેલા ધુટ્ વ્યઞ્જનનો, તેની

પરમાં સ્વ સંજ્ઞક જ ધુટ્ (ધુટ્ માત્ર નહિ) વ્યઞ્જન હોય તો વિકલ્પથી લોપ થાય છે. તેથી तर्प्ता અને दर्प्ता અહીં र् વ્યઞ્જનથી પરમાં રહેલા प् નો; તેની પરમાં ધુટ્ त् વ્યઞ્જન સ્વધુટ્ ન હોવાથી આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ ક્રમશઃ- તૃપ્ત થનાર. અહંકારી. ॥૪૮॥

## तृतीयस्तृतीय-चतुर्थे १।३।४९॥

વર્ગીય તૃતીય કે ચતુર્થ વ્યઞ્જન પરમાં હોય તો; તેની પૂર્વેના ધુટ્ વ્યઞ્જનને તેનાં સ્થાનનો, તૃતીય વ્યઞ્જન આદેશ થાય છે. मस्ज् (६गण)+अ+ति આ અવસ્થામાં 'सस्य शषौ १-३-६१' થી स् ને श् આદેશ. આ સૂત્રથી श् ને તાલવ્યસ્થાનનો તૃતીય ज् આદેશ થવાથી 'मज्जति' આવો પ્રયોગ થાય છે. दुह्+ता આ અવસ્થામાં 'लघोरु० ૪-૩-૪' થી उ ને ગુણ ओ આદેશ. 'भ्वादेर्दादेर्घः' ૨-૧-૮૩ થી ह् ને घ् આદેશ. 'अधश्च० ૨-૧-૭૯' થી त् ને ध् આદેશ. ચતુર્થ ध् ની પૂર્વેના ધુટ્ घ् ને આ સૂત્રથી કણ્ઠ્ય સ્થાનનો તૃતીય 'ग्' આદેશ થવાથી दोग्धा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ડુબે છે. દોહવાવાલો. ॥૪૯॥

## अघोषे प्रथमोऽशिटः १।३।५०॥

शिट् વ્યઞ્જનને છોડીને અન્ય ધુટ્ વ્યઞ્જનને, તેની પરમાં અઘોષ વ્યઞ્જન હોય તો તેનાં (ધુટ્ વ્યઞ્જનનાં) સ્થાનનો વર્ગીય પ્રથમ વ્યઞ્જન થાય છે. वाग्+पूता અહીં ग् ને આ સૂત્રથી તેનાં સ્થાનનો પ્રથમ क् આદેશ થવાથી 'वाक्पूता' આવો પ્રયોગ થાય છે. અર્થ– વાણીથી પવિત્ર થયેલી. अशिट इति किम्?- આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અઘોષ વ્યઞ્જન પરમાં હોય તો તેની પૂર્વે રહેલા શિટ્ ભિન્ન જ ધુટ્ - વ્યઞ્જનને સ્વ-સ્થાનનો વર્ગીય પ્રથમ વ્યઞ્જન થાય છે. તેથી पयस्+सु આ અવસ્થામાં पयस् ના શિટ્ - स् ને આ

સૂત્રથી त् આદેશ થતો નથી. જેથી 'पयस्सु' આવો પ્રયોગ થાય છે. અર્થ - પાણીમાં. ॥૫૦॥

**विरामे वा १।३।५१॥**

શિટ્ વ્યઞ્જનને છોડીને અન્ય ધુટ્ વ્યઞ્જનને વિરામમાં તેનાં સ્થાનનો વર્ગીય પ્રથમ વ્યઞ્જન વિકલ્પથી થાય છે. 'वाग्' અહીં આ સૂત્રથી ग् ને क् આદેશ થવાથી 'वाक्' અને વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क् આદેશ ન થાય ત્યારે वाग् આવો પ્રયોગ થાય છે. અર્થ - વાણી. ॥૫૧॥

**न सन्धिः १।३।५२॥**

વિરામમાં અર્થાદ્ સન્ધિ ન કરવાની વિવક્ષામાં, પૂર્વે કહેલી અને આગળ કહેવાશે તે સન્ધિઓ થતી નથી. दधि अत्र, तद् लुनाति અહીં दधि ના इ ને, 'इवर्णादि० ૧-૨-૨૧' થી य् ની તેમ જ तद् ના द् ને 'लि लौ १-३-६५' ल् ની પ્રાપ્તિ હતી. આ સૂત્રથી, વિરામમાં તેનો નિષેધ કર્યો છે. અર્થ ક્રમશઃ - અહીં દહીં. તે કાપે છે. संहितैकपदे नित्या नित्या धातूपसर्गयोः। नित्या समासे वाक्ये तु सा विवक्षामपेक्षते॥ આ શ્લોકમાં જણાવ્યા મુજબ એકપદમાં, ધાતુ ઉપસર્ગમાં અને સમાસમાં સન્ધિ નિત્ય થાય છે. ત્યાં વિવક્ષા અકિંચિત્કર છે. અન્યત્ર વાક્યમાં વક્તાની ઈચ્છાનુસારે સન્ધિ થાય છે. અથવા થતી નથી ..... ઈત્યાદિ અધ્યાપક પાસેથી જાણી લેવું ॥૫૨॥

**रः पदान्ते विसर्गस्तयोः १।३।५३॥**

વિરામમાં અથવા તો અઘોષ વ્યઞ્જન પરમાં હોય તો, તેની પૂર્વેના પદાન્તસ્થ 'र्' ને વિસર્ગ થાય છે. वृक्षस् અને स्वर् અહીં પદાન્તમાં રહેલા स् ને 'सोरुः २-१-७२' થી रु આદેશ. વિરામના

વિષયમાં र् ને આ સૂત્રથી વિસર્ગ થવાથી 'वृक्षः' અને 'स्वः' આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે कस्+कृती અહીં ઉપર જણાવ્યા મુજબ પદાન્તસ્થ स् ને रु આદેશ. रु ના र् ને, તેની પરમાં અઘોષ क् હોવાથી આ સૂત્રથી વિસર્ગ થવાથી 'कःकृती' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - વૃક્ષ. સ્વર્ગ. કોણ પુણ્યવાન્ છે. पदान्त इति किम्? = આ સૂત્રથી, ઉપર જણાવ્યા મુજબ વિરામમાં અથવા તો અઘોષ વ્યઞ્જન પરમાં હોય તો, તેની પૂર્વેના પદાન્તસ્થ જ र् ને વિસર્ગ થાય છે. તેથી 'इर्त्ते' અહીં त् અઘોષ વ્યઞ્જન પરમાં હોવા છતાં તેની પૂર્વેના અપદાન્તસ્થ र् ને આ સૂત્રથી વિસર્ગ થતો નથી. અર્થ - જાય છે. ।।૫૩।।

**ख्यागि १।३।५४।।**

પદાન્તસ્થ र् ને; તેની પરમાં ख्याग् (ख्या) ધાતુ હોય તો વિસર્ગ જ થાય છે. યદ્યપિ આ સૂત્રથી જયાં વિસર્ગ થાય છે. ત્યાં પૂર્વ સૂત્રથી (૧-૩-૫૩ થી) વિસર્ગ સિદ્ધ જ છે. પરન્તુ सिद्धे सत्यारम्भो नियमार्थः આ પરિભાષાથી આ સૂત્ર નિયમ માટે છે. તેથી આ સૂત્રના વિષયમાં વિસર્ગ જ થાય છે. અન્યસૂત્રથી પ્રાપ્ત જિહ્વામૂલીય આદેશ થતો નથી. નિયમ અને નિયમ્ય સૂત્રોનું સ્વરૂપ સૂ. નં. ૧-૪-૩ માં અનુસન્ધેય છે. कस्+ख्यातः અને नमस्+ख्यात्रे આ અવસ્થામાં 'सोरुः ૨-૧-૭૨' થી स् ને रु આદેશ. 'रु' ને આ સૂત્રથી વિસર્ગ થવાથી 'कः ख्यातः' અને 'नमः ख्यात्रे' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કોણ પ્રસિદ્ધ છે. પ્રસિદ્ધને નમસ્કાર થાઓ.।।૫૪।।

**शिट्यघोषात् १।३।५५।।**

પદાન્તમાં રહેલા 'र्' ને; તેની પરમાં અઘોષ વ્યઞ્જન હોય તેમજ અઘોષ વ્યઞ્જનની પરમાં શિટ્ વર્ણ હોય તો વિસર્ગ જ થાય

છે. પૂર્વે જણાવ્યા મુજબ આ સૂત્ર પણ નિયમ સૂત્ર હોવાથી આ સૂત્રથી વિહિત કાર્ય પ્રસંગે અન્ય સૂત્રથી પ્રાપ્ત કોઈ પણ કાર્ય થતું નથી. पुरुषस्+त्सरुकः सर्पिस्+प्साति वासस्+क्षौमम्, अद्भिस्+प्सातम् આ અવસ્થામાં પદાન્ત स् ને 'सोरुः २-१-७२' થી रु આદેશ. रु ના 'र्' ને આ સૂત્રથી વિસર્ગ થવાથી 'पुरुषः त्सरुकः'; 'सर्पिः प्साति'; 'वासः क्षौमम्' અને 'अद्भिः प्सातम्' આવો પ્રયોગ થાય છે. આ સૂત્રનું નિર્માણ ન હોત અને 'रःपदान्ते० १-३-५३' થી જ અહીં વિસર્ગ કરવાનું રાખ્યું હોત તો 'चटते० १-३-७' થી અને 'रः क-खः० १-३-५' થી યથાપ્રાપ્ત स् અને ઉપધ્માનીય તથા જિહ્વામૂલીય વર્ણાદેશનું કાર્ય થાત - એ સમજી શકાય છે. આ સૂત્રના નિર્માણથી ઉપર જણાવ્યા મુજબ વિસર્ગ જ થાય છે. અર્થ ક્રમશઃ- ખડ્ગમુષ્ટિ કરવામાં નિપુણ પુરુષ. ઘી ખાય છે. રેશ્મી વસ્ત્ર. પાણી દ્વારા ખાધેલું.।૫૫।।

## व्यत्यये लुग्वा १।३।५६।।

પૂર્વ સૂત્રની અપેક્ષાએ વ્યત્યય હોય તો અર્થાદ્ શિટ્ વ્યઞ્જનની પરમાં અઘોષ વ્યઞ્જન હોય તો શિટ્ વ્યઞ્જનની પૂર્વે રહેલા પદાન્તસ્થ 'र्' નો વિકલ્પથી લુક્ થાય છે. चक्षुस्+श्च्योतति આ અવસ્થામાં પદાન્તસ્થ 'स्' ને 'सोरुः' ૨-૧-૭૨' થી 'रु' આદેશ. આ સૂત્રથી रु ના र् નો લોપ થવાથી 'चक्षु श्च्योतति' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી र् નો લોપ ન થાય ત્યારે 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ થવાથી 'चक्षुःश्च्योतति' આવો પ્રયોગ થાય છે. તેમજ 'शषसे० १-३-६' થી र् ને श् આદેશ થાય ત્યારે 'चक्षुश्श्च्योतति' આવો પ્રયોગ પણ થાય છે. અર્થ- આંખ ઝરે છે. ।।૫૬।।

## अरोः सुपि रः १।३।५७।।

'रु' સમ્બન્ધી र् ને છોડીને અન્ય र् ને, તેની પરમાં सुप्

(સ.બ.વ.) પ્રત્યય હોય તો 'र्' આદેશ જ થાય છે. (અન્ય વિસર્ગાદિ કાર્ય થતું નથી.) गीर्+षु અને धूर्+षु આ અવસ્થામાં र् ને 'रः पदान्ते० ૧-૩-૫૩' થી પ્રાપ્ત વિસર્ગનો આ સૂત્રથી બાધ થવાથી 'र्' આદેશ થાય છે. તેથી 'गीर्षु' અને 'धूर्षु' આવો પ્રયોગ થાય છે. અર્થ-વાણીમાં. ધૂરા-ભારમાં. अरोरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ 'रु' સમ્બન્ધી र् થી ભિન્ન જ 'र्'ને, તેની પરમાં 'सुप्' પ્રત્યય હોય તો 'र्' આદેશ જ થાય છે. તેથી पयस्+सु આ અવસ્થામાં પદાન્તસ્થ स् ને 'सोरुः २-१-७२' થી થયેલા रु ના र् ને આ સૂત્રથી र् આદેશ થતો નથી. તેથી તે र् ને 'शषसे शषसं वा १-३-६' થી स् આદેશ થવાથી 'पयस्सु' આવો પ્રયોગ થાય છે. અર્થ- પાણીમાં.॥૫૭॥

### वाऽहर्पत्यादयः ૧।૩।૫૮॥

'अहर्पति' શબ્દ આદિમાં, જેના છે તે अहर्पत्यादि ગણપાઠમાંના કેટલાક શબ્દોમાં પદાન્તસ્થ र् ને; વિસર્ગ અને કેટલાક શબ્દોમાં 'उ' આદેશનો અભાવ વિકલ્પથી સિદ્ધ છે. अहर्+पतिः અને गीर्+पतिः આ અવસ્થામાં પદાન્તસ્થ र् ને 'रः पदान्ते० ૧-૩-૫૩' થી વિસર્ગની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી 'अहर्पतिः' અને 'गीर्पतिः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી વિસર્ગનો અભાવ ન થાય ત્યારે વિસર્ગ થવાથી 'अहःपतिः' અને 'गीःपतिः' આવો પ્રયોગ થાય છે. प्रचेतस्+राजन्! આ અવસ્થામાં પદાન્તસ્થ स् ને 'सोरुः २-१-७२' થી થયેલા 'रु' ને 'घोषवति १-३-२१' થી 'उ' આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી 'रोरे लुग्० ૧-૩-૪૧' થી रु ના र् નો લોપ. તથા તેની પૂર્વેના त ના 'अ' ને દીર્ઘ 'आ' આદેશાદિ કાર્ય થવાથી प्रचेता राजन् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'उ' આદેશનો અભાવ ન થાય ત્યારે 'उ' આદેશાદિ કાર્ય થવાથી 'प्रचेतो राजन्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સૂર્ય. પ્રચેતસ્ રાજન્! ॥૫૮॥

## शिट्याद्यस्य द्वितीयो वा १।३।५९॥

વર્ગીય પ્રથમ વ્યઞ્જનને, તેની પરમાં શિટ્ વ્યઞ્જન હોય તો વિકલ્પથી સ્વ વર્ગનો દ્વિતીય વ્યઞ્જન થાય છે. 'क्षीरम्' અહીં વર્ગીય પ્રથમ વ્યઞ્જન क् ને તેની પરમાં શિટ્ વ્યઞ્જન ष् હોવાથી આ સૂત્રથી 'ख्' આદેશ થવાથી 'ख्षीरम्' આવો પ્રયોગ થાય છે. તેમજ 'अप्सरा:' અહીં આ સૂત્રથી 'प्' ને 'फ्' આદેશ થવાથી 'अफ्सरा:' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વર્ગીય દ્વિતીય વ્યઞ્જન ન થાય ત્યારે 'क्षीरम्' અને 'अप्सरा:' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - દૂધ. અપ્સરા.॥૫૯॥

## तवर्गस्य श्चवर्ग-ष्टवर्गाभ्यां योगे च-टवर्गौ १।३।६०॥

'श्' અને 'च' વર્ગના વ્યઞ્જનના યોગમાં 'त' વર્ગીય વ્યઞ્જનને, તેને મળતો 'च' વર્ગનો વ્યઞ્જન થાય છે. તેમ જ 'ष्' અને 'ट' વર્ગીય વ્યઞ્જનના યોગમાં 'त' વર્ગીય વ્યઞ્જનને, તેને મળતો 'ट' વર્ગનો વ્યઞ્જન થાય છે. तत्+शेते; भवान्+शेते, तत्+चारु અને तद्+जकारेण આ અવસ્થામાં અનુક્રમે त् न् त् અને द् ને આ સૂત્રથી च्, ञ्, च અને ज् આદેશ થવાથી 'तच्शेते' , 'भवाञ्शेते, 'तच्चारु' અને 'तज्जकारेण' આવો પ્રયોગ થાય છે. તેમજ पेष्+ता, पूष्+न:, तत्+टकार:, तन्+णकारेण અને ईट्+ते આ અવસ્થામાં આ સૂત્રથી અનુક્રમે त् न् त् न् અને त् ને ट्, ण्, ट्, ण् અને ट् આદેશ થવાથી 'पेष्टा', 'पूष्ण:', 'तट्टकार:', 'तण्णकारेण' અને 'ईट्टे' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તે ઉંઘે છે. આપ ઉંઘો છો. તે સુંદર છે. તે જકારથી. દળવાવાલો. સૂર્યનું. તે ટકાર. તે ણકારથી. તે સમર્થ છે.॥૬૦॥

## सस्य श-षौ १।३।६१॥

'स' ने श् અને च વર્ગીય વ્યઞ્જનના યોગમાં 'श्' આદેશ થાય છે. અને ष् અને 'ट' વર્ગીય વ્યઞ્જનના યોગમાં 'ष्' આદેશ થાય છે. 'श्च्योतति', 'वृश्चति' અહીં स् ને च् ના યોગમાં આ સૂત્રથી 'श्' આદેશ થયો છે. दोष्+सु અહીં ष् ના યોગમાં स् ને આ સૂત્રથી 'ष्' આદેશ થવાથી 'दोष्षु' આવો પ્રયોગ થાય છે. पापट्+सि આ અવસ્થામાં ट् ના યોગમાં स् ને આ સૂત્રથી 'ष्' આદેશ થવાથી 'पापट्षि' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ક્ષરે છે. કાપે છે. ભુજાઓમાં. અતિશય ચાલે છે. ॥૬૧॥

## न शात् १।३।६२॥

'श्' થી પરમાં રહેલા त વર્ગીય વ્યઞ્જનને તેને મળતો च વર્ગનો વ્યઞ્જન થતો નથી. 'अश्नाति' અને 'प्रश्नः' અહીં श् ના યોગમાં न् ને 'ञ्' આદેશની 'तवर्गस्य० ૧-૩-૬૦' થી પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થાય છે. અર્થક્રમશઃ - ખાય છે. પ્રશ્ન.॥૬૨॥

## पदान्ताट्टवर्गादनाम् - नगरीनवतेः १।३।६३॥

પદના અન્તે રહેલા ट વર્ગના વ્યઞ્જનથી પરમાં રહેલા - नाम् नगरी અને नवति શબ્દ સમ્બન્ધી न् ને છોડીને અન્ય त વર્ગીય વ્યઞ્જનને ट વર્ગનો વ્યઞ્જન, તેમજ स् ને ष् આદેશ થતો નથી. षण्+नयम्, (અહીં तयम् પાઠ યોગ્ય લાગે છે) षण्+नयाः અને षट्+सु આ અવસ્થામાં न् ને 'तवर्गस्य० ૧-૩-૬૦' થી ण् આદેશની પ્રાપ્તિ હતી. તેમજ सु ના 'स्' ને 'सस्य शषौ ૧-૩-૬૧' થી 'ष्' આદેશની પ્રાપ્તિ હતી; તેનો આ સૂત્રથી નિષેધ થવાથી 'षण्नयम्' 'षण्नयाः' અને 'षट्सु' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - છ નયોનો સમાહાર. છ નયોવાલા. છમાં. अनामूनगरीनवतेरिति किम्? = આ સૂત્રથી, ઉપર

જણાવ્યા મુજબ પદના અન્તે રહેલા ટ વર્ગના વ્યઞ્જનથી પરમાં રહેલા નામ્ નગરી અને નવતિ શબ્દ સમ્બન્ધી न् ને છોડીને જ અન્ય त વર્ગીય વ્યઞ્જન તથા स् ને અનુક્રમે ટ વર્ગનો વ્યઞ્જન તથા ष् આદેશ થતો નથી. તેથી षण्+नाम्; षण्+नगरी અને षण्+नवतिः અહીં न् ને આ સૂત્રથી ण् આદેશનો નિષેધ થતો નથી. જેથી 'तवर्गस्य० ૧-૩-૬૦' થી न् ને 'ण्' આદેશ થવાથી 'षण्णाम्', 'षण्णनगरी' અને 'षण्णवतिः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- છ નું .છ વ્યક્તિઓની નગરી. છન્નું (૯૬)॥૬૩॥

## षि तवर्गस्य १।३।६४॥

પદના અન્તે રહેલા त વર્ગીય વ્યઞ્જનને, તેની પરમાં 'ष्' હોય તો ટ વર્ગીય વ્યઞ્જન થતો નથી. 'तीर्थकृत् षोडशः शान्तिः' અહીં ष् ની પૂર્વેના પદાન્તસ્થ त् ને 'तवर्गस्य० ૧-૩-૬૦' થી ट् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ - તીર્થંકરોમાં સોળમાં શાન્તિનાથ ॥૬૪॥

## लि लौ १।३।६५॥

પદાન્તસ્થ त વર્ગીય વ્યઞ્જનને, તેની પરમાં ल् હોય તો તેને મળતા નિરનુનાસિક અને સાનુનાસિક - ल् અને लँ् આદેશ થાય છે. तद्+लूनम् અને भवान्+लुनाति આ અવસ્થામાં द् અને न् ને આ સૂત્રથી અનુક્રમે ल् અને लँ् આદેશ થવાથી 'तल्लूनम्' અને 'भवाँल्लुनाति' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તે કપાયું .આપ કાપો છો.॥૬૫॥

**॥इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे प्रथमेऽध्याये तृतीयः पादः॥**

चक्रे श्रीमूलराजेन.....० શ્રી મૂલરાજ રાજાએ એક અદ્ભુત જ યશનો સમુદ્ર બનાવ્યો. કારણ કે; પ્રસિદ્ધ સમુદ્રમાં નદીઓ મળે છે. - અર્થાદ્ નદીઓને પ્રવેશ હોય છે. પરન્તુ આ યશના સમુદ્રમાં શત્રુઓની કીર્તિ સ્વરૂપ નદીઓનો પ્રવેશ નથી.

## अथ प्रारभ्यते प्रथमेऽध्याये चतुर्थःपादः।

### अत आः स्यादौ जस्-भ्याम्-ये १।४।१॥

સ્યાદિ પ્રત્યય સમ્બન્ધી जस् भ्याम् અને य પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા 'अ' ને 'आ' આદેશ થાય છે. देव+जस् (अस्) આ અવસ્થામાં देव ના अ ને 'लुगस्या० २-१-११३' થી लुक् ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી બાધ થાય છે. તેથી देव ના अ ને આ સૂત્રથી 'आ' આદેશ. 'समाना० १-२-१' થી आ ને अस् ના 'अ' ની સાથે દીર્ઘ 'आ' આદેશાદિ કાર્ય થવાથી 'देवाः' આવો પ્રયોગ થાય છે. इदम्+भ्याम् આ અવસ્થામાં 'अनक् २-१-३६' થી इदम् ને अ આદેશ.આ સૂત્રથી 'अ' ને 'आ' આદેશ થવાથી 'आभ्याम्' આવો પ્રયોગ થાય છે. सुख+ङे (ए) આ અવસ્થામાં 'ङे ङस्योर्यातौ १-४-६' થી ङे ને य આદેશ. આ સૂત્રથી.તેની પૂર્વેના अ ને 'आ' આદેશ થવાથી 'सुखाय' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દેવો. આ બંન્નેને. સુખ માટે. स्यादाविति किम्?- આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્યાદિ પ્રત્યય સમ્બન્ધી જ जस् भ्याम् અને य પરમાં હોય તો, તેની પૂર્વેના अ ને 'आ' આદેશ થાય છે. તેથી बाणान् जस्यति આ અર્થમાં बाण+जस् ધાતુને क्विप्(0) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન बाणजस् નામને सि પ્રત્યય. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ.....ઈત્યાદિ કાર્ય થવાથી 'बाणजः' આવો પ્રયોગ થાય છે. અહીં સ્યાદિ પ્રત્યય સમ્બન્ધી जस् પરમાં ન હોવાથી; તેની પૂર્વેના (जस् ની પૂર્વેના) अ ને આ સૂત્રથી 'आ' આદેશ થતો નથી. અર્થ - બાણો છોડનાર. ॥१॥

### भिस ऐस् १।४।२॥

'अ' થી પરમાં રહેલા, સ્યાદિ પ્રત્યય સમ્બન્ધી भिस् પ્રત્યયને ऐस् આદેશ થાય છે. देव+भिस् આ અવસ્થામાં આ સૂત્રથી भिस् ને

'ऐस्' આદેશ. अ ને ऐ ની સાથે 'ऐदौत्सन्ध्यक्षरैः १-२-१२' થી ऐ આદેશ. ऐस् ના स् ને 'सोरुः २-१-७२' થી रु આદેશ. रु ના र् ને 'र: पदान्ते० १-३-५३' થી વિસર્ગ થવાથી 'देवैः' આવો પ્રયોગ થાય છે. અર્થ-દેવોથી. देवैः.....ઈત્યાદિ રૂપોની સિદ્ધિ માટે भिस् ને एस् આદેશ કરવાથી પણ ચાલી શકતું હોવાથી ऐस् આદેશ શાં માટે કર્યો છે? આ શંકાના સમાધાન માટે કહે છે- ऐस्करणाद् - अतिजरसैः- આશય એ છે કે भिस् નાં સ્થાને एस् આદેશનું વિધાન કરવાથી देवैः....વગેરે રૂપો થાય તો પણ अतिजरसैः આ પ્રયોગ નહીં થઈ શકે. તેથી તેની સિદ્ધિ માટે भिस् નાં સ્થાને एस् આદેશ ન કરતાં ऐस् આદેશનું વિધાન કર્યું છે. अतिजर+भिस् આ અવસ્થામાં આ સૂત્રથી भिस् ને ऐस् આદેશ. 'जराया जरस् वा २-१-३' થી जर ને जरस् આદેશાદિ કાર્ય થવાથી 'अतिजरसैः' આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી ऐस् આદેશ ન કરતાં एस् આદેશનું વિધાન કર્યું હોત તો 'अतिजरसैः' આવો પ્રયોગ ન થાત પરન્તુ 'अतिजरसेः' આવો અનિષ્ટ પ્રયોગ થાત - એ સમજી શકાય છે. યદ્યપિ अतिजर+भिस् આ અવસ્થામાં भिस् ને ऐस् આદેશ તેની પૂર્વે अ હોવાથી થયો છે, અને ऐस् પ્રત્યય સ્વરાદિ હોવાથી ઉપર જણાવ્યા મુજબ जर ને जरस् આદેશ થાય છે. આથી સમજી શકાય છે કે અદન્તત્વ ના કારણે થયેલો ऐस् આદેશ પોતાના નિમિત્તભૂત 'अदन्तत्व' નો નાશ કરે છે અર્થાદ્ जर ને जरस् આદેશ કરે છે. પરન્તુ એ શકય નથી. કારણ કે "सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य" અર્થાદ્ પોતાના કારણે થયેલો વિધિ (કાર્ય); પોતાના વિઘાતનું કારણ બનતો નથી. આ પરિભાષાથી ઉપર જણાવ્યા મુજબ અદન્તત્વથી નિષ્પન્ન 'ऐस्' આદેશ; जर ને जरस् આદેશ કરીને પોતાના નિમિત્તભૂત 'અદન્તત્વ' નો વિઘાતક નહિ થાય, તેથી આ રીતે जर ને जरस् આદેશ થવાનો જ ન હોય તો अतिजरसैः આ પ્રયોગની સિદ્ધિ માટે ऐस् આદેશનું વિધાન યોગ્ય નથી. પરન્તુ આ સૂત્રથી ऐस् આદેશનું વિધાન જ ઉપર્યુક્ત ન્યાયની અનિત્યતા જણાવે છે. તેથી ઉપર જણાવ્યા મુજબ

अतिजरसैः આ સ્થળે તાદૃશ પરિભાષાની વિવક્ષા ન હોવાથી તેની સિદ્ધિ માટે ऐस् આદેશનું વિધાન છે. ..... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. અર્થ - વૃદ્ધાવસ્થાને જીતવાવાલાથી.॥૨॥

**इदमदसोऽक्येव १।४।३॥**

अक् નો આગમ થયા પછી જ इदम् અને अदस् શબ્દ સમ્બન્ધી भिस् ને ऐस् આદેશ થાય છે. इदम् અને अदस् શબ્દને તેના અન્ત્યસ્વરની પૂર્વે 'त्यादिसर्वादेः० ७-३-२९' થી अक् નો આગમ કરવાથી इदकम् અને अदकस् શબ્દો બને છે. इदकम्+भिस् અને अदकस्+भिस् આ અવસ્થામાં 'आद्वेरः २-१-४१' થી भिस् ની પૂર્વેના म् અને स् ને 'अ' આદેશ. તે अ ની પૂર્વેના 'अ' નો 'लुगस्या० २-१-११३' થી લોપ. આ સૂત્રથી भिस् ને 'ऐस्' આદેશ. इदक+ऐस् અને अदक+ऐस् આ અવસ્થામાં 'दो मः स्यादौ २-१-३९' થી 'इदक' ના द् ને म् આદેશ. 'मोऽवर्णस्य २-१-४५' થી 'अदक' ના द् ને म् આદેશ, તે म् ની પરમાં રહેલા 'अ' ને 'मादुवर्णोऽनु २-१-४७' થી उ આદેશ. 'ऐदौत्० १-२-१२' થી ऐस् ની પૂર્વેના 'अ' ને ऐ ની સાથે ऐ આદેશ વગેરે કાર્ય થવાથી इमकैः અને अमुकैः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- આ બધાથી. પેલાઓથી. अक्येवेति किम्?= આ સૂત્રથી इदम् અને अदस् ને अक् નો આગમ થયા પછી જ તેની પરમાં રહેલા भिस् ને ऐस् આદેશ થાય છે. તેથી इदम्+भिस् અને अदस्+भिस् આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ भिस् ની પૂર્વેના म् અને स् ને 'अ' આદેશ. તેની પૂર્વેના 'अ' નો લોપ. તથા द् ને म् આદેશ. इम+भिस् આ અવસ્થામાં 'अनक् २-१-३६' થી 'इम' ને अ આદેશ. अ+भिस् અને अम+भिस् આ અવસ્થામાં भिस् ની પૂર્વેના अ ને 'एद्बहु० १-४-४' થી ए આદેશ. 'अमे' ના 'ए' ને 'बहुष्वेरीः २-१-४९' થી 'ई' આદેશ......ઈત્યાદિ કાર્ય થવાથી 'एभिः' અને 'अमीभिः' આવો પ્રયોગ થાય છે.અહીં इदम् અને अदस् ને अक् નો આગમ થયો

નથી. તેથી भिस् ને ऐस् આદેશ આ સૂત્રથી થયો નથી. અર્થક્રમશઃ- આ બધાથી. પેલાઓથી.

યદ્યપિ इमकैः અને अमुकैः અહીં इदक+भिस् અને अदक+भिस् આ અવસ્થામાં પૂર્વ સૂત્ર (૧-૪-૨) થી भिस् ને ऐस् આદેશ સિદ્ધ જ હતો. તેથી આ સૂત્રનું નિર્માણ વ્યર્થ છે; પરન્તુ "सिद्धे सत्यारम्भो नियमार्थः" અર્થાદ્ 'અન્ય સૂત્રથી સિદ્ધ એવા કાર્યની વિદ્યમાનતામાં તત્કાર્યની સિદ્ધિ માટે, સૂત્રનો જે આરંભ છે- તે નિયમ માટે હોય છે' આ પરિભાષાથી આ સૂત્ર નિયમ માટે છે. જેથી આ સૂત્ર નિયમ કરે છે કે- इदम् અને अदस् સમ્બન્ધી भिस् ને ऐस् આદેશ, इदम् અને अदस् શબ્દને ઉપર જણાવ્યા મુજબ अक् નો આગમ થયો હોય તો જ થાય છે. अक् આગમ ન હોય ત્યારે નહીં. તેથી આ નિયમના બળે इमकैः અને अमुकैः આવો પ્રયોગ થાય છે.અને एभिः તથા अमीभिः આવો પ્રયોગ પણ ऐस् આદેશ કર્યા વિના થાય છે. અન્યથા આ સૂત્ર નિયમ ન કરે તો, इमकैः અને अमुकैः ની જેમ अ+भिस् અને अम+भिस् આ અવસ્થામાં પણ પૂર્વ સૂત્રથી (૧-૪-૨ થી) ऐस् આદેશ સિદ્ધ હોવાથી एभिः અને अमीभिः આ ઈષ્ટ પ્રયોગો થઈ શકશે નહીં- એ સમજી શકાય છે. આ સૂત્રમાં अक्येव અહીં 'एव' કારનું ગ્રહણ, ઉપર જણાવેલા નિયમને છોડીને અન્ય નિયમનો વ્યવચ્છેદ કરવા માટે છે. તેથી "अक् આગમ થયો હોય ત્યારે इदम् અને अदस् સમ્બન્ધી જ भिस् ને ऐस् આદેશ થાય છે."-આવો નિયમ આ સૂત્રથી થતો નથી. અન્યથા એતાદૃશ નિયમથી सर्वकैः અને विश्वकैः ઈત્યાદિ પ્રયોગો થઈ શકશે નહીં.....ઈત્યાદિ, ભણાવનાર પાસેથી સારી રીતે સમજી લેવું જોઈએ. तर्कसङ्ग्रह.....વગેરેનું અધ્યયન જેઓએ કર્યું છે તેઓ તો નીચે જણાવ્યા મુજબ પણ સૂત્રાર્થના ભાવને જાણી શકે છે.

આશય એ છે કે નિયમશાસ્ત્ર (સૂત્ર), स्वीयोद्देश्यतावच्छेदकव्यापक અને नियम्यशास्त्रीयोद्देश्यतावच्छेदकव्याप्य- એવાં रूपावच्छिन्नातिरिक्तत्वेन नियम्यशास्त्रीयोद्देश्यतावच्छेदकावच्छिन्न માં સંકોચ કરે છે. પ્રકૃત સ્થળે 'भिस ऐस् ૧-૪-૨' આ નિયમ્ય (જેમાં

અર્થનો સંકોચ કરવાનો છે - તે) સૂત્રનું उद्देश्यतावच्छेदक-'अकारा-व्यवहितोत्तरत्वविशिष्ट - स्यादिसम्बन्धिभिसूत्व' છે, અને 'इदमदसोऽक्येव ૧-૪-૩' આ નિયમ (જે, અર્થનો સંકોચ કરે છે, તે) સૂત્રનું उद्देश्यता-वच्छेदक-'अक्विशिष्टेदमदस्सम्बन्ध्यकाराव्यवहितोत्तरत्वविशिष्टस्यादि-सम्बन्धिभिस्त्व' છે. नियमशास्त्रीयोद्देश्यतावच्छेदकव्यापक અને नियम्यशास्त्रीयोद्देश्यतावच्छेदकव्याप्यरूप-' इदमदस्सम्बन्ध्यकारा-व्यवहितोत्तरत्वविशिष्टस्यादिसम्बन्धिभिस्त्व' છે- તે નીચે જણાવેલી વ્યાપ્તિ-ઓથી સ્પષ્ટ સમજી શકાય છે. यत्र यत्रेदमदस्सम्बन्ध्यकाराव्य-वहितोत्तरत्वविशिष्टस्यादिसम्बन्धिभिस्त्वं, तत्र तत्राकाराव्यवहितोत्तरत्व-विशिष्टस्यादिसम्बन्धिभिस्त्वम् (नियम्यशास्त्रीयोद्देश्यतावच्छेदकम्)॥यत्र यत्राक्विशिष्टेदमदस्सम्बन्ध्यकाराव्यवहितोत्तरत्वविशिष्टस्यादिसम्बन्धिभिस्त्वं (नियमशास्त्रीयोद्देश्यतावच्छेदकम्), तत्र तत्रेदमदस्सम्बन्ध्यकारा-व्यवहितोत्तरत्वविशिष्टस्यादिसम्बन्धिभिस्त्वम् ॥ આથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે - નિયમ્યશાસ્ત્રીયોદ્દેશ્યતાવચ્છેદકરૂપનું વ્યાપ્ય અને નિયમશાસ્ત્રીયોદ્દેશ્યતાવચ્છેદકરૂપનું વ્યાપક એવું રૂપ, 'इदमदस्-सम्बन्ध्यकाराव्यवहितोत्तरत्वविशिष्टस्यादिसम्बन्धिभिस्त्व' છે. તેથી એતા-દૃશરૂપાવચ્છિન્નાતિરિક્તત્વેન ઉપર જણાવ્યા મુજબ નિયમ સૂત્ર, નિયમ્યશાસ્ત્રીયોદ્દેશ્યતાવચ્છેદકાવચ્છિન્નમાં સંકોચ કરે છે. એટલે વસ્તુતઃ નિયમ્યસૂત્રનો અર્થ નીચે જણાવ્યા મુજબ થાય છે. "इदमदस्-सम्बन्ध्यकाराव्यवहितोत्तरत्वविशिष्टस्यादिसम्बन्धिभिस्त्वावच्छिन्नाति रिक्ताकाराव्यवहितोत्तरत्वविशिष्टस्यादिसम्बन्धिभिस्त्वावच्छिन्नोद्दश्यता-निरूपितविधेयतावदैस्॥" આ રીતે સંકોચિતાર્થક 'भिस ऐस्' આ નિયમ્યસૂત્રથી इदकम्+भिस्; अदकस्+भिस्; इदम्+भिस् અને अदस्+भिस् આ અવસ્થામાં भिस् ને ऐस् આદેશ નહિ થાય. તેથી अक् આગમ સ્થળે આ સૂત્રથી અર્થાદ્ નિયમસૂત્રથી (૧-૪-૩ થી) भिस् ને ऐस् આદેશ થવાથી અને अक् આગમ ન હોય ત્યારે भिस् ને ऐस् આદેશ બંન્ને સૂત્રોથી ન થવાથી; इमकैः અને अमुकैः; एभिः અને अमीभिः આવો પ્રયોગ ઉપર જણાવ્યા મુજબ થાય છે. અહીં એ પણ યાદ

રાખવું જોઈએ કે - નિયમ્ય અને નિયમ શાસ્ત્રીયોદ્દેશ્યતાવચ્છેદક રૂપનું અનુક્રમે વ્યાપ્ય અને વ્યાપક રૂપ ઉપર જણાવ્યા મુજબનું એક જ નથી. બીજાં પણ રૂપો છે. દા.ત. પ્રકૃતસ્થળે 'अकृविशिष्टनाम (मात्र) सम्बन्ध्यकाराव्यवहितोत्तरत्व-विशिष्टस्यादिसम्बन्धिभिस्त्व' આ રૂપ પણ નિયમ્યશાસ્ત્રીય ઉદ્દેશ્યતાવચ્છેદકનું વ્યાપ્ય અને નિયમ-શાસ્ત્રીયોદ્દેશ્યતાવચ્છેકનું વ્યાપક છે - એ નીચે જણાવેલી વ્યાપ્તિથી સમજી શકાશે. यत्र यत्र अकृविशिष्टेदमदस्सम्बन्ध्यकाराव्यवहितोत्तरत्व-विशिष्टस्यादिसम्बन्धिभिस्त्वं (नियमसूत्रोद्देश्यतावच्छेदकं); तत्र तत्राकृ-विशिष्टनामसम्बन्ध्यकाराव्यवहितोत्तरत्वविशिष्टस्यादिसम्बन्धिभिस्त्वम् ॥ यत्र यत्राकृविशिष्टनाम (सामान्य) सम्बन्ध्यकाराव्यवहितोत्तरत्वविशिष्टस्यादि-सम्बन्धिभिस्त्वम्, तत्र तत्राकाराव्यवहितोत्तरत्वविशिष्टस्यादिसम्बन्धिभिस्त्वम् (नियम्य-शास्त्रीयोद्देश्यतावच्छेदकम्)॥ આથી સ્પષ્ટ છે કે 'अकृविशिष्ट-नामसम्बन्ध्यकाराव्यवहितोत्तरत्वविशिष्टस्यादिसम्बन्धिभिस्त्व' પણ ઉપર જણાવ્યા મુજબ નિયમ્યશાસ્ત્રીયોદ્દેશ્યતાવચ્છેદકનું વ્યાપ્ય અને નિયમ શાસ્ત્રીયોદ્દેશ્યતાવચ્છેદકનું વ્યાપક રૂપ છે. એ રૂપે નિયમ્ય-શાસ્ત્રીયોદ્દેશ્યતાવચ્છેદકાવચ્છિન્નમાં સંકોચ થાય તો सर्वकैः અને विश्वकैः ઈત્યાદિ રૂપોમાં भिस् ને ऐस् આદેશ નહિ થાય અને एभिः अमीभिः સ્થળે भिस् ને ऐस् આદેશનો પ્રસંગ આવશે. તેથી વિવક્ષિત રૂપનાં ગ્રહણ માટે સૂત્રમાં 'एव' કારનું ગ્રહણ છે ...... ઈત્યાદિ ભણાવનાર પાસેથી જિજ્ઞાસુઓએ સમજી લેવું ॥૩॥

## एद् बहुस्भोसि १।४।४॥

'स्' છે આદિમાં જેના, તથા 'भ्' છે આદિમાં જેના એવો બહુવચનનો સ્યાદિ પ્રત્યય અને ओस् (ष.स.द्वि.व.) પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના 'अ' ને 'ए' આદેશ થાય છે. इदम्+सु અને इदम्+भिस् આ અવસ્થામાં સૂ.નં. ૧-૪-૩ માં જણાવ્યા મુજબ म् ને अ આદેશાદિ કાર્યથી નિષ્પન્ન अ+सु; अ+भिस् આ અવસ્થામાં; તેમજ

देव+ओस् આ અવસ્થામાં આ સૂત્રથી 'अ' ને ए આદેશ. 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી सु ના स् ને ष् આદેશ. 'एदैतो ऽयाय् ૧-૨-૨૩' થી ओस् ની પૂર્વેના ए ને अय् આદેશ. 'सोरुः ૨-૧-૭૨' થી પદાન્તસ્થ स् ને रु (र्) આદેશ. 'रः पदान्ते० ૧-૩-૫૩' થી र् ને વિસર્ગ થવાથી 'एषु' 'एभिः' અને 'देवयोः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આ બધામાં. આ બધાથી. બે દેવોમાં ॥૪॥

## टाङसोरिन - स्यौ १।४।५॥

'अ' થી પરમાં રહેલા 'टा' અને 'ङस्' (સ્યાદિસમ્બન્ધી) પ્રત્યયનાં સ્થાને અનુક્રમે 'इन' અને 'स्य' આદેશ થાય છે. तद्+टा (आ) અને यद्+ङस् (अस्) આ અવસ્થામાં 'आद्वेरः ૨-૧-૪૧' થી द् ને 'अ' આદેશ. તેની પૂર્વેના 'अ' નો 'लुगस्या० ૨-૧-૧૧૩' થી લોપ. આ સૂત્રથી टा ને 'इन' અને ङस् ને 'स्य' આદેશ. 'अवर्णस्ये० ૧-૨-૬' થી इन ના इ ની સાથે તેની પૂર્વેના अ ને ए આદેશ થવાથી 'तेन' અને 'यस्य' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેનાથી. જેનું.॥૫॥

## ङे-ङस्योर्यातौ १।४।६॥

'अ' થી પરમાં રહેલા સ્યાદિપ્રત્યય સમ્બન્ધી ङे (ए) અને ङसि (अस्) પ્રત્યયને અનુક્રમે य અને आत् આદેશ થાય છે. देव+ङे અને देव+ङसि આ અવસ્થામાં આ સૂત્રથી ङे ને 'य' આદેશ અને ङसि ને 'आत्' આદેશ. 'अत आः स्यादौ० ૧-૪-૧' થી य ની પૂર્વેના 'अ' ને 'आ' આદેશ. आत् ના आ ની સાથે તેની પૂર્વેના 'अ' ને 'समानानां० ૧-૨-૧' થી દીર્ઘ 'आ' આદેશ થવાથી 'देवाय' અને 'देवात्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - દેવ માટે. દેવથી॥૬॥

## सर्वादेः स्मै-स्मातौ १।४।७॥

સર્વાદિગણપાઠમાંનાં અકારાન્ત નામ સમ્બન્ધી ङे અને ङसि નાં સ્થાને અનુક્રમે 'स्मै' અને 'स्मात्' આદેશ થાય છે. सर्व+ङे અને सर्व+ङसि આ અવસ્થામાં આ સૂત્રથી ङे ને 'स्मै' આદેશ તથા ङसि ને 'स्मात्' આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી सर्वस्मै અને सर्वस्मात् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બધામાટે. બધાથી. सर्वादि गणपाठः- सर्व, विश्व, उभ, उभयट् (उभय), अन्य, अन्यतर, इतर, डतर, डतम (अर्थाद् डतर डतम प्रत्ययान्तनामो); त्व; त्वत्, नेम, सम, सिम (આ બંન્ને શબ્દો સર્વાર્થક હોયતો જ સર્વાદિગણપાઠમાંના છે) पूर्व, पर, अवर, दक्षिण, उत्तर, अपर અને अधर - આ સાત શબ્દો વ્યવસ્થામાં અર્થાદ્ આ આનાથી પૂર્વ છે. પર છે. ..... ઈત્યાદિ અર્થમાં વપરાયા હોય તો सर्वादिगणपाठ ના છે. જ્ઞાતિ અને ધન અર્થમાં વપરાયેલો ન હોય તો स्व શબ્દ सर्वादिगण નો મનાય છે. બહિર્યોગમાં અર્થાદ્ ગામ બહારનાં ગૃહાદિમાં વપરાયો હોય; અથવા તો ઉપસંવ્યાનમાં અર્થાદ્ નહિ પહેરેલાં પરન્તુ પહેરવા માટે રાખેલાં વસ્ત્રમાં વપરાયો હોય તો अन्तर શબ્દ સર્વાદિગણનો છે. પરન્તુ ગ્રામબાહ્ય ચાંડાળાદિના નગરમાં अन्तर શબ્દ વપરાયો હોય તો તે સર્વાદિગણનો મનાતો નથી. પહેરેલાં વસ્ત્રોને શરીરની બહાર યોગ હોવાથી તે વસ્ત્રો માટે વપરાએલો अन्तर શબ્દ બહિર્યોગનાં કારણે સર્વાદિગણનો છે. પરન્તુ પહેરેલાં ન હોય પણ પહેરવા માટે રાખેલાં વસ્ત્રોને તાદૃશ બહિર્યોગ ન હોવાથી તે વસ્ત્રોને જણાવવા વપરા-એલો अन्तर શબ્દ ઉપસંવ્યાનનાં કારણે સર્વાદિગણનો છે...ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું. त्यद्, तद्, यद्, अदस् इदम्, एतद्, एक, द्वि, युष्मद्, अस्मद्, भवतु અને किम् - આ બધા શબ્દો સર્વાદિ ગણપાઠમાંના છે. સર્વ .... વગેરે ઉપર જણાવેલા શબ્દો, કોઈનાં નામ તરીકે વપરાયા હોય તો સર્વાદિ ગણના મનાતા નથી ॥૭॥

## ङेः स्मिन् १।४।८॥

સર્વાદિ ગણપાઠમાંના અકારાન્ત શબ્દસમ્બન્ધી ङि (इ) ને स्मिन् આદેશ થાય છે. सर्व+ङि આ અવસ્થામાં આ સૂત્રથી ङि ને 'स्मिन्' આદેશ થવાથી 'सर्वस्मिन्' આવો પ્રયોગ થાય છે. અર્થ- બધામાં ॥૮॥

## जस इः १।४।९॥

સર્વાદિ ગણપાઠમાંના અકારાન્ત શબ્દ સમ્બન્ધી जस् (अस्) ને 'इ' આદેશ થાય છે. सर्व+जस् આ અવસ્થામાં जस् ને આ સૂત્રથી इ આદેશ. इ ની સાથે તેની પૂર્વેના 'अ' ને 'अवर्णस्ये० ૧-૨-૬' થી 'ए' આદેશ થવાથી 'सर्वे' આવો પ્રયોગ થાય છે. અર્થ = બધા ॥૯॥

## नेमाऽर्द्ध-प्रथम-चरम-तयाऽयाऽल्प-कतिपयस्य वा १।४।१०॥

અકારાન્ત - नेम, अर्द्ध, प्रथम, चरम, तयप्रत्ययान्त, अयप्रत्ययान्त अल्प અને कतिपय શબ્દ સમ્બન્ધી जस् પ્રત્યયને વિકલ્પથી इ આદેશ થાય છે. नेम શબ્દ સમ્બન્ધી जस् ને પૂર્વ (૧-૪-૯) સૂત્રથી નિત્ય इ આદેશની પ્રાપ્તિ હતી. अर्द्ध વગેરે સમ્બન્ધી जस् ને इ આદેશની પ્રાપ્તિ ન હતી. આ સૂત્રથી ઉપર જણાવેલા नेमादि સર્વસ્થળે વિકલ્પે इ આદેશનું વિધાન છે. તેથી અહીં પ્રાપ્તાપ્રાપ્તવિભાષા છે. તેમજ ઉપર જણાવેલા अर्द्ध વગેરે નામો કોઈનાં નામ તરીકે વપરાયા હોય તો તત્સમ્બન્ધી जस् ને આ સૂત્રથી 'इ' આદેશ થતો નથી. તેથી અહીં વ્યવસ્થિત વિભાષા છે. नेम, अर्द्ध, प्रथम, चरम, द्वितय, त्रय, अल्प અને कतिपय નામને 'जस्' પ્રત્યય. આ સૂત્રથી 'जस्' ને 'इ' આદેશ. इ ની સાથે તેની પૂર્વેના अ ને 'अवर्णस्ये० ૧-૨-૬' થી ए આદેશ થવાથી 'नेमे', 'अर्द्धे', 'प्रथमे', 'चरमे', 'द्वितये', 'त्रये',

'अल्पे' અને 'कतिपये' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી जस् ને इ આદેશ ન થાય ત્યારે સૂ.નં.૧-૪-૧ માં જણાવ્યા મુજબ देवाः ની જેમ 'नेमाः', 'अर्द्धाः', 'प्रथमाः', 'चरमाः', 'द्वितयाः', 'त्रयाः', 'अल्पाः' અને 'कतिपयाः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અડધા. અડધા. પ્રથમ. છેલ્લા. બેના સમુદાય. ત્રણના સમુદાય. થોડા. કેટલા.॥૧૦॥

## द्वन्द्वे वा १।४।११॥

દ્વન્દ્વ સમાસમાં રહેલા અકારાન્ત સર્વાદિ ગણપાઠમાંના શબ્દ સમ્બન્ધી जस् ને 'इ' આદેશ વિકલ્પથી થાય છે. पूर्वे चोत्तरे च આ વિગ્રહમાં દ્વન્દ્વ સમાસથી નિષ્પન્ન पूर्वोत्तर નામને जस् પ્રત્યય. આ સૂત્રથી जस् ને વિકલ્પથી इ આદેશાદિ કાર્ય થવાથી સૂ.નં. ૧-૪-૧૦ માં જણાવ્યા મુજબ नेमे नेमाः ની જેમ 'पूर्वोत्तरे' અને पूर्वोत्तराः આવો પ્રયોગ થાય છે. સૂ.નં.૧-૪-૧૨ થી દ્વન્દ્વ સમાસમાં સર્વાદિ ગણપાઠમાંના શબ્દોને સર્વાદિત્વનો નિષેધ થવાથી 'जस इः १-४-९' થી इ આદેશનો નિષેધ થાય છે. તેથી આ સૂત્ર, નિષિદ્ધના ફરીથી વિધાન સ્વરૂપ પ્રતિ પ્રસવ માટે છે. અર્થ-પૂર્વ અને ઉત્તર. ॥૧૧॥

## न सर्वादिः १।४।१२॥

દ્વન્દ્વ સમાસમાં રહેલા સર્વાદિગણપાઠમાંના શબ્દોને સર્વાદિ મનાતા નથી. અર્થાદ્ સર્વાદિ માનીને કોઈ કાર્ય થતું નથી. पूर्वापर+ङे, पूर्वापर+ङसि અને पूर्वापर+ङि, આ અવસ્થામાં 'सर्वादेः० १-४-७' થી ङे ને स्मै આદેશની તેમજ ङसि ને स्मात् આદેશની પ્રાપ્તિ હતી.અને ङि ને 'ङेः स्मिन् १-४-८' થી स्मिन् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી સૂ.નં.૧-૪-૬ માં જણાવ્યા મુજબ देवाय અને देवात् ની જેમ 'पूर्वापराय' અને 'पूर्वापरात्' આવો પ્રયોગ થાય છે. ङि ના इ ની સાથે તેની પૂર્વેના 'अ' ને 'अवर्ण० १-२-६' થી 'ए' આદેશ

થવાથી 'पूर्वापरे' આવો પ્રયોગ થાય છે. कतरकतम+आम् અને कतरकतमक+जस् આ અવસ્થામાં 'अवर्णस्या० ૧-૪-૧૫' થી आम् ને साम् આદેશની તેમજ 'जस इः ૧-૪-૯' થી जस् ને इ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી 'ह्रस्वापश्च ૧-૪-૩૨' થી आम् ને नाम् આદેશ. 'दीर्घो नाम्य० ૧-૪-૪૭' થી नाम् ની પૂર્વેના 'अ' ને દીર્ઘ 'आ' આદેશ થવાથી 'कतरकतमानाम्' આવો પ્રયોગ થાય છે. તેમજ સૂ.નં.૧-૪-૧ માં જણાવ્યા મુજબ देवाः ની જેમ 'कतरकतमकाः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પૂર્વ અને અપર માટે. પૂર્વ અને અપરથી. પૂર્વ અને અપરમાં. બેમાંથી કોનું અને ઘણાઓમાંથી કોનું. બેમાંથી કોણ અને ઘણાઓમાંથી કોણ. कतरकतमकाः અહીં कतम શબ્દ દ્વન્દ્વ સમાસમાં હોવાથી આ સૂત્રથી સર્વાદિગણપાઠમાંનો મનાતો ન હોવાથી 'त्यादि-सर्वादेः० ૭-૩-૨૯' થી कतम શબ્દને સ્વાર્થિક अक् પ્રત્યય થતો નથી. પરન્તુ 'प्राग् नित्यात् कप् ૭-૩-૨૮' થી कप् પ્રત્યય થયો છે. ....ઈત્યાદિ અનુસ્મરણીય છે.॥૧૨॥

## तृतीयान्तात् पूर्वाऽवरं योगे १।४।१३॥

તૃતીયાન્ત નામની સાથે સમ્બન્ધ હોય તો તૃતીયાન્ત નામથી પરમાં રહેલા पूर्व અને अवर શબ્દને સર્વાદિ માનીને કોઈ કાર્ય થતું નથી. मासेन पूर्वाय मासपूर्वाय, दिनेनावराय दिनावराय, અહીં તૃતીયાન્ત मास નામની સાથે સમ્બન્ધિત पूर्व નામને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી સર્વાદિ મનાતું નથી. તેથી मासेन पूर्वाय અને मासपूर्वाय અહીં ङे ને 'सर्वादेः० ૧-૪-૭-' થી स्मै આદેશ થતો નથી. આવીજ રીતે दिनेनाऽवराय અને दिनावराय અહીં પણ આ સૂત્રથી अवर નામ, સર્વાદિ મનાતું ન હોવાથી ङे ને स्मै આદેશ થતો નથી. (પ્રક્રિયા માટે જુઓ સૂ.નં.૧-૪-૬) दिनेनावराः અને दिनाऽवराः અહીં પણ આ સૂત્રથી अवर નામ, સર્વાદિ મનાતું નથી. તેથી जस् ને 'जस इः ૧-૪-૯' થી

इ આદેશ થતો નથી. (પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ૧-૪-૧) तृतीयान्तादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તૃતીયાન્ત નામની સાથે સમ્બન્ધ હોય તો, તૃતીયાન્ત નામથી પરમાં જ રહેલા पूर्व અને अवर શબ્દને સર્વાદિ માનીને કોઈ કાર્ય થતું નથી. તેથી 'पूर्वस्मै मासेन' અહીં તૃતીયાન્ત मास નામની સાથે સમ્બન્ધિત હોવા છતાં તેનાથી પરમાં નહીં, પણ પૂર્વમાં હોવાથી पूर्व નામને સર્વાદિ માનવાનો આ સૂત્રથી નિષેધ થતો નથી. તેથી पूर्व+ङे આ અવસ્થામાં ङे ને 'सर्वादेः स्मै-स्मातौ १-४-७' થી स्मै આદેશ થયો છે. અર્થક્રમશઃ- એક માસથી મોટા માટે. એક દિવસથી નાના માટે. એક દિવસથી નાના. એક મહિનાથી મોટા માટે. ॥૧૩॥

## तीयं ङित्कार्ये वा ।१।४।१४॥

ङित् કાર્ય કરવામાં અર્થાદ્ ङे, ङसि, ङस् અને ङि - પ્રત્યય કરવાનો હોય ત્યારે तीय પ્રત્યયાન્ત નામ વિકલ્પથી सर्वादि ગણનું મનાય છે. અન્ય કાર્ય કરતી વખતે સર્વાદિ મનાતું નથી. द्वितीय+ङे આ અવસ્થામાં આ સૂત્રથી तीय પ્રત્યયાન્ત द्वितीय નામ સર્વાદિ ગણનું મનાતું હોવાથી 'सर्वादेः० १-४-७' થી ङे ને स्मै આદેશ થવાથી 'द्वितीयस्मै' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી द्वितीय નામને સર્વાદિ ન મનાય તો સૂ.નં.૧-૪-૬- માં જણાવ્યા મુજબ देवाय ની જેમ 'द्वितीयाय' આવો પ્રયોગ થાય છે. द्वितीया+ङे આ અવસ્થામાં द्वितीया નામ, ङित् કાર્યમાં, આ સૂત્રથી સર્વાદિ મનાતું હોવાથી ङे ને 'सर्वादे० ૧-૪-૧૮' થી डस्यै (अस्यै) આદેશ. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી आ નો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી 'द्वितीयस्यै' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી द्वितीयाનામ સર્વાદિ ન મનાય તો ङे ને 'आपो ङितां० ૧-૪-૧૭' થી यै આદેશ થવાથી 'द्वितीयायै' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બીજા માટે. બીજી માટે. ङित्कार्यमिति किम्?- આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तीय પ્રત્યયાન્ત નામ ङित्

કાર્યમાં જ સર્વાદિ ગણનું વિકલ્પથી મનાય છે. તેથી 'द्वितीयकाय' અહીં 'त्यादिसर्वादेः० ७-३-२९' થી अक् પ્રત્યય કર્તવ્યમાં द्वितीय નામ, સર્વાદિ ગણનું મનાતું ન હોવાથી તેને अक् પ્રત્યય થતો નથી. પરન્તુ 'प्राग् नित्यात्कप् ७-३-२८' થી कप् પ્રત્યયાદિ કાર્ય સૂ.નં.૧-૪-૬ માં જણાવ્યા મુજબ देवाय ની જેમ થાય છે.અર્થ – બીજા માટે. ॥૧૪॥

## अवर्णस्याऽऽमः साम् १।४।१५॥

'અવર્ણ' (अ, आ) અન્તમાં છે જેના- એવા સર્વાદિ ગણપાઠમાંના શબ્દ સમ્બન્ધી 'आम्' પ્રત્યયને 'साम्' આદેશ થાય છે. सर्व+आम् અને विश्वा+आम् આ અવસ્થામાં આ સૂત્રથી आम् ને 'साम्' આદેશ. साम् ની પૂર્વેના अ ને 'एद्बहु० १-४-४' થી ए આદેશ. ए ની પરમાં રહેલા साम् ના स् ને 'नाम्यन्तस्था० २-३-१५' થી ष् આદેશ થવાથી 'सर्वेषाम्' અને 'विश्वासाम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બધાઓનું. બધી-સ્ત્રીઓનું.॥૧૫॥

## नवभ्यः पूर्वेभ्य इ-स्मात्-स्मिन् वा १।४।१६॥

સર્વાદિ ગણપાઠમાંના पूर्व વગેરે (पूर्व, पर, अवर, दक्षिण, उत्तर, अपर, अधर, स्व અને अन्तर) નવ નામો સમ્બન્ધી जस्, ङसि અને ङि નાં સ્થાને અનુક્રમે 'जस इः १-४-९', 'सर्वादेः० १-४-७' અને 'ङेः स्मिन् १-४-८' થી વિહિત इ, स्मात् અને स्मिन् આદેશ વિકલ્પથી થાય છે. पूर्व+जस्, पूर्व+ङसि અને पूर्व+ङि, આ અવસ્થામાં આ સૂત્રની સહાયથી તે તે સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુક્રમે जस् ङसि અને ङि ને इ, स्मात्, અને स्मिन् આદેશ થવાથી 'पूर्वे', 'पूर्वस्मात्' અને 'पूर्वस्मिन्' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રની સહાયથી તે તે સૂત્રોથી इ વગેરે આદેશ ન થાય તો 'पूर्वाः', 'पूर्वात्' અને 'पूर्वे' આવો પ્રયોગ થાય છે. પ્રક્રિયા સુગમ છે.

અર્થક્રમશઃ- પૂર્વેના. પૂર્વથી. પૂર્વમાં. नवभ्य इति किम् ?- આ સૂત્રથી ઉપર જણાવ્યા-મુજબ સર્વાદિ શબ્દ સમ્બન્ધિ जस् વગેરેને તે તે સૂત્રથી વિહિત इ વગેરે, પૂર્વ વગેરે નવ જ શબ્દ સંબન્ધી जस् વગેરેને વિકલ્પથી થાય છે. તેથી त्यद्+जस् આ અવસ્થામાં 'आद्वेरः २-१-४१' થી द् ને अ આદેશ. તેની પૂર્વેના अ નો 'लुगस्या० २-१-११३' થી લોપ. त्य+जस् આ અવસ્થામાં त्यद् સમ્બન્ધી जस् ને 'जस इः १-४-९' થી નિત્ય इ આદેશ. इ ની સાથે તેની પૂર્વેના अ ને 'अवर्ण० १-२-६' થી ए આદેશ થવાથી 'त्ये' આવો પ્રયોગ થાય છે. અન્યથા અહીં त्याः આવો અનિષ્ટ પ્રયોગ પણ થાત. અર્થ - તેઓ. ॥૧૬॥

## आपो ङितां यै - यास्- यास्-याम् १।४।१७॥

आप् (आ) પ્રત્યયાન્ત નામ સમ્બન્ધી ङित् - ङे, ङसि, ङस् અને ङि પ્રત્યયને અનુક્રમે यै, यास्, यास् અને याम् આદેશ થાય છે. खट्वा નામને ङे, ङसि, ङस् અને ङि પ્રત્યય. આ સૂત્રથી અનુક્રમે ङे વગેરે પ્રત્યયને यै, यास्, यास् અને याम् આદેશ..... ઈત્યાદિ કાર્ય થવાથી 'खट्वायै', 'खट्वायाः', 'खट्वायाः' અને 'खट्वायाम्', આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ખાટલા માટે. ખાટલાંમાથી. ખાટલાનું. ખાટલામાં. ॥૧૭॥

## सर्वादेर्डस्पूर्वाः १।४।१८॥

'आप्' પ્રત્યયાન્ત સર્વાદિ ગણપાઠમાંના નામ સમ્બન્ધી ङे, ङसि, ङस् અને ङि પ્રત્યયને डस् પૂર્વક यै, यास्, यास् અને याम् આદેશ. અર્થાદ્ डस्यै, डस्यास्, डस्यास् અને डस्याम् આવો આદેશ અનુક્રમે થાય છે. सर्वा નામને ङे, ङसि, ङस् અને ङि પ્રત્યય. આ સૂત્રથી ङे ને डस्यै (अस्यै), ङसि ને डस्यास् (अस्यास्), ङस् ને डस्यास्(अस्यास्) અને ङि ને डस्याम् (अस्याम्) આદેશ. सर्वा ના 'आ' નો 'डित्यन्त्य०

૨-૧-૧૧૪' થી લોપ. 'सोरुः ૨-૧-૭૨' થી પદાન્તસ્થ स् ને रु આદેશ. र् ને 'रः पदान्ते० ૧-૩-૫૩' થી વિસર્ગ થવાથી 'सर्वस्यै', 'सर्वस्याः', 'सर्वस्याः' અને 'सर्वस्याम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બધી(સ્ત્રીઓ) માટે. બધીથી. બધીનું. બધીમાં.॥૧૮॥

## टौस्येत् ૧।૪।૧૯॥

टा અને ओस् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા आप् પ્રત્યયાન્ત નામના અન્ત્ય વર્ણને ए આદેશ થાય છે. बहवो राजानो यस्यां सा આ વિગ્રહમાં બહુવ્રીહિસમાસમાં નિષ્પન્ન बहुराजन् નામને, સ્ત્રીલિંગમાં 'ताभ्यां वा० ૨-૪-૧૫' થી डाप्(आ) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન बहुराजा નામને, टा (आ) અને ओस् પ્રત્યય. આ સૂત્રથી તેની પૂર્વેના आ ને 'ए' આદેશ. 'ए' ને 'एदैतोऽयाय् ૧-૨-૨૩' થી अय् આદેશ.....ઈત્યાદિ કાર્ય થવાથી 'बहुराजया' અને 'बहुराजयोः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઘણા રાજા છે જેમાં એવી નગરીથી. ઘણારાજાવાલી બેનગરી-ઓમાં ॥૧૯॥

## औता ૧।૪।૨૦॥

आप् પ્રત્યયાન્ત નામના અન્ત્ય વર્ણને, आप् પ્રત્યયાન્ત નામ સમ્બન્ધી 'औ' પ્રત્યયની સાથે 'ए' આદેશ થાય છે. माला+आ (પ્ર.દ્વિતી.દ્વિવચન.) આ અવસ્થામાં माला ના અન્ત્ય 'आ' ને औ પ્રત્યયની સાથે આ સૂત્રથી ए આદેશ થવાથી 'माले स्तः', 'माले पश्य' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બે માલા છે. બે માલાને જો.. ॥૨૦॥

## इदुतोऽस्त्रेरीदूत् ૧।૪।૨૧॥

स्त्री શબ્દને છોડીને અન્ય इकारान्त અને उकारान्त નામના

અન્ત્ય વર્ણને, (इ અને उ ને) તેની પરમાં રહેલા औ પ્રત્યયની સાથે અનુક્રમે 'ई' અને 'ऊ' આદેશ થાય છે. मुनि+औ અને साधु+औ આ અવસ્થામાં આ સૂત્રથી औ ની સાથે इ ને ई આદેશ તથા उ ને ऊ આદેશ થવાથી 'मुनी' અને 'साधू' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બે મુનિઓ. બે સાધુઓ. अस्त्रेरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્ત્રી શબ્દથી ભિન્ન જ इकारान्त અને उकारान्त નામના અન્ત્યવર્ણને, તેની પરમાં રહેલા औ પ્રત્યયની સાથે અનુક્રમે ई અને ऊ આદેશ થાય છે. તેથી अतिस्त्रि+औ, આ અવસ્થામાં આ સૂત્રથી स्त्रि ના इ ને औ ની સાથે ई આદેશ થતો નથી. તેથી 'स्त्रियाः૨-૧-૫૪' થી स्त्रि ના इ ને इय् આદેશ થવાથી 'अतिस्त्रियौ नरौ' આવો પ્રયોગ થાય છે. યદ્યપિ આ સૂત્રમાં अस्त्रि નું ગ્રહણ ન કર્યું હોત તો પણ, 'स्त्रियाः ૨-૧-૫૪' આ સૂત્ર, આ (૧-૪-૨૧) સૂત્રની અપેક્ષાએ પર હોવાથી इय् આદેશ, ई આદેશનો બાધ કરત. તેથી अस्त्रि ગ્રહણ વ્યર્થ છે. પરન્તુ આ સૂત્રમાં કરાએલું તાદૃશ 'अस्त्रि ગ્રહણ' જ એ વસ્તુને જણાવે છે કે, પર સૂત્રથી વિહિત એવો પણ इय् આદેશ, इकारान्त અને उकारान्त નામને વિહિત એવા પૂર્વ કાર્યનો બાધ કરતો નથી. તેથી अतिस्त्रि+जस् ઈત્યાદિ સ્થળે 'स्त्रियाः૨-૧-૫૪' થી इय् આદેશ ન થતાં 'जस्येदोत् ૧-૪-૨૨' ઈત્યાદિ સૂત્રથી ए ઈત્યાદિ કાર્ય થવાથી अतिस्त्रयः ..... ઈત્યાદિ પ્રયોગ થઈ શકે છે. અન્યથા એ શક્ય બનત નહિ.....એ અધ્યાપક પાસેથી સમજી લેવું. અર્થ - સ્ત્રીને જીતનારા બે પુરુષો.॥૨૧॥

## जस्येदोत् १।४।२२॥

इकारान्त અને उकारान्त નામના અન્ત્ય इ અને उ ને, તેની પરમાં जस् પ્રત્યય હોય તો અનુક્રમે ए અને ओ આદેશ થાય છે. मुनि+जस् અને साधु+जस् આ અવસ્થામાં આ સૂત્રથી इ ને 'ए' આદેશ, અને उ ને 'ओ' આદેશ. 'एदैतोऽयाय् ૧-૨-૨૩' થી ए ને अय्

આદેશ. 'ओदौतोऽवाव् ૧-૨-૨૪' થી ओ ને अव् આદેશ.....ઈત્યાદિ કાર્ય થવાથી 'मुनयः' અને 'साधवः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મુનિઓ. સાધુઓ. ॥૨૨॥

## ङित्यदिति १।४।२३॥

द् જેમાં ઈત્ નથી એવા - સ્યાદિ પ્રત્યય સમ્બન્ધી ङित् અર્થાદ્ ङे, ङसि, ङस् અને ङि પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલાં इकारान्त અને उकारान्त નામના અન્ત્ય इ અને उ ને અનુક્રમે ए અને ओ આદેશ થાય છે. (આશય એ છે કે જે इकारान्त અને उकारान्त નામથી પરમાં રહેલા ङे ङसि ङस् અને ङि ને दै दास् दास् અને दाम् આદેશ થાય છે, તે दित् ङित् છે. તે दित् ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેનાં इकारान्त અને उकारान्त નામના અન્ત્ય इ અને उ ને આ સૂત્રથી અનુક્રમે ए અને ओ આદેશ થતો નથી.) अतिस्त्रि અને साधु નામને ङे, ङसि અને ङस् પ્રત્યય. આ સૂત્રથી इ ને ए આદેશ અને उ ને ओ આદેશ. अतिस्त्रे+ङे આ અવસ્થામાં 'एदैतोऽयाय् ૧-૨-૨૩' થી स्त्रे ના ए ને अय् આદેશ. साधो+ङे આ અવસ્થામાં ओ ને 'ओदौतोऽवाव् ૧-૨-૨૪' થી अव् આદેશ થવાથી 'अतिस्त्रये' અને 'साधवे' આવો પ્રયોગ થાય છે. તેમજ 'एदोद्भ्यां० ૧-૪-૩૫' થી ङसि અને ङस् ને 'र्' આદેશ. र् ને 'रः पदान्ते० ૧-૩-૫૩' થી વિસર્ગ થવાથી 'अतिस्त्रेः' 'साधो' रागतं स्वं वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સ્ત્રીને જીતવાવાલામાટે. સાધુ માટે. સ્ત્રીને જીતવાવાલાથી આવેલું. સાધુ પાસેથી આવેલું. સ્ત્રીને જીતવાવાલાનું ધન. સાધુનું ધન. अदितीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अदित् જ ङित् સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલાં इकारान्त અને उकारान्त નામના અન્ત્ય इ અને उ ને અનુક્રમે ए અને ओ આદેશ થાય છે. તેથી बुद्धि+ङसि અને धेनु+ङसि આ અવસ્થામાં 'स्त्रिया ङितां० ૧-૪-૨૮' થી ङसि ને दास् (आस्) આદેશ.

'इवर्णादि० ૧-૨-૨૧' થી इ ને य् અને उ ને व् આદેશ.....ઈત્યાદિ કાર્ય થવાથી बुद्ध्याः અને धेन्वाः આવો પ્રયોગ થાય છે. અહીં ङित् ङसि પ્રત્યય दित्-दास् આદેશનો વિષય હોવાથી તેની પૂર્વેના इ અને उ ને ए અને ओ આદેશ થયો નથી. स्यादावित्येव - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अदित् ङित् સ્યાદિ સમ્બન્ધી જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેનાં इकारान्त અને उकारान्त નામના અન્ત્ય इ અને उ ને અનુક્રમે ए અને ओ આદેશ થાય છે. તેથી शुचि નામને સ્ત્રીલિંગમાં 'इतोऽकृत्यर्थात् ૨-૪-૩૨' થી ङी (ई) પ્રત્યય.....વગેરે કાર્ય થવાથી 'शुची स्त्री' આવો પ્રયોગ થાય છે. અહીં ङित् ङी પ્રત્યય પરમાં હોવા છતાં તે સ્યાદિ ન હોવાથી, આ સૂત્રથી शुचि ના इ ને ए આદેશ થતો નથી. અર્થક્રમશઃ- બુદ્ધિથી. ગાયથી. પવિત્ર સ્ત્રી. ॥૨૩॥

## टः पुंसि ना १।४।२४॥

इकारान्त અને उकारान्त નામથી પરમાં રહેલા પુલ્લિંગ સમ્બન્ધી टा પ્રત્યયને 'ना' આદેશ થાય છે. अतिस्त्रि+टा (आ), આ અવસ્થામાં આ સૂત્રથી टा ને 'ना' આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् આદેશ થવાથી 'अतिस्त्रिणा' આવો પ્રયોગ થાય છે. अदस्+टा આ અવસ્થામાં 'आद्वेरः ૨-૧-૪૧' થી स् ને अ આદેશ. તેની પૂર્વેના अ નો 'लुगस्या० ૨-૧-૧૧૩' થી લોપ. 'मोऽवर्णस्य ૨-૧-૪૫ થી द् ને म् આદેશ. 'मादुवर्णोऽनु ૨-૧-૪૭' થી म् ની પરમાંના अ ને उ આદેશ. अमु+टा આ અવસ્થામાં આ સૂત્રથી टा ને ना આદેશ થવાથી 'अमुना' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સ્ત્રીને જીતવાવાલા પુરુષથી. એનાથી. पुंसीति किम् ?- આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इकारान्त અને उकारान्त નામથી પરમાં રહેલા પુલ્લિંગ સંબન્ધી જ टा ને 'ना' આદેશ થાય છે. તેથી बुद्धि+टा અહીં સ્ત્રીલિંગ સમ્બન્ધી टा ને આ સૂત્રથી 'ना' આદેશ થતો નથી. તેથી 'इवर्णादि० ૧-૨-૨૧' થી इ ને य् આદેશ થવાથી 'बुद्ध्या' આવો પ્રયોગ થાય છે. અર્થ- બુદ્ધિથી. ॥૨૪॥

## ङिर्डौ १।४।२५॥

इकारान्त અને उकारान्त નામથી પરમાં રહેલા ङि ને, डौ (औ) આદેશ થાય છે. मुनि+ङि અને धेनु+ङि આ અવસ્થામાં ङि ને डौ આદેશ. 'डित्यन्त्यस्वरादेः २-१-११४' થી इ અને उ નો લોપ થવાથી 'मुनौ' અને 'धेनौ' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મુનિમાં. ગાયમાં. अदिदित्येव = આ સૂત્રથી પણ પૂર્વે જણાવ્યા મુજબ, જે इकारान्त અને उकारान्त નામના ङित् પ્રત્યયને दै दास् दास् दाम् આદેશ થતા નથી તે જ इकारान्त અને उकारान्त નામથી પરમાં રહેલા ङि ને डौ આદેશ થાય છે. તેથી बुद्धि+ङि આ અવસ્થામાં ङि ને આ સૂત્રથી डौ આદેશ ન થવાથી 'स्त्रिया ङितां० १-४-२८' થી ङि ને दाम्(आम्) આદેશ. इ ને 'इवर्णादि० १-२-२१' થી य् આદેશ થવાથી 'बुद्ध्याम्' આવો પ્રયોગ થાય છે. અર્થ-બુદ્ધિમાં. ॥२५॥

## केवलसखिपतेरौः १।४।२६॥

इकारान्त કેવલ (અસમસ્ત) सखि અને पति નામથી પરમાં રહેલા ङि ને 'औ' આદેશ થાય છે. सखि+ङि અને पति+ङि આ અવસ્થામાં ङि ને આ સૂત્રથી 'औ' આદેશ. इ ને 'इवर्णादि० १-२-२१' થી य् આદેશ થવાથી 'सख्यौ' અને 'पत्यौ' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મિત્રમાં. પતિમાં. इत इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इकारान्त જ કેવલ सखि અને पति નામથી પરમાં રહેલા ङि ને 'औ' આદેશ થાય છે. તેથી सखायमिच्छति અને पतिमिच्छति આ અર્થમાં 'अमाव्यया० ३-४-२३' થી सखि અને पति નામને क्यन्(य) પ્રત્યય. 'दीर्घश्च्वि० ४-३-१०८' થી इ ને દીર્ઘ ई આદેશ થી નિષ્પન્ન सखीय અને पतीय ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. 'अतः ४-३-८२' થી અન્ત્ય अ નો લોપ.'य्वोःप्वय० ४-४-१२१' થી य् નો લોપ થવાથી सखी અને पती નામ બને છે. તેને ङि

પ્રત્યય. 'योऽनेकस्वरस्य २-१-५६' થી ઈ ને य् આદેશ થવાથી 'सख्यि' અને 'पत्यि' આવો પ્રયોગ થાય છે. અહીં ङि પ્રત્યય પરમાં હોવા છતાં તેની પૂર્વે કેવલ सखी અને पती નામ इकारान्त ન હોવાથી આ સૂત્રથી ङि ને औ આદેશ થતો નથી. અર્થક્રમશઃ- સખા(મિત્ર)ની ઈચ્છાવાલામાં. પતિની ઈચ્છાવાલામાં. केवलमिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इकारान्त કેવલ જ सखि અને पति નામથી પરમાં રહેલા ङि ને औ આદેશ થાય છે. તેથી प्रियसखि અને नरपति નામને ङि પ્રત્યયાદિ કાર્ય થવાથી સૂ.નં.૧-૪-૨૫ જણાવ્યા મુજબ मुनौ ની જેમ 'प्रियसखौ' અને 'नरपतौ' આવો પ્રયોગ થાય છે. અહીં सखि અને पति નામ इकारान्त હોવાં છતાં કેવલ (અસમસ્ત) ન હોવાથી તેનાથી પરમાં રહેલા ङि ને આ સૂત્રથી औ આદેશ થતો નથી. અર્થક્રમશઃ- પ્રિયમિત્રવાલામાં. નરપતિ(રાજા) માં. ॥૨૬॥

## न नाङिदेत् १।४।२७॥

'टः पुंसि ना १-४-२४' થી टा ને જે 'ना' આદેશ થાય છે, તેમજ 'ङित्यदिति १-४-२३' થી इ ને જે ए આદેશ થાય છે, તે આદેશ કેવલ सखि અને पति નામથી પરમાં રહેલા टा ને તથા કેવલ सखि અને पति ના અન્ત્ય इ ને થતા નથી. सखि+टा અને पति+टा આ અવસ્થામાં આ સૂત્રથી टा ને ઉપર જણાવ્યા મુજબ 'ना' આદેશનો નિષેધ થવાથી इ ને 'इवर्णादि० १-२-२१' થી य् આદેશ થવાથી 'सख्या' અને 'पत्या' આવો પ્રયોગ થાય છે. सखि અને पति શબ્દને ङे ङसि ङस् અને ङि પ્રત્યય. 'खि-ति-खी-ती य उर् १-४-३६' થી ङसि અને ङस् ને उर् આદેશ. ङि ને 'केवलसखि० १-४-२६' થી औ આદેશ. इ ને ઉપર જણાવ્યા મુજબ य् આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી उर् ના र् ને વિસર્ગ થવાથી 'सख्ये', 'पत्ये', 'सख्युः', 'पत्यु' रागतं स्वं वा, 'सख्यौ' અને 'पत्यौ' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મિત્રથી. પતિથી. મિત્ર માટે. પતિ માટે. મિત્રથી આવેલું. પતિથી આવેલું. મિત્રનું ધન. પતિનું ધન. મિત્રમાં. પતિમાં. ङितीति किम्?- આ સૂત્રથી, ઉપર

જણાવ્યા મુજબ કેવલ सखि અને पति નામના અન્ત્ય इ ને, સૂ.નં.૧-૪-૨૩ થી પ્રાપ્ત ए આદેશનો જ નિષેધ કર્યો છે. તેથી पति+जस् આ અવસ્થામાં 'जस्येदोत् ૧-૪-૨૨' થી पति શબ્દના इ ને ए આદેશાદિ કાર્ય થવાથી 'पतयः' આવો પ્રયોગ થાય છે. અર્થ-પતિઓ. ॥૨૭॥

## स्त्रिया ङितां वा दै-दास्-दास्-दाम् १।४।२८॥

સ્ત્રીલિંગ इकारान्त અને उकारान्त નામથી પરમાં રહેલા ङे, ङसि, ङस्, અને ङिं ને અનુક્રમે दै (ऐ), दास् (आस्), दास् (आस्) અને दाम् (आम्) આદેશ વિકલ્પથી થાય છે. बुद्धि નામને ङे ङसि ङस् અને ङि પ્રત્યય. આ સૂત્રથી અનુક્રમે ङे વગેરે ને दै, दास्, दास् અને दाम् આદેશ. 'इवर्णादि० ૧-૨-૨૧' થી बुद्धि ના इ ને य् આદેશ .... ઈત્યાદિ કાર્ય થવાથી 'बुद्ध्यै', 'बुद्ध्याः', 'बुद्ध्याः' અને 'बुद्ध्याम्' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङे વગેરે પ્રત્યયોને दै, दास् વગેરે આદેશ ન થાય તો बुद्धये, बुद्धेः, बुद्धेः અને बुद्धौ આવો પ્રયોગ થાય છે. પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ૧-૪-૨૩-૨૫. આવી જ રીતે धेनु નામને ङे ङसि ङस् અને ङि પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી તથા धेनु ના उ ને 'इवर्णादि० ૧-૨-૨૧ થી व् આદેશ થવાથી 'धेन्वै' 'धेन्वाः' 'धेन्वाः' અને 'धेन्वाम्' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં धेनवे, धेनोः, धेनोः અને धेनौ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બુદ્ધિ માટે. બુદ્ધિથી આવેલું. બુદ્ધિનું ધન. બુદ્ધિમાં. ગાય માટે. ગાયથી આવેલું. ગાયનું ધન. ગાયમાં. અહીં યાદ રાખવું જોઈએ કે આ સૂત્રથી સ્ત્રીલિંગ इकारान्त કે उकारान्त નામથી પરમાં રહેલા ङे વગેરે પ્રત્યયોને ઉપર જણાવ્યા મુજબ दै વગેરે આદેશ વિકલ્પથી થાય છે. સ્ત્રીલિંગ इकारान्त કે उकारान्त નામ સમ્બન્ધી ङे પ્રત્યય હોવા જોઈએ એવો નિયમ નથી - આ વસ્તુને સમજાવવા प्रियबुद्ध्यै, प्रियबुद्धये पुंसे स्त्रियै वा આ દૃષ્ટાન્તનો ઉલ્લેખ છે. प्रियबुद्धि+ङे આ અવસ્થામાં प्रियबुद्धि નામ

પુલ્લિંગ હોય ત્યારે ङे પ્રત્યય, તાદૃશ પુલ્લિંગ इकारान्त નામ (प्रियबुद्धि) સંબન્ધી છે. સ્ત્રીલિંગ इकारान्त बुद्धि નામ સમ્બન્ધી નથી. પરન્તુ તે (ङे) સ્ત્રીલિંગ इकारान्त નામ (बुद्धि) થી પરમાં હોવાથી તેને (ङे ને) આ સૂત્રથી दै આદેશ વિકલ્પથી થાય છે. જેથી बुद्ध्यै અને बुद्धये ની જેમ ઉપર જણાવેલો પ્રયોગ થાય છે. અર્થ - બુદ્ધિ - જ્ઞાન પ્રિય છે જેને એવા છે પુરુષ અથવા સ્ત્રી માટે. ॥૨૮॥

## स्त्रीदूतः १।४।२९॥

આ સૂત્રમાં પૂર્વ સૂત્રથી 'स्त्रिया' ની અનુવૃત્તિ ચાલુ હોવા છતાં स्त्री નું ગ્રહણ; નિત્ય સ્ત્રીલિંગનાં ગ્રહણ માટે છે. આ જ આશયથી લઘુવૃત્તિમાં नित्यं स्त्रीलिङ्गादी .... આવો પાઠ છે. નિત્યસ્ત્રીલિંગ ईकारान्त અને ऊकारान्त નામથી પરમાં રહેલા ङे, ङसि, ङस् અને ङि, આ સ્યાદિ સમ્બન્ધી ङित् પ્રત્યયને અનુક્રમે दै, दास्, दास् અને दाम् આદેશ થાય છે. नदी શબ્દને તેમજ कुरू (कुरोरपत्यं स्त्री આ અર્થમાં નિષ્પન્ન) નામને ङे ङसि ङस् અને ङि પ્રત્યય. આ સૂત્રથી ङे વગેરેને અનુક્રમે दै दास् दास् અને दाम् પ્રત્યય. 'इवर्णादि० १-२-२१' થી ई ને य् આદેશ તથા ऊ ને व् આદેશ. પદાન્તસ્થ स् ને 'सोरुः २-१-७२' થી रु આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી रु ના र् ને વિસર્ગ થવાથી नद्यै, नद्याः, नद्याः અને नद्याम् તેમજ कुर्वै, कुर्वाः, कुर्वाः અને कुर्वाम् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી પણ પૂર્વ સૂત્રમાં જણાવ્યા મુજબ ईकारान्त અથવા ऊकारान्त નિત્યસ્ત્રીલિંગનામથી પરમાં રહેલા, નહિ કે તત્સમ્બન્ધી જ, ङे ङसि ङस् અને ङि પ્રત્યયને दै दास्, दास्, અને दाम् આદેશ થાય છે. તેથી लक्ष्मीमतिक्रान्तायातिक्रान्तायै वा આ અર્થમાં अतिलक्ष्मी+ङे અહીં નિત્યસ્ત્રીલિંગ ईकारान्त નામ સમ્બન્ધી ङे પ્રત્યય પરમાં ન હોવા છતાં, આ સૂત્રથી ङे ને दै આદેશાદિ કાર્ય થવાથી अतिलक्ष्म्यै पुंसे स्त्रियै वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - નદી માટે. નદીથી.

નદીનું. નદીમાં. કુરુવંશીય સ્ત્રી માટે. કુરુવંશીય સ્ત્રીથી. કુરુવંશીય સ્ત્રીનું. કુરુવંશીય સ્ત્રીમાં. લક્ષ્મીને જીતવાવાલા પુરુષ અથવા સ્ત્રી માટે. स्त्रीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિત્યસ્ત્રીલિંગ જ ईकारान्त કે ऊकारान्त નામથી પરમાં રહેલા સ્યાદિ સમ્બન્ધી ङित् પ્રત્યયને અનુક્રમે दै दास् , दास् ,અને दाम् આદેશ થાય છે. તેથી ग्रामणी (ग्रामं नयति આ અર્થમાં નિષ્પન્ન) +ङे અને खलपू (खलं पुनाति આ અર્થમાં નિષ્પન્ન) +ङे આ અવસ્થામાં 'क्विब्वृत्ते० ૨-૧-૫૮' થી ई ને य् આદેશ અને ऊ ને व् આદેશ થવાથી 'ग्रामण्ये' અને 'खलप्वे' पुंसे स्त्रियै આવો પ્રયોગ થાય છે. અહીં ईकारान्त કે ऊकारान्त નામ નિત્યસ્ત્રીલિંગ નથી. પરન્તુ ત્રિલિંગ છે. તેથી તેની પરમાં રહેલા ङे ને આ સૂત્રથી दै આદેશ થતો નથી. અર્થક્રમશઃ- ગામના નાયક પુરુષ અથવા સ્ત્રી માટે. ખળું સાફ કરનાર પુરુષ અથવા સ્ત્રી માટે. ॥૨૯॥

**वेयुवोऽस्त्रियाः १।४।३०॥**

'स्त्री' શબ્દને છોડીને જે ईकारान्त અને ऊकारान्त નિત્યસ્ત્રીલિંગનામના અન્ત્ય ई ને 'इय्' અને ऊ ने उव् આદેશ થાય છે, તેવા નામથી પરમાં રહેલા સ્યાદિ સમ્બન્ધી ङे, ङसि, ङस् અને ङि પ્રત્યયને અનુક્રમે दै, दास्, दास् અને दाम् આદેશ વિકલ્પથી થાય છે. श्री અને भ्रू નામને ङे ङसि ङस् અને ङि પ્રત્યય. આ સૂત્રથી ङे વગેરેને અનુક્રમે दै दास् दास् અને दाम् આદેશ. 'संयोगात् ૨-૧-૫૨' થી श्री ના ई ને इय् આદેશ. 'भ्रूश्नोः ૨-૧-૫૩' થી भ्रू ના ऊ ને उव् આદેશ... ઈત્યાદિ કાર્ય થવાથી श्रियै श्रियाः श्रियाः અને श्रियाम् તેમજ भ्रुवै भ्रुवाः भ्रुवाः અને भ्रुवाम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङे વગેરેને दै વગેરે આદેશ ન થાય ત્યારે श्रिये श्रियः श्रियः અને श्रियि તેમજ भ्रुवे भ्रुवः भ्रुवः અને भ्रुवि આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે अतिश्रियै અને अतिश्रिये તેમજ

अतिभ्रुवै अने अतिभ्रुवे पुंसे स्त्रियै वा आ प्रयोगोमां ઉપર જણાવ્યા મુજબ ङे ને વિકલ્પથી दै આદેશ આ સૂત્રથી જ થયો છે. કહેવાની આવશ્યકતા નથી કે આ પૂર્વે જણાવ્યા મુજબ આ સૂત્રથી પણ इय् અને उव् ના સ્થાની (इय् અને उव् આદેશ જેને થાય છે - તે) એવા - 'स्त्री' ભિન્ન ईकारान्त અથવા ऊकारान्त નિત્ય સ્ત્રીલિંગ નામથી પરમાં રહેલા (તત્સમ્બન્ધી જ નહિ) સ્યાદિ પ્રત્યય સમ્બન્ધી ङित् પ્રત્યયને વિકલ્પથી दै વગેરે આદેશ અનુક્રમે થાય છે. અર્થક્રમશઃ– શોભા માટે. શોભાથી. શોભાનું. શોભામાં. શોભાને જીતવાવાલી પુરુષ અથવા સ્ત્રી માટે. ભ્રૂકુટી માટે. ભ્રૂકુટીથી. ભ્રૂકુટીનું. ભ્રૂકુટીમાં. મોટી ભ્રૂકુટીવાલા પુરુષ અથવા સ્ત્રી માટે. इयुव इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इय् અને उव् ના સ્થાનીભૂત જ સ્ત્રી ભિન્ન ईकारान्त અથવા ऊकारान्त નિત્ય સ્ત્રીલિંગ નામથી પરમાં રહેલા સ્યાદિ પ્રત્યય સંબન્ધી ङे વગેરે ને વિકલ્પથી दै .... વગેરે આદેશ અનુક્રમે થાય છે. તેથી आधी+ङे આ અવસ્થામાં 'क्विब्वृत्ते० ૨-૧-૫૮' થી ई ને य् આદેશ. 'स्त्रीदूतः' ૧-૪-૨૯' થી ङे ને दै આદેશ થવાથી आध्यै આવો પ્રયોગ થાય છે. અહીં સ્ત્રીભિન્ન નિત્યસ્ત્રીલિંગ आधी નો ई, इय् નો સ્થાની ન હોવાથી તેનાથી પરમાં રહેલા ङे ને આ સૂત્રથી વિકલ્પથી दै આદેશ થતો નથી. અન્યથા 'आध्ये' આવો અનિષ્ટ પ્રયોગ પણ થાત - એ સમજી શકાય છે. अस्त्रिया इति किम्? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इय् અને उव् ના સ્થાની સ્ત્રી ભિન્ન જ ईकारान्त કે ऊकारान्त નામથી પરમાં રહેલા સ્યાદિ પ્રત્યય સમ્બન્ધી ङित् પ્રત્યયને અનુક્રમે વિકલ્પથી दै दास् दास् અને दाम् આદેશ થાય છે. તેથી स्त्री+ङे આ અવસ્થામાં 'स्त्रीदूतः ૧-૪-૨૯' થી ङे ને दै આદેશ. 'स्त्रियाः ૨-૧-૫૪' થી ई ને इय् આદેશ થવાથી स्त्रियै આવો પ્રયોગ થાય છે. અહીં इय् નો સ્થાની હોવા છતાં આ સૂત્રથી ङे ને વિકલ્પથી दै આદેશ થતો નથી, અન્યથા स्त्रिये આવો અનિષ્ટ પ્રયોગ પણ થાત. અર્થક્રમશઃ - સારું ધ્યાન કરનારી સ્ત્રી માટે. સ્ત્રી માટે ॥૩૦॥

## आमो नाम् वा १।४।३१॥

સ્ત્રી શબ્દને છોડીને અન્ય જે ईकारान्त અને ऊकारान्त નામના અન્ત્ય ई અને ऊ ને અનુક્રમે इय् અને उव् આદેશ થાય છે - તે નિત્યસ્ત્રીલિંગ इय् અને उव् ના સ્થાની ईकारान्त અને ऊकारान्त નામથી પરમાં રહેલા आम् ને नाम् આદેશ વિકલ્પથી થાય છે. श्री भ्रू अतिश्री અને अतिभ्रू નામને आम् પ્રત્યય. આ સૂત્રથી आम् ને नाम् આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'श्रीणाम्', 'भ्रूणाम्', 'अतिश्रीणाम्' અને 'अतिभ्रूणाम्' नृणां स्त्रीणां वा, આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आम् ને नाम् આદેશ ન થાય ત્યારે 'संयोगात् २-१-५२' થી ई ને इय् આદેશ અને 'भ्रूश्नोः २-१-५३' થી ऊ ને उव् આદેશ થવાથી 'श्रियाम्', 'भ्रुवाम्', 'अतिश्रियाम्' અને 'अतिभ्रुवाम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- શોભાનું. ભ્રૂકુટીનું. શોભાને જીતનારા પુરુષ અથવા સ્ત્રીઓનું. મોટી ભ્રૂકુટીવાલા પુરુષ અથવા સ્ત્રીઓનું . इयुव इत्येव - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્ત્રી ભિન્ન इय् અને उव् ના સ્થાનીભૂત જ ईकारान्त અથવા ऊकारान्त નિત્ય સ્ત્રીલિંગ નામથી પરમાં રહેલા आम् (ષ.બ.વ.) પ્રત્યયને વિકલ્પથી नाम् આદેશ થાય છે. તેથી प्रधी+आम् અહીં 'ह्रस्वापश्च १-४-३२' થી आम् ને નિત્ય नाम् આદેશ થવાથી 'प्रधीनाम्' આવો પ્રયોગ થાય છે. કારણ કે प्रधी નો ई, 'क्विब्० २-१-५८ થી य् નો સ્થાની છે. इय् નો સ્થાની નથી. તેથી આ સૂત્રથી आम् ને नाम् આદેશ વિકલ્પથી થતો નથી. અર્થ - સારું ધ્યાન ધરનારીઓનું ॥૩૧॥

## ह्रस्वाऽऽपश्च १।४।३२॥

ह्रस्व સ્વરાન્ત, आप् (आ) પ્રત્યયાન્ત તથા સ્ત્રીલિંગ ईकारान्त અને ऊकारान्त નામથી પરમાં રહેલા आम् (ષ.બ.વ.) ને नाम् આદેશ

થાય છે. देव+आम्, माला+आम्, स्त्री+आम् અને वधू+आम् આ અવસ્થામાં आम् ને नाम् આદેશ. 'दीर्घो नाम्य० १-४-४७' થી देव ના अ ને દીર્ઘ आ આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી स्त्री નામથી પરમાં રહેલા नाम् ના न् ને ण् આદેશ થવાથી 'देवानाम्', 'मालानाम्', 'स्त्रीणाम्' અને 'वधूनाम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - દેવોનું. માળાઓનું. સ્ત્રીઓનું. વધૂઓનું ॥૩૨॥

## सङ्ख्यानां र्ष्णाम् १।४।३३॥

र्, ष् અને न् અન્તમાં છે જેનાં - એવાં સઙ્ખ્યાવાચક નામથી પરમાં રહેલા आम् ને नाम् આદેશ થાય છે. चतुर्+आम्, षष्+आम्, पञ्चन्+आम् અને अष्टन्+आम् આ અવસ્થામાં આ સૂત્રથી आम् ને नाम् આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી र् થી પરમાં રહેલા न् ને ण् આદેશ. તે ण् ને 'र्हादर्ह० १-३-३१' થી દ્વિત્વ થવાથી 'चतुर्ण्णाम्' આવો પ્રયોગ થાય છે. षष्+नाम् આ અવસ્થામાં ष् ને 'धुटस्तृतीयः' २-१-७६' થી ड् આદેશ. ड् ના યોગમાં 'तवर्गस्य० १-३-६०' થી न् ને ण् આદેશ. 'प्रत्यये च १-३-२' થી ड् ને ण् આદેશ થવાથી 'षण्णाम्' આવો પ્રયોગ થાય છે. पञ्चन्+नाम् અને अष्टन्+नाम् આ અવસ્થામાં 'नाम्नो नो० २-१-९१' થી न् નો લોપ. 'दीर्घो नाम्य० १-४-४७' થી नाम् ની પૂર્વેના अ ને દીર્ઘ 'आ' આદેશ થવાથી 'पञ्चानाम्' અને 'अष्टानाम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ચારનું. છનું. પાંચનું. આઠનું. ॥૩૩॥

## त्रेस्त्रयः १।४।३४॥

आम् પ્રત્યય સમ્બન્ધી त्रि ને त्रय આદેશ થાય છે. त्रि+आम् અને परमत्रि+आम् આ અવસ્થામાં આ સૂત્રથી त्रि ને त्रय આદેશ. 'ह्रस्वापश्च १-४-३२' થી आम् ને नाम् આદેશ. 'दीर्घो नाम्य० १-

૪-૪૭' થી त्रय ના અન્ત્ય 'अ' ને દીર્ઘ 'आ' આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् આદેશ થવાથી त्रयाणाम् અને परमत्रयाणाम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ત્રણનું. શ્રેષ્ઠ ત્રણનું. અહીં યાદ રાખવું જોઈએ કે आम् પ્રત્યય સમ્બન્ધી જ त्रि ને આ સૂત્રથી त्रय આદેશ થાય છે. તેથી त्रीन् अतिक्रान्तानामिति अतित्रीणाम् અહીં आम् પ્રત્યય अतित्रि સમ્બન્ધી હોવાથી त्रि ને त्रय આદેશ થતો નથી. ॥૩૪॥

## एदोद्भ्यां ङसिङसो रः १।४।३५॥

ए અને ओ થી પરમાં રહેલા ङसि અને ङस् ને र् આદેશ થાય છે. मुनि धेनु गो અને द्यो ને ङसि અને ङस् પ્રત્યય. 'ङित्यदिति १-४-२३' થી અન્ત્ય इ ને ए આદેશ તથા અન્ત્ય उ ને ओ આદેશ. આ સૂત્રથી ङसि અને ङस् ને 'र्' આદેશ. र् ને 'रः पदान्ते० ૧-૩-૫૩' થી વિસર્ગ થવાથી मुनेः मुनेः, धेनोः धेनोः, गोः गोः અને द्योः द्योः, આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મુનિથી. મુનિનું. ગાયથી. ગાયનું. બળદથી. બળદનું. સ્વર્ગથી. સ્વર્ગનું. સૂત્રમાં ङसिङसः અને एदोद्भ्यां આ પ્રમાણે એકવચન અને દ્વિવચનનો જે પાઠ છે, તે યથાસઙ્ખ્ય (અનુક્રમે) અર્થ ન કરવા માટે છે. તેથી 'ए થી પરમાં રહેલા ङसि ને અને ओ થી પરમાં રહેલા ङस् ને र् આદેશ થાય છે' આવો સૂત્રાર્થ થતો નથી. અન્યથા વચનભેદ કર્યો ન હોત તો તાદૃશ સૂત્રાર્થ થાત. જે અનિષ્ટ છે - એ સમજી શકાય છે. ॥૩૫॥

## खि-ति-खी-तीय उर् १।४।३६॥

खि ति खी અને ती સમ્બન્ધી य् થી પરમાં રહેલા ङसि અને ङस् ને 'उर्' આદેશ થાય છે. सखि पति सखी અને पती નામને ङसि અને ङस् પ્રત્યય. 'इवर्णादि० ૧-૨-૨૧' થી इ ને य् આદેશ, તેમજ ई ને 'योऽनेकस्वरस्य २-१-५६' થી य् આદેશ. આ સૂત્રથી ङसि અને

ङस् ने उर् આદેશ. र् ने 'रः पदान्ते० १-३-५३' थी વિસર્ગ થવાથી सख्युः सख्युः; पत्युः पत्युः, सख्युः सख्युः અને पत्युः पत्युः આવો પ્રયોગ થાય છે. सखायमिच्छति અને पतिमिच्छति આ અર્થમાં નિષ્પન્ન सखीं અને पती નામની પ્રક્રિયા માટે સૂ.નં.૧-૪-૨૬ જુઓ. અર્થક્રમશઃ- મિત્રથી. મિત્રનું. પતિથી. પતિનું. મિત્રને ઈચ્છનારથી. મિત્રને ઈચ્છનારનું. પતિને ઈચ્છનારથી. પતિને ઈચ્છનારનું. य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ खि ति खी અને ती સમ્બન્ધી य् થી જ પરમાં રહેલા (વર્ણમાત્રથી પરમાં રહેલા નહિ) ङसि અને ङस् ને उर् આદેશ થાય છે. તેથી अतिसखि અને अधिपति નામને ङसि પ્રત્યય. 'ङित्यदिति १-४-२३' थी इ ने 'ए' આદેશ. 'एदोद्० १-४-३५' थी ङसि ने र् આદેશ વગેરે કાર્ય થવાથી अतिसखेः અને अधिपतेः આવો પ્રયોગ થાય છે. અહીં खि ति खी અને ती સમ્બન્ધી य् થી પરમાં ङसि ન હોવાથી (ए થી પરમાં હોવાથી) ङसि ને આ સૂત્રથી उर् આદેશ થતો નથી. અર્થક્રમશઃ- મિત્રને જીતવાવાલાથી. પતિને જીતવાવાલાથી. ॥३६॥

## ऋतो डुर् १।४।३७॥

ऋ થી પરમાં રહેલા ङसि અને ङस् ने डुर् (उर्) આદેશ થાય છે. पितृ નામને ङसि અને ङस् પ્રત્યય. આ સૂત્રથી ङसि અને ङस् ને डुर् (उर्) આદેશ. 'डित्यन्त्य० २-१-११४' થી ऋ નો લોપ. र् ને 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ થવાથી 'पितुः' અને 'पितुः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પિતાથી. પિતાનું. ॥३७॥

## तृ-स्वसृ-नप्तृ-नेष्टृ-त्वष्टृ-क्षत्तृ-होतृ-पोतृ-प्रशास्त्रो घुट्यार् १।४।३८॥

तृच् અથવા तृन् પ્રત્યયાન્ત નામના, તેમજ स्वसृ नप्तृ नेष्टृ

त्वष्टृ क्षत्तृ होतृ पोतृ અને प्रशास्तृ નામના 'ऋ ને તેની પરમાં घुट् પ્રત્યય હોય તો आर् આદેશ થાય છે. 'कर्तृ' નામને अम् औ औ અને जस् પ્રત્યય. 'पुंस्त्रियोः० ૧-૧-૨૯' થી अम् વગેરેને 'घुट्' સંજ્ઞા. આ સૂત્રથી ऋ ને आर् આદેશ..... ઈત્યાદિ કાર્ય થવાથી कर्त्तारम्, कर्त्तारौ, कर्त्तारौ, અને कर्त्तारः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે स्वसृ नप्तृ नेष्टृ त्वष्टृ क्षत्तृ होतृ पोतृ અને प्रशास्तृ નામને अम् પ્રત્યયાદિ કાર્ય થવાથી कर्त्तारम् ની જેમ स्वसारम्, नप्तारम्, नेष्टारम्, त्वष्टारम्, क्षत्तारम्, होतारम्, पोतारम् અને प्रशास्तारम्, આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કરનારને. બે કરનારા. બે કરનારાઓને. કરનારાઓ. બેનને. પુત્ર અથવા પુત્રીના પુત્રને. વ્યક્તિવિશેષને. સુથારને. દ્વારપાળને. ગોરને. પવિત્રકરનારને. શાસનકરનારને. घुटीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ घुट् પ્રત્યય જ પરમાં હોય તો तृच् અથવા तृन् પ્રત્યયાન્ત તથા स्वसृ વગેરે નામોના ऋ ને आर् આદેશ થાય છે. તેથી कर्त्तृ નામને નપુસંક લિંગમાં अम् પ્રત્યય. 'अनतो लुप्' ૧-૪-૫૯' થી अम् નો લોપ થવાથી कर्त्तृ कुलं पश्य આવો પ્રયોગ થાય છે. અહીં अम् પ્રત્યય घुट् ન હોવાથી તેની પૂર્વે રહેલા कर्त्तृ ના ऋ ને આ સૂત્રથી आर् આદેશ થતો નથી. અર્થ - કરનાર કુલને જો. અહીં સૂત્રમાં तृ પ્રત્યયાન્ત નામનાં ગ્રહણથી જ नप्तृ વગેરે નામોનું ગ્રહણ શક્ય હોવા છતાં સૂત્રોક્ત નામથી ભિન્ન उणादि भातृ વગેરે નામોનો વ્યવચ્છેદ કરવા नप्तृ વગેરેનું પૃથગ્ ગ્રહણ કર્યું છે - એ અધ્યાપક પાસેથી સમજી લેવું ॥૩૮॥

## अर्डौ च १।४।३९॥

ङि (इ) અને घुट् પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વેના ऋ ને अर् આદેશ થાય છે. नृ+ङि અને नृ+अम् આ અવસ્થામાં આ સૂત્રથી ऋ ને अर् આદેશાદિ કાર્ય થવાથી 'नरि' અને 'नरम्' આવો પ્રયોગ થાય છે. અર્થ- માણસમાં. માણસને. ॥૩૯॥

# मातुर्मातः पुत्रेऽर्हे सिनाऽऽमन्त्र्ये १।४।४०॥

પ્રશંસા અર્થ ગમ્યમાન હોય તો, પુત્રવાચક માતૃ શબ્દને સંબોધનમાં सि પ્રત્યયની સાથે 'मात' આવો આદેશ થાય છે. गार्गीमातृ (गार्गी माता यस्य तत्सम्बोधने)+सि આ અવસ્થામાં આ સૂત્રથી 'मातृ' શબ્દને सि પ્રત્યયની સાથે मात આદેશ થવાથી हे गार्गीमात! આવો પ્રયોગ થાય છે. અર્થ - હે ગાર્ગીના પુત્ર!. અહીં માતાનાં નામે પુત્રની પ્રશંસા કરાઈ છે. पुत्र इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રશંસા અર્થ ગમ્યમાન હોય તો સમ્બોધનમાં सिं પ્રત્યયની સાથે पुत्र વાચક જ मातृ નામને मात આદેશ થાય છે. તેથી मातृ+सि આ અવસ્થામાં 'ह्रस्वस्य गुणः १-४-४१' થી सि ની સાથે ऋ ને ગુણ अर् આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી र् ને વિસર્ગ થવાથી हे मातः! આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે गार्गीमातृका+सि (गार्गीमाता यस्यास्तत्सम्बोधने) અહીં 'एदापः१-४-४२' થી सि સાથે आ ને ए આદેશ થવાથી हे गार्गीमातृके वत्से! આવો પ્રયોગ થાય છે. અહીં બંન્ને સ્થળે मातृ શબ્દ पुत्र વાચક ન હોવાથી આ સૂત્રથી मातृ શબ્દને તદુત્તર सि ની સાથે मात આદેશ થતો નથી. गार्गीमातृका અહીં 'ऋन्नित्यदितः ७-३-१७१' થી कच् પ્રત્યય થયો છે. અર્થક્રમશઃ - હે માતા!. હે ગાર્ગી માતાની પુત્રી!. अर्ह इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રશંસા અર્થ ગમ્યમાન હોય તો જ પુત્ર વાચક मातृ નામને સમ્બોધનના सि પ્રત્યયની સાથે मात આદેશ થાય છે. તેથી अरे गार्गीमातृक! અહીં નિન્દા ગમ્યમાન હોવાથી, गार्गीमातृक+सि આ અવસ્થામાં सि નો 'अदेतः स्यमो र्लुक् १-४-४४' થી લોપ થયો છે. પરન્તુ मातृ શબ્દને सि ની સાથે આ સૂત્રથી मात આદેશ થતો નથી. અર્થ - અરે ગાર્ગીના પુત્ર! ॥૪૦॥

## ह्रस्वस्य गुणः १।४।४१॥

-હ્રસ્વ સ્વરાન્ત નામના અન્ત્ય સ્વરનો સમ્બોધનમાં सि પ્રત્યયની સાથે ગુણ થાય છે. पितृ+सि અને मुनि+सि આ અવસ્થામાં सि પ્રત્યયની સાથે ऋ અને मुनि ના इ ને ગુણ अर् અને ए આદેશાદિ કાર્ય થવાથી हे पितः! અને हे मुने! આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - હે પિતા!. હે મુનિ! ॥૪૧॥

## एदापः १।४।४२॥

आप् પ્રત્યયાન્ત નામના અન્ત્ય आ ને સમ્બોન્ધનમાં सि પ્રત્યયની સાથે 'ए' આદેશ થાય છે. माला અને बहुराजा નામને સમ્બોધનમાં सि પ્રત્યય. આ સૂત્રથી सि ની સાથે તેની પૂર્વેના आ ને ए આદેશ થવાથી हे माले! हे बहुराजे! આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - હે માલા!. હે ઘણા રાજાવાલી! ॥૪૨॥

## नित्यदिद् - द्विस्वराम्बार्थस्य ह्रस्वः १।४।४३॥

જે નામથી પરમાં રહેલા ङे, ङसि, ङस् અને ङि ને અનુક્રમે दै, दास्, दास्, અને दाम् આદેશ નિત્ય થાય છે - એવાં નામના તેમ જ બેસ્વરવાલા અમ્બા (માતૃ) થંક आप् પ્રત્યયાન્ત નામના અન્ત્ય સ્વરને; સમ્બોધનમાં सिપ્રત્યયની સાથે -હ્રસ્વ આદેશ થાય છે. स्त्री लक्ष्मी श्वश्रू અને वधू નામને સમ્બોધનમાં सि પ્રત્યય. આ સૂત્રથી सि ની સાથે તેની પૂર્વેના ई અને ऊ ને -હ્રસ્વ इ અને उ આદેશ થવાથી हे स्त्रि! हे लक्ष्मि! हे श्वश्रु! અને हे वधु!; આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે अम्बा અને अक्का આ દ્વિસ્વરામ્બાર્થક નામને સમ્બોધનમાં सि પ્રત્યય. આ સૂત્રથી सि ની સાથે आ ને अ આદેશ થવાથી हे अम्ब! અને हे अक्क! આવો પ્રયોગ થાય છે.

અર્થક્રમશઃ - હે સ્ત્રી!. હે લક્ષ્મી!. હે સાસુ!. હે વહુ!. હે માતા!. હે માતા!. नित्यदिदिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બે સ્વરવાલા અમ્બાર્થક आप् प्रत्ययान्त નામના અને नित्यदिद् જ નામના અન્ત્ય સ્વરને, સમ્બોધનમાં सि પ્રત્યયની સાથે -હ્સ્વ આદેશ થાય છે. તેથી हूहू+सि આ અવસ્થામાં; हूहू નામ नित्यदिद् ન હોવાથી सि પ્રત્યયની સાથે અન્ત્ય ऊ ને ऱ्हस्व उ આદેશ આ સૂત્રથી ન થવાથી 'सोरुः ૨-૧-૭૨' થી स् ને रु અને 'रः पदान्ते० ૧-૩-૫૩' થી र् ને વિસર્ગ થવાથી हे हूहूः! આવો પ્રયોગ થાય છે. અર્થ - હે ગન્ધર્વ ગણની સ્ત્રી!. द्विस्वरेति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नित्यदिद् નામના તેમજ आप् प्रत्ययान्त અમ્બાર્થક બે જ સ્વરવાલા નામના અન્ત્યસ્વરને સમ્બોધનમાં सि પ્રત્યયની સાથે -હ્સ્વ આદેશ થાય છે. તેથી अम्बाडा+सि આ અવસ્થામાં આ સૂત્રથી सि ની સાથે ત્રણ સ્વરવાલા अम्बाडा ના અન્ત્ય आ ને, -હ્સ્વ આદેશ ન થવાથી 'एदापः' ૧-૪-૪૨' થી ए આદેશ થવાથી हे अम्बाडे! આવો પ્રયોગ થાય છે. અર્થ- હે માતા! आप इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नित्यदिद् નામના તેમજ द्विस्वराम्बार्थक आप् प्रत्ययान्त જ નામના અન્ત્ય સ્વરને, સમ્બોધનમાં सि પ્રત્યયની સાથે -હ્સ્વ આદેશ થાય છે. તેથી मातृ+सि આ અવસ્થામાં द्विस्वराम्बार्थक मातृ શબ્દ आप् प्रत्ययान्त ન હોવાથી આ સૂત્રથી सि ની સાથે ऋ ને, ऱ्हस्व (ऋ) આદેશ ન થવાથી '-ह्स्वस्य गुणः૧-૪-૪૧' થી ગુણ 'अर्' આદેશ થવાથી हे मातः! આવો પ્રયોગ થાય છે. અર્થ - હે માતા!.॥૪૩॥

## अदेतः स्यमो र्लुक् १।४।४४॥

अकारान्त અને एकारान्त નામથી પરમાં રહેલા સંબોધનના सि અને अम् પ્રત્યયનો લોપ થાય છે. देव+सि, उपकुम्भ+सि અને अतिहे+सि આ અવસ્થામાં उपकुम्भ થી પરમાંના सि પ્રત્યયને 'अमव्ययीभाव० ૩-

૨-૨' થી 'अम्' આદેશ. આ સૂત્રથી सि અને अम् નો લોપ થવાથી हे देव!, हे उपकुम्भ! અને हे अतिहे! આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- હે દેવ!. હે કુંભનજીકની વ્યક્તિ!. હે અતિહે! (વ્યકિતવિશેષ.).॥૪૪॥

**दीर्घङ्याब्व्यञ्जनात् सेः १।४।४५॥**

દીર્ઘ ङी અને आप् પ્રત્યયાન્ત અને વ્યઞ્જનાન્ત નામથી પરમાં રહેલા सि પ્રત્યયનો લોપ થાય છે. नदी+सि, माला+सि અને राजन्+सि આ અવસ્થામાં 'नि दीर्घः ૧-૪-૮૫' થી राजन् ના अ ને દીર્ઘ आ આદેશ. આ સૂત્રથી सि નો લોપ. 'नाम्नो नो० ૨-૧-૯૧' થી राजन् ના न् નો લોપ થવાથી 'नदी', 'माला' અને 'राजा' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નદી. માળા. રાજા. दीर्घेति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દીર્ઘ જ ङी અને आप् પ્રત્યયાન્ત નામથી પરમાં રહેલા सि નો લોપ થાય છે. તેથી निर्गतः कौशाम्ब्याः આ વિગ્રહમાં અને खट्वामतिक्रान्तः આ વિગ્રહમાં निष्कौशाम्बी અને अतिखट्वा ના ङी (ई) અને आप् (आ) ને 'गोश्चान्ते० ૨-૪-૯૬' થી -હ્રસ્વ इ અને अ આદેશાદિ કાર્યથી નિષ્પન્ન निष्कौशाम्बि અને अतिखट्व નામને सि પ્રત્યય ... ઈત્યાદિ કાર્ય થવાથી 'निष्कौशाम्बिः' અને अतिखट्वः આવો પ્રયોગ થાય છે. અહીં ङी અને आप् દીર્ઘ ન હોવાથી તદન્તનામથી પરમાં રહેલા सि પ્રત્યયનો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થક્રમશઃ– કૌશામ્બીથી નીકળેલો. ખાટલાવિના સૂવાવાળો. ॥૪૫॥

**समानादमोऽतः १।४।४६॥**

સમાન સ્વરથી પરમાં રહેલા अम् ના अ નો લોપ થાય છે. देव माला मुनि नदी साधु અને वधू નામને अम् પ્રત્યય. આ સૂત્રથી अम् ના अ નો લોપ થવાથી देवम्, मालाम्, मुनिम् ,नदीम् , साधुम् અને वधूम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - દેવને. માળાને. મુનિને.

નદીને. સાધુને. વધૂને. ॥૪૬॥

## दीर्घो नाम्यतिसृ-चतसृ-षृः १।४।४७॥

ष् અને र् અન્તવાલા નામો તેમજ तिसृ અને चतसृ નામને છોડીને અન્ય નામોના समान સ્વરને, તેની પરમાં नाम् પ્રત્યય હોય તો દીર્ઘ થાય છે. वन मुनि साधु અને पितृ નામને आम् પ્રત્યય. 'ह्रस्वापश्च १-४-३२' થી आम् ને नाम् આદેશ. આ સૂત્રથી नाम् ની પૂર્વેના अ इ उ અને ऋ ને દીર્ઘ आ ई ऊ અને ॠ આદેશ. पितृ થી પરમાં રહેલા नाम् ના न् ને 'रषृवर्णा० २-३-६३' થી ण् આદેશ થવાથી वनानाम् मुनीनाम्, साधूनाम् અને पितॄणाम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વનોનું. મુનિઓનું. સાધુઓનું. પિતાઓનું. अतिसृ -चतसृ-षृ इति किम्? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नाम् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેનો समान સ્વર દીર્ઘ થાય છે. પરન્તુ तिसृ चतसृ તથા ष् અને र् અન્તવાલા નામોનો સમાન સ્વર દીર્ઘ થતો નથી. તેથી त्रि અને चतुर् નામને સ્ત્રીલિંગમાં 'आम्' પ્રત્યય. 'त्रिचतुर० २-१-१' થી त्रि ને तिसृ આદેશ. चतुर् ને चतसृ આદેશ. 'ह्रस्वापश्च १-४-३२' થી आम् ને नाम् આદેશ. ઉપર જણાવ્યા મુજબ नाम् ના न् ને ण् આદેશ થવાથી; तिसृणाम् અને चतसृणाम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– ત્રણ (स्त्री) નું. ચાર (स्त्री) નું. આવી જ રીતે षष्+आम् અને चतुर्+आम् આ અવસ્થામાં 'सङ्ख्यानां० १-४-३३' થી એ સૂત્રમાં જણાવ્યા મુજબ आम् ને नाम् આદેશાદિ કાર્ય થવાથી 'षण्णाम्' અને 'चतुर्णाम्' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - છનું. ચારનું. અહીં વિચારવું જોઈએ કે, षण्णाम् અને चतुर्णाम् અહીં समान સ્વર अ તથા उ અને नाम् પ્રત્યય એ બેની વચ્ચે ष् અને र् નું વ્યવધાન હોવાથી વસ્તુતઃ समान સ્વરને દીર્ઘ થવાનો પ્રસંગ જ નથી. તેથી તેવા પ્રસંગનાં નિવારણ માટે સૂત્રમાં षान्त અને रान्त નામનું વર્જન આવશ્યક નથી. પરન્તુ આ સૂત્રમાં षान्त અને रान्त નામનું અનાવશ્યક લાગતું જે

વર્જન કર્યું છે - તે "સમાન સ્વર અને નામની વચ્ચે न् નું વ્યવધાન હોય તો પણ સમાન સ્વરને દીર્ઘ આદેશ થાય છે." આ અર્થને જણાવે છે. જેથી पञ्चानाम् અને सप्तानाम् આવો પ્રયોગ થાય છે. અન્યથા એ પ્રયોગો न् ના વ્યવધાનના કારણે થાત નહિ ... એ સમજી શકાય છે. ॥૪૭॥

## नुर्वा १।४।४८॥

नृ નામના સમાન સ્વરને, તેની પરમાં नाम् પ્રત્યય હોય તો વિકલ્પથી દીર્ઘ થાય છે. नृ+आम् આ અવસ્થામાં 'ह्रस्वापश्च १-४-३२' થી आम् ને नाम् આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી नाम् ના न् ને ण् આદેશ.. આ સૂત્રથી ऋ ને દીર્ઘ ॠ આદેશ થવાથી 'नॄणाम्' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ऋ ને દીર્ઘ ॠ આદેશ ન થાય તો 'नृणाम्' આવો પ્રયોગ થાય છે. અર્થ - મનુષ્યોનું.॥૪૮॥

## शसोऽता सश्च नः पुंसि १।४।४९॥

शस् પ્રત્યયના 'अ' ની સાથે તેની પૂર્વેના સમાન સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેમ જ તે વખતે પુલ્લિંગમાં शस् પ્રત્યયના स् ને न् આદેશ થાય છે. देव मुनि वातप्रमी साधु हूहू અને पितृ નામને शस् પ્રત્યય. शस् પ્રત્યયના अ ની સાથે તેની પૂર્વેના સમાન સ્વર अ इ ई उ ऊ અને ऋ ને અનુક્રમે આ સૂત્રથી દીર્ઘ आ, ई, ई, ऊ, ऊ અને ॠ આદેશ. તેમજ शस् ના स् ને न् આદેશ થવાથી देवान्, मुनीन्, वातप्रमीन्, साधून्, हूहून् અને पितॄन् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - દેવોને. મુનિઓને. મૃગોને. સાધુઓને. ગન્ધર્વોને. પિતાઓને. पुंसीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शस् પ્રત્યયના अ ની સાથે તેની પૂર્વેના સમાન સ્વરને દીર્ઘ

આદેશ થાય છે. ત્યારે પુલ્લિંગમાં જ शस् ના स् ને न् આદેશ થાય છે. તેથી शाला+शस् (अस्) અહીં સ્ત્રીલિંગમાં शस् ના अ ની સાથે તેની પૂર્વેના समान સ્વર आ ને આ સૂત્રથી દીર્ઘ आ આદેશ થાય છે. પરન્તુ शस् ના स् ને न् આદેશ થતો નથી. તેથી 'सोरुः २-१-७२' થી स् ને रु આદેશ તથા र् ને 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ થવાથી शालाः આવો પ્રયોગ થાય છે. અર્થ - શાળાઓને ॥૪૯॥

## सङ्ख्या - साय - वेरह्नस्याऽहन् ङौ वा १।४।५०॥

सङ्ख्या વાચક શબ્દ, साय અને वि શબ્દથી પરમાં રહેલા अह्न શબ્દને, તેની પરમાં ङि (સ.એ.વ.) પ્રત્યય હોય તો વિકલ્પથી 'अहन्' આદેશ થાય છે. द्वयोरह्नोर्भवः આ અર્થમાં 'सङ्ख्यासमाहारे० ३-१-९९' થી દ્વિગુ સમાસમાં द्वयहन् શબ્દ બને છે. તેને 'भवे ६-३-१२३' થી अण् પ્રત્યય. 'सर्वांश० ७-३-११८' થી अण् ની પૂર્વે સમાસાન્ત अट् (अ) પ્રત્યય; તેમજ अहन् શબ્દને अह्न આદેશ.'अवर्णेवर्णस्य ७-४-६८' થી अह्न ના અન્ત્ય अ નો લોપ. 'द्विगोरनपत्ये० ६-१-२४' થી अण् નો લોપ કરીને 'द्वयह्न' શબ્દ બને છે. આવીજ રીતે अह्नः सायम् આ વિગ્રહમાં 'अंशीतत्पुरुष' સમાસ. विगतमहः આ વિગ્રહમાં 'कर्मधारय' સમાસ. બંન્ને સ્થાને ઉપર જણાવ્યા મુજબ સમાસાન્ત अट् પ્રત્યયાદિ કાર્ય થવાથી અને પ્રકૃત સૂત્રમાં साय આ પ્રમાણે પાઠ હોવાથી सायम् ના म् નો લોપ થવાથી सायाह्न અને व्यह्न શબ્દો બને છે. द्वयह्न सायाह्न અને व्यह्न નામને ङि પ્રત્યય. આ સૂત્રથી अह्न ને अहन् આદેશ થવાથી द्वयहनि; सायाहनि અને व्यहनि આવો પ્રયોગ થાય છે. अहन् ના ઉપાન્ત્ય अ નો 'ईङौ वा २-१-१०९' થી લોપ કરીએ તો द्वयह्नि; सायाह्नि અને व्यह्नि આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अह्न ને अहन् આદેશ ન થાય તો अह्न ના અન્ત્ય अ ને इ ની સાથે 'अवर्णस्ये० १-२-६' થી ए આદેશ થવાથી द्वयह्ने सायाह्ने અને व्यह्ने આવો પ્રયોગ થાય છે.

અર્થક્રમશઃ - બે દિવસ રહેનારમાં. દિવસના છેલ્લા ભાગમાં. ગયેલા દિવસમાં. ॥૫૦॥

## निय आम् १।४।५१॥

ની નામથી પરમાં રહેલા ङि પ્રત્યયને आम् આદેશ થાય છે. ની+ङि અને ग्रामणी+ङि આ અવસ્થામાં આ સૂત્રથી ङि ને आम् આદેશ. 'धातोरिवर्णो० ૨-૧-૫૦' થી ની ના ई ને इय् આદેશ. ग्रामणी ના ई ને 'क्विब्वृत्ते० ૨-૧-૫૮' થી य् આદેશ થવાથી नियाम् અને ग्रामण्याम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - લઈ જનારમાં. ગામના નાયકમાં. ॥૫૧॥

## वाष्टन आः स्यादौ १।४।५२॥

स्यादि પ્રત્યય પરમાં હોય તો अष्टन् શબ્દના અન્ત્ય न् ને વિકલ્પથી 'आ' આદેશ થાય છે. अष्टन्+भिस् આ અવસ્થામાં अष्टन ના न् ને आ આદેશ. 'आ' ની સાથે તેની પૂર્વેના अ ને 'समानानां० १-२-१' થી 'आ' આદેશ .... ઈત્યાદિ કાર્ય થવાથી 'अष्टाभिः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अष्टन् ના न् ને 'आ' આદેશ ન થાય ત્યારે 'नाम्नो नो०. ૨-૧-૯૧' થી न् નો લોપ થવાથી 'अष्टभिः' આવો પ્રયોગ થાય છે. અર્થ - આઠથી. प्रियाष्टन् નામને सि પ્રત્યય. આ સૂત્રથી न् ને आ આદેશ. 'आ' ની સાથે પૂર્વેના 'अ' ને દીર્ઘ आ આદેશ. 'सोरुः ૨-૧-૭૨' થી स् ને रु આદેશ. 'रः पदान्ते० ૧-૩-૫૩' થી र् ને વિસર્ગ થવાથી प्रियाष्टाः આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી न् ને आ આદેશ ન થાય ત્યારે 'नि दीर्घ ૧-૪-૮૫' થી न् ની પૂર્વેના अ ને દીર્ઘ 'आ' આદેશ. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. અને 'नाम्नो नो० ૨-૧-૯૧' થી न् નો લોપ થવાથી 'प्रियाष्टा' આવો પ્રયોગ થાય છે. અર્થ- પ્રિ

આઠવાલા.॥૫૨॥

## अष्ट औ र्जस्-शसोः १।४।५३॥

अष्टन् શબ્દના न् ને आ આદેશ થયો હોય ત્યારે તત્સમ્બન્ધી जस् અને शस् પ્રત્યયને औ આદેશ થાય છે. अष्टन् નામને जस् અને शस् પ્રત્યય. 'वाष्टन आः स्यादौ १-४-५२' થી अष्टन् ના न् ને 'आ' આદેશ. આ સૂત્રથી जस् અને शस् ને औ આદેશ. औ ની સાથે તેની પૂર્વેના आ ને 'ऐदौत्० १-२-१२' થી औ આદેશ થવાથી 'अष्टौ' અને 'अष्टौ', આવો પ્રયોગ થાય છે. (વિકલ્પ પક્ષમાં आ આદેશ ન થાય તો ઉત્તર સૂત્રથી (૧-૪-૫૪) जस् અને शस् નો લોપ થવાથી अष्ट આવો પ્રયોગ થાય છે. જુઓ સૂ.નં. ૧-૪-૫૪ માં पञ्च पञ्च) અર્થક્રમશઃ - આઠ. આઠને. ॥૫૩॥

## डतिष्णः सङ्ख्याया लुप् १।४।५४॥

डति પ્રત્યયાન્ત નામ, તેમજ ष् અને न् અન્તવાલા સઙ્ખ્યાવાચક નામ સમ્બન્ધી जस् અને शस् પ્રત્યયનો લોપ થાય છે. कति षष् અને पञ्चन् નામને जस् અને शस् પ્રત્યય. આ સૂત્રથી जस् અને शस् નો લોપ. 'धुटस्तृतीयः २-१-७६' થી ष् ને ड् આદેશ. 'विरामे वा १-३-५१' થી ड् ને ट् આદેશ. पञ्चन् ના न् નો 'नाम्नो नो० २-१-९१' થી લોપ થવાથી कति, कति, षट्, षट्; पञ्च, पञ्च, આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કેટલા. કેટલાને. છ. છને. પાંચ. પાંચને. ॥૫૪॥

## नपुंसकस्य शिः १।४।५५॥

નપુંસક સમ્બન્ધી जस् અને शस् પ્રત્યયને शि (इ) આદેશ થાય છે. कुण्ड અને पयस् નામને जस् અને शस् પ્રત્યય. जस् અને शस्

પ્રત્યયને આ સૂત્રથી शि આદેશ. कुण्ड નામના અન્તમાં 'स्वराच्छौ ૧-૪-૬૫' થી न् નો આગમ. पयस् નામના स् ની પૂર્વે 'धुटां प्राक् ૧-૪-૬૬' થી न् નો આગમ. 'नि दीर्घः ૧-૪-૮૫' થી कुण्ड ના अ ને દીર્ઘ आ આદેશ. 'न्समहतोः ૧-૪-૮૬' થી पयस् ના य् ની પરમાં રહેલા अ ને દીર્ઘ आ આદેશ. पयान्स्+इ આ અવસ્થામાં 'शिड्ढेऽनुस्वारः ૧-૩-૪૦' થી न् ને અનુસ્વાર થવાથી 'कुण्डानि' અને पयांसि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કુણ્ડો. કુણ્ડોને. દૂધ. દૂધને.॥૫૫॥

## औरीः ૧।૪।૫૬॥

નપુંસક સમ્બન્ધી औ પ્રત્યયને ई આદેશ થાય છે. कुण्ड અને पयस् નામને પ્રથમા અને દ્વિતીયા વિભક્તિના દ્વિવચનનો औ પ્રત્યય. આ સૂત્રથી औ ને 'ई' આદેશ..ई ની સાથે તેની પૂર્વેના 'अ' ને 'अवर्णस्ये० ૧-૨-૬' થી 'ए' આદેશ થવાથી 'कुण्डे' અને 'पयसी' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - બે કુણ્ડી. બે કુણ્ડોને. બે દૂધ. બે દૂધને. ॥૫૬॥

## अतः स्यमोऽम् ૧।૪।૫૭॥

अकारान्त નપુંસક નામ સમ્બન્ધી सि અને अम् પ્રત્યયને 'अम्' આદેશ થાય છે. कुण्ड નામને सि અને अम् પ્રત્યય. આ સૂત્રથી सि અને अम् પ્રત્યયને 'अम्' આદેશ. 'समानादमोऽतः ૧-૪-૪૬' થી अम् ના अ નો લોપ થવાથી कुण्डम् આવો પ્રયોગ થાય છે. कुण्ड નામને સમ્બોધનમાં सि પ્રત્યય. सि ને આ સૂત્રથી 'अम्' આદેશ. 'अदेतः स्य० ૧-૪-૪૪' થી अम् નો લોપ થવાથી हे कुण्ड! આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - કુણ્ડ. કુણ્ડને. હે કુણ્ડ!. અહીં ઉપર જણાવ્યા મુજબ अम् ના अ નો અથવા તો अम् નો લોપ થવાનો જ હોવાથી

अम् ના સ્થાને म् આદેશનું વિધાન ન કરતાં 'अम्' નું વિધાન યદ્યપિ નિરર્થક જણાય છે. પરન્તુ अम् નું વિધાન अतिजरसं कुलम् આ પ્રયોગની અનુપપત્તિ ન થાય એ માટે છે - એ અધ્યાપક પાસેથી સમજી લેવું ॥૫૭॥

### पञ्चतोऽन्यादेरनेकतरस्य दः १।४।५८॥

एकतर નામને છોડીને, अन्य अन्यतर इतर डतरप्रत्ययान्त અને डतमप्रत्ययान्त નામ આ अन्यादि પાંચ નપુંસક નામ સમ્બન્ધી सि અને अम् પ્રત્યયને 'द्' આદેશ થાય છે. अन्य अन्यतर इतर कतर અને कतम નામને નપુંસક માં सि અને अम् પ્રત્યય. આ સૂત્રથી सि અને अम् ને द् આદેશ. द् ને 'विरामे वा १-३-५१' થી त् આદેશ થવાથી अन्यत्; अन्यतरत्; इतरत्; कत्तरत् અને कतमत्; આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - બીજું. બીજાને. બેમાંથી કોઈ. બેમાંથી કોઈને. બીજું. બીજાને. બેમાંથી કોણ. બેમાંથી કોને. આ બધામાં કોણ. આ બધામાં કોને. अनेकतरस्यैति किम्?=આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ एकतर નામથી ભિન્ન જ अन्य વગેરે પાંચ નપુંસક નામો સમ્બન્ધી सि અને अम् પ્રત્યયને द् આદેશ થાય છે. તેથી एकतर નામને सि અને अम् પ્રત્યયાદિ કાર્ય થવાથી कुण्डम् ની જેમ एकतरम् આવો પ્રયોગ થાય છે. (જુઓ સૂ.નં.૧-૪-૫૭) અર્થ– બેમાંથી એક. બેમાંથી એકને.॥૫૮॥

### अनतो लुप् १।४।५९॥

अकारान्त નામને છોડીને અન્ય નપુંસક નામસમ્બન્ધી सि અને अम् પ્રત્યયનો લુપ્ (લોપ) થાય છે. कर्तृ અને पयस् નામને सि અને अम् પ્રત્યય. આ સૂત્રથી सि અને अम् નો લોપ. 'सोरुः २-१-७२' થી स् ને रु આદેશ. रु ના र् ને 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ થવાથી 'कर्तृ' અને 'पयः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કર્તા.

કર્ત્તાને. દૂધ. દૂધને. અહીં ભણાવનાર પાસેથી એ સમજી લેવું જોઈએ કે - આ સૂત્રમાં लुप् ના સ્થાને लुक् આ પ્રમાણે પાઠ નથી કર્યો -તે આ સૂત્રથી जस् અને शस् નો लुप् થયા પછી તે પ્રત્યયો છે એમ માનીને કોઈ કાર્ય ન કરવા માટે છે. અર્થાદ્ 'लुप्यय्वृल्लेनत् ૭-૪-૧૧૨' થી સ્થાનિવદ્ભાવનો નિષેધ કરવા માટે છે. તેથી यद् વગેરે સ્થળે जस् અને शस् નો આ સૂત્રથી લોપ થયા પછી લુપ્ત जस् અથવા शस् ને માનીને 'आद्वेरः ૨-૧-૪૧' થી 'द्' ને आ આદેશ થતો નથી. અન્યથા लुप् ના સ્થાને लुक् નો પાઠ કર્યો હોત તો ઉપર જણાવ્યા મુજબ સ્થાનિવદ્ભાવનો નિષેધ થાત નહિ અને તેથી यद् ઈત્યાદિ સ્થળે द् ને 'आ' આદેશ થાત.॥૫૯॥

## जरसो वा १।४।६०॥

जरस् અન્તવાલા નપુંસક નામ સમ્બન્ધી सि અને अम् નો વિકલ્પથી લોપ થાય છે. अतिजर નામને सि અને अम् પ્રત્યય. 'अतः स्यमोऽम् १-४-५७' થી सि અને अम् ને 'अम्' આદેશ. जर ને 'जराया० २-१-३' થી जरस् આદેશ. આ સૂત્રથી सि અને अम् (अम्) નો લોપ. जरस् ના स् ને 'सोरुः २-१-७२' થી रु આદેશ. र् ને 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ થવાથી अतिजरः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં सि અને अम् નો આ સૂત્રથી લોપ ન થાય ત્યારે 'अतः स्यमोम् १-४-५७' થી सि અને अम् ને अम् આદેશ કર્યા પછી जर ને जरस् આદેશ ઉપર જણાવ્યા મુજબ થવાથી अतिजरसम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં जर ને जरस् આદેશ ન થાય ત્યારે अतिजरम् આવો પ્રયોગ થાય છે. અહીં अम् ના अ નો લોપ 'समानादमोऽतः १-४-४६' થી થાય છે. અર્થક્રમશઃ - વૃદ્ધાવસ્થાને જીતનારું કુલ. વૃદ્ધાવસ્થાને જીતનાર (કુલ) ને. ॥૬૦॥

## नामिनो लुग्वा १।४।६१॥

नामिस्वरान्त નપુંસક નામ સમ્બન્ધી सि અને अम् પ્રત્યયનો વિકલ્પથી લુક્ (લુપ્ નહિ) થાય છે. वारि શબ્દને સમ્બોધનમાં सि પ્રત્યય. આ સૂત્રથી सि નો લુક્ (લોપ). 'प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते' અર્થાદ્ પ્રત્યયનો લોપ (લુક્) થયો હોય તો પણ તેને આશ્રયીને કાર્ય થાય છે. આ પરિભાષાથી सि પ્રત્યયને સ્થાનિવદ્ભાવ થવાથી 'ह्रस्वस्य गुणः १-४-४१' થી इ ને सि ની સાથે ગુણ ए આદેશ થવાથી हे वारे! આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सि નો લુક્ ન થાય ત્યારે 'अनतो लुप् १-४-५९' થી सि નો લુપ્ થવાથી ઉપર જણાવ્યા મુજબ સ્થાનિવદ્ભાવાદિ કાર્ય થતું નથી. જેથી हे वारि! આવો પ્રયોગ થાય છે. प्रियत्रि નામને सि અને अम् પ્રત્યય. આ સૂત્રથી सि અને अम् પ્રત્યયનો લુક્. ઉપર્યુક્ત પરિભાષાથી सि અને अम् પ્રત્યયને સ્થાનિવદ્ભાવ. 'त्रिचतुर० २-१-१' થી त्रि ને तिसृ આદેશ થવાથી प्रियतिसृ कुलम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી सि અને अम् નો લુક્ ન થાય ત્યારે 'अनतो लुप् १-४-५९' થી 'सि' અને 'अम्' પ્રત્યયનો લુપ્ થવાથી ઉપર જણાવ્યા મુજબ સ્થાનિવદ્ભાવાદિ કાર્ય થતું નથી. જેથી प्रियत्रि कुलम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ -હે પાણી!. પ્રિય ત્રણ સ્ત્રીવાલું કુલ. પ્રિય ત્રણ સ્ત્રીવાલા કુલને.॥૬૧॥

## वाऽन्यतः पुमांष्टादौ स्वरे १।४।६२॥

વિશેષ્યના કારણે નપુંસક એવા નામી સ્વરાન્ત નામને, टा વગેરે સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો વિકલ્પથી પુંવદ્ ભાવ થાય છે. ग्रामणी+टा (आ) આ અવસ્થામાં આ સૂત્રથી ग्रामणी નામને પુંવદ્ભાવ. 'क्विब्वृत्ते० २-१-५८' થી ई ને य् આદેશ થવાથી 'ग्रामण्या कुलेन' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ग्रामणी નામને પુંવદ્

ભાવ ન થાય ત્યારે; 'क्लीबे २-४-९७' થી ई ને હ્રસ્વ इ આદેશ. 'अनाम् स्वरे नोऽन्तः १-४-६४' થી ग्रामणि ના અન્તે न् નો આગમ થવાથી 'ग्रामणिना कुलेन' આવો પ્રયોગ થાય છે. અર્થ - ગામના નાયક કુલથી. कर्तृ નામને ओस् પ્રત્યય. આ સૂત્રથી कर्तृ નામને પુંવદ્ ભાવ. 'इवर्णादि० १-२-२१' થી ऋ ને र् આદેશ. 'सोरुः २-१-७२' થી स् ને रु આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી र् ને વિસર્ગ થવાથી 'कर्त्रोः कुलयोः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં कर्तृ નામને આ સૂત્રથી પુંવદ્ ભાવ ન થાય ત્યારે 'अनामूस्वरे नोऽन्तः १-४-६४' થી कर्तृ શબ્દની પરમાં न् નો આગમ. 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् આદેશાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી 'कर्तृणोः कुलयोः' આવો પ્રયોગ થાય છે. અર્થ - કરવાવાલા બે કુલોનું અથવા કુલોમાં. अन्यत इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિશેષ્યાધીન જ; નામ્યન્ત નપુંસક નામને टा વગેરે સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો વિકલ્પથી પુંવદ્ ભાવ થાય છે. તેથી 'पीलुने फलाय' અહીં વિશેષ્ય - ફલના કારણે નહિ પરન્તુ સ્વભાવથી જ નપુંસક એવા पीलु નામને આ સૂત્રથી પુંવદ્ ભાવ થતો નથી. તેથી पीलु+ङे આ અવસ્થામાં 'अनाम्० १-४-६४' થી ङे ની પૂર્વે न् નો આગમ થવાથી पीलुने આવો પ્રયોગ થાય છે. અન્યથા पीलवे આવો પણ પ્રયોગ થાત. અર્થ - પીલુના ફલ માટે. टादाविति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિશેષ્યાધીન નપુંસક નામ્યન્ત નામને, टा વગેરે જ સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો વિકલ્પથી પુંવદ્ ભાવ થાય છે. તેથી 'शुचिनी कुले' અહીં વિશેષ્યાધીન નપુંસક નામ્યન્ત शुचि નામથી પરમાં 'ई' સ્વરાદિ પ્રત્યય હોવા છતાં; टादि સ્વરાદિ પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી शुचि નામને પુંવદ્ ભાવ થતો નથી. જેથી 'अनाम्० १-४-६४' થી न् નો આગમ થવાથી शुचिनी આવો પ્રયોગ થાય છે. અન્યથા शुची આવો પણ પ્રયોગ થાત. અર્થ - પવિત્ર બે કુલો અથવા કુલોને. नपुंसक इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિશેષ્યાધીન નપુંસક જ નામ્યન્ત નામને; તેની પરમાં

टादि સ્વરાદિ પ્રત્યય હોય તો વિકલ્પથી પુંવદ્‌ભાવ થાય છે. તેથી 'कल्याण्यै स्त्रियै' અહીં વિશેષ્યાધીન સ્ત્રીલિંગ નામ્યન્ત कल्याणी નામને આ સૂત્રથી પુંવદ્ ભાવ થતો નથી. તેથી कल्याणी+ङे આ અવસ્થામાં સૂત્ર નં. ૧-૪-૨૯ માં જણાવ્યા મુજબ नद्यै ની જેમ कल्याण्यै આવો પ્રયોગ થાય છે. અન્યથા कल्याणाय આવો પણ અનિષ્ટ પ્રયોગ થાત. અર્થ - કલ્યાણી સ્ત્રી માટે. ॥૬૨॥

### दध्यस्थिसक्थ्यक्ष्णोऽन्तस्याऽन् १।४।६३॥

दधि अस्थि सक्थि અને अक्षि આ ચાર નામ્યન્ત નપુંસક નામના તેમજ તે दध्यादि નામો અન્તમાં છે જેનાં, એવાં નામના અન્ત્ય इ ને; તેની પરમાં टा વગેરે સ્વરાદિ પ્રત્યય હોય તો 'अन्' આદેશ થાય છે. दधि अतिदधि अस्थि अत्यस्थि सक्थि अतिसक्थि अक्षि અને अत्यक्षि નામને टा (आ) પ્રત્યય. આ સૂત્રથી टा ની પૂર્વેના इ ને 'अन्' આદેશ. अन् ના अ નો 'अनोऽस्य' ૨-૧-૧૦૮ થી લોપ. अक्षि ના इ ને થયેલા अन् ના न् ને 'रषृवर्णा० २-३-६३' થી ण् આદેશ થવાથી दध्ना, अतिदध्ना, अस्थ्ना, अत्यस्थ्ना, सक्थ्ना, अतिसक्थ्ना; अक्ष्णा અને अत्यक्ष्णा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - દહીંથી, સારાદહીંથી. હાડકાથી. હાડકાકરતાં કઠણવસ્તુથી. સાથળથી. સારા સાથળથી. આંખથી. મોટી આંખથી.॥૬૩॥

### अनाम्स्वरे नोऽन्तः १।४।६४॥

आम् (ष.ब.व.) પ્રત્યયને છોડીને અન્ય સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના, નામિસ્વરાન્ત નપુંસકનામના અન્તમાં 'न्' નો આગમ થાય છે. वारि+औ, वारि+अस् (ङसि કે ङस्); कर्तृ+औ, कर्तृ+अस् આ અવસ્થામાં 'औरीः १-४-५६' થી औ ને ई આદેશ. આ સૂત્રથી वारि અને कर्तृ નામના અન્તમાં न् નો આગમ. 'रषृवर्णा०

२-३-६३' थी न् ने ण् આદેશ. 'सोरुः २-१-७२' थी स् ने रु આદેશ. 'रः पदान्ते० १-३-५३' थी रु ના र् ને વિસર્ગ થવાથી वारिणी, वारिणः, कर्तृणी; कर्तृणः આવો પ્રયોગ થાય છે. प्रियास्तिस्रो यस्य આ વિગ્રહમાં નિષ્પન્ન प्रियत्रि નામને अस् (ङसि કે ङस्) પ્રત્યય. 'त्रिचतुर० २-१-१' થી त्रि ને तिसृ આદેશ. प्रियतिसृ+अस् આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી न् આગમ વગેરે કાર્ય થવાથી प्रियतिसृणः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બે પાણી. બે પાણીને. પાણીથી. પાણીનું. બે કર્તા. બે કર્ત્તાને. કર્ત્તાથી. કર્ત્તાનું. પ્રિય છે ત્રણ સ્ત્રીઓ જેને-તે કુલથી કે કુલનું. अनामिति किम्? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आम् પ્રત્યયને છોડીને જ અન્ય સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના નામ્યન્ત નપુંસક નામના અન્તમાં न् નો આગમ થાય છે. તેથી वारि+आम् અહીં आम् પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી न् નો આગમ થતો નથી. જેથી સૂ.નં. १-४-३२ માં જણાવ્યા મુજબ स्त्रीणाम् ની જેમ वारीणाम् આવો પ્રયોગ થાય છે. आम् પ્રત્યયની પૂર્વે પણ આ સૂત્રથી न् આગમનું વિધાન કર્યું હોત તો અર્થાદ્ अनाम् નું ગ્રહણ ન કર્યું હોત તો वारिणाम् આવો અનિષ્ટ પ્રયોગ થાત. યદ્યપિ वारि+आम् આ અવસ્થામાં આ સૂત્રથી न् આગમ થાત તો પણ वारि+न्+आम् આ અવસ્થામાં नाम् પરમાં હોવાથી 'दीर्घो नाम्य० १-४-४७' થી इ ને દીર્ઘ ई આદેશ થાય તો 'वारीणाम्' આવો ઈષ્ટ પ્રયોગ થઈ શકે છે. તેથી 'अनाम्' આ પ્રમાણે आम् પ્રત્યયનું વર્જન કરવાની આવશ્યકતા નથી. પરન્તુ 'अर्थवद्ग्रहणे नानर्थकस्य' અર્થાદ્ પ્રકૃતિ (જેને પ્રત્યય લાગે છે તે) કે પ્રત્યય અર્થવદ્ ગ્રાહ્ય થઈ શકતા હોય તો અનર્થકનું ગ્રહણ થતું નથી. આ પરિભાષાથી आम् ના સ્થાને 'ह्रस्वापश्च १-४-३२' થી જે नाम् આદેશ થાય છે તેનું જ ગ્રહણ 'दीर्घो नाम्य० १-४-४७' માં છે. પરન્તુ वारि+न्+आम् આવી અવસ્થા થાય તો ત્યાંના नाम् નું ગ્રહણ શક્ય ન હોવાથી वारिणाम् આવો અનિષ્ટ પ્રયોગ ન થાય એ માટે આ સૂત્રમાં अनाम् આ પ્રમાણે आम् નું વર્જન કર્યું છે .... ઈત્યાદિ

ભણાવનાર પાસેથી બરાબર સમજી લેવું. અર્થ - પાણીનું. स्वर इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आम् ભિન્ન સ્વરાદિ જ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના નામ્યન્ત નપુંસક નામના અન્તે न् નો આગમ થાય છે. તેથી हे वारि! (પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ૧-૪-૬૧) અહીં સમ્બોધનમાં सि ની પૂર્વે આ સૂત્રથી न् નો આગમ થતો નથી. અર્થ - હે પાણી!. स्यादावित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आम् ભિન્ન સ્વરાદિ स्यादि જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના નામ્યન્ત નપુંસક નામના અન્તે न् નો આગમ થાય છે. તેથી तुम्बुरोरिदम् આ અર્થમાં 'तस्येदम् ६-३-१६०' થી तुम्बुरु નામને अण् (अ) પ્રત્યય. 'वृद्धिः स्वरे० ७-४-१' થી तु ના उ ની વૃદ્ધિ औ; 'अस्वयम्भुवोऽव् ७-४-७०' થી रु ના उ ને अव् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી સૂ.નં. ૧-૪-૫૭ માં જણાવ્યા મુજબ कुण्डम् ની જેમ तौम्बुरवं चूर्णम् આવો પ્રયોગ થાય છે. અહીં आम् ભિન્ન સ્વરાદિ अण् પ્રત્યય; સ્યાદિ ન હોવાથી આ સૂત્રથી તેની પૂર્વેના तुम्बुरु નામના અન્તમાં न् નો આગમ થતો નથી. અર્થ - તુમ્બુરુ ફલવિશેષનું ચૂર્ણ ॥૬૪॥

## स्वराच्छौ १।४।६५॥

जस् અને शस् પ્રત્યયના સ્થાને વિહિત शि (इ) આદેશ પરમાં [હો]ય તો તેની પૂર્વેના સ્વરાન્ત નપુંસક નામના અન્તે न् નો આગમ [થા]ય છે. कुण्ड નામને जस् અને शस् પ્રત્યયાદિ કાર્ય; સૂ.નં. ૧-૪-[૫]૫ માં જણાવ્યા મુજબ થવાથી कुण्डानि આવો પ્રયોગ થાય છે. અર્થ [-] કુણ્ડો. અથવા કુણ્ડોને. स्वरादिति किम्? - આ સૂત્રથી ઉપર જણાવ્યા [મુ]જબ સ્વરાન્ત જ નપુંસક નામના અન્તમાં; તેની પરમાં शि હોય તો [न्] નો આગમ થાય છે. તેથી चतुर् નામને जस् અને शस् પ્રત્યય. ['न]पुंसकस्य शिः १-४-५५' થી जस् અને शस् ને शि આદેશ. 'वाः शेषे [१]-४-८२' થી उ ને वा આદેશ થવાથી चत्वारि આવો પ્રયોગ થાય છે. [અ]હીં વ્યઞ્જનાન્ત નામ હોવાથી આ સૂત્રથી न् નો આગમ થતો

નથી. અર્થક્રમશઃ - ચાર. ચારને. ॥૬૫॥

## धुटां प्राक् १।४।६६॥

સ્વરથી પરમાં રહેલા ધુટ્ વર્ણો છે અન્તમાં જેનાં એવાં નપુંસક નામની પરમાં જો शि (जस् અને शस् ના સ્થાને થયેલો આદેશ) હોય તો તેની પૂર્વેના ધુટ્ વર્ણોની પૂર્વમાં न् નો આગમ થાય છે. સૂત્રમાં ધુટાં આ પ્રમાણે બહુવચનના નિર્દેશથી સ્વરથી પરમાં રહેલા અનેક ધુટ્ વર્ણોનું પણ ગ્રહણ થાય છે. पयस् अतिजर અને काष्ठतक्ष् નામને નપુંસકમાં जस् અને शस् પ્રત્યય. 'नपुंसकस्य शिः १-४-५५' થી जस् અને शस् ને शि (इ) આદેશ. अतिजर ના जर ને 'जरायाः २-१-३' થી जरस् આદેશ. આ સૂત્રથી पयस् અને अतिजरस् ના स् ની પૂર્વે તેમજ काष्ठतक्ष्ना क्ष् ની પૂર્વે न् નો આગમ. पयन्स् અને अतिजरन्स् ના न्स् ની પૂર્વેના अ ને 'न्समहतोः १-४-८६' થી દીર્ઘ 'आ' આદેશ. 'शिड्ढेऽनुस्वारः १-३-४०' થી न् ને અનુસ્વાર થવાથી 'पयांसि' અને 'अतिजरांसि' આવો પ્રયોગ થાય છે. क्ष् ની પૂર્વેના न् ને 'म्नां धुड्वर्गे० १-३-३९' થી ङ् આદેશ થવાથી 'काष्ठतङ्क्षि' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દૂધ. દૂધને. વૃદ્ધાવસ્થાને જીતવાવાલા કુલો. વૃદ્ધાવસ્થાને જીતવાવાલા કુલોને. કાષ્ટ કાપનારા કુલો. કાષ્ટ કાપનારા કુલોને. स्वरादित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરથી પરમાં રહેલા જ ધુટ્ વર્ણો જેનાં અન્તમાં છે એવાં નપુંસક નામની પરમાં 'शि' હોય તો તેની પૂર્વેના ધુટ્ વર્ણોની પૂર્વે न् નો આગમ થાય છે. તેથી गोमत् નામને जस् અને शस् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ जस् અને शस् ને शि આદેશ. 'ऋदुदितः १-४-७०' થી त् ની પૂર્વે न् નો આગમ. 'म्नां धुड्वर्गे० १-३-३९' થી न् ને न् આદેશ થવાથી 'गोमन्ति' આવો પ્રયોગ થાય છે; ત્યારબાદ त् ની પૂર્વે ફરીથી આ સૂત્રથી न् નો આગમ થતો નથી. કારણ કે અહીં સ્વરની પરમાં त् નથી. પરન્તુ न् ની પરમાં છે. અર્થ - ગાયવાલા

કુલો. ગાયવાલા કુલોને. ॥૬૬॥

## ર્લો વા ૧।૪।૬૭॥

र् અને ल् થી પરમાં રહેલા ધુટ્વર્ણો જેનાં અન્તમાં છે એવા નપુંસક નામની પરમાં, शि (इ) હોય તો તેની પૂર્વેના ધુટ્વર્ણોની પૂર્વે જ न् નો આગમ વિકલ્પથી થાય છે. बहूर्ज् અને सुवल्ग् નામને जस् અને शस् પ્રત્યય. 'नपुंसकस्य शिः ૧-૪-૫૫' થી जस् અને शस् ને शि આદેશ. આ સૂત્રથી ज् અને ग् ની પૂર્વે न् નો આગમ. 'म्नां धुड्वर्गे० ૧-૩-૩૯' થી न् ને અનુક્રમે ञ् અને ङ् આદેશ થવાથી 'बहूर्ञ्जि' અને 'सुवल्ङ्गि' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં न् નો આગમ આ સૂત્રથી ન થાય ત્યારે बहूर्जि અને सुवल्गि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઘણી શક્તિવાલા કુલો. ઘણી શક્તિવાલા કુલોને. સુંદર ચાલવાલા કુલો. સુંદર ચાલવાલા કુલોને. र्ल इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ र् અને ल् થી જ પરમાં રહેલા 'ધુટ્'-વર્ણો જેનાં અન્તમાં છે એવાં નપુંસક નામની પરમાં 'शि' પ્રત્યય હોય તો તેની પૂર્વેના ધુટ્ વર્ણોની પૂર્વે જ न् નો આગમ વિકલ્પથી થાય છે. તેથી काष्टतङ्क्षि અહીં સ્વરથી પરમાં રહેલા ધુટ્ વર્ણો અન્તમાં હોવાથી સૂ.નં. ૧-૪-૬૬ માં જણાવ્યા મુજબ નિત્ય જ न्‌નો આગમ થાય છે. આ સૂત્રથી વિકલ્પથી न् નો આગમ થતો નથી. धुटामित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ र् અને ल् થી પરમાં રહેલા ધુટ્ વર્ણો જ જેનાં અન્તમાં છે એવાં નપુંસક નામની પરમાં 'शि' પ્રત્યય હોય તો તેની પૂર્વેના ધુટ્ વર્ણોની પૂર્વે જ વિકલ્પથી न् નો આગમ થાય છે. તેથી 'सुफुल्लि' અહીં ल् થી પરમાં ल् (ધુટ્ ન હોવાથી) હોવાથી આ સૂત્રથી વિકલ્પે न् નો આગમ થતો નથી. અર્થ - સારી રીતે ખીલેલાં પુષ્પો વગેરે ॥૬૭॥

## घुटि १।४।६८॥

અહીંથી માંડીને આ પાદ (૧-૪) ની સમાપ્તિ સુધી તે તે સૂત્રોથી જે જે કાર્યનું વિધાન છે; તે તે કાર્યોનું તે તે સૂત્રમાં કોઈ નિમિત્ત વિશેષનું ઉપાદાન ન હોય તો તે તે સૂત્રમાં घुट् પ્રત્યયને નિમિત્ત માનવું. અર્થાદ્ તે તે સૂત્રથી વિહિત કાર્ય घुट् પ્રત્યય પરમાં હોય, તો થાય છે. - એમ સમજવું. ॥६८॥

## अचः १।४।६९॥

घुट् પ્રત્યય પરમાં હોય તો ; તેની પૂર્વેના - धुट् વર્ણ છે અન્તમાં જેનાં એવાં न् નો લોપ થયાવાલા अञ्च् ધાતુસમ્બન્ધી धुट् વર્ણની પહેલા न् નો આગમ થાય છે. प्र+अञ्च् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય . 'अञ्चोऽनर्चायाम् ४-२-४६' થી न् નો લોપ કરીને प्राच् શબ્દ બને છે. તેની જેમ જ अतिप्राच् શબ્દ બને છે. તેને सि પ્રત્યય. આ સૂત્રથી च् ની પૂર્વે न् નો આગમ. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. 'पदस्य २-१-८९' થી च् નો લોપ. 'युजञ्च० २-१-७१' થી न् ને ङ् આદેશ થવાથી 'प्राङ्' અને 'अतिप्राङ्' આવો પ્રયોગ થાય છે. प्राच्+औ અને प्राच्+जस् અથવા शस् (નપુંસકમાં) 'नपुंसकस्य शिः १-४-५५' થી जस् અથવા शस् ને शि આદેશ. આ સૂત્રથી च् ની પૂર્વે न् નો આગમ. 'तवर्गस्य० १-३-६०' થી न् ને ञ् આદેશ થવાથી 'प्राञ्चौ' અને 'प्राञ्चि कुलानि' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ચાલવાવાલો. અતિશય ચાલવાવાલો. ચાલવાવાલા, બે (અથવા બેને). ચાલવાવાલા કુલો અથવા કુલોને. (અથવા प्राच् નો અર્થ प्राचीन સમજીને અર્થ જાણવો.) ॥६९॥

## ऋदुदितः ૧।४।७०॥

ऋ અને उ જેમાં ઈત્ છે એવા પ્રત્યયાન્ત ધુટ્ વર્ણાન્ત નામની પરમાં જો ઘુટ્ પ્રત્યય હોય તો તેની પૂર્વેના ધુટ્ વર્ણની પૂર્વે न् નો આગમ થાય છે. कृ ધાતુને 'शत्रानशा० ५-२-२०' થી शतृ (अत्) પ્રત્યય. 'कृग् तनादेरु: ३-४-८३' થી उ વિકરણ પ્રત્યય. 'नामिनो गुणो० ४-३-१' થી ऋ ને ગુણ अर् આદેશ. 'अतः शित्युत् ४-२-८९' થી कर् ના अ ને उ આદેશ. कुर+उ+अत् આ અવસ્થામાં अ ની પૂર્વેના उ ને 'इवर्णादि० १-२-२१' થી व् આદેશ થવાથી कुर्वत् આ પ્રમાણે ऋ इत् છે જેમાં એવા शतृ પ્રત્યયાન્ત ધુટ્ વર્ણાન્ત નામ બને છે. विद् ધાતુને 'वा वेत्तेः० ५-२-२२' થી क्वसु (वस्) પ્રત્યય થવાથી उ इत् છે જેમાં એવા क्वसु પ્રત્યયાન્ત - ધુટ્ વર્ણાન્ત विद्वस् નામ બને છે. તેમ જ गो શબ્દને 'तदस्यास्त्य० ७-२-१' થી मतु (मत्) પ્રત્યય થવાથી उदित् मतु પ્રત્યયાન્ત - ધુટ્ વર્ણાન્ત गोमत् નામ બને છે. कुर्वत् विद्वस् અને गोमत् નામને सि પ્રત્યય. આ સૂત્રથી નામના અન્ત્ય ધુટ્ વર્ણની પૂર્વે न् નો આગમ. 'न्समहतोः १-४-८६' થી विद्वस् ના अ ને દીર્ઘ 'आ' આદેશ. 'अभ्वादे० १-४-९०' થી गोमत् ના अ ને દીર્ઘ आ આદેશ. 'दीर्घङ्याब्० १-४-४५' થી સર્વત્ર सि નો લોપ. 'पदस्य २-१-८९' થી અનુક્રમે त् स् અને त् નો લોપ થવાથી 'कुर्वन्'; 'विद्वान्' અને 'गोमान्' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ – કરતો. જાણકાર. ગાયવાલો. घुटीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઘુટ્ પ્રત્યય જ પરમાં હોય તો તેની પૂર્વેના – ऋदुदित्प्रत्ययान्त - ધુટ્ વર્ણાન્ત નામના ધુટ્ વર્ણની પૂર્વે न् નો આગમ થાય છે. તેથી गोमत्+टा (आ) આ અવસ્થામાં ઘુટ્ પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી त् ની પૂર્વે न् નો આગમ થતો નથી. જેથી 'गोमता' આવો પ્રયોગ થાય છે. અર્થ – ગાયવાલાથી ॥७०॥

## युञ्जोऽसमासे १।४।७१॥

समास न होय तो, घुट् प्रत्यय परमां होय त्यारे तेनी पूर्वेना; 'युजूंपी योगे (१४७६)' आ धुट्वर्णान्त युज् धातुना धुट् वर्णनी पूर्वे न् नो आगम थाय छे. युज् धातुने 'क्विप् ५-१-१४८' थी क्विप् (०) प्रत्यय. युज् नामने सि औ तेमज नपुंसकमां जस् अथवा शस् प्रत्यय. 'नपुंसकस्य शिः १-४-५५' थी जस् अने शस् ने शि आदेश. आ सूत्रथी ज् नी पूर्वे न् नो आगम. युन्ज्+सि आ अवस्थामां 'दीर्घङ्याब्० १-४-४५' थी सि नो लोप. 'पदस्य २-१-८९' थी ज् नो लोप. 'युजञ्च० २-१-७१' थी न् ने ङ् आदेश थवाथी 'युङ्' आवो प्रयोग थाय छे. युन्ज्+औ अने युन्ज्+शि (इ) आ अवस्थामां 'तवर्गस्य० १-३-६०' थी न् ने ञ् आदेश थवाथी 'युञ्जौ' अने 'युञ्जि' कुलानि आवो प्रयोग थाय छे. युज् नामने 'नाम्नः प्राग् बहुर्वा ७-३-१२' थी आदिमां बहु प्रत्ययथी निष्पन्न बहुयुज् नामने सि प्रत्ययादि कार्य उपर जणाव्या मुजब थवाथी युङ् नी जेम 'बहुयुङ्' आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- जोडनार. जोडनारा बे (अथवा बेने). जोडनारा कुलो अथवा कुलोने. लगभग जोडनार. असमास इति किम्? = आ सूत्रथी उपर जणाव्या मुजब समास न होय तो ज घुट् प्रत्यय परमां होय त्यारे तेनी पूर्वेना - 'युजूंपी योगे' आ धुट् वर्णान्त युज् धातुना धुट् वर्णनी पूर्वे न् नो आगम थाय छे. तेथी अश्वं युनक्ति आ अर्थमां 'ङस्युक्तं कृता ३-१-४९' थी नित्यतत्पुरुष समासमां निष्पन्न अश्वयुज् नामने सि प्रत्यय. उपर जणाव्या मुजब सि नो लोप. 'चजः क-गम् २-१-८६' थी ज् ने ग् आदेश. 'विरामे वा' १-३-५१ थी ग् ने क् आदेश थवाथी अश्वयुक् आवो प्रयोग थाय छे. अहीं समास होवाथी आ सूत्रथी न् नो आगम थतो नथी. अर्थ - घोडाने जोडनार. युज्र इति किम्? = आ सूत्रथी उपर जणाव्या मुजब समास न होय तो; घुट् प्रत्यय परमां होय त्यारे तेनी पूर्वेना 'युजूंपी योगे' आ ज धुट् वर्णान्त युज् धातुना धुट्

વર્ણની પૂર્વે न् નો આગમ થાય છે. તેથી युजिंच् समाधौ (૧૨૫૪) આ युज् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન युज् નામને अम् પ્રત્યયાદિ કાર્ય થવાથી 'युजमापन्ना मुनयः' આવો પ્રયોગ થાય છે. અહીં रुधादि ગણનો युज् ધાતુ ન હોવાથી આ સૂત્રથી न् નો આગમ થતો નથી. અર્થ - સમાધિમાં રહેલા મુનિઓ.॥૭૧॥

**अनडुहः सौ १।४।७२॥**

सि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના ધુટ્ વર્ણાન્ત अनडुह् શબ્દના ધુટ્ વર્ણની પૂર્વે न् નો આગમ થાય છે. अनडुह् અને प्रियानडुह् નામને सि પ્રત્યય. આ સૂત્રથી ह् ની પૂર્વે न् નો આગમ. 'वाः शेषे ૧-૪-૮૨' થી अनडुह् ના उ ને वा આદેશ. 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ. 'पदस्य ૨-૧-૮૯' થી ह् નો લોપ થવાથી 'अनड्वान्' અને 'प्रियानड्वान्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ગાડાનો બળદ. ગાડાનો બળદ પ્રિય છે જેને - તે.॥૭૨॥

**पुंसोः पुमन्स् १।४।७३॥**

घुट् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના पुंसु આ उदित् નામને અર્થાત् पुम्स् નામને 'पुमन्स्' આવો આદેશ થાય છે. पुम्स् નામને सि, औ અને जस् પ્રત્યય. (पुल्लिंगमां). તેમજ प्रियपुम्स् નામને सि પ્રત્યય તથા નપુંસકમાં जस् અથવા शस् પ્રત્યય. 'नपुंसकस्य शिः ૧-૪-૫૫' થી जस् शस् ને शि આદેશ. આ સૂત્રથી पुम्स् નામને पुमन्स् આદેશ. 'न्समहतोः ૧-૪-૮૬' થી पुमन्स् ના अ ને દીર્ઘ आ આદેશ. 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ. 'पदस्य ૨-૧-૮૯' થી सि ની પૂર્વેના स् નો લોપ. 'शिड्ढेऽनुस्वारः ૧-૩-૪૦' થી औ વગેરે પ્રત્યયની પૂર્વેના पुमन्स् ના न् ને અનુસ્વાર થવાથી 'पुमान्', 'पुमांसौ'; 'पुमांसः' અને

'प्रियपुमान्', 'प्रियपुमांसि' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પુરુષ. બે પુરુષો અથવા પુરુષોને. ઘણા પુરુષો. પ્રિય છે પુરુષ જેને તે. પ્રિયપુરુષવાલા કુલો અથવા કુલોને. ॥૭૩॥

## ओत औः १।४।७४॥

घुट् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના ओकारान्त નામના ओ ને જ औ આદેશ થાય છે. गो અને द्यो નામને सि અને औ પ્રત્યય. प्रियद्यो નામને औ પ્રત્યય. આ સૂત્રથી ओ ને औ આદેશ. 'सोरुः २-१-७२' થી स् ને रु આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી र् ને વિસર્ગ. औ ની પૂર્વેના औ ને 'ओदौतोऽवाव् १-२-२४' થી आव् આદેશાદિ કાર્ય થવાથી गौः, गावौ, द्यौः, द्यावौ અને प्रियद्यावौ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ગાય. બે ગાય (અથવા ગાયોને). સ્વર્ગ. બે સ્વર્ગો (અથવા સ્વર્ગોને). પ્રિય છે સ્વર્ગ જેને તે બે (અથવા બેને). ओत इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ घुट् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના ओकारान्त નામના અન્ત્ય ओ ને જ औ આદેશ થાય છે. તેથી चित्रा गौ र्यस्य આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસ. 'गोश्चान्ते ह्रस्वो० २-४-९६' થી गो ના ओ ને હ્રસ્વ उ આદેશ થવાથી चित्रगु નામ બને છે. તેને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'चित्रगुः' આવો પ્રયોગ થાય છે. અહીં ओ કારાન્ત નામના અન્ત્ય उ ને આ સૂત્રથી औ થતો નથી. અર્થ - ચિત્ર વર્ણવાલી ગાયવાલો.॥૭૪॥

## आ अम्-शसोऽता १।४।७५॥

अम् અને शस् આ સ્યાદિ પ્રત્યયના अ ની સાથે તેની પૂર્વેના ओ કારાન્ત નામના ओ ને 'आ' આદેશ થાય છે. गो+अम्; सुगो+अम्; गो+शस्, द्यो+अम्, अतिद्यो+अम्, द्यो+शस् અને सुद्यो+शस् આ

અવસ્થામાં સર્વત્ર अम् અને शस् ના 'अ' ની સાથે ओ ને 'आ' આદેશ. शस् ના स् ને 'सोरुः २-१-७२ ' થી रु આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી र् ને વિસર્ગ થવાથી અનુક્રમે गाम्, सुगाम् गाः, द्याम्, अतिद्याम्, द्याः અને सुद्याः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ – ગાયને. સારી ગાયને. ગાયોને. સ્વર્ગને. સ્વર્ગથી સારાને. સ્વર્ગોને. સારા સ્વર્ગોને.॥૭૫॥

## पथिन्-मथिनृभुक्षः सौ १।४।७६॥

सि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના નકારાન્ત पथिन् मथिन् અને ऋभुक्षिन् નામના અન્ત્ય न् ને 'आ' આદેશ થાય છે. पथिन् मथिन् અને ऋभुक्षिन् નામને सि પ્રત્યય. આ સૂત્રથી न् ને आ આદેશ. 'एः १-४-७७' થી इ ને आ આદેશ. आ ને आ ની સાથે 'समानानां० १-२-१' થી आ આદેશ. 'थोन्थ् १-४-७८' થી थ् ને न्थ् આદેશ. सिं ના स् ને 'सोरुः २-१-७२' થી रु આદેશ. र् ને 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ થવાથી पन्थाः; हे पन्थाः!; मन्थाः, हे मन्थाः!; ऋभुक्षाः, हे ऋभुक्षाः!; આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - માર્ગ. હે માર્ગ!. મન્થનકરનાર. હે મન્થનકરનાર!. ઈન્દ્ર. હે ઈન્દ્ર. नान्तनिर्देशादिह न स्याद्... = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના નકારાન્ત જ पथिन् मथिन् અને ऋभुक्षिन् નામના न् ને आ આદેશ થાય છે. તેથી पन्थानमैच्छत् આ અર્થમાં पथिन् નામને क्यन् क्विप् પ્રત્યયાદિ કાર્ય થવાથી સૂ. નં. ૧-૪-૩૬ માં જણાવ્યા મુજબ सखी ની જેમ નિષ્પન્ન पथी આ પ્રમાણે દીર્ઘ ઈકારાન્ત पथी નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'पथीः' આવો પ્રયોગ થાય છે. અહીં નકારાન્ત નામ ન હોવાથી આ સૂત્રથી ई ને आ આદેશ થતો નથી. અર્થ - રસ્તાને ઈચ્છનારો. ॥૭૬॥

## एः १।४।७७॥

घुट् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના નકારાન્ત पथिन् मथिन् અને ऋभुक्षिन् નામના इ ને 'आ' આદેશ થાય છે. पन्थाः, मन्थाः અને ऋभुक्षाः સૂ. નં. ૧-૪-૭૬ માં જણાવ્યા મુજબ પ્રયોગો નિષ્પન્ન છે. पथिन्+औ, पथिन्+जस्, पथिन्+अम् અને सुपथिन्+शि (जस् शस् નો આદેશ.) આ અવસ્થામાં આ સૂત્રથી पथिन् ના इ ને आ આદેશ. 'थोन्थ् १-४-७८' થી थ् ને न्थ् આદેશ..... ઈત્યાદિ કાર્ય થવાથી 'पन्थानौ' पन्थानः, पन्थानम् અને सुपन्थानि कुलानि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - માર્ગ. બે માર્ગો. ઘણા માર્ગો. માર્ગને. સારા માર્ગવાલા કુલો અથવા કુલોને. મન્થન કરનાર. ઈન્દ્ર. नान्तनिर्देशाद् एरभावाच्चेह न स्यात्= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ घुट् પ્રત્યય પરમાં હોય તો; નકારાન્ત જ पथिन् मथिन् અને ऋभुक्षिन् નામના इ ને જ आ આદેશ થાય છે. તેથી સૂ. નં. ૧-૪-૭૬ માં જણાવ્યા મુજબ क्यन् क्विप् પ્રત્યયાન્ત पथी નામ નકારાન્ત નથી, તેમ જ इ નો પણ અહીં અભાવ હોવાથી, पथी+औ અને पथी+जस् આ અવસ્થામાં 'योऽनेकस्वरस्य २-१-५६' થી ई ને य् આદેશાદિ કાર્ય થવાથી पथ्यौ અને पथ्यः આવો પ્રયોગ થાય છે. અહીં ई ને, આ સૂત્રથી 'आ' આદેશ થતો નથી. અર્થક્રમશઃ- માર્ગને ઈચ્છનારા બે. માર્ગને ઈચ્છનારા ઘણા. ॥७७॥

## थोन्थ् १।४।७८॥

घुट् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના નકારાન્ત पथिन् અને मथिन् નામના थ् ને न्थ् આદેશ થાય છે. આ સૂત્રથી જે રીતે थ् ને न्थ् આદેશ થાય છે. તે રીતે પૂર્વ સૂત્રમાં દૃષ્ટાન્તો આપેલા છે જ. ॥७८॥

## इन् ङी-स्वरे लुक् १।४।७९॥

નકારાન્ત पथिन् मथिन् અને ऋभुक्षिन् નામના इन् નો; તેની પરમાં ङी અને अघुट् (घुट्‌ભિન્ન) સ્વરાદિ પ્રત્યય હોય તો लुक् (લોપ) થાય છે. सुपथिन् सुमथिन् અને अनृभुक्षिन् નામને 'स्त्रियां नृतो० २-४-१' થી ङी (ई) પ્રત્યય. આ સૂત્રથી इन् નો લોપ થવાથી सुपथी सुमथी અને अनृभुक्षी નામ બને છે. તેને सि પ્રત્યય. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ થવાથી सुपथी सुमथी અને अनृभुक्षी આવો પ્રયોગ સ્ત્રીલિંગ પ્રથમા એકવચનમાં થાય છે. આવીજ રીતે નપુંસકલિંગ પ્રથમા દ્વિતીયા દ્વિવચનમાં પણ 'औरीः १-४-५६' થી औ ને ई આદેશ થવાથી અને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इन् નો લોપ થવાથી सुपथी વગેરે જ પ્રયોગ બને છે. पथिन् मथिन् અને ऋभुक्षिन् નામને शस् પ્રત્યય. આ સૂત્રથી इन् નો લોપ. 'सोरुः २-१-७२' થી स् ને रु આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી र् ને વિસર્ગ થવાથી 'पथः' 'मथः' અને ऋभुक्षः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સારામાર્ગવાલી સ્ત્રી. સારામાર્ગવાલા બે કુલો અથવા કુલોને. માર્ગોને. સારું મન્થન કરનારી સ્ત્રી. સારું મન્થન કરનારા બે કુલો અથવા બે કુલોને. મન્થન કરનારાઓને. ઇન્દ્રવિનાની સેના. ઇન્દ્રદેવતાની ઉપાસના કરનારા બે કુલો અથવા બે કુલોને. ઈન્દ્રોને.॥७९॥

## वोशनसो नश्चामन्त्र्ये सौ १।४।८०॥

સમ્બોધનમાં सि પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વેના उशनस् નામના અન્ત્ય વર્ણને न् આદેશ તથા लुक् વિકલ્પથી થાય છે. સમ્બોધનમાં उशनस् નામને सि પ્રત્યય. આ સૂત્રથી उशनस् નામના स् ને न् આદેશ. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ થવાથી हे उशनन्! આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી उशनस् ના स् નો લોપ

કરીએ તો 'अदेतः स्यमो र्लुक् ૧-૪-૪૪' થી सि નો લોપ થવાથી हे उशन! આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી स् ને न् અથવા લુક્ ન કરીએ ત્યારે 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ. 'सोरुः' ૨-૧-૭૨ થી उशनस् ના स् ને रु આદેશ. 'रः पदान्ते० ૧-૩-૫૩' થી र् ને વિસર્ગ થવાથી हे उशनः! આવો પ્રયોગ થાય છે. અર્થ- હે શુક્ર! आमन्त्र्य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમ્બોધનમાં જ सि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના उशनस् નામના અન્ત્ય વર્ણને न् અને लुक् વિકલ્પથી થાય છે. તેથી उशनस्+सि આ આમન્ત્ર્યભિન્ન અવસ્થામાં सि પ્રત્યયને 'ऋदुशनस्० ૧-૪-૮૪' થી डा (आ) આદેશ. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી उशनस् ના અન્ત્યસ્વરાદિ अस् નો લોપ થવાથી 'उशना' આવો પ્રયોગ થાય છે. અન્યથા અહીં પણ ઉપર જણાવ્યા મુજબ ત્રણ પ્રયોગો થાત. અર્થ - શુક્રાચાર્ય. ॥૮૦॥

## उतोऽनडुच्चतुरो वः १।४।८१॥

સમ્બોધનમાં सि પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વેના अनडुह् અને चतुर् નામના उ ને व् આદેશ થાય છે. अनडुह् प्रियचतुर् અને अतिचतुर् નામને સમ્બોધનમાં सि પ્રત્યય. આ સૂત્રથી उ ને व् આદેશ. 'अनडुहः सौ ૧-૪-૭૨' થી अनडुह् ના ह् ની પૂર્વે न् નો આગમ. 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ. 'पदस्य ૨-૧-૮૯' થી ह् નો લોપ. चतुर् ના र् ને 'रः पदान्ते० ૧-૩-૫૩' થી વિસર્ગ થવાથી हे अनड्वन्!; हे प्रियचत्वः!, અને हे अतिचत्वः! આવો પ્રયોગ થાય છે.અર્થક્રમશઃ -હે ગાડાના બળદ!. હે પ્રિયચારવાલા!. હે ચારને જીતનાર!.॥૮૧॥

## वाः शेषे १।४।८२॥

सम्बोधनमांना सि प्रत्ययने छोडीने अन्य घुट् प्रत्ययोने 'शेषघुट्' કહેવાય છે. शेषघुट् प्रत्यय પરમાં હોય તો તેની પૂર્વેના अनडुह् અને चतुर् નામના उ ने वा આદેશ થાય છે. अनडुह्+सि આ અવસ્થામાં આ સૂત્રથી उ ने वा આદેશાદિ કાર્ય થવાથી સૂ. નં. ૧-૪-૭૨ માં જણાવ્યા મુજબ 'अनड्वान्' આવો પ્રયોગ થાય છે. अनडुह्+औ આ અવસ્થામાં આ સૂત્રથી उ ने वा આદેશ થવાથી अनड्वाहौ આવો પ્રયોગ થાય છે. प्रियचतुर्+सि અને प्रियचतुर्+औ આ અવસ્થામાં આ સૂત્રથી उ ने वा આદેશ. 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ. 'रः पदान्ते० ૧-૩-૫૩' થી પદાન્તસ્થ र् ને વિસર્ગ થવાથી प्रियचत्वाः અને प्रियचत्वारौ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ગાડાનો બળદ. ગાડાના બે બળદ (અથવા બળદને). પ્રિયચારવાલો. પ્રિયચારવાલા બે (અથવા બેને). शेष इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શેષ જ घुट् प्रत्यय પરમાં હોય તો તેની પૂર્વેના अनडुह् અને चतुर् નામના उ ने वा આદેશ થાય છે. તેથી સમ્બોધનમાં सि प्रत्यय પરમાં હોય ત્યારે સૂ.નં. ૧-૪-૮૧ માં જણાવ્યા મુજબ अनडुह् અને चतुर् નામના उ ने व् આદેશાદિ કાર્ય થવાથી हे अनड्वन् ! અને हे प्रियचत्वः! આવો પ્રયોગ થાય છે. ॥૮૨॥

## सख्युरितोऽशावैत् १।४।८३॥

इकारान्त सखि શબ્દના 'इ' ને તેની પરમાં शि ને છોડીને અન્ય શેષ घुट् प्रत्यय હોય તો 'ऐ' આદેશ થાય છે. सखि નામને औ (પ્ર.દ્વિ.દ્વિ.વ.) जस् અને अम् प्रत्यय. આ સૂત્રથી इ ने 'ऐ' આદેશ. ऐ ને 'एदैतोऽयाय् १-२-२३' થી आय् આદેશ ... ઈત્યાદિ કાર્ય થવાથી 'सखायौ'; 'सखायः' અને 'सखायम्' આવો પ્રયોગ થાય છે.

અર્થ ક્રમશઃ – બે મિત્ર (અથવા મિત્રને). મિત્રો. મિત્રને. इत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शि ભિન્ન શેષઘુટ્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના सखि નામના -હ્સ્વ इ ને જ ऐ આદેશ થાય છે. તેથી સ્ત્રીલિંગમાં નિષ્પન્ન सखी આ દીર્ઘ ईकारान्त નામને औ પ્રત્યય. 'इवर्णादि० ૧-૨-૨૧' થી ई ને य् આદેશ થવાથી 'सख्यौ' આવો પ્રયોગ થાય છે. અર્થ - બે સખીઓ. યદ્યપિ सखि શબ્દના ઉપાદાનથી सखी શબ્દનું ગ્રહણ શક્ય ન હોવાથી તેના ई ને ऐ આદેશની પ્રાપ્તિ ન હોવાથી इतः આ પ્રમાણેનો નિર્દેશ આવશ્યક નથી. પરન્તુ 'नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम्' અર્થાત્ "નામના ગ્રહણથી; સ્ત્રીલિંગાદિનામનું પણ ગ્રહણ થાય છે." આ પરિભાષાથી सखि શબ્દના ઉપાદાનથી સ્ત્રીલિંગ પણ सखी શબ્દનું ગ્રહણ શક્ય છે. તેથી ई ને ऐ આદેશનો પ્રસંગ ન આવે એ માટે સૂત્રમાં 'इतः' આ પ્રમાણે નિર્દેશ આવશ્યક છે. अशाविति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सखि નામના इ ને તેની પરમાં शि ભિન્ન જ શેષ ઘુટ્ પ્રત્યય પરમાં હોય તો ऐ આદેશ થાય છે. તેથી अतिसखि+शि આ અવસ્થામાં આ સૂત્રથી शि પ્રત્યય પરમાં હોવાથી इ ને ऐ આદેશ થતો નથી. તેથી 'स्वराच्छौ ૧-૪-૬૫' થી शि ની પૂર્વે न् નો આગમ. 'नि दीर्घः ૧-૪-૮૫' થી इ ને દીર્ઘ આદેશ થવાથી 'अतिसखीनि' આવો પ્રયોગ થાય છે. અર્થ - મિત્રને છોડવાવાલા કુલો. शेष इत्येव - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शि ભિન્ન શેષ જ ઘુટ્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે इकारान्त सखि નામના इ ને ऐ આદેશ થાય છે. તેથી સમ્બોધનમાં सखि+सि આ અવસ્થામાં આ સૂત્રથી इ ને ऐ આદેશ ન થવાથી, सि સાથે इ ને 'ह्रस्वस्य गुणः ૧-૪-૪૧' થી ગુણ ए આદેશ થવાથી हे सखे આવો પ્રયોગ થાય છે. અર્થ - હે મિત્ર!॥૮૩॥

## ऋदुशनस्-पुरुदंशोऽनेहसश्च से र्डाः १।४।८४॥

ऋकारान्त નામ; उशनस्; पुरुदंशस्; अनेहस् અને सखि નામથી પરમાં રહેલા શેષ सि (सम्બોધનના सि થી ભિન્ન सि) પ્રત્યયના સ્થાને डा (आ) આદેશ થાય છે. पितृ, अतिपितृ, कर्त्तृ, उशनस्, पुरुदंशस्, अनेहस् અને सखि નામને सि પ્રત્યય. આ સૂત્રથી सि ને डा આદેશ. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્યસ્વરાદિનો અર્થાદ્ અનુક્રમે ऋ,ऋ,ऋ, अस्, अस् અને इ નો લોપ થવાથી, અનુક્રમે पिता; अतिपिता; कर्त्ता; उशना, पुरुदंशा, अनेहा અને सखा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પિતા. પિતાને જીતનાર. કરનાર. શુક્રાચાર્ય. પુરુદંશસ્ નામની વ્યક્તિ વિશેષ. કાલ. મિત્ર.॥૮૪॥

## नि दीर्घः १।४।८५॥

શેષ ઘુટ્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા न् ની પૂર્વેના સ્વરને દીર્ઘ થાય છે: सू.नं. ૧-૧-૨૯ માં જણાવ્યા મુજબ राजा; राजानौ; राजानः, राजानम् અહીં राजन् ના अ ને દીર્ઘ 'आ' આદેશ; તેમજ सू. नं. ૧-૧-૨૮ માં જણાવ્યા મુજબ पद्मानि ની જેમ 'वनानि' અહીં वन નામના અન્ત્ય अ ને आ આદેશ આ સૂત્રથી થયો છે. અર્થ સ્પષ્ટ છે. कर्तृ નામને जस् અથવા शस् પ્રત્યય. 'नपुंसकस्य शिः ૧-૪-૫૫' થી जस् शस् ને शि આદેશ. 'स्वराच्छौ ૧-૪-૬૫' થી शि ની પૂર્વે न् નો આગમ. આ સૂત્રથી ऋ ને દીર્ઘ ॠ આદેશ. 'ऋवर्णा० ૨-૩-૬૩' થી न् ને ण् આદેશ થવાથી कर्तॄणि આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘણું કરવાવાલા કુલો અથવા કુલોને. शेष એવ = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શેષ જ ઘુટ્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા न् ની પૂર્વેના સ્વરને દીર્ઘ થાય છે. તેથી सम्બોધનમાં राजन् નામને सि પ્રત્યય. 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ થવાથી हे राजन्! આવો પ્રયોગ થાય છે.

અહીં શેષ ઘુટ્ પ્રત્યય પરમાં ન હોવાથી राजन् ના अ ને આ સૂત્રથી દીર્ઘ થતો નથી. ॥૮૫॥

## न्स् महतोः १।४।८६॥

न्स् અન્તવાલા નામ અને महत् નામના સ્વરને તેની પરમાં શેષ ઘુટ્ પ્રત્યય પરમાં હોય તો દીર્ઘ થાય છે. श्रेयस् નામને सि અને औ પ્રત્યય; महत् નામને सि અને औ પ્રત્યય. 'ऋदुदितः १-४-७०' થી स् અને त् ની પૂર્વે न् નો આગમ. આ સૂત્રથી ઉપાન્ત્ય अ ને દીર્ઘ 'आ' આદેશ. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. 'पदस्य' २-१-८९ થી પદાન્ત स् અને त् નો લોપ. श्रेयान्स्+औ આ અવસ્થામાં 'शिड्ढेऽ नुस्वारः १-३-४०' થી न् ને અનુસ્વાર, તેમજ महान्त्+औ આ અવસ્થામાં 'म्नां धुड्वर्गे० १-३-३९' થી न् ને न् આદેશ થાય છે. તેથી श्रेयान् श्रेयान्सौ અને महान्न् महान्तौ આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સારો. બે સારા: મોટો. બે મોટા.॥૮૬॥

## इन्-हन् पूषाऽर्यम्णः शिस्योः १।४।८७॥

इन् અન્તવાલા નામ, हन् पुषन् અને अर्यमन् નામના न् ની પૂર્વેના સ્વરને, તેની પરમાં शि અને सि પ્રત્યય હોય તો જ દીર્ઘ થાય છે. दण्डिन् स्रग्विन्, भ्रूणहन् बहुपूषन् અને स्वर्यमन् નામને નપુંસકમાં जस् કે शस् પ્રત્યય. 'नपुंसकस्य शिः १-४-५५' થી जस् કે शस् ને शि આદેશ. આ સૂત્રથી न् ની પૂર્વેના इ તથા अ ને દીર્ઘ 'ई' તથા 'आ' આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી स्रग्विन् बहुपूषन् અને स्वर्यमन् ના न् ને ण् આદેશ થવાથી दण्डीनि स्रग्वीणि, भ्रूणहानि बहुपूषाणि અને स्वर्यमाणि, આવો પ્રયોગ થાય છે. दण्डिन् स्रग्विन् भ्रूणहन् पूषन् અને अर्यमन् નામને सि પ્રત્યય. આ સૂત્રથી न् ની પૂર્વેના इ અને अ ને દીર્ઘ ई અને आ આદેશ. 'दीर्घङ्याब्० १-४-४५'

થી सि નો લોપ. 'नाम्नो नो० ૨-૧-૯૧' થી न् નો લોપ થવાથી दण्डी, स्रग्वी, भ्रूणहा, पूषा અને अर्यमा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - દણ્ડધારી કુલો. માલાધારી કુલો. દણ્ડધારી. માલાધારી. બાલકને મારનારા કુલો. બાલકને મારનાર. ઘણા પૂષન્ નામના દેવ વાલા કુલો. પૂષન્ નામનો દેવ. સારા અર્યમન્ નામના દેવવાલા કુલો. અર્યમન્ નામનો દેવ. शिस्योरेवेति किम्? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शि અને सि પ્રત્યય જ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા इन् અન્તવાલા નામ; हन् पूषन् અને अर्यमन् નામના न् ની પૂર્વેના સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી दण्डिन्+औ, वृत्रहन्+औ, पूषन्+औ અને अर्यमन्+औ, આ અવસ્થામાં शि અથવા सि પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી न् ની પૂર્વેના સ્વરને દીર્ઘ આદેશ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ યથાપ્રાપ્ત न् ને ण् આદેશાદિ કાર્ય થયા બાદ दण्डिनौ, वृत्रहणौ, पूषणौ અને अर्यमणौ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બે દંડધારી. બે ઈન્દ્ર. બે પૂષન્ નામના દેવ. બે અર્યમન્ નામના દેવ. અહીં યાદ રાખવું જોઈએ કે - આ સૂત્રના ઉદાહરણ दण्डीनि વગેરે સ્થલે અને પ્રત્યુદાહરણ दण्डिनौ વગેરે સ્થલે 'नि दीर्घः ૧-૪-૮૫' થી न् ની પૂર્વેનો સ્વર દીર્ઘ થવાનો જ હતો. તેથી ઈષ્ટ પ્રયોગની સિદ્ધિ અને અનિષ્ટ પ્રયોગની પણ સિદ્ધિ આ સૂત્રના અભાવમાં થવાની હતી. તેથી ઉપર જણાવ્યા મુજબ આ સૂત્ર, માત્ર शि અને सि પ્રત્યય પરમાં હોય તો इन् અન્તવાલા નામ, हन् पूषन् અને अर्यमन् નામના न् ની પૂર્વેના સ્વરને દીર્ઘ આદેશનું અને અન્ત્ય શેષ ઘુટ્ પ્રત્યય પરમાં હોય તો દીર્ઘ આદેશ નહિ કરવાનું નિયમન કરે છે. અર્થાદ્ આ સૂત્ર इन् અન્તવાલા નામ તેમજ हन् पूषन् અને अर्यमन् નામના न् ભિન્નત્વેન રૂપેણ સૂ.નં. ૧-૪-૮૫ ના અર્થમાં (ઉદ્દેશ્યતાવચ્છેદકાવચ્છિન્નમાં) સંકોચ કરે છે.... ઈત્યાદિ સૂ. નં. ૧-૪-૩ માં જણાવ્યા મુજબ સ્વયં સમજી લેવું - અથવા અધ્યાપક પાસેથી સમજી લેવું.॥૮૭॥

## अपः ११४।८८॥

શેષ ઘુટ્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના अप् ના સ્વરને દીર્ઘ આદેશ થાય છે. अप्+जस् અને स्वप्+औ આ અવસ્થામાં આ સૂત્રથી अ ને દીર્ઘ 'आ' આદેશ. 'सोरुः २-१-७२' થી स् ને रु આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી र् ને વિસર્ગ થવાથી 'आपः' અને 'स्वापौ' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પાણી. સારા પાણીવાલા બે અથવા બેને ॥૮૮॥

## नि वा ११४।८९॥

न् નો આગમ થયો હોય ત્યારે अप् ના સ્વરને; તેની પરમાં ઘુટ્ પ્રત્યય હોય તો વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. स्वप् અને बह्वप् નામને जस् અથવા शस् પ્રત્યય. 'नपुंसकस्य शिः १-४-५५' થી जस् કે शस् ને शि આદેશ. 'धुटां प्राक् १-४-६६' થી प् ની પૂર્વે न् નો આગમ. 'म्नां धुड्० १-३-३९' થી न् ને પવર્ગીય અનુનાસિક म् આદેશ. આ સૂત્રથી अ ને દીર્ઘ 'आ' આદેશ થવાથી 'स्वाम्पि' અને 'बह्वाम्पि' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अ ને દીર્ઘ 'आ' આદેશ ન થાય ત્યારે 'स्वम्पि' અને 'बह्वम्पि' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - સારા પાણીવાલા સરોવરો અથવા સરોવરોને. ઘણાપાણીવાલા સરોવરો અથવા સરોવરોને. ॥૮૯॥

## अभ्वादेरत्वसः सौ ११४।९०॥

भू આદિ ગણપાઠમાં ના શબ્દોથી ભિન્ન, अतु (अत्) અને अस् અન્તવાલા નામના સ્વરને તેની પરમાં શેષ सि પ્રત્યય હોય તો દીર્ઘ આદેશ થાય છે. भवत् (भा+डावतु) અને यवमत् (यव+ मतु) નામને सि પ્રત્યય. 'ऋदुदितः १-४-७०' થી त् ની પૂર્વે न् નો આગમ. આ

સૂત્રથી न् ની પૂર્વેના अ ને દીર્ઘ 'आ' આદેશ. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. 'पदस्य २-१-८९' થી त् નો લોપ થવાથી 'भवान्' અને 'यवमान्' આવો પ્રયોગ થાય છે. यवमान् અહીં मतु ના म् ને 'मावर्णा० २-१-९४' થી પ્રાપ્ત व् આદેશનો 'नोर्म्यादिभ्यः २-१-९९' થી નિષેધ થયો છે. अप्सरस्+सि આ અવસ્થામાં આ સૂત્રથી र ના अ ને દીર્ઘ आ આદેશ. ઉપર જણાવ્યા મુજબ सि નો લોપ. 'सोरुः २-१-७२' થી પદાન્ત स् ને रु આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી र् ને વિસર્ગ થવાથી 'अप्सराः' આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે गोमन्तं स्थूलशिरसं वेच्छन् આ અર્થમાં गोमत् અને स्थूलशिरस् નામને સૂ. નં. ૧-૪-૨૬ માં જણાવ્યા મુજબ क्यन् क्विप् પ્રત્યય અને તેનો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી गोमत् અને स्थूलशिरस् આવા નામ બને છે. તેને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'गोमान्' અને 'स्थूलशिराः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આપ. જવલાવાલો. વેશ્યા. ગાયવાલાને ઈચ્છનાર. સ્થૂલમસ્તકને ઈચ્છનાર. અહીં યાદ રાખવું કે - અહીં भ्वादि નું વર્જન કર્યું છે ધાતુ માત્રનું નહિ. તેથી गोमान् અને स्थूलशिराः અહીં નામધાતુથી નિષ્પન્ન નામના સ્વરને આ સૂત્રથી દીર્ઘ આદેશ થયો છે. અન્યથા अभ्वादेः ના સ્થાને अधातोः આવો પાઠ કર્યો હોત. अभ्वादेरिति किम्? આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ भ्वादि ગણપાઠમાંના શબ્દથી ભિન્ન જ अतु અને अस् અન્તવાલા નામ ના સ્વરને તેની પરમાં શેષ सि પ્રત્યય હોય તો દીર્ઘ આદેશ થાય છે. पिण्डं ग्रसति આ અર્થમાં पिण्ड+ग्रस् ધાતુને क्विप् (૦) પ્રત્યય થવાથી નિષ્પન્ન पिण्डग्रस् નામને सि પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ सि નો લોપ. स् ને रु અને र् ને વિસર્ગ થવાથી पिण्डग्रः આવો પ્રયોગ થાય છે. અહીં ग्रस् ધાતુ भ्वादि હોવાથી તેના 'अ' ને આ સૂત્રથી દીર્ઘ आ આદેશ થતો નથી. અર્થ - પિણ્ડ ખાનાર. આથી સમજી શકાશે કે अस् અને अतु અન્તવાલું નામ ग्रस् ની જેમ भ्वादि ધાતુ સ્વરૂપ હોય તો આ સૂત્રથી દીર્ઘ થતો નથી - એ તાત્પર્ય છે. ||૯૦||

## क्रुशस्तुनस्तृच् पुंसि १।४।९१॥

શેષ घुट् પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વેના क्रुश् ધાતુના तुन् પ્રત્યયને પુલ્લિંગમાં तृच् આદેશ થાય છે. અર્થાદ્ क्रोष्टु ને क्रोष्टृ આદેશ થાય છે. અહીં क्रोष्टु નામને क्रोष्टृ આદેશનું વિધાન ન કરતાં तुन् ને ઉપર જણાવ્યા મુજબ तृच् આદેશનું જે વિધાન કર્યું છે તે, तृच् ના ऋ ને 'तृ स्वसृ० १-४-३८' થી आर् આદેશ થઈ શકે - એ માટે છે. અન્યથા 'क्रोष्टृ' ના વિધાનથી એ શક્ય બનત નહિ. क्रोष्टु (क्रुश् ધાતુ ને तुन् પ્રત્યય. તેમ જ ઉપાન્ત્ય उ નો ગુણ ओ.... ઈત્યાદિ કાર્યથી નિષ્પન્ન) નામને सि પ્રત્યય. આ સૂત્રથી क्रोष्टु ના तुन् ને तृच् (तृ) આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી સૂ.નં. ૧-૪-૮૪ માં જણાવ્યા મુજબ पिता ની જેમ 'क्रोष्टा' આવો પ્રયોગ થાય છે. તેમજ क्रोष्टु+औ આ અવસ્થામાં આ સૂત્રથી तुन् ને तृच् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'क्रोष्टारौ' આવો પ્રયોગ સૂ.નં. ૧-૪-૩૮ માં જણાવ્યા મુજબ कर्त्तारौ ની જેમ થાય છે., અર્થક્રમશઃ- એક શિયાળ. બે શિયાળ. पुंसीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પુલ્લિંગમાં જ શેષ घुट् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા क्रुश् ધાતુના तुन् ને तृच् આદેશ થાય છે. તેથી નપુંસકમાં कृशक्रोष्टु નામને जस् અથવા शस् પ્રત્યય. 'नपुंसकस्य शिः १-४-५५' થી जस् અથવા शस् ને 'शि' આદેશ. 'स्वराच्छौ० १-४-६५' થી शि ની પૂર્વે न् નો આગમ. 'नि दीर्घः १-४-८५' થી न् ની પૂર્વે ના उ ને દીર્ઘ ऊ આદેશ થવાથી 'कृशक्रोष्टूनि' वनानि આવો પ્રયોગ થાય છે. અહીં નપુંસકમાં क्रोष्टु ને क्रोष्टृ આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થ - દુર્બલ શિયાળવાલા વનો. ॥९१॥

## टादौ स्वरे वा १।४।९२॥

टा વગેરે સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના क्रोष्टु ને પૂર્વે જણાવ્યા મુજબ क्रोष्टृ આદેશ પુલ્લિંગમાં વિકલ્પથી થાય છે. क्रोष्टु+टा અને क्रोष्टु +ओस् આ અવસ્થામાં क्रोष्टु ને આ સૂત્રથી क्रोष्टृ આદેશ. 'इवर्णादि० १-२-२१' થી ऋ ને र् આદેશ. ओस् ના स् ને 'सोरुः २-१-७२' થી रु આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી र् ને વિસર્ગ થવાથી क्रोष्ट्रा અને क्रोष्ट्रोः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क्रोष्टु ના तुन् ને तृच् આદેશ ન થાય ત્યારે 'टः पुंसि ना १-४-२४' થી टा ને ना આદેશ થવાથી 'क्रोष्टुना' આવો પ્રયોગ થાય છે. તેમજ 'इवर्णादि० १-२-२१' થી क्रोष्टु +ओस् આ અવસ્થામાં उ ને व् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'क्रोष्ट्वोः' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - શિયાળવડે. બે શિયાળનું અથવા બે શિયાળમાં ॥૯૨॥

## स्त्रियाम् १।४।९३॥

કોઈ પણ નિમિત્તની અપેક્ષા વિના, સ્ત્રીલિંગમાં क्रोष्टु નામને પૂર્વે જણાવ્યા મુજબ क्रोष्टृ આદેશ થાય છે. આ સૂત્રથી સ્ત્રીલિંગમાં क्रोष्टु નામને क्रोष्टृ આદેશ. 'स्त्रियां नृतो० २-४-१' થી क्रोष्टृ નામને ङी (ई) પ્રત્યય. 'इवर्णादि० १-२-२१' થી ऋ ને र् આદેશ થવાથી क्रोष्ट्री નામ બને છે. તેને सि औ અને भ्याम् પ્રત્યય. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. 'इवर्णादि० १-२-२१' થી औ ની પૂર્વેના ई ને य् આદેશ થવાથી 'क्रोष्ट्री' 'क्रोष्ट्र्यौ' અને 'क्रोष्ट्रीभ्याम्' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શિયાળણી. બે શિયાળણી અથવા બે શિયાળણીને. બે શિયાળણી વડે અથવા માટે અથવા માંથી. पञ्चभिः क्रोष्ट्रीभिः क्रीतैः આ વિગ્રહમાં દ્વિગુસમાસાદિ કાર્યથી નિષ્પન્ન पञ्चक्रोष्ट्री નામને 'मूल्यैः क्रीते ६-४-१५०' થી इकण् પ્રત્યય.

'अनाम्य० ६-४-१४१' थी इकण् नो લોપ. 'ङ्यादेर्गौणस्या० २-४-९५' थी ङी (ई) ની નિવૃત્તિ. તેથી पञ्चक्रोष्टृ શબ્દ રહે છે. તેને भिस् પ્રત્યયાદિ કાર્ય થવાથી 'पञ्चक्रोष्टृभी रथैः' આવો પ્રયોગ થાય છે. અહીં भिस् ના स् ને 'सोरुः २-१-७२' થી रु આદેશ. અને 'सो रे लुग्० १-३-४१' થી रु ના र् નો લોપ તથા भिस् ના 'इ' ને દીર્ઘ ई આદેશ થયો છે. આ સૂત્રથી માત્ર સ્ત્રીલિંગમાં જ કોઈ પણ જાતના નિમિત્તની અપેક્ષા વિના જ क्रोष्टु ને क्रोष्टृ આદેશ થતો હોવાથી पञ्चकोष्टृभी रथैः અહીં ઉપર જણાવ્યા મુજબ સ્ત્રીલિંગમાં વિહિત ङी ની નિવૃત્તિ પછી પણ क्रोष्टृ માં तृ આદેશની નિવૃત્તિ થતી નથી. અન્યથા સ્ત્રીલિંગમાં વિહિત ङी પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના क्रोष्टु ને क्रोष्टृ આદેશનું વિધાન કર્યું હોત તો 'निमित्तापाये नैमित्तिकस्याप्यपायः' અર્થાદ્ "નિમિત્તની નિવૃત્તિથી નૈમિત્તિકની પણ નિવૃત્તિ થાય છે" આ પરિભાષાથી ङी ની નિવૃત્તિમાં ङी નિમિત્તક क्रोष्टृ આદેશ પણ નિવૃત્ત થાત .... ઈત્યાદિ સારી રીતે સમજી લેવું. અર્થ – પાંચ શિયાળણીઓથી ખરીદાએલા રથોથી ॥૧૩॥

**॥ इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे प्रथमेऽध्याये चतुर्थः पादः॥**

सोत्कण्ठमङ्गलगतैः ......... આ શ્લોકના નીચે જણાવ્યા મુજબ બે વિભાગ કરીને અર્થ કરવો. सोत्कण्ठमङ्गलगतैः कचकर्षणै र्वक्त्राब्जचुम्बननखक्षतकर्मभिश्च श्रीमूलराजहतभूपतिभिः खे सुरस्त्रियो विलेसुः। ઉત્કણ્ઠાપૂર્વક આનન્દપ્રદ અર્થાદ્ વિલાસપ્રદ વસ્તુની પ્રાપ્તિથી સમ્ભોગ માટે વાળ ખેંચવાંથી મૈથુનમાં ઉલ્લાસ વધારવા મુખકમલનું ચુમ્બન અને નખથી વિદારણ સ્વરૂપ ક્રિયાઓથી શ્રી મૂલરાજ નામના રાજાથી હણાએલા રાજાઓ વડે (તેઓ સ્વર્ગમાં ગયા ત્યારે) સ્વર્ગમાં દેવાઙ્ગનાઓ વિલાસ કરતી હતી.

सोत्कण्ठमङ्गलगतैः कचकर्षणै र्वक्त्राब्जचुम्बननखक्षतकर्मभिश्च श्रीमूलराजहतभूपतिभिः सङ्ख्ये शिवा विलेसुः। ઉત્સુકતા પૂર્વક મનગમતી ચીજ. પ્રાપ્ત થવાથી, ખાવા માટે વાળ ખેંચવાંથી આસ્વાદન માટે મુખકમલ ચાટવું અને માંસ માટે નખથી ફાડવા સ્વરૂપ ક્રિયાઓ વડે, શ્રીમૂલરાજનામના રાજાથી હણાએલા રાજાઓ વડે (તેઓના મડદાઓ વડે) યુદ્‌ધભૂમિમાં શિયાળણીઓ વિલાસ કરતી હતી.

**॥इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे प्रथमोऽध्यायः॥**

# अथ प्रारभ्यते द्वितीयेऽध्याये प्रथमः पादः।

## त्रि-चतुरस्तिसृ-चतसृ स्यादौ २।१।१॥

'स्त्रियाम् १-४-९३' थी स्त्रियाम् नी અનુવૃત્તિ આ સૂત્રમાં છે. સ્ત્રીલિંગમાં; સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વેના त्रि ને 'तिसृ' અને चतुर् ને चतसृ આદેશ થાય છે. त्रि અને चतुर् નામને સ્ત્રીલિંગમાં जस् અથવા शस् પ્રત્યય. આ સૂત્રથી त्रि ને तिसृ અને चतुर् ને चतसृ આદેશ. 'ऋतो रः० २-१-२' થી ऋ ને र् આદેશ. 'सोरुः २-१-७२' થી પદાન્ત स् ને रु આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી र् ને વિસર્ગ થવાથી तिस्रः અને चतस्रः આવો પ્રયોગ થાય છે. त्रि અને चतुर् નામને સ્ત્રીલિંગમાં सु પ્રત્યય. આ સૂત્રથી त्रि અને चतुर् નામને तिसृ અને चतसृ આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५' થી सु ના स् ને ष् આદેશ થવાથી तिसृषु અને चतसृषु આવો પ્રયોગ થાય છે. प्रियत्रि અને प्रियचतुर् નામને सि પ્રત્યય. આ સૂત્રથી त्रि ને तिसृ આદેશ. તેમજ चतुर् ને चतसृ આદેશ .... ઈત્યાદિ કાર્ય થવાથી સૂ. નં. ૧-૪-૮૪ માં જણાવ્યા મુજબ 'पिता' ની જેમ 'प्रियतिसा' અને 'प्रियचतसा' ના આવો પ્રયોગ થાય છે. प्रियत्रि નામને નપુંસકમાં सि પ્રત્યય. 'नामिनो लुग्वा १-४-६१' થી सि નો લુક્ થયા પછી 'प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते' આ પરિભાષાથી सि પ્રત્યય પરમાં છે એમ માનીને त्रि ને આ સૂત્રથી तिसृ આદેશ થવાથી प्रियतिसृ कुलम् આવો પ્રયોગ થાય છે. 'नामिनो० १-४-६१' ના વિકલ્પ પક્ષમાં सि નો લુક્ ન થાય ત્યારે 'अनतो लुप् १-४-५९' થી सि નો લુપ્ થવાથી 'प्रियत्रि' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ત્રણ સ્ત્રીઓ અથવા સ્ત્રીઓને. ચાર સ્ત્રીઓ અથવા સ્ત્રીઓને. ત્રણસ્ત્રીઓમાં. ચારસ્ત્રીઓમાં. ત્રણસ્ત્રીઓવાલો પુરુષ. ચાર

સ્ત્રીઓવાલો પુરુષ. ચારસ્ત્રીઓ વાલું કુલ. અહીં યાદ રાખવું જોઈએ કે त्रि અને चतुर् નામ સ્ત્રીલિંગમાં પ્રયુક્ત હોવું જોઈએ. વિભક્તિનો પ્રત્યય તત્સમ્બન્ધી જ હોવો જોઈએ એવો નિયમ નથી. स्यादाविति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્યાદિ પ્રત્યય જ પરમાં હોય તો તેની પૂર્વેના સ્ત્રીલિંગ त्रि અને चतुर् નામને અનુક્રમે तिसृ અને चतसृ આદેશ થાય છે. તેથી प्रियास्तिस्रो यस्य અને प्रियाश्चतस्रो यस्य આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન प्रियत्रि અને प्रियचतुर् નામને 'शेषाद् वा ७-३-१७५' થી સમાસાન્ત कच् (क) પ્રત્યય. આ પ્રત્યય સ્યાદિ ન હોવાથી આ સૂત્રથી त्रि અને चतुर् ને तिसृ અને चतसृ આદેશ ન થવાથી 'निर्दुर्बहिरा० २-३-९' થી चतुर् ના र् ને ष् આદેશથી નિષ્પન્ન प्रियत्रिक અને प्रियचतुष्क નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'प्रियत्रिकः' અને 'प्रियचतुष्कः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ત્રણ સ્ત્રીઓ વાલો. ચાર સ્ત્રીઓવાલો.॥૧॥

## ऋतो रः स्वरेऽनि २।१।२॥

स्वरादि स्यादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના तिसृ અને चतसृ નામના ऋ ને; न् નો વિષય ન હોય તો र् આદેશ થાય છે. त्रि અને चतुर् નામને સ્ત્રીલિંગમાં जस् અથવા शस् પ્રત્યય. 'त्रि चतुर० २-१-१' થી त्रि અને चतुर् નામને અનુક્રમે तिसृ અને चतसृ આદેશ. આ સૂત્રથી ऋ ને र् આદેશાદિ કાર્ય થવાથી तिस्रः અને चतस्रः આવો પ્રયોગ થાય છે. અર્થ પૂર્વ સૂત્રમાં જણાવ્યો છે. प्रियत्रि અને प्रियचतुर् નામને औ પ્રત્યય. त्रि અને चतुर् નામને ઉપર જણાવ્યા મુજબ तिसृ અને चतसृ આદેશ. આ સૂત્રથી ऋ ને र् આદેશ થવાથી 'प्रियतिस्रौ' અને 'प्रियचतस्रौ' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ત્રણ સ્ત્રીઓવાલા બે પુરુષો. ચાર સ્ત્રીઓવાલા બે પુરુષો. स्वर इति

किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાદિ જ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના तिसृ અને चतसृ નામના ऋ ને; न् નો વિષય ન હોય તો र् આદેશ થાય છે. તેથી त्रि અને चतुर् નામને સ્ત્રીલિંગમાં भिस् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ त्रि ને तिसृ અને चतुर् ને चतसृ આદેશાદિ કાર્ય થવાથી तिसृभिः અને चतसृभिः આવો પ્રયોગ થાય છે. અહીં સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી ऋ ને र् આદેશ થતો નથી. અર્થ ક્રમશઃ - ત્રણસ્ત્રીઓથી. ચાર સ્ત્રીઓથી. अनीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના तिसृ અને चतसृ નામના ऋ ને र् આદેશ થાય છે. પરન્તુ न् ના વિષયમાં થતો નથી. તેથી સ્ત્રીલિંગમાં त्रि અને चतुर् નામને आम् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ त्रि અને चतुर् નામને तिसृ અને चतसृ આદેશ. 'ह्रस्वापश्च १-४-३२' થી आम् ને नाम् આદેશ. તેના न् ને 'रषृवर्णा० २-३-६३' થી ण् આદેશ. ઈત્યાદિ કાર્ય થવાથી तिसृणाम् અને चतसृणाम् આવો પ્રયોગ થાય છે. અહીં आम् ને नाम् આદેશનો અર્થાદ્ न् નો વિષય હોવાથી આ સૂત્રથી ऋ ને र् આદેશ થતો નથી. અર્થક્રમશઃ– ત્રણસ્ત્રીઓનું. ચાર સ્ત્રીઓનું.॥૨॥

## जराया जरस् वा २।१।३॥

સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના जरा નામને जरस् આદેશ વિકલ્પથી થાય છે. जरा નામને औ પ્રત્યય. તેમજ जस् પ્રત્યય. अतिजर નામને औ પ્રત્યય. તેમજ નપુંસકમાં सि પ્રત્યય. 'अतःस्यमोऽम् १-४-५७ ' થી सि ને अम् આદેશ. સર્વત્ર આ સૂત્રથી जरा અને जर ને जरस् આદેશ. जस् ના स् ને 'सोरुः २-१-७२' થી रु આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી र् ને વિસર્ગ થવાથી जरसौ; जरसः; अतिजरसौ અને अतिजरसम् कुलम् આવો પ્રયોગ થાય છે.

વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ जरस् આદેશ ન થાય ત્યારે સૂ. નં. ૧-૪-૨૦ માં જણાવ્યા મુજબ माले ની જેમ 'जरे' આવો પ્રયોગ થાય છે. जस् ના अ ની સાથે जरा ના आ ને 'समाना० ૧-૨-૧' થી आ આદેશાદિ કાર્ય થવાથી 'जराः' આવો પ્રયોગ થાય છે. 'ऐदौत्० ૧-૨-૧૨' થી 'अ' ને 'औ' આદેશ થવાથી 'अतिजरौ' આવો પ્રયોગ થાય છે. 'समानादमोऽतः ૧-૪-૪૬' થી अम् ના अ નો લોપ થવાથી 'अतिजरम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બે વૃદ્ધાવસ્થા. ઘણી વૃદ્ધાવસ્થા. વૃદ્ધાવસ્થાને જીતનારા બે પુરુષો. વૃદ્ધાવસ્થાને જીતનારું કુલ. जरामतिक्रान्तौ अतिक्रान्तं वा આ અર્થમાં નિષ્પન્ન अतिजरा નામના અન્ત્ય आ ને 'गोश्चान्ते० ૨-૧-૯૬' થી અથવા 'क्लीबे ૨-૪-૯૭' થી -હ્સ્વ अ આદેશ થવાથી अतिजर નામ બને છે. અહીં યદ્યપિ जरा નામ ન હોવાથી આ સૂત્રથી जरस् આદેશ થવો ન જોઈએ; પરન્તુ 'एकदेशविकृतमनन्यवत्' અર્થાદ્ 'મૂલરૂપની અપેક્ષાએ એકાદ દેશમાં વિકૃત (ફેરફાર વાલું) રૂપ થયું હોય તો તેને મૂલરૂપની જેમ મનાય છે.' આ પરિભાષાથી जर ને जरा ની જેમ જ મનાય છે. તેથી આ સૂત્રથી जर ને પણ जरस् આદેશ ઉપર જણાવ્યા મુજબ થાય છે.॥૩॥

## अपोऽद् भे २।१।४॥

'भ्' જેના આદિમાં છે - એવો સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના अप् નામને 'अद्' આદેશ થાય છે. अप्+भिस् અને स्वप् (सु+अप्)+भ्याम् આ અવસ્થામાં આ સૂત્રથી अप् ને अद् આદેશ. 'सोरुः ૨-૧-૭૨' થી स् ન रु આદેશ. 'रः पदान्ते० ૧-૩-૫૩' થી र् ને વિસર્ગ થવાથી 'अद्भिः' અને 'स्वद्भ्याम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પાણીથી. સારાપાણીવાલા બેથી. भ इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ भादि જ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો

જ તેની પૂર્વેના अप् નામને 'अद्' આદેશ થાય છે. તેથી अप्+सु આ અવસ્થામાં भादि સ્યાદિ પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી अप् નામને अद् આદેશ થતો નથી. જેથી 'अप्सु' આવો પ્રયોગ થાય છે. અર્થ - પાણીમાં ॥૪॥

## आ रायो व्यञ्जने २।१।५॥

વ્યઞ્જનાદિ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના रै નામના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. रै+सि અને रै+सु આ અવસ્થામાં આ સૂત્રથી रै નામના અન્ત્ય ऐ ને आ આદેશ. सि ના स् ને 'सोरुः २-१-७२' થી रु આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી रु ના र् ને વિસર્ગ થવાથી 'राः' અને 'रासु' આવો પ્રયોગ થાય છે. रायमतिक्रान्ताभ्याम् આ અર્થમાં નિષ્પન્ન अतिरै ના ऐ ને 'क्लीबे २-४-९७' થી -હ્રસ્વ इ આદેશથી નિષ્પન્ન अतिरि નામને भ्याम् પ્રત્યય. આ સૂત્રથી અન્ત્ય इ ને 'आ' આદેશ થવાથી अतिराभ्याम् कुलाभ्याम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ધન. ધનોમાં. ધનને છોડવાવાલા બે કુલોથી. व्यञ्जन इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાદિ જ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના रै નામના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. તેથી रै+जस् આ અવસ્થામાં સ્વરાદિ પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી रै ના ऐ ને आ આદેશ ન થવાથી 'एदैतो० १-२-२३' થી ऐ ને आय् આદેશાદિ કાર્ય થવાથી 'रायः' આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘણું ધન ॥૫॥

## युष्मदस्मदोः २।१।६॥

વ્યઞ્જનાદિ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના युष्मद् અને अस्मद् નામના અન્ત્ય વર્ણને 'आ' આદેશ થાય છે. युष्मद्+अम् અને

अस्मद्+अम् આ અવસ્થામાં 'अमौ मः २-१-१६' થી अम् ને म् આદેશ. 'त्वमौ प्रत्ययो० २-१-११' થી युष्म् ને त्व આદેશ. અને अस्म् ને म આદેશ. त्व+अद्+म् અને म+अद्+म् આ અવસ્થામાં 'लुगस्या० २-१-११३' થી त्व અને म ના अ નો લોપ. આ સૂત્રથી द् ને आ આદેશ. आ ની સાથે તેની પૂર્વેના अ ને 'समानानां० १-२-१' થી દીર્ઘ आ આદેશ થવાથી 'त्वाम्' અને 'माम्' આવો પ્રયોગ થાય છે. त्वामतिक्रान्तम् अतिक्रान्तौ वा અને मामतिक्रान्तम् अतिक्रान्तौ वा આ અર્થમાં अतियुष्मद् અને अत्यस्मद् નામને अम् અને औ પ્રત્યય. अम् અને औ ને 'अमौ मः २-१-१६' થી म् આદેશાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ જ થવાથી 'अतित्वाम्' અને 'अतिमाम्' આવો પ્રયોગ; બંન્ને અવસ્થામાં થાય છે. युष्मद्+सु અને अस्मद्+सु આ અવસ્થામાં આ સૂત્રથી द् ને आ આદેશ; તથા आ ની સાથે તેની પૂર્વેના अ ને ઉપર જણાવ્યા મુજબ દીર્ઘ आ આદેશ થવાથી 'युष्मासु' અને 'अस्मासु' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તને. મને. તને જીતવાવાલાને અથવા તને જીતવાલા બેને. મને જીતવાવાલાને અથવા મને જીતવાવાલા બેને. તમારામાં. અમારામાં.॥૬॥

## टाङ्योसि यः २।१।७॥

टा, ङि અને ओस् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના युष्मद् અને अस्मद् નામના અન્ત્ય વર્ણને य् આદેશ થાય છે. युष्मद् અને अस्मद् નામને टा (आ) અને ङि (इ) પ્રત્યય. 'त्वमौ प्रत्ययो० २-१-११' થી युष्म् અને अस्म् ને त्व અને म આદેશ. 'लुगस्या० २-१-११३' થી त्व અને म ના अ નો લોપ. આ સૂત્રથી द् ને य् આદેશ થવાથી 'त्वया' અને 'त्वयि', 'मया' અને 'मयि' આવો પ્રયોગ થાય છે. युवामतिक्रान्तेन અને आवामतिक्रान्तेन આ અર્થમાં अतियुष्मद् અને

अत्यस्मद् નામને टा પ્રત્યય. તેમજ युष्मद् અને अस्मद् નામને ओस् પ્રત્યય. 'मन्तस्य युवा० ૨-૧-૧૦' થી युष्म् ने युव અને अस्म् ने आव આદેશ. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી युव અને आव ના अ નો લોપ. આ સૂત્રથી द् ने य् આદેશ. ओस् ના स् ને 'सोरुः ૨-૧-૭૨' થી रु આદેશ. रु ના र् ને 'रः पदान्ते० ૧-૩-૫૩' થી વિસર્ગ થવાથી 'अतियुवया', 'अत्यावया', 'युवयोः' અને 'आवयोः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તારાવડે. મારાવડે. તમને બેને જીતવાવાલાવડે. અમને બેને જીતવાવાલા વડે. તમારા બેનું અથવા બેમાં. અમારા બેનું અથવા અમારા બેમાં. टाङ्योसीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ टा ङि અને ओस् પ્રત્યય જ પરમાં હોય તો તેની પૂર્વેના युष्मद् અને अस्मद् નામના અન્ત્ય વર્ણને य् આદેશ થાય છે. તેથી युष्मद् અને अस्मद् નામને ङसि પ્રત્યય. અહીં 'ङसेश्चाद् ૨-૧-૧૯' થી ङसि ને अद् આદેશ. ઉપર જણાવ્યા મુજબ युष्म् અને अस्म् ने त्व અને म આદેશ. त्व અને म ના अ નો લોપ. 'शेषे लुक् ૨-૧-૮' થી द् નો લોપ થવાથી 'त्वद्' અને 'मद्' આવો પ્રયોગ થાય છે. અહીં टा ङि અને ओस् પ્રત્યય પરમાં ન હોવાથી द् ને य् આદેશ આ સૂત્રથી થતો નથી. त्वद् અને मद् ના द् ને 'विरामे वा ૧-૩-૫૧' થી त् થવાથી 'त्वत्' અને 'मत्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તારાથી. મારાથી. ॥૭॥

**शेषे लुक् २।१।८॥**

જે સ્યાદિ પ્રત્યયની પૂર્વેના युष्मद् અને अस्मद् નામના અન્ત્ય વર્ણને પૂર્વ સૂત્રથી आ અથવા य् આદેશનું વિધાન કર્યું છે. - તેનાથી ભિન્ન સ્યાદિ પ્રત્યયને શેષસ્યાદિ પ્રત્યય કહેવાય છે. શેષસ્યાદિ પ્રત્યય; અર્થાત્ टा ङि ओस् અને વ્યઞ્જનાદિ સ્યાદિ પ્રત્યયથી ભિન્ન સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના युष्मद् અને अस्मद्

નામના અન્ત્ય વર્ણનો લોપ થાય છે. युष्मद् અને अस्मद् નામને ચતુર્થી બહુવચનનો भ्यस् પ્રત્યય. 'अभ्यम् भ्यसः २-१-१८' થી भ्यस् ને अभ्यम् આદેશ. આ સૂત્રથી द् નો લોપ. 'लुगस्या० २-१-११३' થી युष्म ના अ નો લોપ થવાથી 'युष्मभ्यम्' અને 'अस्मभ्यम्' આવો પ્રયોગ થાય છે. त्वामतिक्रान्तात् અને मामतिक्रान्तात् આ અર્થમાં अतियुष्मद् અને अत्यस्मद् નામને ङसि (अस्) પ્રત્યય. અથવા त्वामतिक्रान्तेभ्यः અને मामतिक्रान्तेभ्यः આ અર્થમાં अतियुष्मद् અને अत्यस्मद् નામને પઞ્ચમીનો भ्यस् પ્રત્યય. 'ङसेश्चाद् २-१-१९' થી ङसि અને भ्यस् ને अद् આદેશ. 'त्वमौ प्रत्ययो० २-१-११' થી युष्म् અને अस्म् ને અનુક્રમે त्व અને म આદેશ. त्व અને म ના अ નો 'लुगस्या० २-१-११३' થી લોપ. આ સૂત્રથી द् નો લોપ. 'लुगस्या० २-१-११३' થી अद् ની પૂર્વેના अ નો લોપ. 'विरामे वा १-३-५१' થી अद् ના द् ને त् આદેશ થવાથી 'अतित्वत्' અને 'अतिमत्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તમારા માટે. અમારા માટે. તને જીતવાવાલાથી અથવા તને જીતવાવાલાઓથી. મને જીતવાવાલાથી અથવા મને જીતવાવાલાઓથી. शेष इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શેષ જ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના युष्मद् અને अस्मद् ના અન્ત્ય વર્ણનો લોપ થાય છે. તેથી युष्मद्+ङि અને अस्मद्+ङि આ અવસ્થામાં શેષ સ્યાદિ પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી युष्मद् અને अस्मद् ના અન્ત્ય વર્ણનો લોપ થતો નથી. જેથી સૂ.નં. ૨-૧-૭ માં જણાવ્યા મુજબ 'त्वयि' અને 'मयि' આવો પ્રયોગ થાય છે. અર્થ સ્પષ્ટ છે. ॥૮॥

## मो र्वा २।१।९॥

શેષ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના युष्मद् અને अस्मद् ના અન્ત્ય म् નો વિકલ્પથી લોપ થાય છે. युवाम् युष्मान् वाऽऽचक्षाणेभ्यः

અને आवामस्मान् वाऽऽचक्षाणेभ्यः આ અર્થમાં युष्मद् અને अस्मद् નામને 'णिज् बहुलं० ३-४-४२' થી णिच् (इ) પ્રત્યય. 'त्र्यन्त्यस्वरादेः ७-४-४३' થી અન્ત્યસ્વરાદિ (अद्) ના લોપથી નિષ્પન્ન युष्मि અને अस्मि ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप्(0) પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી णिच् નો લોપ થવાથી युष्म् અને अस्म् નામ બને છે તેને ચતુર્થીનો भ्यस् પ્રત્યય. 'अभ्यम् भ्यसः २-१-१८' થી भ्यस् ને अभ्यम् આદેશ. આ સૂત્રથી म् નો લોપ થવાથી युषभ्यम् અને असभ्यम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી म् નો લોપ ન થાય ત્યારે 'युष्म-भ्यम्' અને 'अस्मभ्यम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તમને બેને અથવા તમને કહેવાવાલાઓ માટે. અમને બેને અથવા અમને કહેવાવાલાઓ માટે. અહીં એ યાદ રાખવું જોઈએ કે युवाम् आचक्षाणेभ्यः અને आवाम् आचक्षाणेभ्यः આ અર્થમાં જયારે ઉપર જણાવ્યા મુજબ युष्म् અને अस्म् નામ બને છે. ત્યારે દ્વિત્વવિશિષ્ટ युष्मद् અને अस्मद् હોવા છતાં સ્યાદિ પ્રત્યય પરમાં ન હોવાથી 'मन्तस्य० २-१-१०' થી युष्म् અને अस्म् ને युव અને आव આદેશ થતો નથી .... ઈત્યાદિ ન સમજાય તો અધ્યાપક પાસેથી સમજી લેવું. ।।૯।।

## मन्तस्य युवाऽऽवौ द्वयोः २।१।१०॥

દ્વિત્વ વિશિષ્ટાર્થક युष्मद् અને अस्मद् નામના म् સુધીના ભાગને; તેની પરમાં સ્યાદિ પ્રત્યય હોય તો युव અને आव આદેશ થાય છે. युष्मद्+औ અને अस्मद्+औ આ અવસ્થામાં 'अमौ मः २-१-१६' થી औ ને म् આદેશ. આ સૂત્રથી युष्म् અને अस्म् ને અનુક્રમે युव અને आव આદેશ. 'लुगस्या० २-१-११३' થી युव અને आव ના અન્ત્ય अ નો લોપ. 'युष्मदस्मदोः २-१-६' થી द् ને आ આદેશ. 'समानानां० १-२-१' થી आ ની સાથે પૂર્વ अ ને आ આદેશ થવાથી 'युवाम्' અને

'आवाम्' આવો પ્રયોગ થાય છે. युवाम् अतिक्रान्तम् अतिक्रान्तौ अतिक्रान्तेषु અને आवाम् अतिक्रान्तम् अतिक्रान्तौ अतिक्रान्तेषु આ અર્થમાં अतियुष्मद् અને अत्यस्मद् નામને अम् औ અને सु પ્રત્યય. अम् અને औ ને 'अमौ मः २-१-१६' થી म् આદેશ. આ સૂત્રથી युष्म् અને अस्म् ને युव અને आव આદેશાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી 'अतियुवाम्'; 'अत्यावाम्'; 'अतियुवासु' અને 'अत्यावासु' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તમને બેને. અમને બેને. તમને બેને જીતવાવાલાને. તમને બેને જીતવાવાલા બેને. અમને બેને જીતવાવાલાને. અમને બેને જીતવાવાલા બેને. તમને બેને જીતવાવાલાઓમાં. અમને બેને જીતવાવાલાઓમાં. मन्तस्येति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના દ્વિત્વવિશિષ્ટાર્થક युष्मद् અને अस्मद् નામના म् સુધીના ભાગને (સમ્પૂર્ણ युष्मद् અને अस्मद् ને નહિ.) જ युव અને आव આદેશ થાય છે. તેથી युष्मद् + ओस् અને अस्मद् + ओस् આ અવસ્થામાં સૂ. નં. २-१-७ માં જણાવ્યા મુજબ द् ને य् આદેશ થવાથી 'युवयोः' અને 'आवयोः' આવો પ્રયોગ થાય છે. અન્યથા સમ્પૂર્ણ युष्मद् અને अस्मद् ને ઉપર જણાવ્યા મુજબ युव અને आव આદેશ કર્યો હોત તો युव्योः અને आव्योः આવો અનિષ્ટ પ્રયોગ થાત- એ સમજી શકાય છે. અર્થ ક્રમશઃ - તમારા બેનું. અમારા બેનું. स्यादावित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો જ તેની પૂર્વેના દ્વિત્વવિશિષ્ટાર્થક युष्मद् અને अस्मद् નામના म् સુધીના ભાગને युव અને आव આદેશ થાય છે. તેથી युवयोः पुत्रो युष्मत्पुत्रः અહીં સમાસમાં સ્યાદિ પ્રત્યય ओस् નો 'ऐकार्थ्ये ३-२-८' થી લોપ થવાથી સ્યાદિ પ્રત્યય પરમાં નથી. તેથી युष्मद् ના युष्म् ને युव આદેશ થતો નથી. અર્થ - તમારા બેનો પુત્ર. ॥१०॥

## त्व- मौ प्रत्ययोत्तरपदे चैकस्मिन् २।१।११॥

એકત્વવિશિષ્ટાર્થક युष्मद् અને अस्मद् નામના म् સુધીના ભાગને, તેની પરમાં સ્યાદિ પ્રત્યય, પ્રત્યય અને ઉત્તરપદ હોય તો त्व અને म આદેશ થાય છે. 'त्वाम्'; 'माम्'; 'अतित्वाम्'; 'अतिमाम्'; અને 'अतित्वासु'; 'अतिमासु' અહીં સર્વત્ર युष्म् ને त्व અને अस्म् ને म આદેશ આ સૂત્રથી થયો છે. બાકીની પ્રક્રિયા સૂ.નં. ૨-૧-૬ માં બતાવી છે. અર્થ પણ ત્યાં જણાવ્યો છે. अतित्वासु – તને જીતવાવાલાઓમાં. अतिमासु – મને જીતવાવાલાઓમાં. तवायम् અને ममायम् આ અર્થમાં युष्मद् અને अस्मद् નામને 'दोरीयः ६-३-३२' થી ईय પ્રત્યય. આ સૂત્રથી युष्म् અને अस्म् ને અનુક્રમે त्व અને म આદેશ. 'लुगस्या० २-१-११३' થી त्व અને म ના अ નો લોપ ... વગેરે કાર્ય થવાથી 'त्वदीयः' અને 'मदीयः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ – તારું. મારું. तव पुत्रः અને मम पुत्रः આ અર્થમાં ષષ્ઠીતત્પુરુષ સમાસ. આ સૂત્રથી युष्म् અને अस्म् ને 'त्व' અને म આદેશ. તેના 'अ' નો ઉપર જણાવ્યા મુજબ લોપ. 'अघोषे प्रथ० १-३-५०' થી द् ને त् આદેશ થવાથી 'त्वत्पुत्रः' અને 'मत्पुत्रः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ – તારો પુત્ર. મારો પુત્ર. प्रत्ययोत्तरपदे चेति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એકત્વવિશિષ્ટાર્થક युष्मद् અને अस्मद् ના म् સુધીના ભાગને તેની પરમાં સ્યાદિ પ્રત્યય, પ્રત્યય અથવા ઉત્તરપદ હોય તો જ त्व અને म આદેશ થાય છે. તેથી त्वयि અને मयि આ વિગ્રહમાં अधि અવ્યયને युष्मद् અને अस्मद् નામની સાથે 'विभक्ति- समीप० ३-१-३९' થી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી 'अधियुष्मद्' અને 'अध्यस्मद्' આવો પ્રયોગ થાય છે. અહીં એકત્વવિશિષ્ટાર્થક युष्मद् અને अस्मद् નામની પરમાં સ્યાદિ પ્રત્યય, પ્રત્યય અથવા ઉત્તરપદ ન હોવાથી આ સૂત્રથી युष्म् અને अस्म् ને त्व અને म આદેશ થતો તથી. અર્થક્રમશઃ– તારામાં. મારામાં. एकस्मिन्निति किम्?= આ સૂત્રથી

ઉપર જણાવ્યા મુજબ સ્યાદિ પ્રત્યય, પ્રત્યય અથવા ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વેના એકત્વવિશિષ્ટાર્થક જ युष्मद् અને अस्मद् ના म् સુધીના ભાગને त्व અને म આદેશ થાય છે. તેથી युष्मद् + आम् અને अस्मद् + आम् આ અવસ્થામાં 'आम आकम् ૨-૧-૨૦' થી आम् ને आकम् આદેશ. 'शेषे लुक् ૨-૧-૮' થી द् નો લોપ ... વગેરે કાર્ય થવાથી युष्माकम् અને अस्माकम् આવો પ્રયોગ થાય છે. અહીં સ્યાદિ પ્રત્યય પરમાં હોવા છતાં युष्मद् અને अस्मद् નામ એકત્વવિશિષ્ટાર્થક ન હોવાથી આ સૂત્રથી युष्म् અને अस्म् ને त्व અને म આદેશ થતો નથી. અર્થક્રમશઃ – તમારું. અમારું. ॥૧૧॥

**त्वमहं सिना प्राक् चाऽकः २।१।१२॥**

सि પ્રત્યય સાથે युष्मद् અને अस्मद् નામને અનુક્રમે त्वम् અને अहम् આદેશ થાય છે. अक् પ્રત્યય કરવાના પ્રસંગે अक् પ્રત્યય કરવાના પૂર્વેજ त्वम् અને अहम् આદેશ થાય છે. युष्मद् અને अस्मद् નામને सि પ્રત્યય. આ સૂત્રથી सि પ્રત્યયની સાથે युष्मद् ને त्वम् અને अस्मद् ને अहम् આદેશ થવાથી 'त्वम्' અને 'अहम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– તું. હું. त्वाम् युवाम् युष्मान् वाऽतिक्रान्तः અને माम् आवाम् अस्मान् वाऽतिक्रान्तः આ અર્થમાં अतियुष्मद् અને अत्यस्मद् નામને सि પ્રત્યય. આ સૂત્રથી सि ની સાથે युष्मद् અને अस्मद् નામને અનુક્રમે त्वम् અને अहम् આદેશ થવાથી 'अतित्वम्' અને 'अत्यहम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– તને; તમને બેને અથવા તમને જીતવાવાલો. મને; અમને બેને અથવા અમને જીતવાવાલો. प्राक्चाक इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अक् પ્રત્યય કરવાની પૂર્વેજ युष्मद् અને अस्मद् નામને सि પ્રત્યયની સાથે અનુક્રમે त्वम् અને अहम् આદેશ થાય છે. તેથી युष्मद् + सि અને अस्मद् + सि આ અવસ્થામાં ; त्वम् અને अहम् આદેશ સ્વરૂપ કાર્યની અપેક્ષાએ

'युष्मदस्म० ७-३-३०' થી થનાર अक् પ્રત્યયાત્મક કાર્ય અન્તરઙ્ગ હોવા છતાં; આ સૂત્રમાં 'प्राक् चाकः' નું ગ્રહણ હોવાથી આ સૂત્રથી सि પ્રત્યયની સાથે युष्मद् અને अस्मद् ને અનુક્રમે त्वम् અને अहम् આદેશ થાય છે. ત્યારબાદ त्वम् અને अहम् ના અન્ત્યસ્વર अ ની પૂર્વે अक् પ્રત્યય થવાથી 'त्वकम्' અને 'अहकम्' આવો પ્રયોગ થાય છે. અલ્પનિમિત્તની અપેક્ષાવાલા કાર્યને अन्तरङ्ग કાર્ય કહેવાય છે; અને અધિક નિમિત્તની અપેક્ષાવાલા કાર્યને बहिरङ्ग કાર્ય કહેવાય છે..... ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું. આ સૂત્રમાં 'प्राक् चाकः' નું ગ્રહણ કર્યું ન હોત તો त्वम् અને अहम् આદેશની પૂર્વેજ अक् प्रत्यय થવાથી युष्मकद्+सि અને अस्मकद्+सि આ અવસ્થામાં આ સૂત્રથી त्वम् અને अहम् આદેશ થાત. જેથી त्वकम् અને अहकम् આ પ્રમાણેના ઈષ્ટ પ્રયોગોના બદલે त्वम् અને अहम् આવા અનિષ્ટ પ્રયોગો થાત. युष्मद् અને अस्मद् નું સૂત્રમાં ગ્રહણ હોવાથી યદ્યપિ युष्मकद्+सि અથવા अस्मकद्+सि આ અવસ્થામાં આ સૂત્રથી त्वम् અથવા अहम् આદેશ થઈ શકશે નહીં, પરન્તુ "तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते" અર્થાદ્ "જેનું ગ્રહણ હોય, તેની વચ્ચે કોઈ પ્રત્યયાદિ હોય તો તેનાં ગ્રહણથી તે પ્રત્યયાદિ સહિતનું પણ ગ્રહણ થાય છે." આ પરિભાષાથી युष्मद् અને अस्मद् નાં ગ્રહણથી युष्मकद् અને अस्मकद् નું પણ ગ્રહણ શક્ય હોવાથી युष्मकद्+सि અને अस्मकद्+सि આ અવસ્થામાં પણ આ સૂત્રથી त्वम् અને अहम् આદેશ થઈ શકે છે. તેથી प्राक् चाकः નું ગ્રહણ આવશ્યક છે. એ સમજી શકાય છે. અર્થક્રમશઃ – તું. હું. ॥૧૨॥

## यूयं वयं जसा २।१।१३॥

जस् પ્રત્યયની સાથે युष्मद् અને अस्मद् નામને અનુક્રમે यूयम् અને वयम् આદેશ થાય છે. એ આદેશ अक् પ્રત્યયના પ્રસંગે अक्

પ્રત્યય કરતાં પહેલા જ થાય છે. युष्मद्+जस् અને अस्मद्+जस् આ અવસ્થામાં जस् પ્રત્યયની સાથે युष्मद् અને अस्मद् ને અનુક્રમે આ સૂત્રથી यूयम् અને वयम् આદેશ થવાથી 'यूयम्' અને 'वयम्' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ – તમે. અમે. प्रियस्त्वं, प्रियौ युवाम्, प्रिया यूयम् वा येषां ते; અને प्रियोऽहं प्रियावावाम् प्रिया वयं वा येषां ते; આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસમાં નિષ્પન્ન प्रिययुष्मद् અને प्रियास्मद् નામને जस् પ્રત્યય. આ સૂત્રથી जस् પ્રત્યયની સાથે युष्मद् ને यूयम् અને अस्मद् ને वयम् આદેશ થવાથી 'प्रिययूयम्' અને 'प्रियवयम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તું, તમે બે અથવા તમે પ્રિય છો જેને તેઓ. હું, અમે બે અથવા અમે પ્રિય છીએ જેને તેઓ. प्राक् चाक इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अक् પ્રત્યયના પ્રસંગે अक् પ્રત્યય કરતાં પહેલા જ जस् પ્રત્યયની સાથે युष्मद् અને अस्मद् ને અનુક્રમે यूयम् અને वयम् આદેશ થાય છે. તેથી यूयकम् અને वयकम् આવો પ્રયોગ પૂર્વે જણાવ્યા મુજબ થઈ શકે છે. અન્યથા अक् પ્રત્યય સ્થળે પણ यूयम् અને वयम् આવો જ પ્રયોગ થાત - એ સમજી શકાય છે. અર્થ ક્રમશઃ- તમે. અમે. ॥૧૩॥

## तुभ्यं मह्यं ङया २।१।१४॥

ङे પ્રત્યયની સાથે युष्मद् અને अस्मद् ને અનુક્રમે तुभ्यम् અને मह्यम् આદેશ થાય છે. એ આદેશ अक् પ્રત્યયના પ્રસઙ્ગે अक् પ્રત્યય કરતા પૂર્વે થાય છે. युष्मद्+ङे અને अस्मद्+ङे આ અવસ્થામાં ङे પ્રત્યયની સાથે આ સૂત્રથી युष्मद् અને अस्मद् ને અનુક્રમે तुभ्यम् અને मह्यम् આદેશ થવાથી 'तुभ्यम्' અને मह्यम्' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - તારા માટે. મારા માટે. प्रियस्त्वं, प्रियौ युवाम्, प्रिया यूयं वा यस्य तस्मै; અને प्रियोऽहं, प्रियावावाम्, प्रिया वयं वा यस्य तस्मै આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસમાં નિષ્પન્ન प्रिययुष्मद् અને

प्रियास्मद् नामने चतुर्थीनो ङे प्रत्यय. ङे प्रत्ययनी साथे आ सूत्रथी युष्मद् ने तुभ्यम् अने अस्मद् ने मह्यम् आदेश थवाथी प्रियतुभ्यम् अने प्रियमह्यम् आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- तुं, तमे बे अथवा तमे प्रिय छो जेने तेना माटे. हुं,अमे बे अथवा अमे प्रिय छीए जेने तेना माटे. प्राक्चाक इत्येव = आ सूत्रथी उपर जणाव्या मुजब ङे प्रत्ययनी साथे युष्मद् अने अस्मद् ने अक् प्रत्ययना प्रसङ्गे अक् प्रत्यय ('युष्मदस्म० ७-३-३०' थी) करता पूर्वे ज तुभ्यम् अने मह्यम् आदेश थवाथी; तेमज त्यारबाद अक् प्रत्ययादि कार्य थवाथी 'तुभ्यकम्' अने 'मह्यकम्' आवो प्रयोग थई शके छे. अन्यथा अक् प्रत्यय स्थळे पण तुभ्यम् अने मह्यम् आवो प्रयोग थात. जे अनिष्ट छे - ए समजी शकाय छे. अर्थ क्रमशः - तारा माटे. मारा माटे ॥१४॥

## तव मम ङसा २।१।१५॥

ङस् प्रत्ययनी साथे युष्मद् अने अस्मद् ने अनुक्रमे तव अने मम आदेश थाय छे. अक् प्रत्ययना प्रसङ्गे अक् प्रत्यय करवाना पूर्वे ते-तव अने मम आदेश थाय छे. युष्मद् अस्मद् तेमज सू. नं. २-१-१४ मां जणाव्या मुजब निष्पन्न प्रिययुष्मद् अने प्रियास्मद् नामने ङस् प्रत्यय. आ सूत्रथी युष्मद् अने अस्मद् ने ङस् प्रत्ययनी साथे अनुक्रमे तव अने मम आदेश थवाथी 'तव', 'मम', 'प्रियतव' अने 'प्रियमम' आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः - तारुं. मारुं. तुं, तमे बे अथवा तमे प्रिय छो जेने तेनुं. हुं, अमे बे अथवा अमे प्रिय छीए जेने तेनुं. प्राक्चाक इत्येव = उपर जणाव्या मुजब अक् प्रत्ययना प्रसंगे अक् प्रत्यय करता पूर्वे ज ङस् प्रत्ययनी साथे युष्मद् अने अस्मद् ने आ सूत्रथी तव अने मम आदेश थाय छे. तेथी 'तवक' अने 'ममक' आवो अक् प्रत्यय सहित प्रयोग थई शके छे.

અન્યથા સૂત્રમાં प्राक्चाकः નું ગ્રહણ ન હોત તો अक् પ્રત્યય સ્થળે तव અને मम આવો અનિષ્ટ પ્રયોગ થાત- એ સ્પષ્ટ છે. અર્થક્રમશઃ – તારું. મારું. ॥૧૫॥

અહીં એ વસ્તુ સમજી લેવી જોઈએ કે त्वकम्; अहकम्; यूयकम्; वयकम्; तुभ्यकम्; मह्यकम्; तवक અને ममक આ સ્થળે સૂ.નં. ૨-૧-૧૨, ૧૩, ૧૪ અને ૧૫માં 'युष्मदस्मदोऽसोभादिस्यादेः ७-३-३०' થી अक् પ્રત્યય થાય છે – એમ જણાવ્યું છે. પરન્તુ એ સૂત્રનો (૭-૩-૩૦નો)અર્થ વિચારવાથી સમજી શકાશે કે એ સૂત્રથી જે अक् પ્રત્યય થાય છે તેને સકારાદિ અને ભકારાદિ પ્રત્યયથી ભિન્ન એવા સ્યાદિ પ્રત્યયાન્તત્વની; નિમિત્ત રૂપે અપેક્ષા છે. (અર્થાત્ તાદૃશ પ્રત્યયાન્ત युष्मद् अस्मद् ને તેના છેલ્લા સ્વરની પૂર્વે अक् પ્રત્યય થાય છે) જ્યારે त्वम् अहम् यूयम् वयम् तुभ्यम् मह्यम् અને तव मम આદેશ કેવલ युष्मद् અને अस्मद् ને આશ્રયીને सि जस् ङे અને ङस् ની સાથે થાય છે. તેથી વસ્તુતઃ अक् પ્રત્યયની અપેક્ષાએ તો त्वम् अहम् ... ઈત્યાદિ આદેશો અન્તરઙ્ગ કાર્ય હોવાથી તે આદેશો જ પહેલા થવાના હોવાથી તે તે સૂત્રમાં प्राक्चाकः નું ગ્રહણ યદ્યપિ આવશ્યક નથી. તેમજ त्वकम् અને अहकम् અહીં युष्मद्+सि અને अस्मद् + सि આ અવસ્થામાં સકારાદિ સ્યાદિ પ્રત્યય પરમાં હોવાથી સૂ. નં. ૭-૩-૩૦ થી अक् પ્રત્યય થવાનો જ નથી એટલે પણ प्राक् चाकः નું ગ્રહણ અસઙ્ગત જણાય છે. પરન્તુ સૂ. નં. ૨-૧-૧૨,૧૩,૧૪ અને ૧૫ માં 'युष्मदस्मदो ऽ सोभादिस्यादेः' ૭-૩-૩૦ થી अक् પ્રત્યય થાય છે- એમ જણાવવાં પૂર્વેનો આશય એ છે કે युष्मद्+सि, जस्, ङे અથવા ङस् અને अस्मद्+सि, जस्, ङे અથવા ङस् આ અવસ્થાઓમાં ઉપર જણાવ્યા મુજબ પ્રથમ त्वम् अहम् ....... ઈત્યાદિ આદેશોની પ્રાપ્તિ છે. 'युष्मदस्मदो० ૭-૩-૩૦' થી अक् પ્રત્યયની નહિ; તો પણ 'त्यादि सर्वादेः स्वरेष्वन्त्यात् पूर्वोऽक्' ૭-

૩-૨૯ થી વિહિત अक् પ્રત્યય, त्वम् अहम्..... ઈત્યાદિ આદેશાત્મક કાર્યની અપેક્ષાએ; માત્ર युष्मद् अस्मद् ને આશ્રયીને થતો હોવાથી અન્તરઙ્ગ કાર્ય છે. તેથી युष्मद् + सि .... ઈત્યાદિ અવસ્થાઓમાં त्वम् વગેરે આદેશો થવાના પૂર્વે 'त्यादिसर्वादेः० ૭-૩-૨૯' થી अक् પ્રત્યય થઈ ન જાય - એ માટે સૂ. નં. ૨-૧-૧૨,૧૩,૧૪ અને ૧૫ માં ઉપર જણાવ્યા મુજબ प्राक् चाकः નું ગ્રહણ આવશ્યક છે. જેથી अक् પ્રત્યય કરતા પૂર્વે त्वम् अहम् .... વગેરે આદેશો તે તે સૂત્રથી થઈ શકે છે. ત્યારબાદ त्वम् अहम् વગેરે રૂપો સ્યાદિ પ્રત્યયાન્ત હોવાથી (सि પ્રત્યય પરમાં ન હોવાથી) त्वम् अहम् વગેરેને 'युष्मदस्मदो० ૭-૩-૩૦' થી જ अक् પ્રત્યય થાય છે. 'त्यादिसर्वादेः० ૭-૩-૨૯' થી નહિ. આ આશયથી જ તે તે સૂત્રમાં ૭-૩-૩૦ થી अक् પ્રત્યય થાય છે - એમ જણાવ્યું છે. આથી સમજી શકાશે કે त्वकम् અને अहकम् ઈત્યાદિની પ્રક્રિયા વસ્તુતઃ નીચે જણાવ્યા મુજબ જાણવી જોઈએ. युष्मद्+सि અને अस्मद्+सि આ અવસ્થામાં 'त्यादिसर्वादेः० ૭-૩-૨૯' થી પ્રાપ્ત अक् પ્રત્યયની પૂર્વે 'प्राक् चाकः' આ પ્રમાણેના નિર્દેશથી सि પ્રત્યયની સાથે युष्मद् અને अस्मद् ને આ સૂત્રથી(૨-૧-૧૨ થી) त्वम् અને अहम् આદેશ. ત્યારબાદ 'युष्मदस्मदो० ૭-૩-૩૦' થી છેલ્લા સ્વરની પૂર્વે त्वम् અને अहम् ને अक् પ્રત્યય થવાથી त्वकम् અને अहकम् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે यूयकम्,वयकम्; तुभ्यकम्, मह्यकम् અને तवक ममक ની પણ પ્રક્રિયા જાણવી જોઈએ........ ઈત્યાદિ ખૂબ જ ધીરજ પૂર્વક અધ્યાપક પાસેથી જાણી લેવું જોઈએ. અહીં આ લખાણમાં બીજી પણ શઙ્કાઓ થવાનો સંભવ છે. જિજ્ઞાસુઓએ તેના સમાધાન અધ્યાપક પાસેથી મેળવી લેવાં જોઈએ. વિવરણની મર્યાદા વગેરેનાં કારણે તાદૃશ શઙ્કા- સમાધાનનો મેં ઉલ્લેખ કર્યો નથી.

## अमौ मः २।१।१६॥

युष्मद् અને अस्मद् નામથી પરમાં રહેલા अम् અને औ ને म् આદેશ થાય છે. त्वाम् माम् अतित्वाम् अतिमाम् युवाम् आवाम् अतियुवाम् અને अत्यावाम् અહીં अम् અને औ ને જે રીતે આ સૂત્રથી म् વગેરે કાર્ય થાય છે - તે સૂ. નં. ૨-૧-૧૧ અને ૨-૧-૧૦ માં જણાવ્યું છે. ॥૧૬॥

## शसो नः २।१।१७॥

युष्मद् અને अस्मद् નામથી પરમાં રહેલા शस् ને न् આદેશ થાય છે. युष्मद्+शस् અને अस्मद्+शस् આ અવસ્થામાં આ સૂત્રથી शस् ને न् આદેશ. 'युष्मदस्मदोः २-१-६' થી द् ને आ આદેશ. 'समानानां० १-२-१' થી आ ની સાથે પૂર્વેના अ ને દીર્ઘ आ આદેશ થવાથી 'युष्मान्' અને 'अस्मान्' આવો પ્રયોગ થાય છે. प्रियस्त्वं येषां तान् અને प्रियोऽहं येषां तान् આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન प्रिययुष्मद् અને प्रियास्मद् નામને शस् પ્રત્યય. આ સૂત્રથી शस् ને न् આદેશ. युष्म् અને अस्म् ને 'त्वमौ प्रत्ययो० २-१-११' થી અનુક્રમે त्व અને म આદેશ. 'लुगस्या० २-१-११३' થી त्व અને म ના अ નો લોપ ઈત્યાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી 'प्रियत्वान्' અને 'प्रियमान्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તમને. અમને. તું પ્રિય છે જેઓને તેઓને. હું પ્રિય છું જેઓને તેઓને.॥૧૭॥

## अभ्यम् भ्यसः २।१।१८॥

युष्मद् અને अस्मद् નામથી પરમાં રહેલા भ्यस्

(च.ब.व.) ने अभ्यम् આદેશ થાય છે. 'युष्मभ्यम्' અને 'अस्मभ्यम्' અહીં સૂ. નં. ૨-૧-૮ માં જણાવ્યા મુજબ भ्यस् ને આ સૂત્રથી अभ्यम् આદેશ વગેરે કાર્ય થયું છે. युवामतिक्रान्तेभ्यः અને आवामतिक्रान्तेभ्यः આ અર્થમાં अतियुष्मद् અને अत्यस्मद् નામને भ्यस् પ્રત્યય. આ સૂત્રથી भ्यस् ને अभ्यम् આદેશ. 'मन्तस्य० ૨-૧-૧૦' થી युष्म् ને युव અને अस्म् ને आव આદેશ. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી युव અને आव ના અન્ત્ય अ નો લોપ. 'शेषे लुक् ૨-૧-૮' થી द् નો લોપ. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી अभ्यम् ની પૂર્વેના अ નો લોપ થવાથી 'अतियुवभ्यम्' અને 'अत्यावभ्यम्' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તમારા માટે. અમારા માટે. તમને બેને જીતવાવાલા માટે. અમને બેને જીતવાવાલા માટે.॥૧૮॥

## ङसेश्चाऽद् २।१।१९॥

युष्मद् અને अस्मद् નામથી પરમાં રહેલા ङसि અને भ्यस् (पञ्च.ब.व.) ने अद् આદેશ થાય છે. त्वद्, मद्, अतित्वद् અને अतिमद् અહીં સૂ. નં. ૨-૧-૭ અને ૨-૧-૮ માં જણાવ્યા મુજબ ङसि અને भ्यस् ને આ સૂત્રથી अद् આદેશાદિ કાર્ય થાય છે. युष्मद् + भ्यस् અને अस्मद्+भ्यस् આ અવસ્થામાં આ સૂત્રથી भ्यस् ને अद् આદેશ. 'शेषे लुक् ૨-૧-૮' થી द् નો લોપ. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી युष्म અને अस्म ના अ નો લોપ થવાથી युष्मद् અને अस्मद् આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ અનુક્રમે તમારાથી. અમારાથી. આ પ્રમાણે છે. युवाम् अतिक्रान्ताद् अतिक्रान्तेभ्यो वा અને आवाम् अतिक्रान्ताद् अतिक्रान्तेभ्यो वा આ અર્થમાં अतियुष्मद् અને अत्यस्मद् નામને ङसि અને भ्यस् પ્રત્યય. આ સૂત્રથી ङसि અને भ्यस् ને अद् આદેશ. 'शेषे लुक् ૨-૧-૮' થી द् નો લોપ. 'मन्तस्य युवा० ૨-૧-૧૦' થી युष्म् અને अस्म् ને અનુક્રમે युव અને आव આદેશ. 'लुगस्या०

૨-૧-૧૧૩' થી युव અને आव ના अ નો લોપ. તેમજ તે જ સૂત્રથી (૨-૧-૧૧૩ થી) अद् ની પૂર્વેના अ નો લોપ થવાથી 'अतियुवद्' અને अत्यावद् આવો પ્રયોગ થાય છે. તેનો અર્થ ક્રમશઃ- તમને બેને જીતવાવાલાથી અથવા જીતવાવાલાઓથી. અમને બેને જીતવાવાલાથી અથવા જીતવાવાલાઓથી. આ પ્રમાણે છે. ॥૧૯॥

## आम आकम् २।१।२०॥

युष्मद् અને अस्मद् નામથી પરમાં રહેલા आम् ને आकम् આદેશ થાય છે. 'युष्माकम्' અને 'अस्माकम्' અહીં સૂ. નં. ૨-૧-૧૧ માં જણાવ્યા મુજબ आम् ને आकम् આદેશ આ સૂત્રથી થાય છે. युवामतिक्रान्तानाम् અને आवामतिक्रान्तानाम् આ અર્થ માં अतियुष्मद् અને अत्यस्मद् નામને आम् પ્રત્યય . આ સૂત્રથી आम् ને आकम् આદેશ. 'मन्तस्य० ૨-૧-૧૦' થી युष्म् અને अस्म् ને અનુક્રમે युव અને आव આદેશ. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી युव અને आव ના अ નો લોપ. 'शेषे लुक् ૨-૧-૮' થી द् નો લોપ. 'समानानां० ૧-૨-૧' થી आ ની સાથે તેની પૂર્વેના अ ને દીર્ઘ आ આદેશ થવાથી 'अतियुवाकम्' અને 'अत्यावाकम्' આવો પ્રયોગ થાય છે. युष्मानस्मान् वाऽऽचक्षाणानाम् આ અર્થમાં युष्मद् અને अस्मद् નામને સૂ. નં. ૨-૧-૯ માં જણાવ્યા મુજબ णिच् પ્રત્યયાદિ કાર્યથી युष्म् અને अस्म् નામ બને છે. તેને आम् પ્રત્યય. આ સૂત્રથી आम् ને आकम् આદેશ થવાથી 'युष्माकम्' અને 'अस्माकम्' આવો પ્રયોગ થાય છે. તેમજ 'मोर्वा ૨-૧-૯' થી युष्म् અને अस्म् ના म् નો વિકલ્પે લોપ થવાથી વિકલ્પ પક્ષમાં युषाकम् અને असाकम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તમારું. અમારું. તમને બેને જીતવાવાલાઓનું. અમને બેને જીતવાવાલાઓનું. તમને કહેવાવાલાઓનું. અમને કહેવાવાલાઓનું. ॥૨૦॥

## पदाद् युगविभक्त्यैकवाक्ये वस्- नसौ बहुत्वे २।१।२१॥

બહુત્વવિશિષ્ટાર્થક યુગ્ વિભક્તિ-સમ (બેકી) વિભક્તિની સાથે અર્થાદ્ દ્વિતીયા ચતુર્થી અને ષષ્ઠી બહુવચનમાં નિષ્પન્ન युष्मद् અને अस्मद् ના રૂપની પૂર્વે જો પદ હોય તો તે युष्मद् અને अस्मद् ના રૂપના સ્થાને; તે રૂપ અને પદ; બંન્ને એક વાક્યમાં હોય તો વિકલ્પથી અનુક્રમે वस् અને नस् આદેશ થાય છે. 'नित्यमन्वादेशे २-१-३१' થી અન્વાદેશના વિષયમાં वस् नस् વગેરેનું વિધાન નિત્ય હોવાથી આ સૂત્રમાં અને આગળના ત્રણે સૂત્રોમાં वा નું ગ્રહણ ન હોવા છતાં આ સૂત્રથી અને આગળના ત્રણે સૂત્રોથી થનારા वस् नस् વગેરે તે તે આદેશો વિકલ્પે થાય છે. धर्मो युष्मान् रक्षतु અને धर्मोऽस्मान् रक्षतु અહીં એક વાક્યમાં धर्मस् આ પદથી પરમાં રહેલા દ્વિતીયા બહુવચનમાં નિષ્પન્ન युष्मद् અને अस्मद् નામના युष्मान् અને अस्मान् આ રૂપના સ્થાને આ સૂત્રથી અનુક્રમે वस् અને नस् આદેશાદિ કાર્ય થવાથી 'धर्मो वो रक्षतु' અને 'धर्मो नो रक्षतु' આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે धर्मो युष्मभ्यम् दीयते, धर्मोऽस्मभ्यं दीयते અને धर्मो युष्मांक स्वम्, धर्मोऽस्माकं स्वम् અહીં ચતુર્થી અને ષષ્ઠી વિભક્તિના બહુવચનનાં युष्मभ्यम् अस्मभ्यम् ના સ્થાને અને युष्माकं अस्माकं ના સ્થાને આ સૂત્રથી वस् અને नस् આદેશાદિ કાર્ય કરીને धर्मो वो दीयते; धर्मो नो दीयते અને धर्मो वः स्वम्; धर्मो नः स्वम् આવા પ્રયોગો પણ સ્વયં સમજી લેવાં. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वस् અને नस् આદેશ ન થાય ત્યારે धर्मो युष्मान् रक्षतु .... ઈત્યાદિ ઉપર જણાવ્યા મુજબના પ્રયોગો થાય છે. અર્થ ક્રમશઃ- ધર્મ તમારું રક્ષણ કરે. ધર્મ અમારું રક્ષણ કરે. ધર્મ તમને અપાય છે. ધર્મ અમને અપાય છે. ધર્મ તમારું ધન છે. ધર્મ અમારું ધન છે. पदादिति किम्?- આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એકવાક્યમાં યુગ્ વિભક્તિની સાથે પદથી પરમાં રહેલા જ

બહુત્વવિશિષ્ટાર્થક युष्मद् અને अस्मद् નામને વિકલ્પથી वस् અને नस् આદેશ થાય છે. તેથી युष्मान् पातु અહીં युष्मान् આ પદ, પદથી પરમાં ન હોવાથી આ સૂત્રથી युष्मान् ને वस् આદેશ થતો નથી. અર્થ– તમને રક્ષે. युग्विभक्त्येति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એકવાક્યમાં પદથી પરમાં રહેલા બહુત્વવિશિષ્ટાર્થક યુગ્ વિભક્તિની જ સાથે युष्मद् અને अस्मद् ને વિકલ્પથી वस् અને नस् આદેશ થાય છે. તેથી 'तीर्थे यूयं यात' અહીં એકવાક્યમાં પદથી પરમાં રહેલા બહુત્વવિશિષ્ટાર્થક પ્રથમા (अयुग्) વિભક્તિની સાથે युष्मद् ને અર્થાદ્ यूयम् ને આ સૂત્રથી वस् આદેશ થતો નથી. અર્થ– તીર્થમાં તમે જાવ. एकवाक्य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદથી પરમાં રહેલા બહુત્વવિશિષ્ટાર્થક યુગ્ વિભક્તિની સાથે એક જ વાક્યમાં જ (અર્થાદ્ બે વાક્યમાં નહિ અને એક પદમાં નહિ) વિકલ્પથી युष्मद् અને अस्मद् ને वस् અને नस् આદેશનું વિધાન છે. તેથી 'अतियुष्मान्पश्य' અહીં अति પદથી પરમાં રહેલા, એકવાક્યમાં બહુત્વવિશિષ્ટાર્થક યુગ્વિભક્તિની સાથે युष्मद् ને અર્થાદ્ युष्मान् ને; તે એક પદમાં (अति અને युष्मद्; अतियुष्मद् સ્વરૂપ એક પદમાં) હોવાથી આ સૂત્રથી वस् આદેશ થતો નથી. તેમજ ओदनं पचत, युष्माकं भविष्यति અહીં युष्माकम् આ પદ, पचत આ પદથી પરમાં હોવા છતાં તે ભિન્ન વાક્યમાં હોવાથી युष्माकं ને वस् આદેશ થતો નથી. અર્થ– તમને જીતવાવાલાઓને જો. ભાત રાંધો, તમારો થશે.॥૨૧॥

## द्वित्वे वाम्-नौ ૨।૧।૨૨॥

એકવાક્યમાં પદથી પરમાં રહેલા युष्मद् અને अस्मद् ને અનુક્રમે દ્વિત્વવિશિષ્ટાર્થક યુગ્વિભક્તિની સાથે (અર્થાદ્ દ્વિતીયા ચતુર્થી કે ષષ્ઠી દ્વિવચનના પ્રત્યયની સાથે) વિકલ્પથી वाम् અને नौ આદેશ

થાય છે. धर्मो युवां पातु અને धर्म्म आवां पातु અહીં આ સૂત્રથી युवाम् ને वाम् અને आवां ને नौ આદેશ થવાથી 'धर्म्मो वां पातु' અને 'धर्म्मो नौ पातु' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वाम् અને नौ આદેશ ન થાય ત્યારે धर्म्मो युवां पातु અને धर्म्म आवां पातु આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે ચતુર્થી અને ષષ્ઠીના દ્વિવચનમાં પણ વિકલ્પથી वाम् અને नौ આદેશ આ સૂત્રથી સમજી લેવાં. (દા. ત. धर्मो वां ददातु, धर्मो युवाभ्यां ददातु; धर्मो नौ ददातु, धर्म्म आवाभ्यां ददातु, धर्मो युवयोः स्वम्, धर्मो वां स्वम्, धर्म आवयोः स्वम्, धर्मो नौ स्वम्) અર્થક્રમશઃ – ધર્મ તમારા બેનું રક્ષણ કરે. ધર્મ અમારા બેનું રક્ષણ કરે. (ધર્મ તમને બેને આપે. ધર્મ અમને બેને આપે. ધર્મ તમારા બેનું ધન છે. ધર્મ અમારા બેનું ધન છે.) ॥૨૨॥

### ङेङसा तेमे २।१।२३॥

એક વાક્યમાં પદથી પરમાં રહેલા युष्मद् અને अस्मद् ને ङे અને ङस् ની સાથે અનુક્રમે ते અને मे આદેશ વિકલ્પથી થાય છે. સૂત્રમાં तेमे આ લુપ્ત દ્વિવચનાન્ત પદ છે. અને ङेङसा આ એકવચનાન્ત પદ છે. આ રીતે કરાએલો વચનભેદ, ङे નીં સાથે ते અને ङस् ની સાથે मे આવો यथासङ्ख्य અન્વય કોઈ ન કરે એ માટે છે. અન્યથા વચનભેદ ન કર્યો હોત તો તાદૃશ અન્વય કરી શકાત– એ સમજી શકાય છે. धर्मस्तुभ्यं दीयते, धर्मो मह्यं दीयते; धर्मस्तव स्वम् અને धर्मो मम स्वम्; અહીં तुभ्यम् અને तव ને આ સૂત્રથી ते આદેશ થવાથી તેમ જ मह्यम् અને मम ને આ સૂત્રથી मे આદેશ થવાથી धर्मस्ते दीयते, धर्मो मे दीयते અને धर्मस्ते स्वम्, धर्मो मे स्वम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ते અને मे આદેશ ન થાય ત્યારે धर्मस्तुभ्यं दीयते.... ઈત્યાદિ ઉપર જણાવેલો પ્રયોગ થાય છે.

અર્થક્રમશઃ– ધર્મ તને અપાય છે. ધર્મ મને અપાય છે. ધર્મ તારું ધન છે. ધર્મ મારું ધન છે.।।૨૩।।

**अमा त्वा-मा २।१।२४।।**

એક વાક્યમાં પદથી પરમાં રહેલા युष्मद् અને अस्मद् ને अम् પ્રત્યયની સાથે અનુક્રમે त्वा અને मा આદેશ વિકલ્પથી થાય છે. धर्मस्त्वां पातु અને धर्मो मां पातु અહીં આ સૂત્રથી त्वां ને त्वा અને मां ને मा આદેશ થવાથી धर्मस्त्वा पातु અને धर्मो मा पातु આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्वा અને मा આદેશ ન થાય ત્યારે धर्मस्त्वां पातु અને धर्मो मां पातु આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ – ધર્મ તને રક્ષે. ધર્મ મને રક્ષે.।।૨૪।।

**असदिवाऽऽमन्त्र्यं पूर्वम् २।१।२५।।**

જેને બોલાવીએ તેને આમન્ત્ર્ય કહેવાય છે. युष्मद् અને अस्मद् ની પૂર્વે રહેલા આમન્ત્ર્યવાચક પદને असद् જેવું મનાય છે. અર્થાદ્ એ છે એમ માનીને કોઈ કાર્ય કરાતું નથી. અને નથી એમ માનીને કાર્ય થાય છે. असदिव અહીં इव પદોપાદાનથી તેનો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં પૂર્વત્વ; અવ્યવહિત કે વ્યવહિત પૂર્વત્વ સ્વરૂપ વિવક્ષિત છે. સામાન્યતઃ વ્યાકરણની પરિભાષામાં પૂર્વત્વ કે પરત્વ, અવ્યવહિત ગૃહીત હોય છે; જે બેની વચ્ચે ત્રીજા કોઈ પણ વર્ણાદિનું વ્યવધાન હોય તો તે બે વર્ણાદિને વ્યવહિત પૂર્વાપરીભાવ હોય છે; અને જે બેની વચ્ચે ત્રીજા કોઈ પણ વર્ણાદિનું વ્યવધાન ન હોય તો તે બે વર્ણાદિને અવ્યવહિત પૂર્વાપરીભાવ હોય છે. આવું વ્યવહિત કે અવ્યવહિત પૂર્વત્વ અહીં પૂર્વ પદથી વિવક્ષિત છે. जना! युष्मान् पातु

धर्मः; साधू ! युवां पातु धर्म्मः; साधो! त्वां पातु तपः; અહીં युष्मद् ની પૂર્વે રહેલા जना साधू અને साधो આ આમન્ત્ર્યવાચક પદને આ સૂત્રથી असद् જેવું મનાય છે. તેથી युष्मान्, युवां અને त्वां ને; તે પદથી પરમાં ન હોવાના કારણે અનુક્રમે 'पदाद्युग्० ૨-૧-૨૧'; 'द्वित्वे वाम्-नौ ૨-૧-૨૨' અને 'अमा त्वामा ૨-૧-૨૪' થી वस्, वाम् અને त्वा આદેશ થતો નથી. पूर्वमिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ युष्मद् અને अस्मद् ની પૂર્વેના જ आमन्त्र्यार्थक પદને असद् જેવું મનાય છે. તેથી मयैतत्सर्वमाख्यातं युष्माकं मुनिपुङ्गवाः! અહીં युष्मद् થી પરમાં રહેલા मुनिपुङ्गवाः! આ આમન્ત્ર્યાર્થક પદને આ સૂત્રથી असद् જેવું મનાતું નથી. અન્યથા मुनिपुङ्गवाः! આ પદને આ સૂત્રથી असद् જેવું મનાય તો युष्माकं આ પદ શ્લોકના આદિમાં રહેલું નહિ મનાય. જેથી 'पादाद्योः ૨-૧-૨૮' થી युष्माकं ને वस् આદેશનો નિષેધ ન થવાથી 'नित्यमन्वादेशे ૨-૧-૩૧' થી નિત્ય वस् આદેશ કરવાનો પ્રસઙ્ગ આવશે. અર્થક્રમશઃ– હે લોકો! ધર્મ તમારું રક્ષણ કરે. હે બે સાધુઓ! ધર્મ તમારું રક્ષણ કરે. હે સાધુ! તપ તારું રક્ષણ કરે. હે મુનિપુઙ્ગવો! આ બધું તમને પહેલા મેં જણાવ્યું છે.॥૨૫॥

## जस्विशेष्यं वाऽऽमन्त्र्ये २।१।२६॥

युष्मद् અને अस्मद् શબ્દની પૂર્વેના વિશેષ્યભૂત આમન્ત્ર્યવાચક जस् પ્રત્યયાન્ત પદને; તેની પરમાં તેનું વિશેષણભૂત આમન્ત્ર્યવાચક પદ હોય તો, વિકલ્પથી असद् જેવું મનાય છે. પૂર્વ સૂત્રથી, આ સૂત્રના વિષયમાં વિશેષ્ય અને વિશેષણભૂત બંન્ને આમન્ત્ર્યાર્થક પદને નિત્ય असद् જેવું મનાતું હોવાથી આ સૂત્રથી વિશેષ્યભૂત તે પદને; વૈકલ્પિક असद् જેવા ભાવનું વિધાન કરવા માટે આ સૂત્ર છે. जिनाः! शरण्या युष्मान् शरणं प्रपद्ये અને जिनाः! शरण्या अस्मान् रक्षत અહીં युष्मद् અને अस्मद् નામની પૂર્વે રહેલા, जस् પ્રત્યયાન્ત વિશેષ્યભૂત

जिनाः આ આમન્ત્ર્યાર્થક પદને; તેની પરમાં તેનું વિશેષણભૂત शरण्याः આ આમન્ત્ર્યાર્થક પદ હોવાથી આ સૂત્રથી વિકલ્પથી असद् જેવું મનાય છે. તેથી જયારે असद् જેવું મનાય છે; ત્યારે 'नित्यमन्वादेशे २-१-३१' થી युष्मान् અને अस्मान् ને અનુક્રમે वस् અને नस् આદેશ થતો નથી. પરન્તુ વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી જયારે તે असद् જેવું મનાતું નથી ત્યારે जिनाः આ પદથી પરમાં રહેલા युष्मान् અને अस्मान् ને 'नित्यमन्वादेशे २-१-३१' થી અનુક્રમે वस् અને नस् આદેશ થવાથી 'जिनाः! शरण्या वः शरणं प्रपद्ये' અને 'जिनाः! शरण्या नो रक्षत' આવો પ્રયોગ થાય છે. અહીં એ ભૂલવું નહિ જોઈએ કે शरण्याः આ વિશેષણભૂત આમન્ત્ર્યવાચક પદ 'असदिवाऽऽमन्त्र्यम् २-१-२५' થી असद् જેવું મનાય છે. તેથી તેની અપેક્ષાએ वस् नस् વગેરે આદેશ આ સૂત્રના વિષયમાં નહિ થાય. અર્થક્રમશઃ– હે શરણ્ય જિનેશ્વર દેવો! હું તમારું શરણું સ્વીકારું છું. હે શરણ્ય જિનેશ્વર દેવો! અમારું રક્ષણ કરો. जसिति किम्? – આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ युष्मद् અને अस्मद् નામની પૂર્વેના વિશેષ્યભૂત આમન્ત્ર્યવાચક जस् પ્રત્યયાન્ત જ પદને, તેની પરમાં તેનું વિશેષણભૂત આમન્ત્ર્યાર્થક પદ હોય તો વિકલ્પથી असद् જેવું મનાય છે. તેથી साधो! सुविहित! वोऽथो शरणं प्रपद्ये અને साधो! सुविहित! नोऽथो रक्ष અહીં साधो! આ વિશેષ્યભૂત આમન્ત્ર્યવાચક પદ जस् પ્રત્યયાન્ત ન હોવાથી તેને આ સૂત્રથી વિકલ્પથી असद् જેવું મનાતું નથી. તેમજ 'असदिवा० २-१-२५' થી પ્રાપ્ત असद् જેવા ભાવનો 'नान्यत् २-१-२७' થી નિષેધ થવાથી નિત્ય પણ असद् જેવો ભાવ થતો નથી. તેથી 'नित्यमन्वादेशे २-१-३१' થી युष्मान् અને अस्मान् ને નિત્ય वस् અને नस् આદેશ થયો છે. અર્થક્રમશઃ- હે સુવિહિત સાધુ! તમારું શરણું સ્વીકારું છું. હે સુવિહિત સાધુ! અમારું રક્ષણ કર. विशेष्यमिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ युष्मद् અને अस्मद् નામથી પૂર્વે રહેલા વિશેષ્યભૂત જ આમન્ત્ર્યાર્થક जस् પ્રત્યયાન્ત પદને; તેની પરમાં

તેનું વિશેષણભૂત આમન્ત્રાર્થક પદ હોય તો વિકલ્પથી असद् જેવું મનાય છે. તેથી शरण्याः साधवो ! युष्मान् शरणं प्रपद्ये। અહીં युष्मद् નામની પૂર્વે રહેલું शरण्याः આ પદ વિશેષ્યવાચક ન હોવાથી આ સૂત્રથી તેને વૈકલ્પિક असद् જેવું મનાતું નથી. પરન્તુ 'असदिवाऽऽमन्त्र्यं पूर्वम् ૨-૧-૨૫' થી તેને નિત્ય असद् જેવું મનાય છે. તેથી પૂર્વે જણાવ્યા મુજબ युष्मान् ને वस् આદેશ થતો નથી. અર્થ - હે શરણ્ય સાધુઓ! હું તમારું શરણું સ્વીકારું છું. आमन्त्र्य इति किम्? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ युष्मद् અને अस्मद् ની પૂર્વેના जस् પ્રત્યયાન્ત વિશેષ્યભૂત આમન્ત્રાર્થક પદને તેની પરમાં જ આમન્ત્રાર્થક તેનું વિશેષણભૂત પદ હોય તો વિકલ્પથી असद् જેવું મનાય છે. તેથી आचार्या! युष्मान् शरण्याः शरणं प्रपद्ये! અહીં युष्मद् નામની પૂર્વે રહેલા जस् પ્રત્યયાન્ત વિશેષ્યભૂત આમન્ત્રાર્થક आचार्याः આ પદને; તેની પરમાં (અવ્યવહિત પરમાં) આમન્ત્રાર્થક તદ્વિશેષણભૂત પદ ન હોવાથી વિકલ્પથી આ સૂત્રથી असद् જેવું મનાતું નથી. તેથી 'असदि० ૨-૧-૨૫' થી નિત્ય असद् જેવું મનાયું હોવાથી युष्मान् ને वस् આદેશ થતો નથી. અર્થ - હે શરણ્ય આચાર્યો! હું તમારું શરણું સ્વીકારું છું. અર્થાત્ तद्विशेषणभूत इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ युष्मद् અને अस्मद् નામની પૂર્વેના जस् પ્રત્યયાન્ત વિશેષ્યભૂત આમન્ત્રાર્થક પદને, તેની પરમાં તેનું વિશેષણભૂત જ આમન્ત્રાર્થક પદ હોય તો વિકલ્પથી असद् જેવું મનાય છે. તેથી आचार्या! उपाध्याया! युष्मान् शरणं प्रपद्ये। અહીં युष्मद् નામની પૂર્વે રહેલા जस् પ્રત્યયાન્ત આમન્ત્રાર્થક વિશેષ્યભૂત आचार्याः આ પદને, તેની પરમાં વિશેષણભૂત આમન્ત્ર્યવાચક પદ ન હોવાથી આ સૂત્રથી વિકલ્પે असद् જેવું મનાતું નથી, તેથી 'असदि० ૨-૧-૨૫' થી નિત્ય असद् જેવું મનાતું હોવાથી 'नित्यम० ૨-૧-૩૧' થી युष्मान् ને वस् આદેશ થતો નથી. અર્થ- હે આચાર્યો! ઉપાધ્યાયો! હું તમારું શરણું સ્વીકારું છું.

અહીં એ વિચારવું જોઈએ કે - आचार्या! उपाध्याया! युष्मान् शरणं प्रपद्ये અહીં उपाध्यायाः! આ પદ જેમ વિશેષણભૂત નથી. તેમ તત્સાપેક્ષ વિશેષ્યભૂત પદ પણ પ્રકૃત સ્થળે નથી. તેથી अर्थात् तद्विशेषणभूत इति किम्? આ પ્રશ્નની જેમ विशेष्यमिति किम्? આ પ્રશ્ન સ્થળે પણ આ જ ઉદાહરણ આપવું જોઈએ. અર્થાદ્ ઉભય પ્રશ્નમાંથી અન્યતર પ્રશ્ન જ વસ્તુતઃ સઙ્ગત છે. અન્યતર પ્રશ્નમાં ઉભયનો સંગ્રહ હોવાથી ઉભય પ્રશ્નનો ઉલ્લેખ બરાબર જણાતો નથી. પરન્તુ અહીં વિશેષ્યત્વ तदतद्विषयत्व સ્વરૂપ હોવાથી વિશેષણની અવિવક્ષામાં પણ વિશેષ્યત્વ સંભવિત હોવાથી ઉભય પ્રશ્નનો ઉલ્લેખ બરાબર જ છે. આશય એ છે કે નીલ અને અનીલ રૂપના વિષયભૂત કમલની જેમ શરણ્ય અને અશરણ્ય (तदतद्) ના વિષયભૂત આચાર્ય અને ઉપાધ્યાય વિશેષ્યભૂત છે. તેના વ્યાવર્તક (શરણ્ય અને અશરણ્ય ના વ્યાવર્ત્તક) अशरण्य અને शरण्य વિશેષણ છે. ઉપાધ્યાય એ અહીં વિશેષણ નથી. પરન્તુ એમાં तदतद्विषयत्व સ્વરૂપ વિશેષ્યતા છે. ..... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે.॥૨૬॥

**नान्यत् २।१।२७॥**

युष्मद् અને अस्मद् ની પૂર્વે રહેલા; जस् પ્રત્યયાન્ત આમન્ત્ર્યાર્થક પદને છોડીને અન્ય આમન્ત્ર્યવાચક વિશેષ્યભૂત પદને, તેની પરમાં તેનું વિશેષણભૂત આમન્ત્ર્યાર્થક પદ હોય તો असद् જેવું મનાતું નથી. साधो ! सुविहित! त्वा शरणं प्रपद्ये। અને साधो! सुविहित! मा रक्ष। અહીં युष्मद् અને अस्मद् નામની પૂર્વે રહેલા, जस् પ્રત્યયાન્ત પદથી ભિન્ન વિશેષ્યભૂત આમન્ત્ર્યાર્થક साधो! આ પદને 'असदि० २-१-२५' થી असद् જેવા ભાવની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી 'नित्यमन्वादेशे २-१-३१' થી त्वाम् ને त्वा અને माम् ને मा

આદેશ થયો છે. અર્થક્રમશઃ- હે સુવિહિત સાધુ! હું તમારું શરણું સ્વીકારું છું. હે સુવિહિત સાધુ! મારું રક્ષણ કર ॥૨૭॥

## पादाद्योः २।१।२८॥

નિયત પરિમાણ છે જેનું એવા માત્રા અથવા અક્ષરોના સમુદાયને પાદ કહેવાય છે. આર્યાદિ છન્દોના શ્લોકનો પાદ માત્રાપિણ્ડ સ્વરૂપ હોય છે. અને અનુષ્ટુબ્ આદિ છન્દોના શ્લોકનો પાદ વર્ણ-અક્ષરના પિણ્ડ સ્વરૂપ હોય છે. ચાર પાદવાલો શ્લોક અને પ્રથમ બે પાદ તથા ચરમ બે પાદવાલો શ્લોકનો પૂર્વાદ્ર્ધ અને ઉત્તરાદ્ર્ધ હોય છે. પદથી પરમાં રહેલા - પાદની શરુઆતમાં રહેલા युष्मद् અને अस्मद् ને वस् અને नस् વગેરે આદેશ થતા નથી. 'वीरो विश्वेश्वरो देवो युष्माकं कुलदेवता। स एव नाथो भगवान् अस्माकं पापनाशनः।। અહીં પદથી પરમાં રહેલા અને દ્વિતીય અને ચતુર્થ પાદના આદિમાં રહેલા युष्माकम् અને अस्माकम् ને 'पदाद्युग्० २-२-२१' થી वस् અને नस् આદેશની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ થવાથી वस् અને नस् આદેશ થયો નથી. અર્થ - વિશ્વના સ્વામી એવા વીર ભગવાન્ તમારા કુલદેવતા છે; તેજ તારણહાર ભગવાન અમારા પાપના નાશક છે. पादाद्योरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદથી પરમાં રહેલા એવા પાદની શરુઆતમાં જ (પાદના મધ્યમાં કે અન્તમાં નહિ) રહેલા युष्मद् અને अस्मद् ને वस् અને नस् વગેરે આદેશ થતો નથી. તેથી 'पान्तु वो देशनाकाले जैनेन्द्रा दशनांशवः। भवकूपपतज्जन्तुजातोद्धरणरज्जवः।। અહીં પદની પરમાંના પાદની મધ્યમાં રહેલા युष्मान् ને वस् આદેશ ઉપર જણાવ્યા મુજબ થાય છે. અર્થ - ભવસ્વરૂપ કૂવામાં પડતા એવા પ્રાણીઓના ઉદ્ધાર માટે દોરી સમાન; શ્રી જિનેશ્વર દેવો સમ્બન્ધી દેશના સમયના દાંતના કિરણો તમારું રક્ષણ કરે.॥૨૮॥

## चाऽह-ह - वैवयोगे २।१।२९॥

च अह ह वा અને एव આટલા શબ્દોની સાથે युष्मद् અને अस्मद् નો યોગ હોય તો પદથી પરમાં રહેલા युष्मद् અને अस्मद् ને वस् અને नस् વગેરે આદેશ થતો નથી. ज्ञानं युष्मांश्च रक्षतु अस्मांश्च रक्षतु અહીં 'पदाद्युग्० ... २-१-२१' થી युष्मान् અને अस्मान् ને वस् અને नस् આદેશની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. આવીજ રીતે अह આદિના યોગમાં પણ દૃષ્ટાન્તો સમજી લેવા. અર્થ - જ્ઞાન તમારું અને અમારું રક્ષણ કરે. योग इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ च अह વગેરેનો युष्मद् અને अस्मद् ની સાથે યોગ હોય તો જ (માત્ર च વગેરેનો પ્રયોગ હોય તો નહિ) પદથી પરમાં રહેલા युष्मद् અને अस्मद् ને वस् અને नस् વગેરે આદેશ થતો નથી. તેથી ज्ञानञ्च शीलञ्च ते स्वम् અહીં च નો યોગ જ્ઞાન અને શીલની સાથે છે પરન્તુ युष्मद् ની સાથે નથી. તેથી युष्मद् ને 'ङे - ङसा ते - मे २-१-२३' થી 'ते' આદેશ થયો છે. અર્થ - જ્ઞાન અને શીલ તારું ધન છે. ॥૨૯॥

## दृश्यर्थैश्चिन्तायाम् २।१।३०॥

'दृश्' ધાતુનો જે અર્થ છે, તે અર્થવાલા ધાતુઓનો અર્થ 'ચિન્તા કરવી' એવો હોય ત્યારે તે ધાતુઓના યોગમાં પદથી પરમાં રહેલા युष्मद् અને अस्मद् ને वस् અને नस् વગેરે આદેશ થતો નથી. जनो युष्मान् सन्दृश्यागतः। जनोऽस्मान् सन्दृश्यागतः। जनो युवां समीक्ष्यागतः। जन आवां समीक्ष्यागतः। जनस्त्वामपेक्षते । जनो मामपेक्षते । અહીં सम्+दृश्; सम्+ईक्ष् અને अप+ईक्ष् આ દૃશ્યર્થક ત્રણે ધાતુઓનો અર્થ મનથી ચિન્તા કરવી - એવો હોવાથી તેના યોગમાં युष्मान् અને अस्मान् ને 'पदाद्यु० २-१-२१' થી પ્રાપ્ત वस् અને नस् આદેશનો,

युवाम् અને आवाम् ને 'द्वित्वे वाम् – नौ २-१-२२' થી પ્રાપ્ત वाम् અને नौ આદેશનો, તેમજ त्वाम् અને माम् ને 'अमा त्वा-मा २-१-२४' થી પ્રાપ્ત त्वा અને मा આદેશનો આ સૂત્રથી નિષેધ થવાથી युष्मद् અને अस्मद् ને ઉપર જણાવ્યા મુજબ वस् અને नस् વગેરે આદેશ થયો નથી. અર્થક્રમશઃ - માણસ તમારી ચિન્તા કરીને આવ્યો. માણસ અમારી ચિંતા કરીને આવ્યો. માણસ તમારા બેની ચિંતા કરીને આવ્યો. માણસ અમારા બેની ચિન્તા કરીને આવ્યો. માણસ તારી ચિન્તા કરે છે. માણસ મારી ચિન્તા કરે છે. दृश्यर्थैरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ચિન્તાર્થક દૃશ્યર્થક જ ધાતુના યોગમાં પદથી પરમાં રહેલા युष्मद् અને अस्मद् ને वस् અને नस् વગેરે આદેશ થતો નથી. તેથી जनो वो मन्यते અહીં ચિન્તાર્થક मन् ધાતુ દૃશ્યર્થક ન હોવાથી તેના યોગમાં युष्मान् ને वस् આદેશનો આ સૂત્રથી નિષેધ ન થવાથી 'पदाद्यु० २-१-२१' થી युष्मान् ને वस् આદેશ થયો છે. અર્થ - માણસ તમારી ચિન્તા કરે છે. चिन्तायामिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ચિન્તાર્થક જ દૃશ્યર્થક ધાતુના યોગમાં પદથી પરમાં રહેલા युष्मद् અને अस्मद् ને वस् અને नस् વગેરે આદેશ થતો નથી. તેથી जनो वः पश्यति અહીં દૃશ્યર્થક दृश् ધાતુ ચિન્તાર્થક ન હોવાથી તેના યોગમાં આ સૂત્રથી युष्मान् ને वस् આદેશનો નિષેધ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ युष्मान् ને वस् આદેશ થયો છે. અર્થ - માણસ તમને જુવે છે. ॥૩૦॥

## नित्यमन्वादेशे २।१।३१॥

કોઈ પણ વસ્તુનું પ્રતિપાદન કરવા માટે જેનું કથન કર્યું છે; તેનું ફરીથી બીજી વસ્તુનું પ્રતિપાદન કરવા માટે કથન કરવું - તેને અન્વાદેશ કહેવાય છે. સામાન્યથી બે વિધેય સ્થળે જ્યાં ઉદ્દેશ્ય એક હોય છે, ત્યાં અન્વાદેશનો વિષય હોય છે- એ સમજી શકાય

છે. અન્વાદેશના વિષયમાં પદથી પરમાં રહેલા युष्मद् અને अस्मद् ને वस् અને नस् વગેરે આદેશ નિત્ય થાય છે. 'यूयं विनीतास्तद्वो गुरवो मानयन्ति। वयं विनीतास्तन्नो गुरवो मानयन्ति। धनवांस्त्वमथो त्वा लोको मानयति, धनवानहमथो मा लोको मानयति । અહીં युष्मद् અને अस्मद् પદાર્થ ઉદ્દેશ્ય છે. ક્રમશઃ વિનીતત્વ અને માનવાની ક્રિયા; ધનવત્ત્વ અને માનવાની ક્રિયા વિધેય છે. અહીં અન્વાદેશના વિષયમાં युष्मद् અને अस्मद् ને (युष्मान् અને अस्मान् ને, त्वाम् અને माम् ને) આ સૂત્રની સહાયથી પૂર્વે જણાવ્યા મુજબ वस् અને नस्; त्वा અને मा આદેશ નિત્ય થાય છે. અર્થક્રમશઃ - તમે વિનીત છો; માટે તમને ગુરુઓ માને છે- સત્કારે છે. અમે વિનીત છીએ; માટે અમને ગુરુઓ માને છે. તું ધનવાન્ છે; માટે તને લોક માને છે. હું ધનવાન્ છું; માટે મને લોક માને છે. अनु -पश्चात् कथनम् अन्वादेशः આ વ્યુત્પત્ત્યર્થ હોવાથી अन्वादेश બીજા વાક્યમાં હોય છે. પહેલા વાક્યમાં નહીં.॥૩૧॥

## सपूर्वात् प्रथमान्ताद् वा २।१।३२॥

પદથી પરમાં રહેલા પ્રથમાન્ત પદથી પરમાં રહેલા युष्मद् અને अस्मद् ને અન્વાદેશના વિષયમાં વિકલ્પથી वस् અને नस् વગેરે આદેશ થાય છે. यूयं विनीतास्तद् गुरवो वो मानयन्ति तद् गुरवो युष्मान् मानयन्ति। वयं विनीतास्तद् गुरवो नो मानयन्ति, तद् गुरवोऽस्मान् मानयन्ति। युवां सुशीलौ तज्ज्ञानं वां दीयते; तज्ज्ञानं युवाभ्यां दीयते। आवां सुशीलौ तज्ज्ञानं नौ दीयते; तज्ज्ञानमावाभ्यां दीयते। અહીં तद् પદથી પરમાં રહેલા પ્રથમાન્ત गुरवः અને ज्ञानम् આ પદથી પરમાં રહેલા युष्मद् અને अस्मद् ને અન્વાદેશના વિષયમાં આ સૂત્રની સહાયથી પૂર્વે જણાવ્યા મુજબ वस् અને नस्; वाम् અને नौ આદેશ વિકલ્પથી થયા છે. પૂર્વ સૂત્રથી અન્વાદેશના વિષયમાં वस् અને नस्

વગેરે આદેશ નિત્ય થતા હતા; વિકલ્પમાટે આ સૂત્રનું પ્રણયન છે. અર્થ ક્રમશઃ - તમે વિનીત છો; માટે ગુરુઓ તમને માને છે. અમે વિનીત છીએ; માટે ગુરુઓ અમને માને છે. તમે બે સુશીલ છો; માટે જ્ઞાન તમને બેને અપાય છે. અમે બે સુશીલ છીએ; માટે જ્ઞાન અમને બેને અપાય છે. ॥૩૨॥

**त्यदामेनदेतदो द्वितीया - टौस्यवृत्त्यन्ते २।१।३३॥**

त्यदादि ગણપાઠમાંના एतद् શબ્દને અન્વાદેશના વિષયમાં, દ્વિતીયા વિભક્તિનો પ્રત્યય પરમાં હોય તેમ જ टा (आ) અને ओस् પ્રત્યય પરમાં હોય તો एनद् આદેશ થાય છે. પરન્તુ एतद् શબ્દ વૃત્તિ (समासादि) ના અન્તે હોય તો एनद् આદેશ થતો નથી. त्यदादि ગણપાઠ सर्वादि ગણપાઠમાં છે. त्यद् થી માંડીને किम् સુધીના ૧૨ શબ્દો त्यदादि ગણપાઠના છે. જુઓ સૂ.નં. ૧-૪-૭ । उद्दिष्टमेतदध्ययनमथो एनदनुजानीत। एतकं साधुमावश्यकमध्यापय अथो एनमेव सूत्राणि । एतेन रात्रिरधीता अथो एनेनाहरप्यधीतम् । एतयोः शोभनं शीलमथो एनयो र्महती कीर्त्तिः। અહીં एतद् અને एतकद् નામને; અન્વાદેશના વિષયમાં દ્વિતીયા વિભક્તિનો પ્રત્યય, टा અને ओस् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી एनद् આદેશ થયો છે. 'तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते' આ પરિભાષાથી સૂત્રમાં एतद् ના ગ્રહણથી एतकद् નું પણ ગ્રહણ થાય છે. અર્થક્રમશઃ - આ અધ્યયન ઉદ્દિષ્ટ (સૂત્રરૂપે ભણવાની ઈચ્છાનો વિષય) હતું; માટે આ અધ્યયનની અનુજ્ઞા આપો. આ સાધુને આવશ્યક ભણાવ; પછી આ જ સાધુને સૂત્રો પણ ભણાવ. આના વડે રાત્રે ભણાયું; તેથી આને દિવસે પણ અધ્યયન કર્યું છે. આ બેનું શીલ સારું છે; માટે આ બેની મોટી કીર્ત્તિ છે. त्यदामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्यदादि ગણપાઠમાંના જ વૃત્તિના અન્તે નહિ રહેલા एतद् નામને

તેની પરમાં દ્વિતીયા વિભક્તિનો પ્રત્યય, टा અને ओस् પ્રત્યય હોય તો અન્વાદેશના વિષયમાં एनद् આદેશ થાય છે. તેથી સૂ.નં. ૧-૪-૭ માં જણાવ્યા મુજબ सर्वादि ગણના બધા જ નામો; તે કોઈનું વિશેષ નામ હોય તો सर्वादि ગણના ન હોવાથી; एतद् નામ પણ જયારે સંજ્ઞામાં પ્રયુક્ત હોય છે ત્યારે તે त्यदादि ગણપાઠમાંનું મનાતું ન હોવાથી एतदं संगृहाण अथो एतदमध्यापय અહીં આ સૂત્રથી एतद् ને एनद् આદેશ થતો નથી. અર્થ - એતદ્ નામની વ્યક્તિ વિશેષને ગ્રહણ કર અને તેને ભણાવ. अवृत्त्यन्त इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्यदादि ગણપાઠમાંના અવૃત્ત્યન્ત જ एतद् નામને; તેની પરમાં; દ્વિતીયા વિભક્તિનો પ્રત્યય, टा અને ओस् પ્રત્યય હોય તો અન્વાદેશના વિષયમાં एनद् આદેશ થાય છે. તેથી अथो परमैतं पश्य અહીં કર્મધારયસમાસના અન્તે વર્ત્તમાન एतद् નામને આ સૂત્રથી एनद् આદેશ થતો નથી. અર્થ - મહાન્ આને જો. આ સૂત્રના દૃષ્ટાન્તોમાં જે જે રૂપો બતાવાયા છે. તેની સાધનિકા ભણનારાઓએ સ્વયમ્ કરવી. 'आद्वेरः ૨-૧-૪૧' ... વગેરે સૂત્રનું અનુસંધાન કરવાથી એ શક્ય છે. ॥૩૩॥

**इदमः ૨।૧।૩૪॥**

त्यदादि ગણપાઠમાંના, વૃત્તિના અન્તે નહિ રહેલા इदम् નામને તેની પરમાં દ્વિતીયા વિભક્તિ નો પ્રત્યય; टा અને ओस् પ્રત્યય હોય તો અન્વાદેશના વિષયમાં एनद् આદેશ થાય છે. उद्दिष्टमिदमध्ययनमथो एनदनुजानीत । अनेन रात्रिरधीता अथो एनेनाहरप्यधीतम्। अनयोः शोभनं शीलम् अथो एनयो र्महती कीर्त्तिः। અહીં આ સૂત્રથી અન્વાદેશમાં इदम् ને एनद् આદેશ થયો છે. અર્થ સ્પષ્ટ છે. પૂર્વ સૂત્રમાં (૨-૧-૩૩માં) જણાવ્યો છે. આગળના સૂત્રમાં इदम् ની અનુવૃત્તિ લઈ જવા માટે પૃથક્ સૂત્ર બનાવ્યું છે. ॥૩૪॥

## अद् व्यञ्जने २।१।३५॥

वृत्तिना अन्ते नहि रहेला त्यदादि गणपाठमांना इदम् नामने अन्वादेशमां व्यञ्जनादि स्यादि प्रत्यय परमां होय तो अ आदेश थाय छे. उत्तर सूत्रथी (२-१-३६ थी) अक् प्रत्यय रहित इदम् ने अ आदेशनुं विधान होवाथी आ सूत्रथी अक् प्रत्यय सहित ज इदम् ने उपर जणाव्या मुजब अ आदेश थाय छे. इमकाभ्यां शैक्षकाभ्यां रात्रिरधीता अथो आभ्यामहरप्यधीतम् । इमकेषु अथो एषु । अहीं इदकम् नामने, व्यञ्जनादि भ्याम् अने सु प्रत्यय परमां होवाथी, अन्वादेशना विषयमां आ सूत्रथी 'अ' आदेश..... ईत्यादि कार्य थवाथी आभ्याम् अने एषु आवो प्रयोग थयो छे. साधनिका माटे जुओ सू. नं. १-४-१. अने १-४-४. अर्थक्रमशः– आ बे विद्यार्थिओ समग्र रात भण्या; तेथी आखो दिवस पण भण्या. आ लोकोमां.... तेथी.... आ लोकोमां..... ॥३५॥

## अनक् २।१।३६॥

अक् प्रत्ययथी रहित त्यदादि गणपाठमांना इदम् नामने तेनी परमां तत्सम्बन्धी व्यञ्जनादि स्यादि प्रत्यय होय तो अ आदेश थाय छे. आ सूत्र पूर्वसूत्रथी भिन्न होवाथी अन्वादेशनी अनुवृत्ति आ सूत्रमां नथी. अन्यथा आ सूत्रनो पृथग्योग न कर्यो होत. इदम्+भ्याम् अने इदम्+सु आ अवस्थामां इदम् ने आ सूत्रथी अ आदेश .... ईत्यादि कार्य, सू. नं. १-४-१ अने १-४-४ मां जणाव्या मुजब थवाथी आभ्याम् अने एषु आवो प्रयोग थाय छे. इदम् नामने स्त्रीलिंगमां भिस् अने सु प्रत्यय. आ सूत्रथी इदम् ने अ आदेश. 'आत् २-४-१८' थी अ नी परमां आप् (आ) प्रत्ययादि कार्य थवाथी आभिः अने आसु आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- आ बेथी. आ

સ્ત્રીઓથી. આ બધામાં. આ સ્ત્રીઓમાં. अनगिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्यदादि સમ્બન્ધી વ્યઞ્જનાદિ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો अक् પ્રત્યયથી રહિત જ इदम् ને अ આદેશ થાય છે. તેથી इदम् નામને 'त्यादिसर्वादेः० ७-३-२९' થી અન્ત્ય સ્વરની પૂર્વે अक् પ્રત્યય. इदकम्+भ्याम् આ અવસ્થામાં अक् સહિત इदम् ને આ સૂત્રથી अ આદેશ ન થવાથી 'आद्वेरः २-१-४१' થી इदकम् ના म् ને अ આદેશ. 'लुगस्या० २-१-११३' થી क ના अ નો લોપ. 'दो मः स्यादौ २-१-३९' થી द् ને म् આદેશ. 'अत आः० १-४-१' થી भ्याम् ની પૂર્વેના अ ને आ આદેશ થવાથી इमकाभ्याम् આવો પ્રયોગ થાય છે. અર્થ- આ બેથી. त्यदामित्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्यदादि સમ્બન્ધી જ વ્યઞ્જનાદિ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના अक् પ્રત્યયથી રહિત इदम् ને अ આદેશ થાય છે; તેથી इममतिक्रान्ताभ्याम् આ અર્થમાં अतीदम् નામને भ्याम् પ્રત્યય થવાથી 'अतीदम्भ्याम्' આવો પ્રયોગ થાય છે. અહીં इदम् પદાર્થ ગૌણ હોવાથી વ્યઞ્જનાદિ સ્યાદિ પ્રત્યય- भ्याम्; त्यदादि સમ્બન્ધી ન હોવાથી આ સૂત્રથી इदम् ને अ આદેશ થતો નથી. જ્યાં કર્મધારયાદિ સમાસ સ્થળે इदम् પદાર્થ પ્રધાન હોય છે. ત્યાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इदम् ને अ આદેશ થાય છે. અર્થ- આને જીતવાવાલા બેથી. ॥३६॥

## टौस्यनः २।१।३७॥

त्यदादि સમ્બન્ધી टा અને ओस् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अक् પ્રત્યયથી રહિત इदम् નામને अन આદેશ થાય છે. इदम् નામને પુલ્લિંગ અને સ્ત્રીલિંગમાં टा (आ) પ્રત્યય. આ સૂત્રથી इदम् ને अन આદેશ. સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી अन ની પરમાં आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન अन + आ અને अना + आ આ અવસ્થામાં સૂ. નં ૧-૪-૫ માં જણાવ્યા મુજબ तेन ની જેમ अनेन આવો પ્રયોગ થાય છે; અને સૂ. નં ૧-૪-૧૯ માં જણાવ્યા

મુજબ बहुराजया ની જેમ अनया આવો પ્રયોગ થાય છે. इदम्+ओस् આ અવસ્થામાં આ સૂત્રથી इदम् ને अन આદેશ વગેરે કાર્ય सू. नं १-४-४ માં જણાવ્યા મુજબ થવાથી देवयोः ની જેમ अनयोः; अनयोः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આનાથી. આ સ્ત્રીથી. આ બેનું. આ બેમાં. સ્ત્રીલિંગમાં अनयोः ની પ્રક્રિયા સૂ.નં. ૧-૪-૧૯ માં જણાવ્યા મુજબ बहुराजयोः ની જેમ સમજવી. त्यदामित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्यदादि सम्बन्धी જ टा અને ओस् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના अक् પ્રત્યયથી રહિત इदम् નામને अन આદેશ થાય છે. તેથી प्रियोऽयम् यस्य तेन આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસમાં નિષ્પન્ન प्रियेदम् નામને टा (आ) પ્રત્યય થવાથી प्रियेदमा આવો પ્રયોગ થાય છે. અહીં અન્યપદાર્થ પ્રધાન હોવાથી टा પ્રત્યય તત્સમ્બન્ધી છે. इदम् (त्यदादि) સમ્બન્ધી નથી; તેથી આ સૂત્રથી इदम् ને अन આદેશ થતો નથી. અર્થ= આ પ્રિય છે જેને તેના વડે. अनक इत्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अक् પ્રત્યયથી રહિત જ त्यदादि સમ્બન્ધી इदम् નામને, તેની પરમાં તત્સમ્બન્ધી टा અને ओस् પ્રત્યય હોય તો अन આદેશ થાય છે; તેથી इदकम् નામને टा પ્રત્યયાદિ કાર્ય થવાથી इमकेन આવો પ્રયોગ થાય છે. (પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ૨-૧-૩૬ વગેરે.) અર્થ - આનાથી. ॥૩૭॥

## अयमियम् पुंस्त्रियोः सौ २।१।३८॥

त्यदादि સમ્બન્ધી सि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના इदम् નામને પુલ્લિંગમાં अयम् આદેશ અને સ્ત્રીલિંગમાં इयम् આદેશ થાય છે. इदम् નામને પુલ્લિંગમાં અને સ્ત્રીલિંગમાં सि પ્રત્યય. આ સૂત્રથી इदम् ને પુલ્લિંગમાં अयम् આદેશ અને સ્ત્રીલિંગમાં इयम् આદેશ. 'दीर्घङ्याब्० ૧-૪-૪૫ ' થી सि નો લોપ થવાથી अयम् અને इयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ – આ પુરુષ. આ સ્ત્રી. त्यदामित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्यदादि સમ્બન્ધી

જ सि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના इदम् નામને પુલ્લિંગમાં અને સ્ત્રીલિંગમાં અનુક્રમે अयम् અને इयम् આદેશ થાય છે. તેથી अतीदम्+सि આ અવસ્થામાં આ સૂત્રથી इदम् નામને अयम् અને इयम् આદેશ થતો નથી; જેથી 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ થવાથી अतीदं ना स्त्री वा આવો પ્રયોગ થાય છે. અર્થ – આને જીતવાવાલો પુરુષ અથવા સ્ત્રી. ॥૩૮॥

## दो मः स्यादौ २।१।३९॥

त्यदादि સમ્બન્ધી સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના इदम् નામના द् ને म् આદેશ થાય છે. इदम् + औ અને परमेदम् +औ આ અવસ્થામાં म् ને 'आद्वेरः २-१-४१' થી अ આદેશ. 'लुगस्या० २-१-११३' થી द ના अ નો લોપ. આ સૂત્રથી द् ને म् આદેશ. औ ની સાથે પૂર્વ अ ને 'ऐदौत्० १-२-१२' થી औ આદેશ થવાથી इमौ અને परमेमौ આવો પ્રયોગ થાય છે. તેમજ इदकम्+भ्याम् આ અવસ્થામાં સૂ. નં. ૨-૧-૩૬ માં જણાવ્યા મુજબ આ સૂત્રથી द् ને म् આદેશાદિ કાર્ય થવાથી इमकाभ्याम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આ બે. મહાન્ આ બે. આ બે વડે....। त्यदामित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्यदादि સમ્બન્ધી જ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના इदम् નામના द् ને म् આદેશ થાય છે. તેથી प्रियेदम् + औ અહીં इदम् સમ્બન્ધી સ્યાદિ પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી द् ને म् આદેશ થતો નથી. જેથી प्रियेदमौ આવો પ્રયોગ થાય છે. અર્થ– પ્રિય છે આ જેને એવા બે. ॥૩૯॥

## किमः कस्तसादौ च २।१।४०॥

त्यदादि સમ્બન્ધી સ્યાદિ પ્રત્યય અને तस् વગેરે પ્રત્યય પરમાં હોય તો किम् નામને क આદેશ થાય છે. किम्+सि અને किम् ને

'त्यादिसर्वादेः० ७-३-२९' थी अक् प્રત્યયથી નિષ્પન્નककिम् નામને सि પ્રત્યય કરીએ ત્યારે થએલી ककिम्+सि આ અવસ્થામાં આ સૂત્રથી किम् અને ककिम् ને क આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'कः' અને 'कः' આવો પ્રયોગ થાય છે. किम् નામને 'किम्-यत्- तत्० ७-२-९५' થી दा પ્રત્યય અને 'अनद्यतने र्हिः ७-२-१०१' થી र्हि પ્રત્યય. આ સૂત્રથી किम् ને क આદેશ વગેરે કાર્ય થવાથી कदा અને कर्हि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– કોણ. કોણ. ક્યારે. ક્યારે. तसादौ चेति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ किम् નામને તેની પરમાં तत्सम्बन्धी (त्यदादि સમ્બન્ધી) સ્યાદિ અને તસાદિ જ (પ્રત્યય માત્ર નહિ) પ્રત્યય હોય તો क આદેશ થાય છે. તેથી किम् નામને 'द्वयो र्विभज्ये० ७-३-६' થી तरप् (तर) પ્રત્યય. तर ના અન્ત્ય अ ને 'किं त्याद्ये० ७-३-८' થી आम् આદેશ.... વગેરે કાર્ય થવાથી किन्तराम् આવો પ્રયોગ થાય છે. અહીં तसादि પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી किम् ને ઉપર જણાવ્યા મુજબ क આદેશ થતો નથી. तस् થી थम् સુધીના પ્રત્યયો तसादि પ્રત્યયો કહેવાય છે. तरप् વગેરે પ્રત્યય थम् પછીના હોવાથી તેને तसादि પ્રત્યય મનાતા નથી. અર્થ– શું? त्यदामित्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्यदादि સમ્બન્ધી જ स्यादि કે तसादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના किम् ને क આદેશ થાય છે; તેથી प्रियकिम्+औ આ અવસ્થામાં प्रियकिम् (त्यदादिभिन्न) સમ્બન્ધી સ્યાદિ औ પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી किम् ને क આદેશ થતો નથી. જેથી प्रियकिमौ આવો પ્રયોગ થાય છે. અર્થ– પ્રિય છે કોણ જેને એવા બે.॥૪૦॥

## आद्वेरः २।१।४१॥

त्यदादि સમ્બન્ધી स्यादि અને तसादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના त्यद् થી માંડીને द्वि શબ્દ સુધીના નામોના અન્ત્ય વર્ણને

'अ' આદેશ થાય છે. त्यद्+सि આ અવસ્થામાં આ સૂત્રથી द् ને अ આદેશ. 'लुगस्यां० ૨-૧-૧૧૩' થી त्य ના अ નો લોપ. 'तः सौ सः ૨-૧-૪૨' થી त् ને स् આદેશ.... ઈત્યાદિ કાર્ય થવાથી स्यः આવો પ્રયોગ થાય છે. त्यद्+औ અને द्वि+औ આ અવસ્થામાં આ સૂત્રથી द् અને इ ને अ આદેશ. ઉપર જણાવ્યા મુજબ તેની પૂર્વેના अ નો લોપ. 'ऐदौत्सन्ध्यक्षरैः ૧-૨-૧૨' થી औ ની સાથે તેની પૂર્વેના अ ને औ આદેશ થવાથી त्यौ અને द्वौ આવો પ્રયોગ થાય છે. 'किमद्वया० ૭-૨-૮૯' થી तद् નામને तस् પ્રત્યય અને 'किम् यत्० ૭-૨-૯૫' થી तद् નામને दा પ્રત્યય. આ સૂત્રથી तद् ના द् ને अ આદેશાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી 'ततः' અને 'तदा' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– તે. તે બે. બે. તેથી. ત્યારે. त्यदामित्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्यद् થી માંડીને द्वि શબ્દ સુધીના નામના અન્ત્ય વર્ણને તેની પરમાં તત્સમ્બન્ધી (त्यदादि સમ્બન્ધી) જ स्यादि અને तसादि પ્રત્યય હોય તો अ આદેશ થાય છે. તેથી अतितद्+औ આ અવસ્થામાં त्यदादि (तद्) સમ્બન્ધી સ્યાદિ औ પ્રત્યય પરમાં ન હોવાથી द् ને આ સૂત્રથી अ આદેશ થતો નથી; જેથી अतितदौ આવો પ્રયોગ થાય છે. અર્થ – તેને જીતવાવાલા બે. ॥૪૧॥

## तः सौ सः २।१।४२॥

त्यदादि સમ્બન્ધી सि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના त्यद् થી માંડીને द्वि શબ્દ સુધીના નામના त् ને स् આદેશ થાય છે. त्यद्+सि અને तद्+सि આ અવસ્થામાં સૂ. નં. ૨-૧-૪૧ માં જણાવ્યા મુજબ આ સૂત્રથી त् ને स् આદેશાદિ કાર્ય થવાથી 'स्यः' અને 'सः' આવો પ્રયોગ થાય છે. त्यद् तद् અને एतद् નામને સ્ત્રીલિંગમાં सि પ્રત્યય. 'आद्वेरः ૨-૧-૪૧' થી द् ને अ આદેશ. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી अ ની પૂર્વેના अ નો લોપ. 'आत् ૨-૪-૧૮' થી सि ની પૂર્વે आप् (आ) પ્રત્યય. 'समानानां० ૧-૨-૧' થી आ ની સાથે તેની પૂર્વેના 'अ' ને દીર્ઘ

'आ' આદેશ. આ સૂત્રથી त् ને स् આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५' થી ए ની પરમાંના स् ને ष् આદેશ. 'दीर्घङ्या० १-४-४५' થી सि નો લોપ થવાથી 'स्या', 'सा' અને 'एषा' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ – તે. તેણી. તે. તેણી. આ (સ્ત્રી). त्यदामित्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्यदादि સમ્બન્ધી सि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના त्यद् થી માંડીને द्वि શબ્દ સુધીના નામના त् ને स् આદેશ થાય છે. તેથી प्रियत्यद्+सि અહીં त्यदादि સમ્બન્ધી सि પ્રત્યય પરમાં ન હોવાથી त् ને स् આદેશ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ सि નો લોપ થવાથી प्रियत्यत् આવો પ્રયોગ થાય છે. અર્થ– પ્રિય છે તે જેને એવો ॥૪૨॥

## अदसो दः सेस्तु डौ २।१।४३॥

त्यदादि સમ્બન્ધી सि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના अदस् નામના द् ને स् આદેશ થાય છે; અને ત્યારે सि પ્રત્યયને डौ (औ) આદેશ થાય છે. अदस् અને अदकस् નામને પ્રથમા અને સમ્બોધનના એકવચનમાં सि પ્રત્યય. આ સૂત્રથી द् ને स् આદેશ તથા सि ને डौ (औ) આદેશ. 'डित्यन्त्य० २-१-११४' થી अदस् અને अदकस् ના અન્ત્ય સ્વરાદિ अस् નો લોપ થવાથી असौ, असकौ, हे असौ! અને हे असकौ! આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - તે. તે. હે તે!. હે તે! त्यदामित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्यदादि સમ્બન્ધી જ सि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના अदस् નામના द् ને स् આદેશ અને सि ને डौ આદેશ થાય છે. તેથી अत्यदस् નામને सि પ્રત્યયાદિ કાર્ય સૂ.નં. ૧-૪-૯૦ માં જણાવ્યા મુજબ થવાથી अप्सराः ની જેમ 'अत्यदाः' આવો પ્રયોગ થાય છે. અહીં सि પ્રત્યય त्यदादि अदस् સમ્બન્ધી ન હોવાથી આ સૂત્રથી द् ને स् આદેશાદિ કાર્ય થતું નથી. અર્થ- તેને જીતવાવાલો (अदकस् અહીં 'त्यादि सर्वादेः० ७-३-२९' થી अक् પ્રત્યય થયો છે.) ॥૪૩॥

## असुको वाऽकि २।१।४४॥

त्यदादि સમ્બન્ધી सि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના अक् સહિતં अदस् ને વિકલ્પથી असुक આદેશ થાય છે. अदकस् નામને પ્રથમા અને સમ્બોધન એકવચનમાં सि પ્રત્યય. આ સૂત્રથી अदकस् ને असुक આદેશ. 'अदेतः० ૧-૪-૪૪' થી સમ્બોધનમાં सि પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી असुकः અને हे असुक! આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अदकस् ને असुक આદેશ ન થાય ત્યારે સૂ.નં. ૨-૧-૪૩ માં જણાવ્યા મુજબ असकौ અને हे असकौ! આવો પ્રયોગ થાય છે; જેનો અર્થ ત્યાં જણાવ્યો છે.॥૪૪॥

## मोऽवर्णस्य २।१।४५॥

त्यदादि સમ્બન્ધી अ વર્ણ (અ.આ.) અન્તમાં જેના છે એવા अदस् નામના द् ને म् આદેશ થાય છે. अदस् નામને પુલ્લિંગ સ્ત્રીલિંગ અથવા નપુંસકલિંગમાં औ પ્રત્યય. 'आद्वेरः ૨-૧-૪૧' થી स् ને अ આદેશ. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી द ના अ નો લોપ. સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી 'अद ને आप् પ્રત્યય. આ સૂત્રથી द અને दा ના द् ને म् આદેશ. अम+औ अमा+औ અને अम+औ આ અવસ્થામાં પુલ્લિંગમાં अम ના અન્ત્ય अ ને औ ની સાથે 'ऐदौत्० ૧-૨-૧૨' થી औ આદેશ. સ્ત્રીલિંગમાં अमा ના आ ને औ ની સાથે 'औता ૧-૪-૨૦' થી ए આદેશ . નપુંસકલિંગમાં औ ને 'औरीः ૧-૪-૫૬' થી ई આદેશ. ई ની સાથે તેની પૂર્વેના अ ને 'अवर्णस्ये० ૧-૨-૬' થી ए આદેશ થવાથી અનુક્રમે अमौ अमे અને अमे આવી અવસ્થા થાય છે. ત્યાં 'मादुवर्णोऽनु ૨-૧-૪૭' થી औ તથા ए ને ऊ આદેશ થવાથી ત્રણે લિંગમાં 'अमू' આવો પ્રયોગ થાય છે. અર્થ - પેલા બે પુરુષો. પેલી બે સ્ત્રીઓ. પેલા બે કુલો. अदस्+जस् આ

અવસ્થામાં जस् ને 'जस इः १-४-९' થી इ આદેશ. ઉપર જણાવ્યા મુજબ स् ને अ આદેશાદિ કાર્યથી નિષ્પન્ન अमे ના ए ને 'बहुष्वेरीः २-१-४९' થી ई આદેશ થવાથી अमी આવો પ્રયોગ થાય છે. અર્થ - પેલા પુરુષો. अदस्+दृश् ધાતુને 'त्यदाद्यन्य० ५-१-१५२' થી टक् (अ) પ્રત્યય. अदस् ના स् ને 'अन्यत्यदादेराः ३-२-१५२' થી आ આદેશ. आ ની સાથે 'समाना० १-२-१' થી द ના अ ને દીર્ઘ आ આદેશ. આ સૂત્રથી द् ને म् આદેશ. 'मादुवर्णोऽनु २-१-४७' થી आ ને ऊ આદેશથી નિષ્પન્ન अमूदृश નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી अमूदृशः આવો પ્રયોગ થાય છે. અર્થ- પેલા જેવો દેખાતો. अवर्णस्येति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त्यदादि સમ્બન્ધી अवर्णान्त જ अदस् નામના द् ને म् આદેશ થાય છે. તેથી अदः कुलम् અહીં अदस्+सि (નપુંસકલિંગ) આ અવસ્થામાં 'अनतो लुप् १-४-५९' થી सि પ્રત્યય નો લોપ વગેરે કાર્ય થવાથી अदः આવો પ્રયોગ થાય છે. અહીં अदस् નામ अवर्णान्त નથી પરન્તુ સાન્ત છે. તેથી આ સૂત્રથી द् ને म् આદેશ થતો નથી. અર્થ - પેલું કુલ.॥૪૫॥

## वाऽद्रौ २।१।४६॥

अद्रि અન્તમાં હોય તો अदस् નામના द् ને म् આદેશ વિકલ્પથી થાય છે. (अद्रि અન્તવાલા अदस् નામમાં બે द् હોવાથી અને તેને વૈકલ્પિક म् આદેશનું આ સૂત્રથી વિધાન હોવાથી કુલ ચાર રૂપો થાય છે.) अदोऽञ्चति આ અર્થમાં अदस्+अञ्च् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. 'सर्वादि - विष्वग्० ३-२-१२२' થી अदस् શબ્દની પરમાં डद्रि (अद्रि) આગમ. 'डित्यन्त्य० २-१-११४' થી अदस् ના अस् નો લોપ. 'अञ्चोऽनर्चायाम् ४-२-४६' થી अञ्च् ના न् નો લોપ. 'इवर्णा० १-२-२१' થી अद्रि ના इ ને य् આદેશ થવાથી अदद्र्यच् નામ બને છે. તેને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી સૂ. નં. १-४-६९ માં જણાવ્યા મુજબ प्राङ् ની જેમ 'अदद्र्यङ्' આવો પ્રયોગ

થાય છે. આ સૂત્રથી જયારે ઉપર જણાવ્યા મુજબ अद्रि અન્તમાં છે જેના એવા अदस् ના બંન્ને द् ને म् આદેશ થાય ત્યારે अमम्र्यङ् આ અવસ્થામાં 'मादुवर्णोऽनु ૨-૧-૪૭' થી म् થી પરમાં રહેલા अ તથા र् ને उ આદેશ થવાથી 'अमुमुयङ्' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં પ્રથમ द् ને જ આ સૂત્રથી म् આદેશ થાય ત્યારે તેના પરમાંના अ ને उ આદેશ, ઉપર જણાવ્યા મુજબ થવાથી 'अमुद्र्यङ्' આવો પ્રયોગ થાય છે. અને આ સૂત્રથી જયારે દ્વિતીય द् ને જ म् આદેશ થાય ત્યારે તેની પરમાંના र् ને ઉપર જણાવ્યા મુજબ उ આદેશ થવાથી 'अदमुयङ्' આવો પ્રયોગ થાય છે. અર્થ– પેલી જગ્યાએ જનાર. ॥૪૬॥

## मादुवर्णोऽनु २।१।४७॥

अदस् નામના म् ની પરમાં રહેલા વર્ણને; બધા કાર્ય કર્યા પછી उ વર્ણ (उ, ऊ) થાય છે. अदस्+अम् આ અવસ્થામાં 'आद्वेरः ૨-૧-૪૧' થી स् ને अ આદેશ. તેની પૂર્વેના अ નો 'लुगस्या० ૨-૧-૧૧૩' થી લોપ. 'समाना० ૧-૪-૪૬' થી अम् ના अ નો લોપ. 'मोऽवर्णस्य ૨-૧-૪૫' થી द् ને म् આદેશ. આ સૂત્રથી म् ની પરમાંના अ ને उ આદેશ થવાથી 'अमुम्' આવો પ્રયોગ થાય છે. અર્થ – પેલાને. अमू અને अमुमुयङ् અહીં અનુક્રમે સૂ નં. ૨-૧-૪૫ અને ૨-૧-૪૬ માં જણાવ્યા મુજબ આ સૂત્રથી म् પછીના વર્ણને उ વર્ણ આદેશ થયો છે. (म् ની પરમાંના વ્યઞ્જન તેમજ -હ્રસ્વ વર્ણને હ્રસ્વ उ, દીર્ઘ વર્ણને દીર્ઘ ऊ તથા પ્લુત વર્ણને પ્લુત उ ३ આદેશ આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમજવો) अन्विति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अदस् નામના म् પછીના વર્ણને બધા કાર્ય કર્યા પછી જ उ વર્ણ આદેશ થાય છે. તેથી अदस् + ङे અને अदस् +ङि આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ अदस् ના स् ને अ; તેની પૂર્વેના अ નો લોપ અને द् ને म् આદેશથી નિષ્પન્ન अम+ङे અને अम+ङि

આ અવસ્થામાં 'सर्वादेः० १-४-७' થી ङे ને स्मै આદેશ અને ङि ને 'ङेः स्मिन् १-४-८' થી स्मिन् આદેશ. ત્યાર પછી આ સૂત્રથી म् ની પરમાં રહેલા अ ને उ આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५' થી स् ને ष् આદેશ થવાથી अमुष्मै અને अमुष्मिन् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં अनु નું ગ્રહણ કર્યું ન હોત તો, म् ની પરમાં રહેલા अ ને उ આદેશ પહેલા કર્યા પછી अमु+ङे આવી અવસ્થામાં અકારાન્ત સર્વાદિ નામના અભાવમાં ઉપર જણાવ્યા મુજબ ङे ને स्मै અને ङि ને स्मिन् આદેશ થાત નહિ - એ સમજી શકાય છે. અર્થ ક્રમશઃ - પેલા માટે. પેલામાં ॥૪૭॥

## प्रागिनात् २।१।४८॥

अदस् નામના म् પછીના વર્ણને, टा ના સ્થાને इन आદેશ કરતા પૂર્વે उ વર્ણ આદેશ થાય છે. अदस्+टा આ અવસ્થામાં પૂર્વે જણાવ્યા મુજબ (જુઓ सू.नं. २-१-४५) अम+टा આવી અવસ્થા થયા બાદ આ સૂત્રથી म् ની પરમાં રહેલા अ ને 'टाङसोरिनस्यौ १-४-५' થી टा ને પ્રાપ્ત इन આદેશ કરતાં પૂર્વે उ આદેશ. ત્યાર બાદ टा ને इन આદેશની પ્રાપ્તિ ન હોવાથી 'टः पुंसि ना १-४-२४' થી टा ને ना આદેશ થવાથી 'अमुना' આવો પ્રયોગ થાય છે. અર્થ - પેલાથી. इनादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इनादेश કરતા પૂર્વે જ (અન્ય કોઈ પણ કાર્ય કરતાં પૂર્વે નહિ) अदस् નામના म् ની પરમાં રહેલા વર્ણને उ વર્ણ આદેશ થાય છે. તેથી अदस्+टा (સ્ત્રીલિંગમાં) આ અવસ્થામાં પૂર્વે જણાવ્યા મુજબ अमा+टा (જુઓ सू.नं. २-१-४५) આવી અવસ્થા થયા પછી 'टौस्येत् १-४-१९' થી आ ને ए આદેશ. 'एदैतोऽयाय् १-२-२३' થી ए ને अय् આદેશ થયા પછી म् ની પરમાં રહેલા अ ને 'मादुवर्णोऽनु २-१-४७' થી उ આદેશ થાય છે. જેથી 'अमुया' આવો પ્રયોગ થાય છે. અન્યથા आ ને ए આદેશ કરતા પૂર્વે उ આદેશ થાત તો अम्वा આવો અનિષ્ટ પ્રયોગ

થાત - એ સ્પષ્ટ છે. અર્થ- પેલી સ્ત્રીથી ॥૪૮॥

## बहुष्वेरीः ૨।૧।૪૯॥

બહુત્વવિશિષ્ટાર્થક (બહુવચનમાં) अदस् નામના म् ની પરમાં રહેલા ए ને ई આદેશ થાય છે. अदस्+सु આ અવસ્થામાં સૂ.નં. ૨-૧-૪૫ માં જણાવ્યા મુજબ अम+सु આવી અવસ્થા થયા બાદ 'एद् बहुस्भोसि ૧-૪-૪' થી अम ના અન્ત્ય अ ને ए આદેશ. આ સૂત્રથી ए ને ई આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५' થી सु ના स् ને ष् આદેશ થવાથી 'अमीषु' આવો પ્રયોગ થાય છે. અર્થ - પેલાઓમાં. अदस्+जस् આ અવસ્થામાં સૂ.નં. ૨-૧-૪૫ માં જણાવ્યા મુજબ स् ને अ આદેશાદિ કાર્યથી નિષ્પન્ન अमे ના ए ને આ સૂત્રથી ई આદેશ થવાથી अमी આવો પ્રયોગ થાય છે. અર્થ- પેલા. एरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુત્વવિશિષ્ટાર્થક अदस् નામના म् ની પરમાં રહેલા ए ને જ ई આદેશ થાય છે. તેથી સ્ત્રીલિંગમાં अदस्+जस् આ અવસ્થામાં પૂર્વે જણાવ્યા મુજબ अमा+जस् (अस्) આવી અવસ્થા થયા પછી 'समानानां० १-२-१' થી आ ને अ ની સાથે દીર્ઘ आ આદેશ. 'मादुवर्णोऽनु २-१-४७' થી म् ની પરમાં રહેલા आ ને ऊ આદેશાદિ કાર્ય થવાથી अमूः स्त्रियः આવો પ્રયોગ થાય છે. અહીં બહુવચનમાં अदस् નામના म् ની પરમાં ए ન હોવાથી આ સૂત્રથી ई આદેશ થતો નથી. ए ને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ई આદેશનું વિધાન ન કરતાં म् ની પરમાં રહેલા વર્ણમાત્રને ए આદેશનું વિધાન કર્યું હોત તો अमूः स्त्रियः અહીં आ ને ई આદેશ થાત - એ સ્પષ્ટ છે. અર્થ - પેલી સ્ત્રીઓ. मादित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુત્વવિશિષ્ટાર્થક अदस् નામના म् ની જ પરમાં રહેલા ए ને ई આદેશ થાય છે. તેથી अमुके અહીં क् ની પરમાં રહેલા ए ને આ સૂત્રથી ई આદેશ થતો નથી. अदकस्+जस् આ અવસ્થામાં अम ની જેમ अमक બન્યા પછી 'जस

इः १-४-९' थी जस् ने इ આદેશાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી अमुके આવો પ્રયોગ થાય છે. અર્થ - પેલા. ॥૪૯॥

## धातोरिवर्णोवर्णस्येयुव् स्वरे प्रत्यये २।१।५०॥

સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના ધાતુ સમ્બન્ધી इ વર્ણ અને उ વર્ણને અનુક્રમે इय् અને उव् આદેશ થાય છે. नी અને लू ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન नी અને लू નામને औ પ્રત્યય. આ સૂત્રથી ई ને इय् અને ऊ ને उव् આદેશ થવાથી 'नियौ' અને 'लुवौ' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– લઈ જનારા બે. કાપનારા બે.. अधि+इ ધાતુને વર્ત્તમાનાનો अन्ते પ્રત્યય. 'अनतो० ४-२-११४' થી अन्त् ને अत् આદેશ. આ સૂત્રથી ધાતુના इ ને इय् આદેશ. इ ની સાથે તેની પૂર્વેના अधि ના इ ને 'समाना० १-२-१' થી ई આદેશ થવાથી 'अधीयते' આવો પ્રયોગ થાય છે. અર્થ– ભણે છે. लू ધાતુને परोक्षा નો उस् પ્રત્યય. 'द्विर्धातुः० ४-१-१' થી लू ધાતુને द्विरुक्ति. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસના(પ્રથમ) लू ના ऊ ને उ આદેશ. उस् પ્રત્યયની પૂર્વેના ऊ ને આ સૂત્રથી उव् આદેશ... વગેરે કાર્ય થવાથી लुलुवुः આવો પ્રયોગ થાય છે. અર્થ– બધાએ કાપ્યું. प्रत्यय इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાદિ પ્રત્યય જ પરમાં હોય તો (સ્વર પરમાં હોય તો નહિ.) તેની પૂર્વેના ધાતુ સમ્બન્ધી इ અને उ વર્ણને અનુક્રમે इय् અને उव् આદેશ થાય છે. તેથી नियोऽर्थः અને लुवोऽर्थः – આ વિગ્રહમાં ષષ્ઠી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી न्यर्थः અને ल्वर्थः આવો પ્રયોગ થાય છે. અહીં સ્વરાદિ પ્રત્યય પરમાં ન હોવાથી नी અને लू ધાતુના ई અને ऊ ને આ સૂત્રથી इय् અને उव् આદેશ થતો નથી. અર્થક્રમશઃ – લઈ જનારનું ધન. કાપનારનું ધન. नी ધાતુને 'अनट् ५-३-१२४' થી अनट् (अन) પ્રત્યય. તેમજ 'णकतृचौ ५-१-४८' થી णक (अक) પ્રત્યય. नी+अन અને नी +

अक આ અવસ્થામાં યદ્યપિ આ સૂત્રથી नी ધાતુના ई ને इय् આદેશની પ્રાપ્તિ હતી, પરન્તુ આ સૂત્રની અપેક્ષાએ 'नामिनो० ૪-३-१' અને 'नामिनो० ૪-३-५१' આ સૂત્રો પર હોવાથી તે તે સૂત્રથી અનુક્રમે नी ના ई ને ગુણ ए અને વૃદ્ધિ ऐ આદેશાદિ કાર્ય થવાથી नयनम् અને नायकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - લઈ જવું. લઈ જનાર.।।૫૦।।

**इणः २।१।५१।।**

इण् ( इ ૨ જો ગણ) ધાતુને, તેની પરમાં સ્વરાદિ પ્રત્યય હોય તો इय् આદેશ થાય છે. આ સૂત્રના વિષયમાં યદ્યપિ 'धातोरिवर्णो० ૨-૧-૫૦' થી इय् આદેશ સિદ્ધ હતો. પરન્તુ તેનો 'योऽनेकस्वरस्य ૨-૧-૫६' થી બાધ થવાથી, તે સૂત્રથી વિહિત य् આદેશનો; આ સૂત્રથી વિહિત इय् આદેશ અપવાદ છે. અર્થાદ્ इय् આદેશના બાધક य् આદેશનો બાધ કરવા આ સૂત્રની રચના છે. इ ધાતુને પરોક્ષાનો अतुस् અને उस् પ્રત્યય. 'द्विर्धातुः परोक्षा ङे० ૪-૧-૧' થી इ ને દ્વિત્વ. આ સૂત્રથી દ્વિતીય इ ને इय् આદેશ इ ને; તેની પરમાંના इ ની સાથે 'समानानां० ૧-૨-૧' થી દીર્ઘ ई આદેશાદિ કાર્ય થવાથી ईयतुः અને ईयुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– તેઓ બે ગયા. તેઓ ગયા. ।।૫૧।।

**संयोगात् २।१।५२।।**

ધાતુ સમ્બન્ધી સંયોગ (બે વ્યન્જનનો સંયોગ - સંયુક્ત વ્યઞ્જન) થી પરમાં રહેલા इ વર્ણ અને उ વર્ણને અનુક્રમે इय् અને उव् આદેશ થાય છે. સૂ. નં. ૨-૧-૫૧ માં જણાવ્યા મુજબ આ સૂત્રથી વિહિત इय् उव् આદેશ પણ 'योऽनेक० ૨-૧-૫६' થી વિહિત य् આદેશનો તેમ જ 'क्विब्वृत्ते० ૨-૧-૫૮' થી વિહિત य् व् આદેશનો અપવાદ છે. यव+क्री ધાતુને 'क्विप् ૫-૧-૧૪૮' થી क्विप् (०) પ્રત્યય. તેમજ

कट + प्रू धातुने 'दिद्युद्-ददृद्० ५-२-८३' थी क्विप् (०) प्रत्यय. यवक्री अने कटप्रू नामने औ प्रत्यय. 'क्विब्वृत्ते० २-१-५८' थी प्राप्त य् अने व् नो बाध थवाथी आ सूत्रथी अनुक्रमे ई अने ऊ ने इय् अने उव् आदेश थाय छे. जेथी यवक्रियौ अने कटप्रुवौ आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- जव खरीदनारा बे. सादडी बनावनारा बे. श्रि धातुने परोक्षानो उस् प्रत्यय. 'द्विर्धातुःपरोक्षा० ४-१-१' थी श्रि धातुने द्वित्व. 'व्यञ्जनस्या० ४-१-४४' थी प्रथम श्रि ना आद्य व्यञ्जन श् थी भिन्न व्यञ्जन र् नो लोप. शिश्रि + उस् आ अवस्थामां श्रि ना इ ने 'योऽनेकस्वरस्य २-१-५६' थी प्राप्त य् नो बाध थवाथी आ सूत्रथी इय् आदेशादि कार्य थवाथी 'शिश्रियुः' आवो प्रयोग थाय छे. अर्थ – तेओए आश्रय कर्यो. अहीं याद राखवुं जोईए के संयुक्तव्यञ्जन धातुसम्बन्धी ज होवो जोईए. धातु सम्बन्धी संयुक्तव्यञ्जन भिन्न -संयुक्तव्यञ्जनथी परमां रहेलां धातुसम्बन्धी इ वर्ण के उ वर्ण ने आ सूत्रथी इय् के उव् आदेश थतो नथी. तेथी उन्न्यौ (उद् +नी+औ) — ईत्यादि रूपो बने छे. अहीं संयुक्त व्यञ्जन उपसर्ग अने धातु सम्बन्धी छे. ॥५२॥

## भ्रू-श्नोः २।१।५३॥

स्वरादि प्रत्यय परमां होय तो तेनी पूर्वेना भ्रू शब्द सम्बन्धी तेमज श्नु (नु) प्रत्यय सम्बन्धी, संयोगथी परमां रहेला उ वर्णने उव् आदेश थाय छे. भ्रू + औ आ अवस्थामां आ सूत्रथी ऊ ने उव् आदेश थवाथी 'भ्रुवौ' आवो प्रयोग थाय छे. आप् धातुने वर्तमानानो अन्ति प्रत्यय. अन्ति प्रत्ययनी पूर्वे 'स्वादेः श्नुः ३-४-७५' थी श्नु प्रत्यय. आ सूत्रथी प् अने न् स्वरूप संयोगथी परमां रहेला श्नु ना उ ने उव् आदेश थवाथी 'आप्नुवन्ति' आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः - बे भ्रकुटीओ. तेओ मेळवे छे. संयोगादित्येव = आ सूत्रथी उपर जणाव्या मुजब स्वरादि प्रत्यय परमां होय तो

તેની પૂર્વેના भ्रू શબ્દસમ્બન્ધી તથા श्नु પ્રત્યય સમ્બન્ધી ; સંયોગથી જ પરમાં રહેલા उ વર્ણને उव् આદેશ થાય છે. તેથી ઉપર જણાવ્યા મુજબ चि + श्नु (नु) + अन्ति આ અવસ્થામાં श्नु નો उ સંયોગથી પરમાં ન હોવાથી તેને આ સૂત્રથી उव् આદેશ ન થવાથી 'इवर्णादि० ૧-૨-૨૧' થી व् આદેશ થવાથી 'चिन्वन्ति' આવો પ્રયોગ થાય છે. અર્થ - ભેગું કરે છે. ॥ ૫૩॥

**स्त्रियाः २।१।५४॥**

સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા स्त्री શબ્દ સમ્બન્ધી इ વર્ણને इय् આદેશ થાય છે. स्त्री+औ અને अतिस्त्रि + औ આ અવસ્થામાં આ સૂત્રથી स्त्री શબ્દ સમ્બન્ધી ई અને इ ને इय् આદેશ થવાથી 'स्त्रियौ' અને 'अतिस्त्रियौ' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– બે સ્ત્રીઓ. સ્ત્રીઓને જીતનારા બે પુરુષો. ॥૫૪॥

**वाम् शसि २।१।५५॥**

अम् અને शस् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના स्त्री શબ્દ સમ્બન્ધી इ વર્ણને વિકલ્પથી इय् આદેશ થાય છે. स्त्री નામને अम् અને शस् (अस्) પ્રત્યય. આ સૂત્રથી स्त्री ના ई ને इय् આદેશાદિ કાર્ય થવાથી 'स्त्रियम्' અને 'स्त्रियः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इय् આદેશ ન થાય ત્યારે 'समानादमोऽतः ૧-૪-૪૬' થી अम् ના अ નો લોપ થવાથી स्त्रीम् આવો પ્રયોગ થાય છે. અને 'शसोता० ૧-૪-૪૯' થી शस् ના अ ની સાથે स्त्री ના ई ને દીર્ઘ ई આદેશ થવાથી स्त्रीः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– સ્ત્રીને. સ્ત્રીઓને. ॥૫૫॥

## योऽनेकस्वरस्य २।१।५६॥

સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અનેકસ્વરવાલા ધાતુના इ- વર્ણને य् આદેશ થાય છે. 'धातोरिवर्णो० ૨-૧-૫૦' થી પ્રાપ્ત इय् આદેશનો આ સૂત્રથી બાધ થાય છે. चि અને नी ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી चि અને नी ધાતુને દ્વિત્વ . 'ह्रस्वः ૪-૧-૩૯' થી પ્રથમ नी ના ई ને હ્રસ્વ इ આદેશ. આ સૂત્રથી દ્વિતીય चि અને नी ના इ અને ई ને य् આદેશ.... વગેરે કાર્ય થવાથી 'चिच्युः' અને 'निन्युः' આવો પ્રયોગ થાય છે. તેમજ સૂ. નં. ૧-૪-૨૬ માં જણાવ્યા મુજબ पतिमिच्छति આ અર્થમાં पति નામને क्यन् क्विप् પ્રત્યયાદિ કાર્ય થવાથી पती નામ બને છે. તેને ङि પ્રત્યય. આ સૂત્રથી पती ના ई ને य् આદેશ થવાથી 'पत्यि' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– ભેગું કર્યું. તેઓ લઈ ગયા. પતિને ઈચ્છવા વાલામાં. અહીં એ યાદ રાખવું જોઈએ કે - આ સૂત્રથી અનેકસ્વરી ધાતુના જ इ વર્ણને ઉપર જણાવ્યા મુજબ य् આદેશ થાય છે. તેથી चिच्युः निन्युः .... ઈત્યાદિ સ્થળે આ સૂત્રથી इ ई ને य् આદેશ થાય-એ બરાબર છે. પરન્તુ पती+ङि આ અવસ્થામાં અનેકસ્વરી पती આ નામ હોવાથી તત્સમ્બન્ધી ई ને આ સૂત્રથી य् આદેશ યદ્યપિ થઈ શકે નહીં, પરન્તુ "क्विबन्ता धातुत्वं नोज्झन्ति नामत्वञ्च प्रतिपद्यन्ते" અર્થાત્ क्विप् પ્રત્યયાન્ત શબ્દો પૂર્વાવસ્થાના ધાતુત્વનો ત્યાગ કરતા નથી; અને નામત્વને પ્રાપ્ત કરે છે. આ પરિભાષાથી क्विप् પ્રત્યયાન્ત पती આ નામને પૂર્વાવસ્થાની અપેક્ષાએ ધાતુ પણ મનાય છે; તેથી पती+ङि આ અવસ્થામાં ई ને य् આદેશ આ સૂત્રથી થયો છે. ॥૫૬॥

## स्यादौ वः २।१।५७॥

સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના અનેકસ્વરી

ધાતુસમ્બન્ધી उ વર્ણને 'व्' આદેશ થાય છે. સૂ. નં. ૧-૪-૨૬ માં જણાવ્યા મુજબ 'वसुमिच्छन्तौ' આ અર્થમાં वसु નામને क्यन् क्विप् *પ્રત્યયાદિ કાર્યથી* पती *ની જેમ* वसू નામ બને છે. તેને औ પ્રત્યય. આ સૂત્રથી ऊ ને व् આદેશ થવાથી 'वस्वौ' આવો પ્રયોગ થાય છે. અર્થ– ધનની ઈચ્છા કરનારા બે. स्यादाविति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાદિ સ્યાદિ જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના અનેકસ્વરી ધાતુ સમ્બન્ધી उ વર્ણને व् આદેશ થાય છે. તેથી સૂત્ર નં. ૨-૧-૫૦ માં જણાવ્યા મુજબ लू ધાતુને પરોક્ષામાં उस् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન लुलुवुः અહીં સ્વરાદિ उस् પ્રત્યય त्यादि હોવાથી; આ સૂત્રથી તેની પૂર્વેના लू ધાતુના ऊ ને व् આદેશ થતો નથી. અન્યથા लुल्वुः આવો અનિષ્ટ પ્રયોગ થાત- એ સમજી શકાય છે. ।।૫૭।।

## क्विब्वृत्तेरसुधियस्तौ २।१।५८।।

માત્ર क्विप् (૦) પ્રત્યયાન્ત ઉત્તરપદની સાથે સમાસ થયો હોય ત્યારે તાદૃશ સમાસ સ્વરૂપ'- सुधी શબ્દને છોડીને અન્ય વૃત્તિ' સમ્બન્ધી ધાતુના इ અને उ વર્ણને; તેની પરમાં સ્વરાદિ સ્યાદિ પ્રત્યય હોય તો અનુક્રમે य् અને व् આદેશ થાય છે. 'उद्- ऊर्ध्वं नयतः' આ અર્થમાં उद् ઉપસર્ગને માત્ર क्विप् પ્રત્યયાન્ત नी નામની સાથે; તેમજ 'सुष्ठु लुनाति' આ અર્થમાં सु ઉપસર્ગને માત્ર क्विप् પ્રત્યયાન્ત लू નામની સાથે 'गतिक्व० ૩-૧-૪૨' થી તત્પુરુષ સમાસાદિ કાર્ય કરવાથી उन्नी અને सुलू નામ બને છે. તેમ જ ग्रामं नयति અને खलं पुनाति આ અર્થમાં ग्राम અને खल નામને માત્ર क्विप् પ્રત્યયાન્ત नी અને पू નામની સાથે 'ङस्युक्तं कृता ૩-૧-૪૯' થી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી ग्रामणी અને खलपू નામ બને છે. उन्नी + औ, सुलू+जस् અને खलपू+जस् આ અવસ્થામાં આ સૂત્રથી ई ને य् અને ऊ ને व् આદેશ થવાથી

'उन्यौ', 'ग्रामण्यौ'; 'सुल्वः' અને 'खलप्वः' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઉપર લઈ જવાવાલા બે. ગામમાં લઈ જવાવાલા બે. સારું કાપવાવાલા. ખળું સાફ કરવાવાલા. (उन्यौ અહીં 'तृतीय० ૧-૩-૧' થી उद् ના द् ને न् આદેશ થયો છે. ग्रामण्यौ અહીં 'ग्रामाऽग्रान्नियः ૨-૩-૭૧' થી नी ના न् ને ण् આદેશ થયો છે.) क्विब् इति किम् = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ માત્ર क्विप् પ્રત્યયાન્ત ઉત્તર પદની સાથે સમાસ થયો હોય ત્યારે તાદૃશસમાસ સ્વરૂપ, સુધી શબ્દને છોડીને અન્ય વૃત્તિ સમ્બન્ધી ધાતુના इ વર્ણ અને उ વર્ણને તેની પરમાં સ્વરાદિ સ્યાદિ પ્રત્યય હોય તો અનુક્રમે य् અને व् આદેશ થાય છે. તેથી परमौ नियौ આ વિગ્રહમાં 'विशेषणं० ૩-૧-૯૬' થી परम નામને नी નામની સાથે કર્મધારય સમાસાદિ કાર્યથી નિષ્પન્ન परमनी નામને औ પ્રત્યય. 'धातोरिवर्णो० ૨-૧-૫૦' થી नी ના ई ને इय् આદેશ થવાથી 'परमनियौ' આવો પ્રયોગ થાય છે. અહીં नी નામની સાથે परम નામને ઉપર જણાવ્યા મુજબ કર્મધારય સમાસ થયો છે. नी નામ જેમ क्विप् પ્રત્યયાન્ત છે. તેમ સ્યાદિ औ પ્રત્યયાન્ત પણ હોવાથી અહીં માત્ર क्विप् પ્રત્યયાન્ત નામની સાથે સમાસ થયો નથી. પરન્તુ क्विप् અને સ્યાદિ પ્રત્યયાન્ત નામની સાથે સમાસ થયો છે. તેથી આ સૂત્રથી नी ધાતુના ई ને य् આદેશ થતો નથી. અર્થ- શ્રેષ્ઠ બે મુખ્ય. અહીં સમજી લેવું જોઈએ કે - "गति-कारक- ङस्युक्तानां विभक्त्यन्तानामेव कृदन्तै र्विभक्त्युत्पत्तेः प्रागेव समासः"। આ પરિભાષાથી गति સંજ્ઞાવાલા કારકવાચક અને કૃત્પ્રત્યય વિધાયક સૂત્રમાં જેનો પઞ્ચમી વિભક્તિથી નિર્દેશ છે તે ङस्युक्त નામોને વિભક્તિ પ્રત્યયની ઉત્પત્તિ પહેલા જ કૃત્ પ્રત્યયાન્ત નામની સાથે સમાસ થાય છે. સામાન્યતઃ વિભક્ત્યન્ત નામને વિભક્ત્યન્ત નામની સાથે જ સમાસ થાય છે. પરન્તુ આ પરિભાષાથી ગતિ - સંજ્ઞકાદિ નામોને કૃદન્તોની સાથે વિભક્તિની ઉત્પત્તિ પૂર્વેજ સમાસ થાય છે. તેથી ગતિ - સંજ્ઞક उद् અને सु નામને તેમજ કારક - કર્મ વાચક ग्राम અને खल નામને ઉપર જણાવ્યા મુજબ कृत् પ્રત્યય. 'क्विप्' પ્રત્યયાન્ત नी, लू અને

प् નામની સાથે વિભક્તિની ઉત્પત્તિ પૂર્વે જ સમાસ થાય છે. જ્યારે परमनियौ અહીં परमौ च तौ नियौ આ વિગ્રહમાં परम નામને क्विप् પ્રત્યયાન્ત नी નામની સાથે જે કર્મધારય સમાસ થયો છે તે, परम નામ ગતિસંજ્ઞક-કારકવાચક- અથવા ङस्युक्त ન હોવાથી नी નામને 'औ' આ વિભક્તિની ઉત્પત્તિ પછી થયો છે. આથી સમજી શકાય છે કે उन्यौ ग्रामण्यौ ઈત્યાદિ સ્થળે જેવી રીતે માત્ર क्विप् પ્રત્યયાન્ત ઉત્તરપદની સાથે उद् વગેરે નામને સમાસ થયો છે. તેવી રીતે परमनियौ અહીં परम નામને માત્ર क्विप् પ્રત્યયાન્ત ઉત્તરપદની સાથે સમાસ થયો નથી. કારણ કે અહીં સ્યાદિ પ્રત્યયાન્ત પણ ઉત્તરપદની સાથે સમાસ થયો છે. તાત્પર્ય સ્પષ્ટ છે કે 'गतिकारक - ङस्युक्ता०' આ પ્રમાણેની ઉપર જણાવેલી પરિભાષા જ્યાં લાગુ પડે છે, ત્યાં આ સૂત્ર લાગે છે. જ્યાં ઉક્ત પરિભાષાનો વિષય નથી; ત્યાં આ સૂત્રનો વિષય નથી..... વગેરે અધ્યાપક દ્વારા સમજી લેવું. वृत्तेरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ માત્ર क्विप् પ્રત્યયાન્ત ઉત્તરપદની સાથે સમાસ થયો હોય ત્યારે; સુધી શબ્દથી ભિન્ન તાદૃશ સમાસ સ્વરૂપ વૃત્તિ સમ્બન્ધી જ ધાતુના इ વર્ણ અને उ વર્ણને તેની પરમાં સ્વરાદિ સ્યાદિ પ્રત્યય હોય તો અનુક્રમે य् અને व् આદેશ થાય છે. તેથી नियौ कुलस्य અહીં વૃત્તિ સમ્બન્ધી नी ધાતુ ન હોવાથી તેના ઈ ને આ સૂત્રથી य् આદેશ થતો ન હોવાથી 'धातोरिवर्णो० ૨-૧-૫૦' થી इय् આદેશ થયો છે. અર્થ- કુલના બે મુખ્ય. असुधिय इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ માત્ર क्विप् પ્રત્યયાન્ત ઉત્તરપદની સાથે સમાસ થયો હોય ત્યારે, સુધી શબ્દથી ભિન્ન જ તાદૃશ સમાસ સ્વરૂપ વૃત્તિ સમ્બન્ધી ધાતુના इ વર્ણ અને उ વર્ણને તેની પરમાં સ્વરાદિ સ્યાદિ પ્રત્યય હોય તો અનુક્રમે य् અને व् આદેશ થાય છે. તેથી सुष्ठु ध्यायति આ અર્થમાં 'दिद्युद् - ददृद्० ૫-૨-૮૩' થી ध्यै ધાતુને क्विप् પ્રત્યયાદિના નિપાતનથી નિષ્પન્ન धी નામની સાથે 'गतिक्व० ૩-૧-૪૨' થી सु ને સમાસ. सुधी + जस् આ અવસ્થામાં 'धातोरिवर्णो० ૨-૧-૫૦' થી ઈ ને इय् આદેશાદિ કાર્ય થવાથી सुधियः

આવો પ્રયોગ થાય છે. અન્યથા આ સૂત્રમાં सुधी શબ્દનું વર્જન કર્યું ન હોત તો આ સૂત્રથી ई ને य् આદેશ થાત તો सुध्यः આવો અનિષ્ટ પ્રયોગ થાત. અર્થ - સુંદર ધ્યાન ધરનારા. ॥૫૮॥

## दृन् -पुन - र्वर्षा - कारे र्भुवः २।१।५९॥

दृन् पुनर् वर्षा અને कार શબ્દને જ માત્ર क्विप् પ્રત્યયાન્ત भू નામની સાથે સમાસ થયો હોય ત્યારે भू ધાતુના उ વર્ણને તેની પરમાં સ્વરાદિ સ્યાદિ પ્રત્યય હોય તો व् આદેશ થાય છે. दृन्हौ भवतः અને पुनर्भवतः આ વિગ્રહમાં क्विप् પ્રત્યયાન્ત भू નામની સાથે दृन्ह् અને पुनर् નામને 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. 'पदस्य २-१-८९' થી ह् નો લોપ. दृन्भू અને पुनर्भू નામને औ પ્રત્યય. આ સૂત્રથી भू ના ऊ ને व् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'दृन्भ्वौ' અને पुनर्भ्वौ આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે क्विप् પ્રત્યયાદિ કાર્યથી, वर्षासु भवंन्ति અને कारे भवन्ति આ વિગ્રહમાં નિષ્પન્ન वर्षाभू અને कारभू નામને जस् પ્રત્યયાદિ કાર્યથી 'वर्षाभ्वः' અને 'कारभ्वः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જન્મથી જ હિંસા કરનારા બે. ફરી પરણનારી બે સ્ત્રીઓ, દેડકા. હાથમાં હોનારા કમલાદિ ચિહ્નો. दृनादिभिरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ માત્ર क्विप् પ્રત્યયાન્ત भू નામની સાથે दृन्, पुनर्, वर्षा અને कार નામને જ સમાસ થયો હોય ત્યારે भू ધાતુના उ વર્ણને; તેની પરમાં સ્વરાદિ સ્યાદિ પ્રત્યય હોય તો व् આદેશ થાય છે. તેથી प्रतिभू + औ આ અવસ્થામાં क्विप् પ્રત્યયાન્ત भू નામની સાથે प्रति નામને 'गतिक्व० ३-१-४२' થી સમાસ થયો હોવાથી અર્થાદ્ दृन्, पुनर् વગેરે નામને સમાસ થયો ન હોવાથી भू ધાતુના ऊ ને આ સૂત્રથી व् આદેશ થતો નથી. પરન્તુ 'धातोरिवर्णो० २-१-५०' થી उव् આદેશ થયો છે. અર્થ- બે સાક્ષીદારો. અહીં યાદ રાખવું જોઈએ કે दृन्भ्वौ, पुनर्भ्वौ... ઈત્યાદિ સ્થળે તેમ જ प्रतिभुवौ... ઈત્યાદિ સ્થળે

વસ્તુતઃ સૂ. નં. ૨-૧-૫૮ (क्विब्वृत्ते०) થી व् આદેશની પ્રાપ્તિ હતી. તેથી ઉપર્યુક્તરીતે ઈષ્ટ પ્રયોગની સિદ્ધિ આ સૂત્રની રચના વિના પણ થઈ શકે છે. અને આ સૂત્રની રચના પછી પણ प्रतिभ्वौ ઈત્યાદિ અનિષ્ટ પ્રયોગોનું નિવારણ શક્ય નથી. આથી સમજી શકાય છે કે ઈષ્ટ પ્રયોગની સિદ્ધિ માટે અથવા તો અનિષ્ટ પ્રયોગની નિવૃત્તિ માટે - ઉભયથા પણ આ સૂત્રની રચના અનાવશ્યક છે. પરન્તુ સૂ. નં. ૧-૪-૩ માં જણાવ્યા મુજબ આ સૂત્ર, વિવક્ષિત નિયમ માટે હોવાથી તેની રચના અનાવશ્યક નથી. નિયમ એ છે કે; માત્ર क्विप् પ્રત્યયાન્ત भू નામના उ વર્ણને તેની પરમાં સ્વરાદિ સ્યાદિ પ્રત્યય હોય તો व् આદેશ ત્યારે જ થાય છે કે જયારે માત્ર क्विप् પ્રત્યયાન્ત भू નામની સાથે दृन् पुनर् वर्षा અને कार નામને સમાસ થયો હોય. આવા નિયમના કારણે, સૂ. નં. ૨-૧-૫૮ માં માત્ર क्विप् પ્રત્યયાન્ત भू નામની સાથે થયેલા સમાસ સમ્બન્ધી भू ધાતુના उ વર્ણાતિરિક્તત્વરૂપે અર્થસઙ્કોચ થવાથી दृन्भ्वौ કે प्रतिभुवौ ઈત્યાદિ સ્થળે भू ધાતુના उ વર્ણને સૂ. નં. ૨-૧-૫૮ થી व् આદેશ થતો નથી. જેથી दृन्भ्वौ.... ઈત્યાદિ સ્થળે આ સૂત્રથી भू ધાતુના उ વર્ણને व् આદેશ થવાથી ઈષ્ટ પ્રયોગની સિદ્ધિ થાય છે. તેમજ प्रतिभुवौ ઈત્યાદિ સ્થળે આ સૂત્રથી પણ व् આદેશ ન થવાથી प्रतिभ्वौ... ઈત્યાદિ અનિષ્ટ પ્રયોગો થતા નથી - એ સ્વયં વિચારવું. ॥૫૯॥

### ण-षमसत्परे स्यादिविधौ च २।१।६०॥

પર કાર્યમાં અર્થાદ્ આ સૂત્રથી માંડીને 'समर्थः पदविधिः ૭-૪-૧૨૨' સુધીનાં સૂત્રોથી વિહિત કાર્ય કરવાના પ્રસંગે તેમજ ; આ સૂત્રની પૂર્વેના અર્થાદ્ 'अत आः० ૧-૪-૧' થી આરંભીને આ સૂત્ર સુધીના સ્યાદિ વિધિના સૂત્રોથી વિહિત કાર્ય કરતી વખતે ण् અને ष् 'असत्' મનાય છે. 'ष्' આદેશ કરતી વખતે ण् 'असत्' મનાય છે. पूषन् અને तक्षन् નામને शस् (अस्) પ્રત્યય. 'रषृवर्णा० ૨-૩-૬૩' થી

न् ને ण् આદેશ. પર કાર્ય કરવાના પ્રસંગે આ સૂત્રથી 'ण्' असद् મનાતો હોવાથી 'अनोऽस्य २-१-१०८' થી अन् ના 'अ' નો લોપ વગેરે કાર્ય થવાથી 'पूष्णः' અને तक्ष्णः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - પૂષા નામના દેવોને. કર્મકારોને. पठितुमिच्छति આ અર્થમાં पठ् ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् (स) પ્રત્યય. 'सन्यङश्च ४-१-३' થી पठ् ને દ્વિત્વ. પ્રથમ पठ् ના ठ् નો 'व्यञ्जन० ४-१-४४' થી લોપ. 'सन्यस्य ४-१-५९' થી પ્રથમ पठ् ના अ ને इ આદેશ. 'स्ताद्यशि० ४-४-३२' થી सन् ની પૂર્વે इट् (इ) નો આગમ. 'नाम्यन्तस्था० २-३-१५' થી सन् ના स् ને ष् આદેશથી નિષ્પન્ન पिपठिष ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. 'अतः ४-३-८२' થી सन् ના अ નો લોપ. पिपठिष् નામને सि પ્રત્યય. 'दीर्घङ्या० १-४-४५' થી सि નો લોપ. આ સૂત્રથી પરકાર્ય પ્રસંગે ष् અસદ્ મનાતો હોવાથી 'सोरुः २-१-७२' થી ष् ને रु આદેશ. 'पदान्ते २-१-६४' થી इ ને દીર્ઘ ई આદેશ... ઈત્યાદિ કાર્ય થવાથી पिपठीः આવો પ્રયોગ થાય છે. અર્થ - ભણવાની ઈચ્છાવાલો. अर्वन् + औ આ અવસ્થામાં 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् આદેશ. આ સૂત્રથી પૂર્વ-સ્યાદિ વિધિ પ્રસઙ્ગે ण् અસદ્ મનાતો હોવાથી 'नि दीर्घः १-४-८५' થી व ના 'अ' ને દીર્ઘ 'आ' આદેશ થવાથી 'अर्वाणौ' આવો પ્રયોગ થાય છે. અર્થ- બે ઘોડા. सर्पिस् + जस् (नपुं.). આ અવસ્થામાં जस् ને 'नपुंसकस्य शिः १-४-५५' થી शि (इ) આદેશ. 'धुटां प्राक् १-४-६६' થી स् ની પૂર્વે न् નો આગમ. 'नाम्यन्तस्था० २-३-१५' થી स् ને ष् આદેશ. આ સૂત્રથી પૂર્વ સ્યાદિવિધિના પ્રસઙ્ગે 'ष्' અસદ્ મનાતો હોવાથી 'न्समहतोः १-४-८६' થી सर्पिष् ના इ ને દીર્ઘ ई આદેશ. 'शिड्ढेऽनुस्वारः १-३-४०' થી न् ને અનુસ્વાર થવાથી सर्पींषि આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘી. આ સૂત્રથી માંડીને સૂ.નં. ૭-૪-૧૨૨ સુધીના સૂત્રોથી વિહિત કાર્ય કરવાના પ્રસંગે આ સૂત્રથી માંડીને 'रात्सः २-१-८०' સુધીના સૂત્રોથી વિહિત તે તે કાર્યો 'असद्' મનાય છે. તેમજ ઉપર જણાવ્યા મુજબ સૂ. નં ૧-૪-૧ થી માંડીને આ સૂત્ર સુધીના સૂત્રથી

વિહિત સ્યાદિ વિધિના પ્રસંગે; આ સૂત્રથી માંડીને 'नोर्यादिभ्यः ૨-૧-૯૯' સુધીનાં સૂત્રોથી વિહિત તે તે કાર્યો 'असद्' મનાય છે. (ष् કરવાના પ્રસંગે ण् અસદ્ મનાતો હોવાથી અર્થાદ્ ण् કરવાના પ્રસંગે ष् અસદ્ મનાતો નથી. તેથી अभिषुणोति આ ઈષ્ટ પ્રયોગના બદલે अभिषुनोति આવો અનિષ્ટ પ્રયોગ થતો નથી. અન્યથા श्नु (नु) ના न् ને ण् કરવાના પ્રસંગે षु ના ष् ને असद् માન્યો હોત તો न् ને ण् આદેશ થાત નહિ - તે સમજી શકાય છે.)॥૬૦॥

## क्तादेशोऽषि २।१।६१॥

क् અનુબન્ધવાલા त (क्त) ના સ્થાને થયેલો આદેશ; આ સૂત્રથી માંડીને સૂ.નં.૭-૪-૧૨૨ સુધીના તે તે સૂત્રથી વિહિત; ष् ભિન્ન કાર્ય કરવાના પ્રસઙ્ગે, તેમ જ આ સૂત્રની પૂર્વેના તે તે સૂત્રથી વિહિત સ્યાદિવિધિ સમ્બન્ધી કાર્ય કરવાના પ્રસઙ્ગે 'असद्' મનાય છે. 'क्षै' ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪' થી क्त (त) પ્રત્યય. 'आत् सन्ध्य० ૪-૨-૧' થી ऐ ને 'आ' આદેશ. 'क्षै शुषि० ૪-૨-૭૮' થી त् ને म् આદેશ થવાથી क्षाम નામ બને છે. क्षामस्यापत्यम् આ અર્થમાં क्षाम નામને 'अत इञ् ૬-૧-૩૧' થી इञ् (इ) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી क्षाम ના अ નો લોપ ઈત્યાદિ કાર્યથી નિષ્પન્ન 'क्षामि' નામને 'तदस्या० ૭-૨-૧' થી मतु (मत्) પ્રત્યય. क्षामिमत् નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી સૂ. નં. ૧-૪-૭૦ માં જણાવ્યા મુજબ गोमान् ની જેમ क्षामिमान् આવો પ્રયોગ થાય છે. અહીં क्षामि નો म् ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યયના त् ના સ્થાને થયેલો આદેશ છે. તેને આ સૂત્રથી; 'मावर्णान्तो०२-१-९४' થી म् ને व् કરવા સ્વરૂપ પરકાર્ય કરવાના પ્રસઙ્ગે असद् મનાતો હોવાથી मतु ના म् ને व् આદેશ થતો નથી. અર્થ - કૃશ વ્યક્તિના સન્તાનવાલો. लू ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪' થી क्त પ્રત્યય. 'ऋल्वादे० ૪-૨-૬૮' થી त् ને न् આદેશથી નિષ્પન્ન लून નામને लूनमिच्छति આ અર્થમાં

'अमाव्ययात्० ३-४-२३' थी क्यन् (य) પ્રત્યય. 'क्यनि ४-३-११२' થી लून ના अ ને ई આદેશથી નિષ્પન્ન लूनीय ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. 'अतः ४-३-८२' થી लूनीय ધાતુના અન્ત્ય अ નો લોપ. 'य्वोः प्वय्० ४-४-१२१' થી य् નો લોપ વગેરે કાર્ય થવાથી लूनी નામ બને છે. તેને ङस् પ્રત્યય. 'योऽनेकस्वरस्य० २-१-५६' થી ई ને य् આદેશ. 'खितिखीतीय उर् १-४-३६' થી ङस् ને उर् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી लून्युः આવો પ્રયોગ થાય છે. અહીં लूनीનો न् ઉપર જણાવ્યા મુજબ क्त ના त् ના સ્થાને થયેલો આદેશ છે. આ સૂત્રથી તે 'न्'; ङस् ને उर् કરવા સ્વરૂપ પૂર્વ સ્યાદિવિધિના પ્રસંગે असद् મનાતો હોવાથી ङस् ને ઉપર જણાવ્યા મુજબ उर् આદેશ થાય છે. અન્યથા એ શક્ય થાત નહીં. અર્થ - કાપેલી વસ્તુની ઈચ્છા કરનારનું. अषीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યયના સ્થાને થયેલો આદેશ; પર કાર્ય કરવાના પ્રસંગે અને પૂર્વ સ્યાદિવિધિના પ્રસંગે असद् મનાય છે. પરન્તુ ष् આદેશ કરવાંના પ્રસંગે તે असद् મનાતો નથી. તેથી व्रश्च् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. 'सूयत्या० ४-२-७०' થી त् ને न् આદેશ. 'ग्रहव्रश्च० ४-१-८४' થી व्रश्च् ધાતુના र ને ऋ (સમ્પ્રસારણ) આદેશ. 'संयोगस्या० २-१-८८' થી वृश्च् ના स् નો લોપ. वृच्+न આ અવસ્થામાં આ સૂત્રથી क्त પ્રત્યયના त् ના સ્થાને થયેલો न् આદેશ; 'चजः कगम् २-१-८६' થી च् ને क् આદેશ કરવાના પ્રસઙ્ગે असद् મનાતો હોવાથી च् ને क् આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् આદેશ થવાથી वृक्ण નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી वृक्णः આવો પ્રયોગ થાય છે. वृच्+न આ અવસ્થામાં આ સૂત્રથી, क्त પ્રત્યયના त् ના સ્થાને થયેલ न् આદેશને; 'यजसृजमृज० २-१-८७' થી ष् કરવાના પ્રસઙ્ગે પણ असद् મનાયો હોત તો च् ને ष् આદેશ થાત તો 'वृक्णः' ના સ્થાને वृष्णः આવો અનિષ્ટ પ્રયોગ થાત. તેથી ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યયના त् ના સ્થાને થયેલા આદેશને; ष् આદેશ સ્વરૂપ પર કાર્ય કરવાના

પ્રસઙ્ગે असद् મનાતો નથી. અર્થ- કાપેલું. અહીં એ ભૂલવું નહિ જોઈએ કે षू ભિન્ન પરકાર્ય કરવાના પ્રસંગે તો ઉપર જણાવ્યા મુજબ કૃતાદેશને 'असद्' મનાય છે જ. તેથી च् ને क् આદેશ ઉપર જણાવ્યા મુજબ થયો છે. ॥૬૧॥

### ष-ढोः कस्सि २।१।६२॥

स् થી પૂર્વે રહેલા ष् અને ढ् ને क् આદેશ થાય છે. पिष् અને लिह् ધાતુને स्यति પ્રત્યય. 'हो धुट् पदान्ते २-१-८२' થી ह् ને ढ् આદેશ. 'लघोरुपा० ४-३-४' થી ઉપાન્ત્ય इ ને गुण ए આદેશ થવાથી पेक्ष्यति અને लेक्ष्यति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - પિસશે. ચાટશે. ॥૬૨॥

### भ्वादेर्नामिनो दीर्घो र्वो र्व्यञ्जने २।१।६३॥

भू વગેરે ધાતુસમ્બન્ધી र् અને व् ની પરમાં વ્યઞ્જન હોય તો र् અને व् ની પૂર્વે રહેલા भू વગેરે ધાતુ સમ્બન્ધી જ નામી સ્વરને દીર્ઘ આદેશ થાય છે. हुर्च्छ् ધાતુને 'क्तेटो गुरो० ५-३-१०६' થી अ પ્રત્યય. 'आत् २-४-१८' થી आप् (आ) પ્રત્યય. 'समाना० १-२-१' થી अ ને आ ની સાથે દીર્ઘ आ આદેશ. આ સૂત્રથી उ ને દીર્ઘ ऊ આદેશથી નિષ્પન્ન हूर्च्छा નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી हूर्च्छा આવો પ્રયોગ થાય છે. અર્થ- વાંકુ ચાલવું તે. आ+स्तॄ ધાતુને 'क्त- क्तवतू ५-१-१७४' થી क्त (त) પ્રત્યય. ॠ ને 'ॠतां क्ङितीर् ४-४-११६' થી इर् આદેશ. 'ॠल्वादेरेषां० ४-२-६८' થી क्त ના त् ને न् આદેશ. આ સૂત્રથી इर् ના इ ને દીર્ઘ ई આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् આદેશથી નિષ્પન્ન आस्तीर्ण નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી आस्तीर्णम् આવો પ્રયોગ થાય છે.અર્થ - ફેલાએલું. दिव् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. 'दिवादेः

श्यः ३-४-७२' થી तिव् ની પૂર્વે श्य (य) પ્રત્યય. આ સૂત્રથી दिव् ના इ ને દીર્ઘ ई આદેશ થવાથી 'दीव्यति' આવો પ્રયોગ થાય છે. અર્થ- ક્રીડા કરે છે. भ्वादेरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ भू વગેરે જ ધાતુસમ્બન્ધી र् અને व् ની પરમાં વ્યઞ્જન હોય તો र् અને व् ની પૂર્વે રહેલા भू વગેરે ધાતુસમ્બન્ધી નામી સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી कुर्कुरमिच्छति અને दिवमिच्छति આ અર્થમાં कुर्कुर અને दिव् નામને સૂ. નં. ૧-૧-૨૨ માં જણાવ્યા મુજબ क्यन् પ્રત્યયાદિ કાર્ય થવાથી राजीयति ની જેમ कुर्कुरीयति અને दिव्यति આવો પ્રયોગ થાય છે. અહીં कुर्कुरीय અને दिव्य આં નામધાતુ છે. પરન્તુ भू વગરે ધાતુ નથી. તેથી र् અને व् ની પૂર્વેના નામી સ્વર उ અને इ ને આ સૂત્રથી દીર્ઘ ऊ અને ई આદેશ થતો નથી. અર્થક્રમશઃ- ગલુડીયાની ઈચ્છા કરે છે. સ્વર્ગની ઈચ્છા કરે છે. ॥૬૩॥

## पदान्ते २।१।६४॥

પદના અન્તે રહેલા भू વગેરે ધાતુ સમ્બન્ધી र् અને व् ની પૂર્વે રહેલા भू વગેરે ધાતુ સમ્બન્ધી નામી સ્વરને દીર્ઘ આદેશ થાય છે. गृ ધાતુને 'क्रुध् सम्प० ५-३-११४' થી क्विप् (०) પ્રત્યય. 'ॠतां क्ङितीर् ४-४-११६' થી ॠ ને इर् આદેશથી નિષ્પન્ન गिर् નામને सि પ્રત્યય. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. આ સૂત્રથી गिर् ના इ ને દીર્ઘ ई આદેશાદિ કાર્ય થવાથી 'गीः' આવો પ્રયોગ થાય છે. અર્થ - વાણી. गिरोऽर्थः આ વિગ્રહમાં ષષ્ઠીતત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી વિગ્રહ વાક્યના પદોની ઉત્તરમાં રહેલી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી गिर् ના इ ને દીર્ઘ ई આદેશથી નિષ્પન્ન गीरर्थ નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'गीरर्थः' આવો પ્રયોગ થાય છે. અર્થ– વાણીનો અર્થ. पदान्त इति किम्?- આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદના અન્તમાં જ રહેલા भू વગેરે ધાતુ સમ્બન્ધી र् અને

व् ની પૂર્વે રહેલા भू વગેરે ધાતુસમ્બન્ધી નામી સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી ઉપર જણાવ્યા મુજબ गिर् નામને તેમજ लू ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય થવાથી નિષ્પન્ન लू નામને जस् (अस्) પ્રત્યય. 'धातोरिवर्णो० २-१-५०' થી ऊ ને उव् આદેશ... વગેરે કાર્ય થવાથી 'गिरः' અને 'लुवः' આવો પ્રયોગ થાય છે. અહીં भू વગેરે ધાતુ સમ્બન્ધી र् અને व् પદના અન્તે ન હોવાથી તેની પૂર્વેના इ અને उ ને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. અર્થ- વાણીઓ. કાપવાંવાલા. અહીં યાદ રાખવું જોઈએ કે - गिरः અને लुवः અહીં क्विप् પ્રત્યય વ્યઞ્જનાદિ હોવાથી સામાન્યતઃ તેને આશ્રયીને गिर् અને लू નામને 'नामसिद० १-१-२१' થી પદ સંજ્ઞા થઈ શકે છે અને गिरः અને लुवः અહીં પદાન્તસ્થ र् અને व् ની પૂર્વેના તાદૃશનામી સ્વરને દીર્ઘ આદેશ કરવાનો પ્રસઙ્ગ છે જ; પરન્તુ 'क्विपि व्यञ्जनकार्यमनित्यम्' અર્થાદ્ क्विप् પ્રત્યય પરમાં હોય તો તેને વ્યઞ્જનાદિ પ્રત્યય માનીને જે કાર્ય કરવાનું હોય તે કાર્ય અનિત્ય છે - આ પરિભાષાથી ઉપર જણાવેલા સ્થળે क्विप् પ્રત્યયને આશ્રયીને પદ સંજ્ઞા થતી નથી. જેથી અપદાન્તસ્થ र् અને व् ની પૂર્વેના તાદૃશ નામી સ્વરને ઉપર જણાવ્યા મુજબ દીર્ઘ આદેશ થતો નથી. ॥૬૪॥

## न यि तद्धिते २।१।६५॥

જેની આદિમાં य् છે તેવો તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો र् અને व् ની પૂર્વે રહેલા નામી સ્વરને દીર્ઘ આદેશ થતો નથી. 'धुरम् वहति' આ અર્થમાં 'धुरो यैयण् ७-१-३' થી धुर् નામને य પ્રત્યય. धुर्य નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'धुर्यः' આવો પ્રયોગ થાય છે. અહીં 'भ्वादेर्नामिनो० २-१-६३' થી उ ને દીર્ઘ આદેશની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ – ભારવહન કરનાર. यीति किम्? આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ य् થી શરૂ થતો જ તદ્ધિત

પ્રત્યય પરમાં હોય તો र् અને व् ની પૂર્વે રહેલા નામી સ્વરને દીર્ઘ આદેશ થતો નથી. તેથી गिर इव આ અર્થમાં 'स्यादेरिवे ૭-૧-૫૨' થી गिर् નામને वत् પ્રત્યય. 'भ्वादेर्नामिनो० २-१-६३' થી इ ને દીર્ઘ ई આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'गीर्वत्' આવો પ્રયોગ થાય છે. અહીં वत् પ્રત્યય यादि ન હોવાથી આ સૂત્રથી र् ની પૂર્વેના નામી સ્વરને દીર્ઘ આદેશનો નિષેધ થતો નથી. અર્થ - વાણીની જેમ. तद्धित इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ य् આદિમાં છે જેના એવો તદ્ધિત પ્રત્યય જ પરમાં હોય તો र् અને व् ની પૂર્વે રહેલા નામી સ્વરને દીર્ઘ આદેશ થતો નથી. તેથી गिरमिच्छति આ અર્થમાં 'क्यङ्' ३-४-२६ થી गिर् નામને क्यङ् (य) પ્રત્યય. 'भ्वादेर्नामिनो० २-१-६३' થી गिर् ના इ ને દીર્ઘ ई આદેશ ... વગેરે કાર્ય થવાથી 'गीर्यति' અને 'गीर्यते' આવો પ્રયોગ થાય છે. (જૂઓ સૂ.નં. ૧-૧-૨૨) અહીં य પ્રત્યય તદ્ધિતનો નથી. પરન્તુ નામધાતુસમ્બન્ધી છે. તેથી આ સૂત્રથી र् ની પૂર્વેના इ ને દીર્ઘ આદેશનો નિષેધ થતો નથી. અર્થ ક્રમશઃ - વાણીને ઈચ્છે છે. વાણીની જેમ આચરણ કરે છે. ॥६५॥

## कुरुच्छुरः २।१।६६॥

उ વિકરણવાલા कृ ધાતુના અને छुर् ધાતુનાં નામી સ્વરને દીર્ઘ આદેશ થતો નથી. कृ ધાતુને સપ્તમીનો (વિધ્યર્થનો) यात् પ્રત્યય. 'कृग् तनादेरुः ३-४-८३' થી उ વિકરણ પ્રત્યય. 'नामिनो०४-३-१' થી कृ ના ऋ ને ગુણ अर् આદેશ. 'अतःशित्युत् ४-२-८९' થી कर् ના 'अ' ને उ આદેશ. कुर्+उ+यात् આ અવસ્થામાં 'कृगो यि च ४-२-८८' થી उ નો લોપ - થવાથી 'कुर्यात्' આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે छुर् ધાતુને आशिष् વિભક્તિનો क्यात् (यात्) પ્રત્યય થવાથી 'छुर्यात्' આવો પ્રયોગ થાય છે. અહીં 'भ्वादेर्ना० २-१-६३' થી उ ને દીર્ઘ આદેશની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ

ક્રમશઃ- કરવું જોઈએ. તે છેદે. कुर्वित्युकारः किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ उ વિકરણવાલા જ कृ ધાતુના અને छुर् ધાતુના નામી સ્વરને દીર્ઘ આદેશ થતો નથી. તેથી कुरत् શબ્દે (૧૩૯૧) આ तुदादि ગણના कुर् ધાતુને आशिष् નો क्यात् (यात्) પ્રત્યય. 'भ्वादेर्नामिनो०२-१-६३' થી कुर् ના उ ને દીર્ઘ ऊ આદેશ થવાથી कूर्यात् આવો પ્રયોગ થાય છે. અહીં उ વિકરણવાલો कृ ધાતુ ન હોવાથી આ સૂત્રથી નામી સ્વરને દીર્ઘ આદેશનો નિષેધ થતો નથી, અર્થ - તે બોલે. ॥૬૬॥

## मो नो म्वोश्च २।१।६७॥

જેના અન્તમાં म् છે તેવા भू વગેરે ધાતુના म् ને, તે, પદના અન્તે વર્તમાન હોય તો તેમજ તેની (म् ની) પરમાં, જો म् અને व् થી શરૂ થતો પ્રત્યય હોય તો; न् આદેશ થાય છે. (આ न् આદેશ, પર કાર્ય પ્રસંગે असद् હોવાથી न् નો લોપ થતો નથી - એ યાદ રાખવું.) प्र+शम् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. 'अहन् पञ्चम० ४-१-१०७' થી शम् ના 'अ' ને દીર્ઘ 'आ' આદેશ. प्रशाम् નામને सि અને भ्याम् પ્રત્યય. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. આ સૂત્રથી प्रशाम् ના म् ને न् આદેશ થવાથી 'प्रशान्' અને प्रशान्भ्याम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - શાન્ત. બે શાન્તથી. गम् ધાતુને 'व्यञ्जनादेरेक० ३-४-९' થી यङ् પ્રત્યય. 'सन्यङश्च ४-१-३' થી गम् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्यानादे० ४-१-४४' થી પ્રથમ (અભ્યાસના) गम् ના म् નો લોપ. 'गहोर्जः ४-१-४०' થી પ્રથમ ग् ને ज् આદેશ. 'मुरतो० ४-१-५१' થી દ્વિતીય गम् ની પૂર્વે मु (म्) નો આગમ. 'बहुलं लुप् ३-४-१४' થી यङ् નો લોપ. 'म्नां धुड् ० १-३-३९' થી मु ના म् ને ङ् આદેશથી નિષ્પન્ન जङ्गम् ધાતુને વર્તમાના નો मि અને वस् પ્રત્યય. આ સૂત્રથી जङ्गम् ધાતુના म् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી 'जङ्गन्मि' અને 'जङ्गन्वः' આવો

પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - હું વારંવાર જઉં છું. અમે બે વારંવાર જઈએ છીએ. ॥૬૭॥

## स्रंस् - ध्वंस् - क्वस्सनडुहो दः २।१।६८॥

स्रंस् ध्वंस् अनडुह् અને स् છે અન્તમાં જેના એવા क्वस् પ્રત્યયાન્ત નામોના પદના અન્તે રહેલા વર્ણને द् આદેશ થાય છે. उखा+स्रंस् અને पर्ण+ध्वंस् ધાતુને 'क्विप् ૫-૧-૧૪૮' થી क्विप् પ્રત્યય. 'नो व्यञ्जन० ૪-૨-૪૫' થી स्रंस् અને ध्वंस् ના न् નો લોપ થવાથી નિષ્પન્ન उखास्रस् અને पर्णध्वस् નામને सि પ્રત્યય. 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ. આ સૂત્રથી પદાન્તે રહેલા स् ને द् આદેશ થવાથી उखास्रद् અને पर्णध्वद् આવો પ્રયોગ થાય છે. विद् ધાતુને 'वा वेत्तेः क्वसुः ૫-૨-૨૨' થી क्वसु (वस्) પ્રત્યયથી નિષ્પન્ન विद्वस् નામને નપુંસકલિઙ્ગમાં सि પ્રત્યય. 'अनतो लुप् ૧-૪-૫૯' થી सि નો લોપ. આ સૂત્રથી પદાન્તે રહેલા स् ને द् આદેશ થવાથી विद्वत् कुलम् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે स्वनडुह् નામને નપુંસક લિંગમા सि પ્રત્યયાદિ કાર્ય થવાથી અને આ સૂત્રથી ह् ને द् થવાથી स्वनडुद् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં क्वस्स् આ પ્રમાણે બે सकार નો પાઠ હોવાથી ઉપર જણાવ્યા મુજબ क्वस् પ્રત્યયાન્ત નામના પદના અન્તે રહેલા વર્ણમાત્રને નહિ પરન્તુ स् ને જ द् આદેશ થાય છે. તેથી સૂ. નં. ૧-૪-૭૦ માં જણાવ્યા મુજબ विद्वान् આ -પુલ્લિંગમાં પ્રથમા એકવચનના પ્રયોગ સ્થળે न् ને द् આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થક્રમશઃ - થાળીની સાથે ઢીલો થનાર અથવા ફુટનાર. પાંદડાઓને તોડનાર. વિદ્વાનકુલ. સુંદર બળદવાલું. વિદ્વાન. ॥૬૮॥

## ऋत्विज्-दिश्-दृश्-स्पृश्-स्रज्-दधृषुष्णिहो गः २।१।६९॥

ऋत्विज् दिश् दृश् स्पृश् स्रज् दधृष् અને उष्णिह् નામના પદાન્તસ્થ વર્ણને ग् આદેશ થાય છે. ऋतु+यज्; दिश्; दृश्; अन्य+दृश्; घृत+स्पृश्; धृष् અને उद्+स्निह् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. 'यजादि० ४-१-७९' થી यज् ના य ને इ આદેશ. ऋतु ના उ ને 'इवर्णादि० १-२-२१' થી व् આદેશ. अन्य ના अ ને 'अन्यतदादेराः३-२-१५२' થી आ આદેશ. આ સૂત્રમાં स्रज् આવો પાઠ હોવાથી सृज् ના ऋ ને र् આદેશ. दधृष् આવો પાઠ હોવાથી धृष् ધાતુને દ્વિત્વાદિ કાર્ય થવાથી दधृष् નિપાતનથી સિદ્ધ થાય છે. તેમ જ उष्णिह् આ પ્રમાણે પાઠ હોવાથી उद्+स्निह् આ અવસ્થામાં द् નો લોપ નિપાતનથી સિદ્ધ છે. 'नाम्यन्तस्था०२-३-१५' થી स्निह् ના स् ને ष् આદેશ. ष् ના યોગમાં न् ને 'तवर्गस्य० १-३-६०' થી ण् આદેશ થવાથી ક્રમશઃ ऋतुं यजते આ અર્થમાં ऋत्विज्; दिश्यत इति આ અર્થમાં दिश्; पश्यति આ અર્થમાં दृश्; अन्य इव दृश्यते આ અર્થમાં 'त्यदाद्यन्य०५-१-१५२' થી क्विप् (०) વગેરે કાર્યથી अन्यादृश्; घृतं स्पृशति આ અર્થમાં घृतस्पृश्; सृज्यते આ અર્થમાં 'क्रुत् सम्प० ५-३-११४' થી क्विप् (०) વગેરે કાર્ય થવાથી स्रज्; धृष्णोतीति આ અર્થમાં दधृष् અને ऊर्ध्वं स्निह्यति આ અર્થમાં उष्णिह् આ પ્રમાણે નામ બને છે. તેને सि પ્રત્યય. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. આ સૂત્રથી ऋत्विज् વગેરે નામના અન્ત્ય ज् श् ष् અને ह् ને ग् આદેશ થવાથી ऋत्विग्; दिग्; दृग्; अन्यादृग्; घृतस्पृग्; स्रग्; दधृग् અને उष्णिग् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઋતુને પૂજનાર. દિશા. આંખ.બીજા જેવો. ઘી નો સ્પર્શકરનાર. માળા. ફટકારવાવાળો. પાઘડી. ॥६९॥

## नशो वा २।१।७०॥

नश् धातुसम्बन्धी पदान्तस्थ वर्णने विकल्पथी ग् आदेश थाय छे. जीवस्य नशनम् आ अर्थमां जीव् + नश् धातुने 'क्विप् ५-१-१४८' थी क्विप् (०) प्रत्यय. जीवनश् नामने सि प्रत्यय. 'दीर्घङ्याब्० १-४-४५' थी सि नो लोप. आ सूत्रथी श् ने ग् आदेश थवाथी जीवनग् आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी श् ने ग् आदेश न थाय त्यारे 'यजसृज० २-१-८७' थी श् ने ष् आदेश. ष् ने 'धुटस्तृतीयः २-१-७६' थी ड् आदेश थवाथी जीवनड् आवो प्रयोग थाय छे. अर्थ - जीवथी नाशपामनार ॥७०॥

## युजञ्च–क्रुञ्चो नो ङः २।१।७१॥

युज् अञ्च् अने क्रुञ्च् धातुसम्बन्धी न् ने; ते पदना अन्ते होय तो 'ङ्' आदेश थाय छे. युज् प्र+अञ्च् अने क्रुञ्च् धातुने 'क्विप् ५-१-१४८' थी क्विप् (०) प्रत्यय. 'अञ्चोऽनर्चायाम् ४-२-४६' थी अञ्च्ना न् नो लोप ... वगेरे कार्य थवाथी निष्पन्न युज् अच् अने क्रुञ्च् नामने सि प्रत्यय. युज्+सि आ अवस्थामां 'युज्रोऽसमासे' १-४-७१ थी ज् नी पूर्वे न् नो आगम. प्राच्+सि आ अवस्थामां 'अचः १-४-६९' थी च् नी पूर्वे न् नो आगम. तेमज क्रुञ्च् + सि आ अवस्थामां यद्यपि 'नो व्यञ्जन० ४-२-४५' थी क्रुञ्च् ना न् ना लोपनी प्राप्ति हती. परन्तु आ सूत्रमां क्रुञ्च् (न् नो आगम करवा माटे कोई सूत्र न होवा छतां) आवो पाठ होवाथी न् नो लोप थतो नथी. युञ्ज्+सि, प्राञ्च्+सि अने क्रुञ्च्+सि आ अवस्थामां 'दीर्घङ्याब्० १-४-४५' थी सि नो लोप. 'पदस्य २-१-८९' थी ज् अने च् नो लोप. आ सूत्रथी न् ने ङ् आदेश थवाथी 'युङ्' 'प्राङ्' अने क्रुङ्' आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- जोडवा वाळो. सुंदर चालवाळो. चालनारो. ॥७१॥

## सो रुः २।१।७२॥

પદના અન્તે રહેલા स् ને रु (र्) આદેશ થાય છે. आशिष्+सि આ અવસ્થામાં 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. 'णषमस० २-१-६०' થી ष् ને, આ સૂત્રથી વિહિત કાર્ય સ્વરૂપ પરકાર્ય પ્રસંગે असद् મનાય છે. તેથી તેના સ્થાને આ સૂત્રથી रु (र्) આદેશ. 'पदान्ते २-१-६४' થી इ ને દીર્ઘ ई આદેશ. र् ને 'रःपदान्ते०१-३-५३' થી વિસર્ગ થવાથી 'आशीः' આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે वायु +सि આ અવસ્થામાં આ સૂત્રથી स् ને रु આદેશાદિ કાર્ય થવાથી वायुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - શુભેચ્છા. વાયુ. ॥૭૨॥

## सजुषः २।१।७३॥

सजुष् સમ્બન્ધી પદાન્તસ્થ વર્ણને रु (र्) આદેશ થાય છે. सजुष्+सि આ અવસ્થામાં 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. આ સૂત્રથી ष् ને रु આદેશ. 'पदान्ते २-१-६४' થી उ ને દીર્ઘ ऊ આદેશ. 'रःपदान्ते० १-३-५३' થી र् ને વિસર્ગ થવાથી 'सजूः' આવો પ્રયોગ થાય છે. सजुष इव આ અર્થમાં सजुष् નામને 'स्यादेरिवे ७-१-५२' થી वत् પ્રત્યય. આ સૂત્રથી ष् ને रु આદેશ. ઉપર જણાવ્યા મુજબ उ ને દીર્ઘ ऊ આદેશ.. ઈત્યાદિ કાર્ય થવાથી सजूर्वत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સાથે પ્રીતિ કરવાવાળો. સાથે પ્રીતી કરવાવાળાની જેમ. सह+जुष् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् પ્રત્યય. આ સૂત્રના सजुष् આ પ્રમાણેના પાઠ નિર્દેશથી सह ને स આદેશ થવાથી सजुष् આવું નામ બને છે. ॥૭૩॥

## अह्नः २।१।७४॥

પદના અન્તે રહેલા अहन् શબ્દ સમ્બન્ધી અન્ત્ય વર્ણને रु (र्)

આદેશ થાય છે. दीर्घाण्यहान्यस्मिन् આ વિગ્રહમાં સમાસાદિ કાર્યથી નિષ્પન્ન दीर्घाहन् નામને સમ્બોધનમાં सि પ્રત્યય. 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ. આ સૂત્રથી न् ને रु આદેશ. 'घोषवति ૧-૩-૨૧' થી रु ને उ આદેશાદિ કાર્ય થવાથી हे दीर्घाहो निदाघ ! આવો પ્રયોગ થાય છે. તેમજ दीर्घाहन्+सि (प्रथमा) આ અવસ્થામાં પણ ઉપર જણાવ્યા મુજબ सि નો લોપ. न् ને रु આદેશ. આ સૂત્રમાં સૂ. નં. ૨-૧-૬૦ થી असद् નો અધિકાર ચાલુ હોવાથી, આ સૂત્રથી વિહિત रु આદેશ પૂર્વ સ્યાદિ વિધિના પ્રસંગે અને પરકાર્યના પ્રસઙ્ગે असद् મનાતો હોવાથી તેના સ્થાને न् માનીને પૂર્વ સ્યાદિવિધિના પ્રસંગે 'नि दीर्घः ૧-૪-૮૫' થી ह ના अ ને દીર્ઘ आ આદેશ. 'अवर्ण० ૧-૩-૨૨' થી रु નો લોપ થવાથી 'दीर्घाहा निदाघः' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - હે લાંબા દિવસવાળી ગ્રીષ્મઋતુ, લાંબા દિવસવાળી ગ્રીષ્મઋતુ. ॥૭૪॥

### रो लुप्यरि २।१।७५॥

વિભક્તિનો લુપ્ (લોપ) થયે છતે, પદના અન્તે રહેલા अह નામના અન્ત્ય વર્ણને, તેની પરમાં र् ને છોડીને બીજો કોઈ પણ વ હોય તો 'र्' આદેશ થાય છે. अहन्+अम् આ અવસ્થામાં अम् ન 'अनतो लुप् ૧-૪-૫૯' થી લુપ્ (લોપ). આ સૂત્રથી न् ને र् આદે થવાથી 'अहरधीते' અને 'अहर्दत्ते' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ દિવસભર ભણે છે. દિવસભર આપે છે. लुपीति किम्?= આ સૂત્ર ઉપર જણાવ્યા મુજબ વિભક્તિનો લુપ્ થયો હોય ત્યારે જ પદ અન્તે રહેલ अहन् ના અન્ત્ય વર્ણને; તેની પરમાં र् ભિન્ન વર્ણ હો તો र् આદેશ થાય છે. તેથી हे दीर्घाहोऽत्र અહીં સમ્બોધનમાં પ્રત્યયનો 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી લુક્ થયો છે; લુપ્ નહીં. તે આ સૂત્રથી अहन् ના न् ને र् આદેશ થતો નથી. પરન્તુ 'अहनः ૧-૭૪' થી रु આદેશાદિ કાર્ય થવાથી हे दीर्घाहोऽत्र! આવો પ્રયો

થાય છે. અર્થ - હે લાંબા દિવસવાળા અહીં. અહીં યાદ રાખવું જોઈએ કે - दीर्घाहन् આ સામાસિક પદ સ્થળે વિગ્રહ વાક્યસ્થ પદોથી પરમાં રહેલી વિભક્તિનો 'ऐकार्थ्ये ३-२-८' થી લુપ્ થયો છે. પરન્તુ એ લુપ્યમાન વિભક્તિને આશ્રયી ને अहन् નામને 'तदन्तं पदम् १-१-२०' થી પ્રાપ્ત પદસંજ્ઞાનો, 'वृत्यन्तोऽसषे १-१-२५' થી નિષેધ થતો હોવાથી अहन् નો न् ત્યારે પદાન્તસ્થ નથી. સમાસોત્તર सि પ્રત્યયનો ઉપર જણાવ્યા મુજબ લુક્ થયો છે. ત્યારે अहन् નો न् પદાન્તસ્થ હોવા છતાં વિભક્તિનો લુપ્ થયો ન હોવાથી न् ને આ સૂત્રથી र् આદેશ થતો નથી. આથી સમજી શકાશે કે જે વિભક્તિનો લુપ્ થયો હોય એ વિભક્તિને આશ્રયીને જ अहन् શબ્દ સમ્બન્ધી અન્ત્યવર્ણ પદાન્તસ્થ નથી. સમાસોત્તર सि પ્રત્યયનો ઉપર જણાવ્યા મુજબ લુક્ થયો છે; ત્યારે अहन् નો न् પદાન્તસ્થ હોવાં છતાં વિભક્તિનો લુપ્ થયો ન હોવાથી न् ને આ સૂત્રથી र् આદેશ થતો નથી, આથી સમજી શકાશે કે જે વિભક્તિનો લુપ્ થયો હોય એ વિભક્તિને આશ્રયીને જ अहन् શબ્દ સમ્બન્ધી અન્ત્યવર્ણ પદાન્તસ્થ થતો હોય તો જ ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી र् આદેશ થાય છે. અન્યથા નહીં. अरीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિભક્તિનો લુપ્ થયે છતે પદના અન્તે રહેલા अहन् નામના અન્ત્ય વર્ણને તેની પરમાં र् ભિન્ન જ વર્ણ હોય તો र् આદેશ થાય છે. તેથી अह्नो रूपम् આ વિગ્રહમાં षष्ठीतत्पुरुष સમાસ. अहन् પદોત્તર ષષ્ઠી નો 'ऐकार्थ्ये ३-२-८' થી લુપ્. આ સૂત્રથી अहन् ના न् ને તેની પરમાં र् હોવાથી 'र्' આદેશ ન થવાથી 'अह्नः २-१-७४' થી रु આદેશાદિ કાર્ય થવાથી 'अहोरूपम्' આવો પ્રયોગ થાય છે. અન્યથા આ સૂત્રમાં अरि આ પ્રમાણેનો નિર્દેશ ન હોત તો આ સૂત્રથી अहोरूपम् અહીં પણ अहन् ના न् ને र् આદેશાદિ કાર્યથી 'अहारूपम्' આવો અનિષ્ટ પ્રયોગ થાત. અર્થ - દિવસનું સ્વરૂપ ॥૭૫॥

## धुटस्तृतीयः २।१।७६॥

પદના અન્તે રહેલા ધુટ્ વર્ણને વર્ગીય ત્રીજા વ્યઞ્જન સ્વરૂપ આદેશ થાય છે. वाच् + सि અને वाच्+भिस् આ અવસ્થામાં 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ. 'चजः कगम् ૨-૧-૮૬' થી च् ને क् આદેશ. આ સૂત્રથી क् ને ग् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'वाग्' અને 'वाग्भिः' આવો પ્રયોગ થાય છે. अच् +भिस् આ અવસ્થામાં च् ને આ સૂત્રથી ज् આદેશ થવાથી 'अज्भिः' આવો પ્રયોગ થાય છે. યદ્યપિ अच्+भिस् આ અવસ્થામાં પણ ઉપર જણાવ્યા મુજબ च् ને क् આદેશ થવાનો પ્રસંગ હોવાથી આ સૂત્રથી ત્યારબાદ क् ને ग् આદેશ થાય તો अग्भिः આવો અનિષ્ટ પ્રયોગ થશે. પરન્તુ પાણિનીય વ્યાકરણ પ્રસિદ્ધ સ્વરોની अच् આ સંજ્ઞા હોવાથી તેના च् ને क् આદેશ થતો નથી. કારણ કે અહીં च् ને क् આદેશ થાય તો अच् ના બદલે 'अक्' આ પ્રમાણે સંજ્ઞાભેદ થવાનો પ્રસંગ આવશે. તેથી સંજ્ઞાભેદના ભયે અહીં च् ને क् આદેશ થતો નથી - એ યાદ રાખવું. અર્થક્રમશઃ - વાણી. વાણીથી. સ્વરોથી. ॥૭૬॥

## गडदबादेश्चतुर्थान्तस्यैकस्वरस्याऽऽदेश्चतुर्थः स्ध्वोश्च प्रत्यये २।१।७७॥

પદના અન્તે તેમજ स् અને ध्व् છે આદિમાં જેના એવો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા; ग् ड् द् ब् છે આદિમાં જેના અને વર્ગીય ચતુર્થ વ્યઞ્જન (घ् झ् ढ् ध् भ्) છે અન્તમાં જેના એવા એકસ્વર વાળા ધાતુના અથવા ધાતુસ્વરૂપ શબ્દનો જે અવયવ (એકભાગ) તેના આદ્ય (પ્રથમ) તૃતીય વ્યઞ્જનને તેને મળતો (સ્વજાતીય) ચતુર્થ (घ् ढ् ध् भ्) આદેશ થાય છે. पर्ण+गुह् ધાતુને 'क्विप् ૫-૧-૧૪૮' થી क्विप् (૦) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન पर्णगु[illegible] નામને सि પ્રત્યય. 'दीर्घङ्या० ૧-૪-૪૫' થી सि નો લોપ. 'हो धु[illegible]

पदान्ते० २-१-८२' थी ह् ने ढ् આદેશ. पर्णगुह् શબ્દના એકસ્વરવાળા, તૃતીય વ્યઞ્જન ग् છે આદિમાં જેના અને ચતુર્થ વ્યઞ્જન ढ् છે અન્તમાં જેનાં, એવા ધાતુ 'गुढ्' ના આદ્ય તૃતીય વ્યઞ્જન ग् ને આ સૂત્રથી પદાન્તના વિષયમાં घ् આદેશ. 'धुटस्तृतीयः २-१-७६' થી ढ् ने ड् આદેશ. 'विरामे वा १-३-५१' થી ड् ને ट् આદેશ થવાથી पर्णघुट् આવો પ્રયોગ થાય છે. અર્થ - પાંદડાને ઢાંકનાર. तुण्डिभमाचक्षाणः આ અર્થમાં तुण्डिभ શબ્દને 'णिज् बहुलं ० ३-४-४२' થી णिज् (इ) પ્રત્યય. (અહીં યાદ રાખવું જોઈએ કે આ પૂર્વે તેમજ આગળ દરેક ઉદાહરણમાં કે પ્રત્યુદાહરણમાં સર્વત્ર બધી જ પ્રક્રિયા વર્ણવેલી નથી. તેથી તે તે સૂત્રથી વર્ણવેલું તે તે કાર્ય તે તે સૂત્રના યથાસ્થિત અર્થનું અનુસન્ધાન કરીને અનુલ્લિખિત કાર્ય તદ્વિધાયક સૂત્રથી સ્વયં સમજી લેવું જોઈએ. સામાન્યથી નામથી વિહિત પ્રત્યયો દ્વિતીયાન્તાદિ નામોથી વિહિત હોય છે. એવા વખતે નામથી વિહિત પ્રત્યયોનું પ્રદર્શન, વસ્તુતઃ દ્વિતીયાન્તાદિ યથાસંભવ નામથી સમજવું જોઈએ. અને ત્યારે અનુલ્લિખિત વિભક્તિના લોપ સ્વરૂપ કાર્ય તદ્વિધાયક 'ऐकार्थ्ये' ३-२-८ થી સમજવું .... ઈત્યાદિ સર્વત્ર વિચારવું. 'त्र्यन्त्यस्वरादेः ७-४-४३' થી तुण्डिभ ના અન્ત્યસ્વરાદિ अ નો લોપ થવાથી तुण्डिभि ધાતુ બને છે. તેને ઉપર જણાવ્યા મુજબ क्विप् (०) પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી णिज् (इ) નો લોપ થવાથી નિષ્પન્ન तुण्डिभ् નામને सि પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ सि નો લોપ. આ સૂત્રથી तुण्डिभ् શબ્દના એકસ્વરી गडदबादि અને ચતુર્થાન્ત 'डिभ्' સ્વરૂપ तुण्डिभ् ધાતુના અવયવના આદ્ય ड् ને પદાન્તના વિષયમાં ढ् આદેશ. ઉપર જણાવ્યા મુજબ भ् ને તૃતીય ब् આદેશ. અને ब् ને प् આદેશ થવાથી 'तुण्ढिप्' આવો પ્રયોગ થાય છે. અર્થ - મોટી નાભિવાળાને કહેનાર. આવીજ રીતે गर्दभमाचक्षाणः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ गर्दभ શબ્દને णिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી આ સૂત્રથી द् ને ध् આદેશાદિ કાર્ય થવાથી 'गर्धप्' આવો પ્રયોગ થાય છે. અર્થ - ગધેડાને કહેનાર. ઉપર જણાવ્યા મુજબ

धर्म+बुध् ધાતુને क्विप् પ્રત્યયાદિ કાર્ય થવાથી તેમજ આ સૂત્રથી बुध् ધાતુના ब् ને भ् આદેશાદિ કાર્ય થવાથી 'धर्मभुत्' આવો પ્રયોગ થાય છે. અર્થ - ધર્મને જાણનાર. આ ચારે ઉદાહરણો પદાન્તના છે. હવે सकारादि અને ध्वादि પ્રત્યય પરમાં હોય ત્યારના ઉદાહરણ જણાવે છે - निघोक्ष्यते ..., ઈત્યાદિ - नि+गुह् ધાતુને ભવિષ્યન્તીનો स्यते પ્રત્યય. 'लघोरुपान्त्यस्य ४-३-४' થી गुह् ના उ ને ગુણ ओ આદેશ. 'हो धुट्० २-१-८२' થી ह् ને ढ् આદેશ. આ સૂત્રથી गुह् ના ग् ને घ् આદેશ. 'ष-ढोः कस्सि २-१-६२' થી ढ् ને क् આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५' થી स्यते ના स् ને ष् આદેશ થવાથી 'निघोक्ष्यते' આવો પ્રયોગ થાય છે. અર્થ - સંતાડશે (છુપાવશે). नि+गुह् ધાતુને અદ્યતનીનો ध्वम् પ્રત્યય. 'अड्धातोरादि० ४-४-२९' થી गुह् ધાતુની પૂર્વે अट् નો આગમ. 'हशिटो नाम्यु० ३-४-५५' થી ध्वम् ની પૂર્વે सक् (स) પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ह् ને ढ् આદેશ. 'दुह–दिह-लिह-गुहो० ४-३-७४' થી सक् નો લોપ. આ સૂત્રથી गुह् ના ग् ને घ् આદેશ. 'तवर्गस्य० १-३-६०' થી ढ् ના યોગમાં ध्वम् ના ध् ને ढ् આદેશ. नि+अ+घुढ्+ढ्वम् આ અવસ્થામાં 'ढस्तड्ढे १-३-४२' થી घुढ् ના ढ् નો લોપ. અને उ ને દીર્ઘ ऊ આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'न्यघूढ्वम्' આવો પ્રયોગ થાય છે. અર્થ- તમે બધાએ છુપાવ્યું. दुह् + स्यते આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ उ ને ગુણ ओ આદેશ. 'भ्वादेर्दा० २-१-८३' થી ह् ને घ् આદેશ. આ સૂત્રથી द् ને ध् આદેશ. 'अघोषे० १-३-५०' થી ध् ને क् આદેશ. ઉપર જણાવ્યા મુજબ स्यते ના स् ને ष् આદેશ થવાથી 'धोक्ष्यते' આવો પ્રયોગ થાય છે. અર્થ - દુધ કાઢશે (દોહશે). दुह् ધાતુને અદ્યતનીમાં ध्वम् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ધાતુની આદિમાં अट् (अ) નો આગમ. ध्वम् ની પૂર્વે सक् (स) પ્રત્યય. ह् ને घ् આદેશ. सक् નો લોપ. આ સૂત્રથી द् ને ध् આદેશ. 'तृतीयस्तृ० १-३-४९' થી घ् ને ग् આદેશ થવાથી अदुग्ध्वम् આવો પ્રયોગ થાય છે. અર્થ - તમે બધાએ દોહ્યું. बुध+स्यते આ અવસ્થામાં ઉપર જણાવ્યા

મુજબ उ ને ગુણ ओ આદેશ. આ સૂત્રથી ब् ને भ् આદેશ. 'अघोषे० ૧-૩-૫૦' થી ध् ને त् આદેશ થવાથી भोत्स्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- જાણશે. बुध् ધાતુને અદ્યતનીમાં ध्वम् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ધાતુને આદિમાં अट् નો આગમ. ध्वम् ની પૂર્વે 'सिजद्यतन्याम् ३-४-५३' થી सिच् ( स्) પ્રત્યય. 'सो धि वा ४-३-७२' થી सिच् નો લોપ. આ સૂત્રથી बुध् ના ब् ને भ् આદેશ. 'तृतीयस्तृ० १-३-४९' થી ध् ને द् આદેશ થવાથી 'अभुद्ध्वम्' આવો પ્રયોગ થાય છે. અર્થ- તમે બધાએ જાણ્યું. गडदबादेरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદાન્તમાં તેમ જ सकारादि અને ध्वादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ग् ड् द् અને ब् જ આદિમાં અને વર્ગીય ચતુર્થ વ્યઞ્જન અન્તમાં છે જેના એવા એકસ્વરી ધાતુના તેમજ ધાતુસ્વરૂપ શબ્દાવયવના આદ્ય ग् ड् द् અને ब् ને; તત્સજાતીય ચતુર્થ વ્યઞ્જન થાય છે. તેથી जभ् ધાતુને 'गृ-लुप० ३-४-१२' થી यङ् પ્રત્યય. 'सन्यङश्च ४-१-३' થી जभ् ને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४' થી પ્રથમ जभ् ના भ् નો લોપ. 'जप-जभ० ४-१-५२' થી દ્વિતીય जभ् ની પૂર્વે मु (म्) નો આગમ. 'बहुलं लुप् ३-४-१४' થી यङ् નો લોપ. 'म्नां धुड्वर्गे० १-३-३९' થી मु ના સ્થાને અનુનાસિક ञ् આદેશાદિ કાર્ય થવાથી जञ्जभ् ધાતુ બને છે. તેને હ્યસ્તની નો दिव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ધાતુની પૂર્વે अट् નો આગમ. 'व्यञ्जनाद् देः० ४-३-७८' થી दिव् નો લોપ. 'धुटस्तृतीयः २-१-७५' થી भ् ને ब् આદેશ. અને 'विरामे वा १-३-५१' થી ब् ને प् આદેશ થવાથી 'अजञ्जप्' આવો પ્રયોગ થાય છે. અહીં जञ्जभ् ધાતુનો એકસ્વરી ચતુર્થાન્ત અવયવ जभ् ના આદિમાં ग् ड् द् કે ब् ન હોવાથી આ સૂત્રથી તેના આદ્ય ज् ને झ् આદેશ થતો નથી. અન્યથા આ સૂત્રમાં गडदबादि નું ગ્રહણ ન હોત તો આ સૂત્રથી ज् ને झ् આદેશ થાત, જેથી अजञ्झप् આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસઙ્ગ આવત - એ સમજી શકાય છે. અર્થ - વારંવાર મૈથુન સેવ્યું. एकस्वरस्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદાન્તમાં

અને सकारादि કે ध्वादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના ગડદબાદિ - ચતુર્થાન્ત એકસ્વરી જ ધાતુના અથવા ધાતુ સ્વરૂપ શબ્દના અવયવના આદ્ય ग् ड् द् અને ब् ને સ્વસજાતીય ચતુર્થવ્યઞ્જન આદેશ થાય છે. તેથી 'दामलिहमिच्छति' આ અર્થમાં दामलिह् નામને 'अमाव्यया० ३-४-२३' થી क्यन् (य) પ્રત્યય કરીને दामलिह्य ધાતુ બને છે. તેને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. 'अतः ४-३-८२' થી य ના अ નો લોપ. 'य्वोः प्वय्० ४-४-१२१' થી य् નો લોપ થવાથી નિષ્પન્ન दामलिह् નામને सि પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી पर्णघुट् ની જેમ दामलिट् આવો પ્રયોગ થાય છે. અહીં दामलिट् આ અવસ્થામાં ધાતુ गडदबादि (दादि) અને चतुर्थान्त હોવા છતાં તે એકસ્વરી નથી. તેથી તેના द् ને આ સૂત્રથી ध् આદેશ થતો નથી. અન્યથા આ સૂત્રમાં 'एकस्वरस्य' આ પાઠ ન હોત તો અહીં द् ને ध् આદેશ થવાનો પ્રસઙ્ગ આવત. જેથી धामलिट् આવો અનિષ્ટ પ્રયોગ થાત. અર્થ - ભ્રમરની ઈચ્છાકરનાર. ॥૭૭॥

**धागस्तथोश्च २।१।७८॥**

द् છે આદિમાં જેના તેમજ ચતુર્થ વ્યઞ્જન છે અન્તમાં જેના એવા धा ધાતુના આદ્ય द् ને; તેની પરમાં त् थ् स् અને ध्व् થી શરૂ થતો પ્રત્યય હોય તો ચતુર્થ વ્યઞ્જન ध् આદેશ થાય છે. धा+तस्; धा+थस्; धा+से અને धा+ध्वे આ અવસ્થામાં સર્વત્ર 'हवः शिति ४-१-१२' થી धा ને દ્વિત્વ. 'ह्रस्वः ४-१-३९' થી પ્રથમ धा ના आ ને હ્રસ્વ 'अ' આદેશ. 'द्वितीयतुर्ययोः पूर्वौ ४-१-४२' થી પ્રથમ ध् ને द् આદેશ. 'श्नश्चातः ४-२-८६' થી દ્વિતીય धा ના आ નો લોપ. આ સૂત્રથી द् ને ध् આદેશ. 'अघोषे प्रथमो० १-३-५०' થી तस् थस् અને से ની પૂર્વેના ध् ને त् આદેશ. 'तृतीयस्तृती० १-३-४९' થી ध्वे ની પૂર્વેના ध् ને द् આદેશ વગેરે કાર્ય થવાથી 'धत्तः'; 'धत्थः' 'धत्से' અને 'धद्ध्वे' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેઓ બે ધારણ

કરે છે. તમે બે ધારણ કરો છો. તું ધારણ કરે છે. તમો ધારણ કરો છો. तथोश्चेति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त् थ् स् કે ध्व् થી જ શરૂ થતો પ્રત્યય પરમાં હોય તો दादि-चतुर्थान्त धा ધાતુના આદ્ય द् ને ध् આદેશ થાય છે. તેથી धा+वस् આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ धा ધાતુને દ્વિત્વાદિ કાર્ય થવાથી 'दध्वः' આવો પ્રયોગ થાય છે. અહીં त् थ् स् કે ध्व् થી શરૂ થતો પ્રત્યય પરમાં ન હોવાથી द् ને ध् આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થ- અમે બે ધારણ કરીએ છીએ. चतुर्थान्तस्येत्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ त् थ् स् કે ध्व् થી શરૂ થતો પ્રત્યય પરમાં હોય તો द् છે આદિમાં જેના એવા ચતુર્થાન્ત જ धा ધાતુના આદ્ય द् ને ध् આદેશ થાય છે. તેથી धा+तिव् (ति) આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ धा ધાતુને દ્વિત્વાદિ કાર્ય (आ નો લોપ થયા વિનાનું) થવાથી दधाति આવો પ્રયોગ થાય છે. અહીં સમજી શકાય છે કે धा ધાતુ दादि હોવા છતાં આકારાન્ત હોવાથી આ સૂત્રથી धा ધાતુના આદ્ય द् ને ध् આદેશ થતો નથી. અર્થ- તે ધારણ કરે છે. ।।૭૮।।

## अधश्चतुर्थात् तथो र्धः २।१।७९।।

વર્ગીય ચતુર્થવ્યઞ્જનથી પરમાં રહેલા धा ધાતુને છોડીને અન્ય ધાતુઓથી વિહિત પ્રત્યયના આદ્ય त् અને थ् ને 'ध्' આદેશ થાય છે. दुह् ધાતુને હ્યસ્તનીમાં त અને थास् પ્રત્યય. 'अड् धातो० ४-४-२९' થી ધાતુની આદિમાં अट् (अ) નો આગમ. "भ्वादेदर्दिर्घः २-१-८३' થી ह् ને घ् આદેશ. આ સૂત્રથી त् અને थ् ને ध् આદેશ. 'तृतीयस्तृ० १-३-४९' થી घ् ને ग् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી 'अदुग्ध' અને 'अदुग्धाः' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - તેણે દોહ્યું. તે દોહ્યું. लभ् ધાતુને અદ્યતનીમાં त અને थास् પ્રત્યય. ધાતુની આદિમાં अट् નો આગમ. 'सिजद्यतन्याम् ३-४-५३' થી त અને थास् પ્રત્યયની પૂર્વે सिच् પ્રત્યય. 'धुड्हस्वा० ४-३-७०' થી

सिच् નો લોપ. આ સૂત્રથી त् અને थ् ને ध् આદેશ. 'तृतीयस्तृतीय० ૧-૩-૪૯' થી भ् ને ब् આદેશ... ઈત્યાદિ કાર્ય થવાથી अलब्ध અને अलब्धाः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેણે મેળવ્યું. તેં મેળવ્યું. अध इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વર્ગીય ચતુર્થવ્યઞ્જનથી પરમાં રહેલા धा ધાતુને છોડીને જ અન્ય ધાતુઓથી વિહિત પ્રત્યયના આદ્ય त् અને थ् ને ध् આદેશ થાય છે. તેથી धा ધાતુને तस् અને थस् પ્રત્યયાદિ કાર્ય થવાથી धत्तः અને धत्थः આ પ્રમાણે રૂપો થાય છે. (જુઓ સૂ. નં ૨-૧-૭૮) અહીં धा ધાતુથી વિહિત तस् અને थस् પ્રત્યયના त् અને थ् ને આ સૂત્રથી ध् આદેશ થતો નથી. અન્યથા धद्धः આવો અનિષ્ટ પ્રયોગ થાત. विहित - विशेषणं किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વર્ગીય ચતુર્થવ્યઞ્જનથી પરમાં રહેલા; धा ધાતુને છોડીને અન્ય ધાતુઓથી વિહિત જ પ્રત્યયના (કેવલ પરમાં રહેલા નહિ) આદ્ય त् અને थ् ને ध् આદેશ થાય છે. તેથી ज्ञानबुध् નામને 'भावे त्व-तल् ૭-૧-૫૫' થી त्व પ્રત્યય. 'गडदबादे० ૨-૧-૭૭' થી ब् ને भ् આદેશ. 'अघोषे० ૧-૩-૫૦' થી ध् ને त् આદેશાદિ કાર્ય થવાથી 'ज्ञानभुत्त्वम्' આવો પ્રયોગ થાય છે. અહીં बुध् ધાતુની પરમાં तकारादि 'त्व' પ્રત્યય હોવા છતાં તે बुध् ધાતુથી વિહિત ન હોવાથી (નામથી વિહિત હોવાથી) આ સૂત્રથી त्व ના त् ને ध् આદેશ થતો નથી, અન્યથા 'ज्ञानभुद्ध्वम्' આવો અનિષ્ટ પ્રયોગ થાત - એ સમજી શકાય છે. અર્થ - જ્ઞાનને સમજનારાનો ધર્મ. આશય એ છે કે - સૂત્ર માં अधः આ પઞ્ચમ્યન્ત પાઠ છે. ત્યાં 'प्रभृत्यन्यार्थ० ૨-૨-૭૫' થી વિહિત दिग्योगलक्षणा પઞ્ચમીનો સ્વીકાર કરીએ તો કેવલ પરમાં રહેલા પ્રત્યયના ગ્રહણથી 'ज्ञानभुत्त्वम्' અહીં પણ त्व પ્રત્યયના त् ને ध् આદેશ થવાનો પ્રસંગ આવત. તેથી 'अधः' અહીં તાદૃશ પઞ્ચમીનો સ્વીકાર કરવાના બદલે 'हेत्वर्थे० ૨-૨-૧૧૮' થી વિહિત હેતુપઞ્ચમીનો સ્વીકાર કર્યો છે. જેથી ધાતુથી વિહિત જ तादि અને थादि પ્રત્યયના આદ્ય त् અને थ્ ને ઉપર જણાવ્યા મુજબ ध् આદેશ થાય છે. ...

ઈત્યાદિ સ્વયં વિચારવું.॥૭૯॥

## र्नाम्यन्तात् परोक्षाद्यतन्याशिषो धो ढः २।१।८०॥

र् છે અન્તમાં જેના અને નામીસ્વર છે અન્તમાં જેના એવા ધાતુથી પરમાં રહેલા પરોક્ષા અદ્યતની અને આશિષ્ સમ્બન્ધી પ્રત્યયના ध् ને ढ् આદેશ થાય છે. स्तु ધાતુને પરોક્ષાનો ध्वे પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી स्तु ધાતુને દ્વિત્વ. 'अघोषे शिटः ૪-૧-૪૫' થી પ્રથમ स्तु ના स् નો લોપ. 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી દ્વિતીય स्तु ના स् ને ष् આદેશ. 'तवर्गस्य० ૧-૩-૬૦' થી ष् ના યોગમાં त् ને ट् આદેશ. આ સૂત્રથી ध्वे ના ध् ને ढ् આદેશ થવાથી तुष्टुढ्वे આવો પ્રયોગ થાય છે. અર્થ- તમે બધાએ સ્તુતિ કરી. तॄ ધાતુને અદ્યતનીમાં ध्वम् પ્રત્યય. 'अड् धातो० ૪-૪-૨૯' થી ધાતુની આદિમાં अट् નો આગમ. 'सिजद्यतन्याम् ३-४-५३' થી ध्वम् ની પૂર્વે सिच् (स) પ્રત્યય. 'ऋवर्णात् ४-३-३६' થી सिच् ને किद्वद् ભાવ. 'ॠतां क्ङितीर् ૪-૪-૧૧૬' થી तॄ ના ॠ ને इर्. 'सो धि वा ૪-૩-૭૨' થી सिच् નો લોપ. 'भ्वादेर्नामिनो० ૨-૧-૬૩' થી इर् ના इ ને દીર્ઘ ई આદેશ. આ સૂત્રથી ध्वम् ના ध् ને ढ् આદેશ થવાથી 'अतीढ्वम्' આવો પ્રયોગ થાય છે. અર્થ - તમે બધા તર્યા. तॄ ધાતુને આશિષ્ માં सीध्वम् પ્રત્યય. 'ऋवर्णात् ૪-૩-૩૬' થી सीध्वम् ને किद्वद् ભાવ. ઉપર જણાવ્યા મુજબ ॠ ને इर् આદેશ. इ ને દીર્ઘ ई આદેશ. તથા सीध्वम् ના स् ને ष् આદેશ. આ સૂત્રથી सीध्वम् ના ध् ને ढ् આદેશ થવાથી 'तीर्षीढ्वम्' આવો પ્રયોગ થાય છે. અર્થ- તમે બધા તરો. दा ધાતુને ઉપર જણાવ્યા મુજબ અદ્યતનીનો ध्वम् પ્રત્યય. ધાતુની પૂર્વે अट् નો આગમ. ध्वम् ની પૂર્વે सिच् પ્રત્યય. 'इश्च स्थादः ૪-૩-૪૧' થી सिच् ને किद्वद् ભાવ તથા दा ના आ ને इ આદેશ. 'सो धि वा ૪-૩-૭૨' થી सिच् નો લોપ. આ સૂત્રથી ध्वम् ના ध् ને ढ् આદેશ થવાથી 'अदिढ्वम्' આવો પ્રયોગ થાય છે. અર્થ- તમે બધાએ આપ્યું.

चि धातुने आशिष्‌मां सीध्वम् प्रत्यय. 'नामिनो० ४-३-१' थी इ ने ગુણ 'ए' આદેશ. ઉપર જણાવ્યા મુજબ स् ने ष् આદેશ. આ સૂત્રથી सीध्वम् ના ध् ને ढ् આદેશ થવાથી 'चेषीढ्वम्' આવો પ્રયોગ થાય છે. અર્થ- તમે બધા ભેગું કરો. र्नाम्यन्तादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ रान्त અને नाम्यन्त જ ધાતુથી પરમાં રહેલા પરોક્ષા અદ્યતની અને આશિષ્ વિભક્તિના પ્રત્યય સમ્બન્ધી ध् ને ढ् આદેશ થાય છે. તેથી અદ્યતનીમાં पच् ધાતુને ध्वम् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ધાતુની આદિમાં अट् નો આગમ ध्वम् ની પૂર્વે सिच् પ્રત્યય. 'सोधि वा ४-३-७२' થી सिच् નો લોપ. 'चजः कगम् २-१-८६' થી च् ને क् આદેશ. 'तृतीयस्तृती० १-३-४९' થી क् ને ग् આદેશ થવાથી 'अपग्ध्वम्' આવો પ્રયોગ થાય છે. અર્થ - તમે બધાએ રાંધ્યું. અહીં पच् ધાતુ रान्त કે नाम्यन्त ન હોવાથી આ સૂત્રથી ध्वम् ના ध् ને ढ् આદેશ થતો નથી. આવીજ રીતે आस् ધાતુને અદ્યતનીનો ध्वम् પ્રત્યય. ध्वम् ની પૂર્વે सिच् પ્રત્યય. 'स्ताद्यशितो० ४-४-३२' થી सिच् ની પૂર્વે इट् નો આગમ. 'सो धि वा ४-३-७२' થી सिच् નો લોપ. 'स्वरादेस्तासु' ४-४-३१ થી आस् ના आ ને વૃદ્ધિ आ આદેશ થવાથી 'आसिध्वम्' આવો પ્રયોગ થાય છે. आस् ધાતુ પણ रान्त કે नाम्यन्त ન હોવાથી આ સૂત્રથી ध्वम् ના ध् ને ढ् આદેશ થતો નથી. અર્થ - તમે બધા બેઠા હતા. ॥८०॥

## हान्तस्थाञ् ञीड्भ्यां वा २।१।८१॥

ह् અને અન્તસ્થાથી પરમાં રહેલા ञि અને इट् ની પરમાં જો પરોક્ષા અદ્યતની અને આશિષ્ સમ્બન્ધી પ્રત્યયનો ध् હોય તો તે ध् ને વિકલ્પથી ढ् આદેશ થાય છે. ग्रह् ધાતુને કર્મમાં (કર્મણિ પ્રયોગમાં) અદ્યતનીનો ध्वम् પ્રત્યય. 'अड् धातो० ४-४-२९' થી ધાતુની આદિમાં अट् નો આગમ. 'सिजद्यतन्याम् ३-४-५३' થી ध्वम् ની પૂર્વે सिच् પ્રત્યય. 'स्वर - ग्रह - दृश० ३-४-६९' થી सिच् ની

પૂર્વે ञिट् (इ)- નો આગમ. 'ञ्णिति ४-३-५०' થી ग्रह् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'सो धि वा ४-३-७२' થી सिच् નો લોપ. આ સૂત્રથી ध्वम् ના ध् ને ढ् આદેશ થવાથી 'अग्राहिढ्वम्' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં ध् ને ढ् આદેશ આ સૂત્રથી ન થાય ત્યારે 'अग्राहिध्वम्' આવો પ્રયોગ થાય છે. ग्रह् ધાતુને કર્મમાં આશિષ્ નો सीध्वम् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ सीध्वम् ની પૂર્વે ञिट् નો આગમ. ग्रह् ના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ, 'नाम्यन्तस्था० २-३-१५' થી स् ને ष् આદેશ. આ સૂત્રથી ध्वम् ના ध् ને ढ् આદેશ થવાથી 'ग्राहिषीढ्वम्' આવો પ્રયોગ થાય છે. नी ધાતુને કર્મમાં અદ્યતનીનો ध्वम् અને આશિષ્નો सीध्वम् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ધાતુની આદિમાં अट् નો આગમ ... ઈત્યાદિ કાર્ય થવાથી 'अनायिढ्वम्' 'अनायिध्वम्;' અને 'नायिषीढ्वम्' 'नायिषीध्वम्' આવો પ્રયોગ થાય છે. અહીં नी ધાતુના ई ને 'नामिनोऽकलिहलेः ४-३-५१' થી વૃદ્ધિ ऐ આદેશ. તેમજ 'एदैतोऽयाय् १-२-२३' થી ऐ ને आय् આદેશ થયો છે. कृ ધાતુને કર્મમાં અદ્યતનીનો ध्वम् પ્રત્યયાદિ કાર્ય થવાથી अग्राहिढ्वम् ની જેમ 'अकारिढ्वम्' અને 'अकारिध्वम्' આવો પ્રયોગ થાય છે. અહીં 'नामिनो० ४-३-५१' થી कृ ના ऋ ને વૃદ્ધિ आर् આદેશ થયો છે. આવીજ રીતે लू ધાતુને કર્મમાં અદ્યતનીનો ध्वम् પ્રત્યયાદિ કાર્ય થવાથી अलाविढ्वम् અને अलाविध्वम् આવો પ્રયોગ થાય છે. અહીં 'नामिनो० ४-३-५१' થી लू ધાતુના ऊ ને વૃદ્ધિ औ આદેશ. અને औ ને 'ओदौतोऽवाव् १-२-२४' થી आव् આદેશ થયો છે. ग्रह् ધાતુને કર્મમાં અથવા કર્તામાં પરોક્ષાનો ध्वे પ્રત્યય. 'द्विर्धातुः० ४-१-१' થી ग्रह् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી પ્રથમ ग्रह् ના र् અને ह् નો લોપ. તેમ જ 'गहो र्जः ४-१-४०' થી ग् ને ज् આદેશ. 'स्क्रसृ-वृ० ४-४-८१' થી ध्वे ની પૂર્વે इट् (इ) નો આગમ. ध्वे ને 'इन्ध्यसंयो० ४-३-२१' થી किद्वद् ભાવ. 'ग्रहव्रश्च० ४-१-८४' થી દ્વિતીય ग्रह् ના र ને ऋ (સમ્પ્રસારણ) આદેશ. આ સૂત્રથી ध्वे ના ध् ને ढ् આદેશ થવાથી 'जगृहिढ्वे' આવો પ્રયોગ

થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ध् ને ढ् આદેશ ન થાય ત્યારે 'जगृहिध्वे' આવો પ્રયોગ થાય છે. अय् ધાતુને કર્ત્તામાં અદ્યતનીનો ध्वम् પ્રત્યય. 'सिजद्यतन्याम् ३-४-५३' થી ध्वम् ની પૂર્વે सिच् પ્રત્યય. 'स्ताद्यशितो० ४-४-३२' થી सिच् ની પૂર્વે इट् નો આગમ. 'स्वरादेस्तासु ४-४-३१' થી 'अय्' ના अ ને વૃદ્ધિ 'आ' આદેશ. 'सो धि वा ४-३-७२' થી सिच् નો લોપ. આ સૂત્રથી ध्वम् ના ध् ને ढ् આદેશ થવાથી 'आयिढ्वम्' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ध्वम् ના ध् ને ढ् આદેશ ન થાય ત્યારે 'आयिध्वम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તમે બધા પકડાયા. તમે બધા પકડાઓ. તમે બધા લવાયા. તમે બધા લવાઓ. તમે બધા કરાયા. તમે બધા કપાયા. તમે બધા પકડાયા હતા. તમે બધા જાવ છો. हान्तस्थादिति किम् ? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ह् અને અન્તસ્થાથી જ પરમાં રહેલા ञि અને इट् ની પરમાં રહેલા પરોક્ષા અદ્યતની અને આશિષ્ સમ્બન્ધી ध् ને વિકલ્પથી ढ् આદેશ થાય છે. તેથી हन् ધાતુને કર્મમાં આશિષ્નો सीध्वम् પ્રત્યય. 'स्वरग्रह० ३-४-६९' થી सीध्वम् ની આદિમાં ञिट् નો આગમ. 'ञिणवि घन् ४-३-१०१' થી हन् ને घन् આદેશ... ઈત્યાદિ કાર્ય થવાથી ઉપર જણાવ્યા મુજબ ग्राहिषीध्वम् ની જેમ घानिषीध्वम् આવો પ્રયોગ થાય છે. અહીં ञि ની પૂર્વે ह् કે अन्तस्था ન હોવાથી આ સૂત્રથી सीध्वम् ના ध् ને ढ् આદેશ થતો નથી. આવી જ રીતે आस् ધાતુને કર્ત્તામાં આશિષ્ નો सीध्वम् પ્રત્યય. 'स्ताद्यशि० ४-४-३२' થી सीध्वम् ની પૂર્વે इट् નો આગમ ... ઈત્યાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી आसिषीध्वम् આવો પ્રયોગ થાય છે. અહીં इट् ની પૂર્વે ह् કે अन्तस्था ન હોવાથી આ સૂત્રથી सीध्वम् ના ध् ને ढ् આદેશ થતો નથી. અર્થક્રમશઃ - તમે બધા માર્યા જાવ. તમે બધા બેસો ।।૮૧।।

## हो धुट् - पदान्ते २।१।८२॥

પદના અન્તે રહેલા; અથવા धुट् વર્ણ છે આદિમાં જેના એવા પ્રત્યયની પૂર્વે રહલા ह् ને ढ् આદેશ થાય છે. लिह् ધાતુને श्वस्तनी નો ता પ્રત્યય. આ સૂત્રથી ह् ને ढ् આદેશ. 'अधश्चतु० २-१-७९' થી ता ના त् ને ध् આદેશ. 'तवर्गस्य० १-३-६०' થી ढ् ના યોગમાં ध् ને ढ् આદેશ. 'लघोरुपान्त्यस्य ४-३-४' થી लिह् ના इ ને ગુણ ए આદેશ. 'ढस्तड्ढे १-३-४२' થી પૂર્વ ढ् નો લોપ થવાથી 'लेढा' આવો પ્રયોગ થાય છે. અર્થ - ચાટશે. मधु+लिह् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. मधुलिह् નામને सि પ્રત્યય. 'दीर्घङ्या० १-४-४५' થી सि નો લોપ. આ સૂત્રથી પદાન્તે રહેલા ह् ને ढ् આદેશ. 'धुटस्तृतीयः २-१-७६' થી ढ् ને ड् આદેશ. 'विरामे वा १-३-५१' થી ड् ને ट् આદેશ થવાથી 'मधुलिट्' આવો પ્રયોગ થાય છે. અર્થ- ભ્રમર. मधुलिह् ની જેમ गुडलिह् નામ બને છે. તેને 'तदस्या० ७-२-१' થી मतु પ્રત્યય . આ સૂત્રથી પદાન્તે રહેલા ह् ને ढ् આદેશ. 'धुटस्तृतीयः २-१-७६' થી ढ् ને ड् આદેશ. 'प्रत्यये च १-३-२' થી ड् ને ण् આદેશાદિ કાર્ય થવાંથી 'गुडलिण्मान्' આવો પ્રયોગ થયો છે. અર્થ - મધમાખીવાલો. અહીં યાદ રાખવું જોઈએ કે - સૂ. નં. ૨-૧-૬૦ થી આ સૂત્રમાં असद् નો અધિકાર ચાલુ હોવાથી, આ સૂત્રથી વિહિત ढ् આદેશ; पूर्व स्यादिविधि અને પરકાર્ય કરવાના પ્રસંગે असद् મનાતો હોવાથી गुडलिण्मान् અહીં ह् ને ढ् થયા પછી 'मावर्णा० २-१-९४' થી પ્રાપ્ત मतु ના म् ને व् આદેશ સ્વરૂપ પર કાર્ય કરવાના પ્રસંગે ढ् असद् હોવાથી તેના સ્થાને ह् મનાયાથી मतु ના म् ને व् ની પ્રાપ્તિ નથી. અન્યથા गुडलिड्वान् આવો પ્રયોગ થયો હોત. જે ઈષ્ટ નથી. धुट्पदान्त इति किम् ? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદના અન્તે રહેલા જ અથવા धुडादि પ્રત્યયની પૂર્વે રહેલા જ ह् ને ढ् આદેશ થાય છે. તેથી मधुलिह्+औ આ અવસ્થામાં આ સૂત્રથી ह् ને ढ् આદેશ ન થવાથી 'मधुलिहौ' આવો પ્રયોગ થાય

છે. અહીં ह् પદાન્તમાં નથી તેમજ તેની પરમાં धुडादि પ્રત્યય પણ નથી. અર્થ - બે ભમરા. ॥૮૨॥

**भ्वादेर्दादे र्घः २।१।८३॥**

द् આદિમાં જેના છે એવા भू વગેરે ધાતુસમ્બન્ધી અવયવના ह् ને; તે પદાન્તમાં હોય અથવા તેની પરમાં धुट् વર્ણ છે આદિમાં જેના એવો પ્રત્યય હોય તો घ् આદેશ થાય છે. दुह् ધાતુને श्वस्तनी નો ता પ્રત્યય. આ સૂત્રથી ह् ને घ् આદેશ. 'अधश्चतुर्था० २-१-७९' થી ता ના त् ને ध् આદેશ. 'तृतीयस्तृ० १-३-४९' થી घ् ને ग् આદેશ. 'लघोरुपा० ४-३-४' થી उ ને ગુણ ओ આદેશ થવાથી 'दोग्धा' આવો પ્રયોગ થાય છે. दुह् ધાતુને भविष्यन्ती નો स्यति પ્રત્યય. આ સૂત્રથી स्यादि પ્રત્યયની પૂર્વેના दुह् ના ह् ને घ् આદેશ. 'गडदबादे० २-१-७७' થી दुह् ના द् ને ध् આદેશ. ઉપર જણાવ્યા મુજબ उ ને ગુણ ओ આદેશ. 'अघोषे० १-३-५०' થી घ् ને क् આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५' થી स्यति ના स् ને ष् આદેશ થવાથી 'धोक्ष्यति' આવો પ્રયોગ થાય છે. दुह् ધાતુને ह्यस्तनी માં दिव् (त्) પ્રત્યય. 'व्यञ्जना० ४-३-७८' થી त् નો લોપ. 'अड् धातो० ४-४-२९' થી ધાતુની આદિમાં अट् નો આગમ. 'लघोरुपान्त्यस्य ४-३-४' થી दुह् ધાતુના ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ. આ સૂત્રથી ह् ને घ् આદેશ. 'गडदबादे० २-१-७७' થી दुह् ના द् ને ध् આદેશ. 'धुटस्तृतीयः २-१-७६' થી घ् ને ग् આદેશ. 'विरामे वा १-३-५१' થી ग् ને क् આદેશ થવાથી 'अधोक्' આવો પ્રયોગ થાય છે. गो+दुह् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન गोदुह् નામને सि પ્રત્યય. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. પદાન્તમાં રહેલા दुह् ના ह् ને આ સૂત્રથી घ् આદેશાદિ કાર્ય થવાથી ઉપર જણાવ્યા મુજબ अधोक् ની જેમ 'गोधुक्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દોહશે.. દોહશે. તેણેં દોહ્યું. ગાયને દોહનાર. भ्वादेरिति किम् ? = આ સૂત્રથી

ઉપર જણાવ્યા મુજબ भ्वादि જ ધાતુના दादि અવયવના ह् ને, તે જો પદાન્તમાં હોય અથવા તો તેની પરમાં धुडादि પ્રત્યય હોય તો घ् આદેશ થાય છે. તેથી दाम+लिह् ધાતુને સૂ. નં. ૨-૧-૭૭ માં જણાવ્યા મુજબ क्विप् પ્રત્યયાદિ કાર્ય થવાથી दामलिट् આવો પ્રયોગ થાય છે. અહીં दामलिट् ધાતુ भ्वादि નથી પરન્તુ નામધાતુ છે. તેના ह् ને આ સૂત્રથી घ् આદેશ થતો નથી. ॥૮૩॥

## मुह - द्रुह - स्नुह - स्निहो वा २।१।८४॥

પદના અન્તમાં રહેલા અથવા धुट् વર્ણ છે આદિમાં જેના એવા પ્રત્યયથી પૂર્વે રહેલા मुह् द्रुह् स्नुह् અને स्निह् ધાતુના ह् ને વિકલ્પથી घ् આદેશ થાય છે. 'मुह्+ता; द्रुह्+ता; स्नुह्+ता અને स्निह्+ता (શ્વસ્તનીમાં) આ અવસ્થામાં આ સૂત્રથી ह् ને घ् આદેશ. 'अधश्चतु० ૨-૧-૭૯' થી ता ના त् ને ध् આદેશ. 'तृतीयस्तृती० ૧-૩-૪૯' થી घ् ને ग् આદેશ થવાથી અનુક્રમે 'मोग्धा'; 'द्रोग्धा '; 'स्नोग्धा' અને 'स्नेग्धा' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ह् ને घ् આદેશ ન થાય ત્યારે સૂ. નં. ૨-૧-૮૨ માં જણાવ્યા મુજબ लेढा ની જેમ 'मोढा', 'द्रोढा', 'स्नोढा' અને 'स्नेढा' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મુગ્ધ થશે. દ્રોહ કરશે. ઉલટી કરશે. સ્નેહ કરશે. उद्+मुह्, मित्र+द्रुह्, उद् +स्नुह् અને चेल+स्निह् ધાતુને 'क्विप् ૫-૧-૧૪૮' થી क्विप् પ્રત્યય. 'तृतीयस्य० ૧-૩-૧' થી मुह् ની પૂર્વેના उद् ના द् ને न् આદેશ. स्नुह् ની પૂર્વેના उद् ના द् ને 'अघोषे० ૧-૩-૫૦' થી त् આદેશથી નિષ્પન્ન उन्मुह् मित्रद्रुह् उत्स्नुह् અને चेलस्निह् નામને सि પ્રત્યય. 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ. આ સૂત્રથી પદાન્તસ્થ ह् ને घ् આદેશ. 'धुटस्तृतीयः ૨-૧-૭૬' થી घ् ને ग् આદેશ. 'विरामे वा ૧-૩-૫૧' થી ग् ને क् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી ક્રમશઃ 'उन्मुक्', 'मित्रध्रुक्', 'उत्स्नुक्' અને 'चेलस्निक्' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં ह् ને घ् આદેશ આ સૂત્રથી ન થાય

ત્યારે 'हो धुट् पदान्ते २-१-८२' થી ह् ને ढ् આદેશાદિ કાર્ય થવાથી અનુક્રમે उन्मुट्, मित्रध्रुट्, उत्स्नुट् અને ચેલસ્નિટ્ આવો પ્રયોગ થાય છે. द्रुह् ના द् ને 'गडदबादे० २-१-७७' થી ध् આદેશ થયો છે. અર્થ ક્રમશઃ- અતિશય મુગ્ધ થનાર. મિત્રદ્રોહ કરનાર. ઉપર ઉલટી કરનાર. કપડા ભીંજવનાર. ॥૮૪॥

**नहाहो र्ध-तौ २।१।८५॥**

પદના અન્તે રહેલા ધુટ્ વર્ણ છે આદિમાં જેના એવા પ્રત્યયની પૂર્વે રહેલા नह् ધાતુના ह् ને ध् આદેશ થાય છે. તેમજ ब्रू ધાતુના સ્થાને જે आह् આદેશ થાય છે. તેના ह् ને त् આદેશ થાય છે. नह् ધાતુને શ્વસ્તનીમાં ता પ્રત્યય. આ સૂત્રથી ह् ને ध् આદેશ. ता ના त् ને 'अधश्च० २-१-७९' થી ध् આદેશ. 'तृतीयस्तृतीय० १-३-४९' થી પ્રથમ ध् ને द् આદેશ થવાથી 'नद्धा' આવો પ્રયોગ થાય છે. उप+नह् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. उप ના अ ને 'गतिकारक० ३-२-८५' થી દીર્ઘ आ આદેશથી નિષ્પન્ન उपानह् નામને भ्याम् પ્રત્યય. આ સૂત્રથી પદાન્તસ્થ नह् ના ह् ને ध् આદેશ. 'धुटस्तृतीयः २-१-७६' થી ध् ને द् આદેશ થવાથી उपानद्भ्याम् આવો પ્રયોગ થાય છે. ब्रू ધાતુને વર્ત્તમાનાનો सिव् (सि) પ્રત્યય. 'ब्रूगः पञ्चानां० ४-२-११८' થી सिव् ને थव् (थ) આદેશ અને તેના યોગમાં ब्रू ધાતુને. आह् આદેશ. आह्+थ આ અવસ્થામાં આ સૂત્રથી ધુडादि પ્રત્યય थव् ની પૂર્વે રહેલા आह् ના ह् ને त् આદેશ થવાથી 'आत्थ' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બાંધશે. બે જોડાથી. તું બોલે છે.॥૮૫॥

**घजः कगम् २।१।८६॥**

પદના અન્તે રહેલા અથવા ધુટ્ વર્ણ છે આદિમાં જેના એવા

પ્રત્યયની પૂર્વે રહેલા च् ને क् અને ज् ને ग् આદેશ થાય છે. वच्+ता અને त्यज्+ता આ અવસ્થામાં આ સૂત્રથી च् ને क् અને ज् ને ग् આદેશ. 'अघोषे प्रथमो० ૧-૩-૫૦' થી ग् ને क् આદેશ થવાથી 'वक्ता' અને 'त्यक्ता' આ પ્રમાણે પ્રયોગ થાય છે. वाच्+सि અને अद्र्धभाज्+सि આ અવસ્થામાં 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ. પદાન્તસ્થ च् અને ज् ને અનુક્રમે આ સૂત્રથી क् અને ग् આદેશ. 'विरामे वा ૧-૩-૫૧' થી ग् ને क् આદેશ થવાથી 'वाक्' અને 'अद्र्धभाक्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બોલશે. વાણી. છોડશે. અદ્ર્ધો હિસ્સો છે જેનો તે.॥૮૬॥

**यज-सृज-मृज-राज-भ्राज-भ्रस्ज-व्रश्च-परिव्राजः शः षः२।१।८७॥**

પદના અન્તે રહેલા અથવા धुट् વર્ણ જેના આદિમાં છે એવા પ્રત્યયની પૂર્વે રહેલા यज्; सृज्; मृज्; राज्, भ्राज्; भ्रस्ज्; व्रश्च्; क्विप् પ્રત્યયાન્ત परि+व्रज् [illegible] ન્ધી ज् અને च् ને તેમ જ કોઈપણ ધાતુ સમ્બન્ધી [illegible] આદેશ થાય છે. यज्+ता (श्वस्त.) આ અવસ્થામાં यज् ધાતુના ज् ને આ સૂત્રથી ष् આદેશ. ष् ના યોગમાં ता ના त् ને 'तवर्गस्य० ૧-૩-૬૦' થી ट् આદેશ થવાથી 'यष्टा' આવો પ્રયોગ થાય છે. અર્થ - યજ્ઞ કરશે. देव+यज् ધાતુને 'क्विप् ૫-૧-૧૪૮' क्विप् (०) પ્રત્યય. 'यजादिवचेः० ૪-૧-૭૯' થી यज् ધાતુના य ને इ (य्वृत्) આદેશ. देव ના 'अ' ને इ ની સાથે 'अवर्णस्य० ૧-૨-૬' થી ए આદેશ થવાથી નિષ્પન્ન देवेज् નામને सि પ્રત્યય. 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ. આ સૂત્રથી પદાન્તસ્થ यज् ના ज् ને ष् આદેશ. 'धुटस्तृतीयः २-૧-૭૬' થી ष् ને ड् આદેશ. 'विरामे वा ૧-૩-૫૧' થી ड् ને ट् આદેશ થવાથી 'देवेट्' આવો પ્રયોગ થાય છે. અર્થ - દેવની પૂજા કરનાર. सृज्+ता આ અવસ્થામાં 'अः सृजि० ૪-૪-૧૧૧' થી ऋ ની પરમાં अ નો આગમ. 'इवर्णादि० ૧-૨-૨૧' થી ऋ ને र् આદેશ થવાથી નિષ્પન્ન स्रज्+ता આ અવસ્થામાં

ઉપર જણાવ્યા મુજબ यष्टा ની જેમ 'स्रष्टा' આવો પ્રયોગ થાય છે. અર્થ - રચશે. तीर्थ+सृज् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યયાદિ કાર્ય થવાથી देवेट् ની જેમ तीर्थसृट् આવો પ્રયોગ થાય છે. અર્થ- તીર્થ બનાવનાર. मृज्+ता આ અવસ્થામાં 'लघोरुपान्त्यस्य ४-३-४' થી ऋ ને ગુણ अर् આદેશ. 'मृजोऽस्य० ४-३-४२' થી अर् ના अ ને વૃદ્ધિ आ આદેશ. मार्ज्+ता આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ यष्टा ની જેમ આ સૂત્રથી ज् ને ष् આદેશાદિ કાર્ય થવાથી 'मार्ष्टा' આવો પ્રયોગ થાય છે. અર્થ - સાફ કરશે. कंस+परि+मृज् આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યયાદિ કાર્ય થવાથી देवेट् ની જેમ 'कंसपरिमृट्' આવો પ્રયોગ થાય છે. અર્થ - કંસને મારવાવાલો. राज् ધાતુને 'स्त्रियां क्तिः ५-३-९१' થી क्ति (ति) પ્રત્યય. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ यष्टा ની જેમ ज् ને ष् પ્રત્યયાદિ કાર્ય થવાથી राष्टि નામ બને છે. તેને सि પ્રત્યય વગેરે કાર્ય થવાથી 'राष्टिः' આવો પ્રયોગ થાય છે.. અર્થ- શોભવું તે. सम्+राज् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યયાદિ કાર્ય થવાથી देवेट् ની જેમ 'सम्राट्' આવો પ્રયોગ થાય છે. અહીં सम् ના म् ને 'सम्राट् १-३-१६' થી અનુસ્વારનો નિષેધ થયો છે. અર્થ - રાજા. भ्राज् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्ति પ્રત્યયાદિ કાર્ય થવાથી राष्टिः ની જેમ भ्राष्टिः આવો પ્રયોગ થાય છે. અર્થ - શોભવું તે. वि+भ्राज् ધાતુને 'दिद्युद्-दद्रुद्० ५-२-८३' થી क्विप् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી देवेट् ની જેમ 'विभ्राट्' આવો પ્રયોગ થાય છે. અર્થ- વિશેષ શોભનાર. भ्रस्ज्+ता આ અવસ્થામાં 'संयोगस्या० २-१-८८' થી स् નો લોપ થવાથી નિષ્પન્ન भ्रज्+ता આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી ज् ને ष् આદેશાદિ કાર્ય થવાથી यष्टा ના જેમ भ्रष्टा આવો પ્રયોગ થાય છે. અર્થ- શેકશે. धाना+भ्रस्ज् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યય. 'ग्रहव्रश्च० ४-१-८४' થી र् ને ऋ (સમ્પ્રસારણ) આદેશ થવાથી નિષ્પન્ન धानाभृस्ज् નામને सि પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ सि નો લોપ. આ સૂત્રથી ज् ને ष् આદેશ ઈત્યાદિ કાર્ય

થવાથી 'धानाभृट्' આવો પ્રયોગ થાય છે. અર્થ - ધાણા શેકનાર. व्रश्च्+ता આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી च् ને ष् આદેશાદિ કાર્ય થવાથી यष्टा ની જેમ 'व्रष्टा' આવો પ્રયોગ થાય છે. અર્થ - કાંપશે. मूल+व्रश्च् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યયાદિ કાર્ય તેમજ આ સૂત્રથી च् ને ष् આદેશ થવાથી धानाभृट् ની જેમ 'मूलवृट्' આવો પ્રયોગ થાય છે. અહીં व्रश्च् ના स् નો 'संयोग० २-१-८८' થી લોપ થાય છે. અર્થ - મૂલ કાપનાર. परि+व्रज् ધાતુને 'दिद्युद्दद्रुद्० ५-२-८३' થી क्विप् પ્રત્યય; व्रज् ના अ ને 'आ' આદેશનું નિપાતન... परिव्राज् નામને सि પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી विभ्राट् ની જેમ परिव्राट् આવો પ્રયોગ થાય છે. અર્થ = સંન્યાસી. लिश्+ता આ અવસ્થામાં श् ને આ સૂત્રથી ष् આદેશ. 'तवर्गस्य० १-३-६०' થી ष् ના યોગમાં त् ને ट् આદેશ. 'लघोरुपा० ४-३-४' થી ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ થવાથી 'लेष्टा' આવો પ્રયોગ થાય છે. અર્થ - જશે. प्रच्छ् +ता આ અવસ્થામાં 'अनुनासि० ४-१-१०८' થી च्छ् ને श् આદેશ. આ સૂત્રથી श् ને ष् આદેશ. ઉપર જણાવ્યા મુજબ ष् ના યોગમાં त् ને ट् આદેશ થવાથી 'प्रष्टा' આવો પ્રયોગ થાય છે. અર્થ- પુછશે. शब्द+प्रच्छ् ધાતુને 'दिद्युद्० ५-२-८३' થી क्विप् પ્રત્યય તથા प्रच्छ् ના अ ને દીર્ઘ આદેશનું નિપાતન. ઉપર જણાવ્યા મુજબ च्छ् ને श् આદેશથી નિષ્પન્ન शब्दप्राश् નામને ઉપર જણાવ્યા મુજબ सि પ્રત્યયાદિ કાર્ય થવાથી विभ्राट् ની જેમ शब्दप्राट् આવો પ્રયોગ થાય છે. અર્થ- શબ્દ પુછનાર. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ श् ને ष् નું વિધાન કર્યું છે. તે श्, यजादि ધાતુઓની સાથે પઠિત છે. તેથી 'साहचर्यात् सदृशस्यैव ग्रहणम्' આ પરિભાષાથી श् ધાતુસમ્બન્ધી જ ગૃહીત છે. તેથી निश्+भ्याम् આ અવસ્થામાં निश् નો श् ધાતુસમ્બન્ધી ન હોવાથી આ સૂત્રથી તેને ष् આદેશ થતો નથી. તેથી 'धुटस्तृतीयः २-१-७६' થી श् ને ज् થવાથી निज्भ्याम् આવો પ્રયોગ થાય છે. અર્થ - બે રાત્રિથી. चज इत्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદના અન્તે રહેલા અથવા धुडादि

પ્રત્યયની પૂર્વે રહેલા યજ્ સૃજ્ મૃજ્ .... વગેરે ધાતુના ચ્ અને જ્ ને જ (વર્ણ માત્રને નહિ) ષ્ આદેશ થાય છે - તેથી વૃક્ષવૃશ્ચમાચષ્ટે આ અર્થમાં વૃક્ષવૃશ્ચ્ નામને 'णिज् बहुलं० ३-४-४२' થી णिच् (इ) પ્રત્યય. 'त्र्यन्त्यस्वरादेः ७-४-४३' થી અન્ત્યસ્વરાદિ (ऋश्च्) નો લોપ થવાથી નિષ્પન્ન વૃક્ષવિ ધાતુને 'मन्-वन्० ५-१-१४७' થી विच् (०) પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી णिज् નો લોપ થવાથી નિષ્પન્ન વૃક્ષવિ ધાતુને 'मन्-वन्० ५-१-१४७' થી विच् (०) પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી णिज् નો લોપ થવાથી નિષ્પન્ન વૃક્ષવ્ નામને सि પ્રત્યય. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ થવાથી વૃક્ષવ્ આવો પ્રયોગ થાય છે. અહીં व्रश्च् ધાતુના પદાન્તસ્થ व् ને આ સૂત્રથી ष् આદેશ થતો નથી. અન્યથા સૂત્રમાં चजः નું ઉપાદાન ન હોત તો પદાન્તસ્થ व् ને પણ આ સૂત્રથી ष् આદેશ થાત - એ સ્પષ્ટ છે. ॥૮૭॥

**संयोगस्यादौ स्को लुक् २।१।८८॥**

પદના અન્તે રહેલા; તેમજ ધુટ્ વર્ણ આદિમાં જેના છે એવા પ્રત્યયની પૂર્વે રહેલા; સંયોગ (સંયુક્ત વ્યઞ્જન) ના આદ્ય स् અને क् નો લોપ થાય છે. लस्ज् ધાતુને 'क्तक्तवतू ५-१-१७४' થી क्त (त) પ્રત્યય. આ સૂત્રથી स्ज् આ સંયોગના આદ્ય स् નો લોપ. 'चजः कगम् २-१-८६' થી ज् ને ग् આદેશ. 'सूयत्याद्योदितः ४-२-७०' થી क्त ના त् ને न् આદેશથી નિષ્પન્ન लग्न નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી लग्नः આવો પ્રયોગ થાય છે. અર્થ - શરમાયો. साधु+लस्ज् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન साधुलस्ज् શબ્દને सि પ્રત્યય. 'दीर्घङ्या० १-४-४५' થી सि નો લોપ. આ સૂત્રથી પદાન્તસ્થ સંયોગના આદ્ય स् નો લોપ. 'चजः कगम् २-१-८६' થી ज् ને ग् આદેશ. 'विरामे वा १-३-५१' થી ग् ને क् આદેશાદિ કાર્ય થવાથી 'साधुलक्' આવો પ્રયોગ થાય છે. અર્થ- સારી લાજવાળો. व्रश्च् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. આ સૂત્રથી

स् નો લોપ. 'ग्रहव्रश्च० ४-१-८४' થી व्रश्च् ના र ને ऋ (સમ્પ્રસારણ) આદેશ. 'चजः कगम् २-१-८६' થી च् ને क् આદેશ. 'सूयत्याद्योदितः ४-२-७०' થી क्त ના त् ને न् આદેશ. 'रषृवर्णान्नो० २-३-६३' થી न् ને ण् આદેશાદિ કાર્ય થવાથી वृक्णः આવો પ્રયોગ થાય છે. અર્થ - કપાએલો. मूल+व्रश्च् આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યય. मूलव्रश्च् ના र ને ऋ આદેશ. मूलवृश्च् નામને सि પ્રત્યય. सि નો લોપ. આ સૂત્રથી स् નો (श् નો) લોપ ... વગેરે કાર્ય થવાથી સૂ.નં. ૨-૧-૮૭ માં જણાવ્યા મુજબ 'मूलवृट्' આવો પ્રયોગ થાય છે. અર્થ- મૂલને કાપનાર. तक्ष् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. આ સૂત્રથી क् નો લોપ. ष् ના યોગમાં क्त ના त् ને 'तवर्गस्य० १-३-६०' થી ट् આદેશાદિ કાર્ય થવાથી 'तष्टः' આવો પ્રયોગ થાય છે. અર્થ- શસ્ત્રથી છોલાઈને પાતળું થયેલ. काष्ठ+तक्ष् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યય. काष्ठतक्ष् નામને सि પ્રત્યય. તેનો લોપ. આ સૂત્રથી क् નો લોપ. 'धुटस्तृतीयः २-१-७६' થી ष् ને ड् આદેશ. 'विरामे वा १-३-५१' થી ड् ને ट् આદેશ થવાથી 'काष्ठतट्' આવો પ્રયોગ થાય છે. અર્થ - લાકડાને છોલનાર.॥૮૮॥

**पदस्य २।१।८९॥**

પદના અન્તે રહેલા સંયોગના (સંયુક્તવ્યઞ્જનના) અન્ત્ય વ્યઞ્જનનો લોપ થાય છે. पुम्स् નામને सि પ્રત્યય. 'पुंसो पुमन्स् १-४-७३' થી पुम्स् ને पुमन्स् આદેશ. 'न्समहतोः १-४-८६' થી पुमन्स् ના अ ને દીર્ઘ आ આદેશ. 'दीर्घङ्या० १-४-४५' થી सि નો લોપ. આ સૂત્રથી स् નો લોપ. ઈત્યાદિ કાર્ય થવાથી 'पुंभिः' આવો પ્રયોગ થાય છે. महत्+सि આ અવસ્થામાં 'ऋदुदितः १-४-७०' થી त् ની પૂર્વે न् નો આગમ. 'न्समहतोः १-४-८६' થી ह ના 'अ' ને દીર્ઘ आ આદેશ. ઉપર જણાવ્યા મુજબ सि નો લોપ. આ સૂત્રથી त् નો લોપ થવાથી

'महान्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પુરુષ. પુરુષોથી. મોટા - મહાન્. पदस्येति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદાન્તસ્થ જ સંયોગના અન્ત્ય વ્યઞ્જનનો લોપ થાય છે. તેથી स्कन्द् ધાતુને 'प्राक्काले ५-४-४७' થી क्त्वा (त्वा) પ્રત્યય. 'अघोषे० १-३-५०' થી द् ને त् આદેશ થવાથી 'स्कन्त्त्वा' આવો પ્રયોગ થાય છે. અહીં સંયોગ પદમધ્યસ્થ છે, પદાન્તસ્થ નથી. તેથી તેના અન્ત્ય વ્યઞ્જનનો (द् નો) આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ - ચાલીને અથવા શોષીને.॥૮૯॥

## रात् सः २।१।९०॥

પદના અન્તે રહેલા સંયોગ (સંયુક્ત વ્યઞ્જન) સંબંધી र् થી પરમાં રહેલા स् નો જ લોપ થાય છે. चिकीर्ष् (कृ+ सन्+क्विप्) અને कटचिकीर्ष् નામને सि પ્રત્યય. 'दीर्घङ्या० १-४-४५' થી सि નો લોપ. આ સૂત્રથી ष् (स्) નો લોપ...: વગેરે કાર્ય થવાથી 'चिकीः' અને 'कटचिकीः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કરવાની ઈચ્છાવાળો. સાદડી - ચટઈ કરવાની ઈચ્છાવાળો. स एवेति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદાન્તસ્થ સંયોગ સમ્બન્ધી र् થી પરમાં રહેલા स् નો જ (વ્યઞ્જન માત્રનો નહિ) લોપ થાય છે. તેથી ऊर्ज् ધાતુને 'दिद्युद् - दद्रुद्० ५-२-८३' થી (भ्राजादि ગણપાઠ પઠિત હોવાથી) क्विप् (०) પ્રત્યયથી નિષ્પન્ન ऊर्ज् નામને सि પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ सि નો લોપ. 'चजः कगम् २-१-८६' થી ज् ને ग् આદેશ. 'विरामे वा १-३-५१' થી ग् ને क् આદેશ થવાથી ऊर्क् આવો પ્રયોગ થાય છે. અર્થ- શક્તિમાન્. नि+मृज् ધાતુને ह्यस्तनी માં दिव् (त्) પ્રત્યય. 'अड् धातो० ४-४-२९' થી मृज् ની પૂર્વે अट् નો આગમ . 'इवर्णादि० १-२-२१' થી इ ને य् આદેશ. 'लघोरुपान्त्यस्य ४-३-४' થી ऋ ને ગુણ अर् આદેશ. 'मृजोऽस्य० ४-३-४२' થી अर् ના अ ને વૃદ્ધિ आर् આદેશથી નિષ્પન્ન न्यमार्ज्+त् આ અવસ્થામાં

'व्यञ्जना० ४-३-७८' થી त् નો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી સૂ. નં. ૨-૧-૮૭ માં જણાવ્યા મુજબ कंसपरिमृट् ની જેમ 'न्यमार्ट्' આવો પ્રયોગ થાય છે. અહીં र् થી પરમાં स् ન હોવાથી આ સૂત્રનો વિષય નથી. આશય એ છે કે - चिकीः कटचिकीः અહીં स् નો લોપ જેમ આ સૂત્રથી થાય છે, તેમ પૂર્વસૂત્ર 'पदस्य' થી પણ થઈ શકે છે. તેથી આ સૂત્રનું વ્યર્થ પ્રણયન; નિયમ માટે છે. નિયમનું સ્વરૂપ સ્પષ્ટ છે કે - પદાન્તસ્થ સંયોગના र् થી પરમાં રહેલા स् નો જ લોપ થાય. स् ભિન્ન વ્યઞ્જનનો નહિ. જેથી ऊर्क् અને न्यमार्ट् અહીં અનુક્રમે क् અને ट् નો આ સૂત્રથી કે પૂર્વસૂત્રથી (૨-૧-૮૯ થી) લોપ થતો નથી. આ સૂત્રના અભાવમાં चिकीः અને कटचिकीः અહીંની જેમ ऊर्क् અને न्यमार्ट् અહીં પણ પૂર્વ સૂત્રથી क् નો તથા ट् નો લોપ થવાનો પ્રસંગ આવશે એ સમજી શકાય છે. આથી એ પણ સમજી શકાય છે કે આ નિયમ સૂત્ર स्वीयोद्देश्यतावच्छेदकव्यापक રૂપે પૂર્વ સૂત્રાર્થમાં સંકોચ કરતું હોવાથી સૂ. નં. ૨-૧-૮૯ નો અર્થ - "પદાન્તસ્થ સંયોગના र् થી પરમાં રહેલા વ્યઞ્જનથી ભિન્ન અન્ત્યવ્યઞ્જનનો લોપ થાય છે" આ પ્રમાણે છે. તેથી चिकीः कटचिकीः ऊर्क् અને न्यमार्ट् ... ઈત્યાદિ સ્થળો પૂર્વ સૂત્રના उद्देश्यतावच्छेदकाक्रान्त નથી. આવી સ્થિતિમાં चिकीः 'कटचिकीः આવા સ્થળે स् નો લોપ આ સૂત્રથી થાય છે. આ સૂત્રમાં सः આ પ્રમાણે નિર્દેશ ન હોત તો ऊर्क् અને न्यमार्ट् ઈત્યાદિ સ્થળે પણ અન્ત્યવ્યઞ્જનનો લોપ થાત. જે અનિષ્ટ છે ... ઈત્યાદિ સૂ. નં. ૧-૪-૩ માં જણાવેલી રીતે વિચારવું. न्यमार्ट् - સમાધાન કર્યું. ॥૯૦॥

**नाम्नो नोऽनह्नः २।१।९१॥**

પદના અન્તે રહેલા નામના न् નો લોપ થાય છે. પરન્તુ अहन् નામના न् નો લોપ થતો નથી. राजन् નામને सि પ્રત્યય. 'नि दीर्घः १-४-८५' થી राजन् ના अ ને દીર્ઘ आ આદેશ. આ સૂત્રથી राजन्

નામના પદાન્તસ્થ न् નો લોપ થવાથી 'राजा' આવો પ્રયોગ થાય છે. અર્થ - રાજા. 'राज्ञः पुरुषः' આ વિગ્રહમાં ષષ્ઠીતત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી राजन् અને पुरुष નામથી વિહિત ષષ્ઠી અને પ્રથમાનો લોપ. આ સૂત્રથી राजन् નામના પદાન્તસ્થ न् નો લોપ થવાથી નિષ્પન્ન राजपुरुष નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી राजपुरुषः આવો પ્રયોગ થાય છે. અર્થ - રાજાનો પુરુષ. अनह्न इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अहन् નામના न् થી ભિન્ન જ પદાન્તસ્થ નામના न् નો લોપ થાય છે. તેથી अहरेति અહીં अहन् નામથી વિહિત सि નો 'अनतो लुप् ૧-૪-૫૯' થી લુપ્ (લોપ.) 'रो लुप्यरि ૨-૧-૭૫' થી न् ને र् આદેશ થયો છે. અન્યથા આ સૂત્રમાં अनह्नः નું ગ્રહણ ન કર્યું હોત તો અહીં अहन् ના न् નો પણ લોપ થાત - એ સમજી શકાય છે. અર્થ - દિવસ જાય છે. ॥૯૧॥

## नाऽऽमन्त्र्ये २।१।९२॥

સમ્બોધ્યાર્થક (આમન્ત્ર્યાર્થક) નામ સમ્બન્ધી પદાન્તમાં રહેલા न् નો લોપ થતો નથી. राजन् +सि (સમ્બોધનમાં) આ અવસ્થામાં 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ. 'नाम्नो नो० ૨-૧-૯૧' થી न् નો લોપ વિહિત હતો, તેનો આ સૂત્રથી નિષેધ થવાથી हे राजन्! આવો પ્રયોગ થાય છે. અર્થ - હે રાજા.॥૯૨॥

## क्लीबे वा २।१।९३॥

સમ્બોધ્યાર્થક નપુંસકનામ સમ્બન્ધી પદાન્તમાં રહેલા न् નો લોપ વિકલ્પથી થાય છે. दामन् નામને સમ્બોધનમાં सि પ્રત્યય. 'अनतो लुप् ૧-૪-૫૯' થી सि નો લોપ. આ સૂત્રથી न् નો લોપ થવાથી हे दाम! આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી न् નો લોપ ન થાય ત્યારે हे दामन्! આવો પ્રયોગ થાય છે. અર્થ - હે માળા!॥૯૩॥

## मावर्णान्तोपान्तापञ्चमवर्गान् मतो र्मो वः २।१।९४॥

म् અથવા अ વર્ણ (અ, આ ) જેના અન્તમાં કે ઉપાન્તમાં છે; તેમંજ પઞ્ચમવર્ણને છોડીને અન્ય વર્ગીય વ્યઞ્જન અન્તમાં છે જેના એવા નામથી પરમાં રહેલા मतु ના म् ને व् આદેશ થાય છે. किम् शमी वृक्ष माला अहन् भास् અને मरुत् આ ક્રમશઃ म् અન્તવાળા, म् ઉપાન્તવાળા, अ અન્તવાળા; आ અન્તવાળા, अ ઉપાન્તવાળા અને પઞ્ચમવ્યઞ્જન ભિન્ન વર્ગીય વ્યઞ્જન અન્તવાળા નામોને के यस्य सन्ति यस्मिन्; शमी यत्राऽस्ति... ઈત્યાદિ અર્થમાં 'तदस्या० ७-२-१' થી मतु (मत्) પ્રત્યય. किम् વગેરે નામોથી વિહિત પ્રથમા વિભક્તિનો 'ऐकार्थ्ये ३-२-८' થી લોપ. આ સૂત્રથી मतु ના म् ને व् આદેશ. किम् ના म् ને 'तौ मुमौ० १-३-१४' થી અનુસ્વાર. 'रा लुप्यरि २-१-७५' થી अहन् ના न् ને र् આદેશ થવાથી નિષ્પન્ન किंवत् शमीवत् वृक्षवत् मालावत् अहर्वत् भास्वत् मरुत्वत् નામને सि પ્રત્યય. 'ऋदुदितः १-४-७०' થી व ના अ ની પરમાં न् નો આગમ. 'अभ्वादे० १-४-९०' થી व ના अ ને દીર્ઘ 'आ' આદેશ. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. 'पदस्य० २-१-८९' થી द् નો લોપ થવાથી ક્રમશઃ 'किंवान्' ; 'शमीवान्'; 'वृक्षवान्'; 'मालावान्'; 'अहर्वान्'; 'भास्वान्'; અને 'मरुत्वान्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- થોડી સમ્પત્તિવાળો. શમીનામની લતાવાળો. વૃક્ષવાળો. માળાવાળો. દિવસવાળો. સૂર્ય. ઈન્દ્ર. (भास्वान् આ પ્રયોગમાં તેમજ मरुत्वान् અહીં 'नाम सिद० १-१-२१' થી પ્રાપ્ત પદસંજ્ઞાનો 'न स्तं मत्वर्थे १-१-२३' થી નિષેધ થયો છે. તેથી स् ને र् આદેશ અને त् ને द् આદેશ થતો નથી.) ॥९४॥

## नाम्नि २।१।९५॥

मतु પ્રત્યયાન્ત નામ કોઈનું નામ હોય તો તે સંજ્ઞાના વિષયમાં मतु

ના म् ને व् આદેશ થાય છે. अहि અને मुनि નામને 'नद्यां मतुः ६-२-७२' થી मतु (मत्) પ્રત્યય. આ સૂત્રથી मतु ના म् ને व् આદેશ. 'अधातूदृदितः २-४-२' થી अहिवत् અને मुनिवत् નામને ङी પ્રત્યય. 'अनजिरादौ० ३-२-७८' થી इ ને દીર્ઘ ई આદેશ. अहीवती અને मुनीवती નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'अहीवती' અને 'मुनीवती' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - અહીવતી નદી. મુનીવતી નદી.॥૯૫॥

**चर्मण्वत्यष्ठीवच्चक्रीवत्कक्षीवद्रुमण्वत् २।१।९६॥**

चर्मण्वती अष्ठीवत् चक्रीवत् कक्षीवत् અને रुमण्वत् આ मतु પ્રયત્યાન્ત નામોનું સંજ્ઞાના વિષયમાં નિપાતન કરાય છે. અર્થાદ્ તે તે પ્રયોગાનુસાર યથાપ્રાપ્ત સૂત્ર વિહિત કાર્ય થતું નથી અને સૂત્રથી વિહિત ન હોય એવું પણ કાર્ય થાય છે. चर्मन् નામને 'नद्यां मतुः ६-२-७२' થી मतु (मत्) પ્રત્યય. 'अधातू० २-४-२' થી चर्मन्मत् નામને ङी (ई) પ્રત્યય. 'मावर्णान्तो० २-१-९४' થી मतु ના म् ને व् આદેશ. આ સૂત્રથી નિપાતનના કારણે 'नाम्नो नो० २-१-९१' થી પ્રાપ્ત न् નો લોપ ન થવાથી તેમજ અપ્રાપ્ત એવા પણ न् ને ण् આદેશ થવાથી चर्मण्वती આવો પ્રયોગ થાય છે. અર્થ - ચર્મણ્વતી નામની નદી. अस्थि चक्र कक्ष्या અને लवण નામને 'तदस्या० ७-२-१' થી मतु પ્રત્યય. अस्थि+मत् આ અવસ્થામાં 'नाम्नि २-१-९५' થી मतु ના म् ને व् આદેશ. चक्र कक्ष्या અને लवण નામની પરમાં રહેલા मतु ના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશ. આ સૂત્રથી નિપાતનના કારણે अस्थि ને अष्ठी આદેશ. चक्र ને चक्री આદેશ. कक्ष्या ને कक्षी આદેશ અને लवण ને रुमण् આદેશ થવાથી अष्ठीवत् चक्रीवत् कक्षीवत् અને रुमण्वत् નામ બને છે. તેને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી સૂ. નં. ૨-૧-૯૪ માં જણાવ્યા મુજબ किंवान् વગેરેની જેમ 'अष्ठीवान् जानुः'; 'चक्रीवान् खरः'; 'कक्षीवान् ऋषिः' અને 'रुमण्वान् गिरिः' આવો

પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - જંઘા સાથળનું સન્ધિસ્થાન. ગધેડો. ઋષિવિશેષ. પર્વત વિશેષ. ॥૯૬॥

### उदन्वानब्धौ च २।१।९७॥

ઉદનૂવાન્ આ પ્રમાણે મતુ પ્રત્યયાન્ત નામની સંજ્ઞાના વિષયમાં તેમજ જલના આધાર સ્વરૂપ અર્થને જણાવવામાં નિપાતન કરાય છે. उदक નામને 'तदस्या० ७-२-१' થી મતુ પ્રત્યય. આ સૂત્રથી નિપાતનના કારણે उदक ને उदन् આદેશ. 'मावर्णान्तो० २-१-९४' થી મતુ ના म् ને व् આદેશ. उदन्वत् નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી સૂ.નં. ૨-૧-૯૪ માં જણાવ્યા મુજબ किंवान् ની જેમ 'उदन्वान्' આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘડો; સમુદ્ર; ઋષિ અથવા તે નામનો આશ્રમ. ॥૯૭॥

### राजन्वान् सुराज्ञि २।१।९८॥

'સારો રાજાવાલો' આવા અર્થમાં મતુ પ્રત્યયાન્ત राजन्वान् આ પ્રમાણે નિપાતન કરાય છે. राजन् નામને 'तदस्या० ७-२-१' થી મતુ (मत्) પ્રત્યય. 'मावर्णान्तो० २-१-९४' થી મતુ ના म् ને व् આદેશ. 'नाम्नो नो० २-१-९१' થી પ્રાપ્ત न् નો લોપ, આ સૂત્રથી નિપાતનના કારણે ન થવાથી નિષ્પન્ન राजन्वत् નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી સૂ. નં. ૨-૧-૯૪ માં જણાવ્યા મુજબ किंवान् ની જેમ 'राजन्वान् देशः' આવો પ્રયોગ થાય છે. राजन्वत् નામને સ્ત્રીલિંગમાં 'अधातू० २-१-२' થી ङी (ई) પ્રત્યય. राजन्वती નામને जस् પ્રત્યયાદિ કાર્ય થવાથી 'राजन्वत्यः प्रजाः' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સારા રાજાવાલો દેશ. સારા રાજાવાલી પ્રજા. ॥૯૮॥

## नोर्म्यादिभ्यः २।१।९९॥

'ऊर्मि' છે આદિમાં જેના એવા ઊર્મ્યાદિ ગણપાઠમાંના ऊर्मि વગેરે નામથી વિહિત मतु પ્રત્યયના म् ને व् આદેશ થતો નથી. ऊर्मि અને दल्मि નામને 'तदस्या० ७-२-१' થી मतु (मत्) પ્રત્યય. 'मावर्णान्तो-० २-१-९४' થી मतु ના म् ને व् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'ऊर्मिमान्' અને 'दल्मिमान्' આવો પ્રયોગ થાય છે. (જૂઓ સૂ. નં. ૨-૧-૯૪) અર્થક્રમશઃ- તરઙ્ગવાળો. યૂથ- ટોળું. ॥૯૯॥

## मास- निशाऽऽसनस्य शसादौ लुग्वा २।१।१००॥

शस् વગેરે સ્યાદિ પ્રત્યય (शस् થી सु સુધીના પ્રત્યય) પરમાં હોય તો તેની પૂર્વેના मास निशा અને आसन શબ્દોના અન્ત્ય સ્વરનો વિકલ્પથી લોપ થાય છે. मास+शस् આ અવસ્થામાં આ સૂત્રથી मास નામના અન્ત્ય સ્વર 'अ' નો લોપ. 'सोरुः २-१-७२' થી शस् ના स् ને रु આદેશાદિ કાર્ય થવાથી 'मासः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી અન્ત્યસ્વર अ નો લોપ ન થાય ત્યારે मास નામના अ ને शस् ના अ ની સાથે 'शसोऽता० १-४-४९' થી દીર્ઘ आ આદેશ તથા शास् ના स् ને न् આદેશ થવાથી 'मासान्' આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે निशा+शस् આ અવસ્થામાં આ સૂત્રથી 'आ' નો લોપ થવાથી 'निशः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आ નો લોપ ન થવાથી 'निशाः' આવો પ્રયોગ થાય છે. आसन+ङि (इ) આ અવસ્થામાં આ સૂત્રથી आसन નામના અન્ત્ય 'अ' નો લોપ થવાથી 'आसनि' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી અન્ત્ય अ નો લોપ ન થાય ત્યારે अ ને इ ની સાથે 'अवर्णस्ये० १-२-६' થી ए આદેશ થવાથી 'आसने' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મહિનાઓને. રાત્રિઓને. આસન

ઉપર.॥૧૦૦॥

**दन्तपादनासिकाहृदयासृग्यूषोदकदोर्यकृच्छकृतो दत् पन्नस्हृदसन्यूषन्नुदन्दोषन्यकञ्छकन् वा २।१।१०१॥**

शस् વગેરે સ્યાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दन्त ને दत्; पाद ને पद्; नासिका ને नस्; हृदय ને हृद्; असृज् ને असन्; यूष ને यूषन्; उदक ને उदन्; दोष् ને दोषन्; यकृत् ને यकन् અને शकृत् ને शकन् આદેશ વિકલ્પથી થાય છે. दन्त+शस् અને पाद+शस् આ અવસ્થામાં આ સૂત્રથી दन्त ને दत् અને पाद ને पद् આદેશાદિ કાર્ય થવાથી 'दतः' અને 'पदः' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી दत् અને पद् આદેશ ન થાય ત્યારે; પૂર્વ સૂત્રમાં જણાવ્યા મુજબ मासान् ની જેમ 'दन्तान्' અને 'पादान्' આવો પ્રયોગ થાય છે. नासिका નામને टा (आ) પ્રત્યય. આ સૂત્રથી नासिका ને नस् આદેશ થવાથી 'नसा' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી नस् આદેશ ન થાય ત્યારે 'टौस्येत् १-४-१९' થી नासिका ના અન્ત્ય आ ને ए આદેશાદિ કાર્ય થવાથી 'नासिकया' આવો પ્રયોગ થાય છે. हृदय નામને ङि (इ) પ્રત્યય. આ સૂત્રથી हृदय ને 'हृद्' આદેશ થવાથી 'हृदि' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી हृद् આદેશ ન થાય ત્યારે 'अवर्णस्ये० १-२-६' થી हृदय ના અન્ત્ય अ ને इ ની સાથે ए આદેશ થવાથી 'हृदये' આવો પ્રયોગ થાય છે. असृज् दोष् यकृत् અને शकृत् નામને टा (आ) પ્રત્યય. આ સૂત્રથી असृज् ને असन्; दोष् ને दोषन्, यकृत् ને यकन् અને शकृत् ને शकन् આદેશ. 'अनोऽस्य २-१-१०८' થી न् ની પૂર્વેના 'अ' નો લોપ થવાથી તેમજ दोषन् ના न् ને 'रषृवर्णा० २-३-६३' થી ण् આદેશ થવાથી 'अस्ना'; 'दोष्णा'; 'यक्ना' અને 'शक्ना' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી असन् दोषन् यकन् અને शकन् આદેશ ન થાય ત્યારે 'असृजा'; 'दोषा'; 'यकृता' અને 'शकृता' આવો પ્રયોગ થાય છે. यूष અને

उदक નામને टा (आ) પ્રત્યય. આ સૂત્રથી यूष ને यूषन् અને उदक ને उदन् આદેશ. ઉપર જણાવ્યા મુજબ न् ની પૂર્વેના अ નો લોપ. यूषन् ના न् ને ण् આદેશ થવાથી 'यूष्णा' અને 'उद्ना' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં यूषन् અને उदन् આવો આદેશ ન થાય ત્યારે 'टाङसोरिनस्यौ ૧-૪-૫' થી टा ને इन આદેશાદિ કાર્ય થવાથી 'यूषेण' અને 'उदकेन' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દાંતોને. પગોને. નાકથી. હૃદયમાં. લોહીથી. વાળના કીડાથી. પાણીથી. ભૂજા = હાથથી. યકૃત (પ્લીહા) થી. વિષ્ટાથી. ॥૧૦૧॥

## य- स्वरे पादः पदणिक्य-घुटि २।१।१०२॥

णि क्य અને घुट् પ્રત્યયોને છોડીને અન્ય य् છે આદિમાં જેના અથવા સ્વર છે આદિમાં જેના એવો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા, पाद् શબ્દ જેના અન્તમાં છે એવા શબ્દના અન્તમાં રહેલા पाद् ને पद् આદેશ થાય છે. 'व्याघ्रस्येव पादावस्य' આ વિગ્રહમાં व्याघ्र નામને पाद નામની સાથે બહુવ્રીહિ સમાસ.. 'पात् पादस्या० ૭-૩-૧૪૮' થી पाद ને पाद् આદેશથી નિષ્પન્ન व्याघ्रपाद् નામને 'गगदिर्यञ् ૬-૧-૪૨' થી અપત્યાર્થક यञ् (य) પ્રત્યય. "य्वः पदान्तात्० ૭-૪-૫' થી व्याघ्रपाद् ના य् ની પૂર્વે ऐ નો આગમ. આ સૂત્રથી पाद् ને पद् આદેશ થવાથી वैयाघ्रपद्य નામ બને છે. તેને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'वैयाघ्रपद्यः' આવો પ્રયોગ થાય છે. અર્થ - વાઘના પગ જેવા પગ છે જેના તેનો પુત્ર. द्वौ पादौ एषाम् આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસ. 'सु संख्यात् ૭-૩-૧૫૦' થી पाद ને पाद् આદેશથી નિષ્પન્ન द्विपाद् નામને शस् પ્રત્યય. આ સૂત્ર થી पाद् ને पद् આદેશાદિ કાર્ય થવાથી द्विपदः पश्य આવો પ્રયોગ થાય છે. અર્થ - બે પગવાળાઓને જો. पाद નામને આચક્ષાણાર્થમાં 'णिज् बहुलं० ૩-૪-૪૨' થી णिज् (इ) પ્રત્યય. 'त्र्यन्त्यस्वरादेः ૭-૪-૪૩' થી पाद ના अ નો લોપ થવાથી નિષ્પન્ન पादि ધાતુને 'क्विप् ૫-૧-૧૪૮' થી क्विप् (૦) પ્રત્યય.

'णेरनिटि ४-३-८३' थी णि नो (इ नो) લોપ. पाद् નામને નપુંસકમાં औ પ્રત્યય. 'औरीः १-४-५१' થી औ ને ई આદેશ. આ સૂત્રથી पाद् ને पद् આદેશ થવાથી 'पदी कुले' આવો પ્રયોગ થાય છે. અર્થ- વેદના પાદ બોલવા વાલા બે કુલો. यस्वर इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ णि क्य અને घुट् પ્રત્યયોથી ભિન્ન यादि અને स्वरादि જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા पाद् અન્તવાલા નામના पाद् ને पद् આદેશ થાય છે. તેથી द्विपाद्+भ्याम् આ અવસ્થામાં णि क्य અને घुट् પ્રત્યયથી ભિન્ન પ્રત્યય પરમાં હોવા છતાં તે यादि કે स्वरादि ન હોવાથી આ સૂત્રથી पाद् ને पद् આદેશ થતો નથી. જેથી 'द्विपाद्भ्याम्' આવો પ્રયોગ થાય છે. અર્થ - બે પગવાલા બેથી. अणिक्यघुटीति किम् ? = આ સૂત્રથી જણાવ્યા મુજબ णि क्य અને घुट् પ્રત્યયથી ભિન્ન જ यादि કે स्वरादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા पाद् અન્તવાલા નામના पाद् ને पद् આદેશ થાય છે. તેથી ઉપર જણાવ્યા મુજબ पादि ધાતુને वर्त्तमान કાળમાં ति પ્રત્યયાદિ કાર્ય થવાથી 'पादयति' આવો પ્રયોગ થાય છે. અહીં पाद् ની પરમાં स्वरादि પ્રત્યય; णि (इ) થી ભિન્ન ન હોવાથી આ સૂત્રથી पाद् ને 'पद्' આદેશ થતો નથી. અર્થ - ઋચાની પાદ બોલે છે. व्याघ्रपादमिच्छति આ અર્થમાં व्याघ्रपाद् નામને 'अमाव्यया० ३-४-२३' થી क्यन् (य) પ્રત્યય. व्याघ्रपाद्य ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. 'कर्त्तर्यन० ३-४-७१' થી तिव् ની પૂર્વે शव् (अ) પ્રત્યય. 'लुगस्या० २-१-११३' થી य ના अ નો લોપ - થવાથી 'व्याघ्रपाद्यति' આવો પ્રયોગ થાય છે. અહીં व्याघ्रपाद् નામની પરમાં રહેલો यादि પ્રત્યય क्य થી ભિન્ન નથી.. તેથી पाद् ને पद् આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થ- વાઘના પગ જેવા પગ છે જેના એવાને ઈચ્છે છે. द्विपाद्+औ આ અવસ્થામાં पादन्त द्विपाद् નામની પરમાં સ્વરાદિ औ પ્રત્યય घुट् થી ભિન્ન ન હોવાથી આ સૂત્રથી पाद् ને पद् આદેશ ન થવાથી द्विपादौ આવો પ્રયોગ થાય છે. અર્થ- બે પગવાળા બે. पदी कुले ઈત્યાદિ સ્થળે पादन्तत्व જે રીતે મનાય છે. તે રીતે ભણાવનાર પાસેથી સમજી

લેવું. ॥૧૦૨॥

## उदच उदीच् २।१।१०३॥

णि क्य અને घुट् પ્રત્યયથી ભિન્ન यादि અને स्वरादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા; न् નો લોપ થયો છે જેમાં એવા उदच् ને उदीच् આદેશ થાય છે. उद+अञ्च् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. 'अञ्चोऽनर्चायाम् ४-२-४६' થી अञ्च् ના न् ના લોપથી નિષ્પન્ન उदच् નામને 'द्युप्राग० ६-३-८' થી 'भवे ६-३-१२३' ની સહાયથી ભવાર્થમાં य પ્રત્યય. આ સૂત્રથી उदच् ને उदीच् આદેશ થવાથી નિષ્પન્ન उदीच्य નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'उदीच्यः' આવો પ્રયોગ થાય છે. उदच् નામને 'अञ्चः २-४-३' થી સ્ત્રીલિંગમાં ङी (ई) પ્રત્યય. આ સૂત્રથી उदच् ને उदीच् આદેશ. उदीची નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'उदीची' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઉત્તર દિશામાં થનાર. ઉત્તરદિશા. अणिक्यघुटीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ णि क्य અને घुट् પ્રત્યયથી ભિન્ન જ यादि અને स्वरादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા न् નો લોપ જેમાં થયો છે એવા उदच् ને उदीच् આદેશ થાય છે. તેથી उदञ्चमाचष्टे આ અર્થમાં उदच् નામને 'णिज् बहुलं ३-४-४२' થી णिज् (इ) પ્રત્યય. 'त्र्यन्त्यस्व० ७-४-४३' થી उदच् ના अच् નો લોપ થવાથી નિષ્પન્ન उदि ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી 'उदयति' આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉત્તર દિશા આ પ્રમાણે બોલે છે. અહીં उदच् ની પરમાં રહેલો સ્વરાદિ પ્રત્યય णि ભિન્ન ન હોવાથી આ સૂત્રથી उदच् ને उदीच् આદેશ થતો નથી. અન્યથા उदीचयति આવો અનિષ્ટ પ્રયોગ થશે - એ સમજી શકાય છે. યદ્યપિ उदच्+णिच् (इ) આ અવસ્થામાં उदच् ને उदीच् આદેશ થઈ જાય તો પણ સૂ. નં. ૭-૪-૪૩ થી અન્ત્યસ્વરાદિ ईच् નો લોપ થવાથી નિષ્પન્ન उदि ધાતુનું उदयति આ રૂપ થઈ શકતું હોવાથી णि પ્રત્યયનું આ સૂત્રમાં વર્જન

કરવાનું નિરર્થક છે. પરન્તુ उदच् ને આ સૂત્રથી વિહિત उदीच् આદેશ વિશેષ વિહિત હોવાથી સૂ.નં. ૭-૪-૪૩ થી अच् નો લોપ કરવા પૂર્વે જ उदीच् આદેશ થયા પછી 'त्र्यन्त्यस्वरादेः ૭-૪-૪૨' થી ईच् નો લોપ થઈ શકશે નહીં. કારણ કે 'सकृद्गते स्पर्द्धे यद् बाधितं तद् बाधितमेव' અર્થાદ્ જે બે સૂત્રોની પ્રાપ્તિ એક સ્થાને છે અને તે બંન્ને સૂત્રો એક બીજાના વિષયને છોડીને અન્યત્ર સાવકાશ છે. (પોતપેતાનું વિહિત કાર્ય કરી શકે છે.) તે બે સૂત્રોમાં સ્પદ્ર્ધા મનાય છે. એતાદૃશ 'अन्यत्र सावकाशयोस्तुल्यबलयोरेकत्रोपनिपातः' સ્વરૂપ સ્પદ્ર્ધા જણાયે છતે, કોઈ કારણસર (વિશેષવિહિતત્વાદિ કારણસર) જેનો એકવાર બાધ થયો છે. તે સૂત્ર; બાધક સૂત્રનાં કાર્ય પછી પણ પ્રવર્ત્તતું નથી - આ નિયમ છે.... ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઈએ. उदञ्चमिच्छति આ અર્થમાં સૂ. નં. ૨-૧-૧૦૨ માં જણાવ્યા મુજબ उदच् નામને क्यन् પ્રત્યયાદિ કાર્ય થવાથી व्याघ्रपादूयति ની જેમ 'उदच्यति' આવો પ્રયોગ થાય છે. અહીં उदच् નામની પરમાં રહેલો यादि પ્રત્યય क्य થી ભિન્ન ન હોવાથી આ સૂત્રથી उदच् ને उदीच् આદેશ થતો નથી. અર્થ - ઉત્તરદિશાને ઈચ્છે છે. उदच् નામને जस् (अस्) પ્રત્યય. 'अचः ૧-૪-૬૯' થી च् ની પૂર્વે न् નો આગમ. न् ને च् ના યોગમાં 'तवर्गस्य० ૧-૩-૬૦' થી ञ् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી उदञ्चः આવો પ્રયોગ થાય છે. અહીં उदच् નામની પરમાં સ્વરાદિ जस् પ્રત્યય घुट् થી ભિન્ન ન હોવાથી આ સૂત્રથી उदच् ને उदीच् આદેશ થતો નથી. અર્થ-ઉલેચવાવાળા. उदच इति किम् ? नि मा भूत् = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ णि क्य અને घुट् પ્રત્યયથી ભિન્ન यादि અથવા स्वरादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા; न् લોપ થયેલા જ उदच् ને उदीच् આદેશ થાય છે. न् હોય તો નથી થતો. उदञ्च्+टा અને उदञ्च्+ङे આ અવસ્થામાં णि क्य અને घुट् પ્રત્યયોથી ભિન્ન સ્વરાદિ પ્રત્યય પરમાં હોવા છતાં પૂજાના વિષયમાં 'अञ्चोऽनर्चायाम् ૪-૨-૪૬' થી न् નો લોપ થયો ન હોવાથી આ સૂત્રથી उदच् ને

उदीच् આદેશ થતો નથી, અર્થ ક્રમશઃ - પૂજકથી. પૂજક માટે. ॥૧૦૩॥

## अच्च् प्राग् दीर्घश्च २।१।१०४॥

णि क्य અને घुट् પ્રત્યયથી ભિન્ન यादि અને स्वरादि પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા, न् નો લોપ જેમાં થયો છે એવા अच् ને च् આદેશ થાય છે, અને ત્યારે अच् ની પૂર્વેના સ્વરને દીર્ઘ આદેશ થાય છે. प्र+अञ्च् અને दधि+अञ्च् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् પ્રત્યય. 'अञ्चो ऽनर्चायाम् ४-२-४६' થી अञ्च् ના न् નો લોપ. प्र+अच् આ અવસ્થામાં 'द्युप्रागपागु० ६-३-८' થી 'भवे ६-३-१२३' ની સહાયથી ભવાર્થમાં य પ્રત્યય. આ સૂત્રથી अच् ને च् આદેશ. તેમજ प्र ના अ ને દીર્ઘ आ આદેશથી નિષ્પન્ન प्राच्य નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'प्राच्यः' આવો પ્રયોગ થાય છે. दधि+अच् આ અવસ્થામાં टा પ્રત્યય. આ સૂત્રથી अच् ને च् આદેશ તેમજ दधि ના इ ને દીર્ઘ ई આદેશ થવાથી 'दधीचा' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પૂર્વદિશામાં થનાર. દહીં મેળવનારથી. अणिक्यघुटीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ यादि અને स्वरादि પ્રત્યય णि क्य અને घुट् પ્રત્યયથી ભિન્ન હોય તોજ તેની પૂર્વે રહેલા; न् નો લોપ જેમાં થયો છે તેવા अच् ને च् આદેશ થાય છે અને ત્યારે अच् ની પૂર્વેના સ્વરને દીર્ઘ થાય છે. તેથી दध्ययति; दध्यच्यति અને दध्यञ्चः અહીં અનુક્રમે णि क्यन् અને घुट्-जस् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી च् આદેશાદિ કાર્ય થતું નથી. પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ૨-૧-૧૦૩ માં उदयति ઈત્યાદિ. અર્થ ક્રમશઃ- દહીં પ્રાપ્ત કરનારને કહે છે. દહીં મેળવનારને ઈચ્છે છે. દહીં મેળવાનારા. अचिति किम् ? - नि मा भूत = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ णि क्य અને घुट् પ્રત્યયથી ભિન્ન यादि અને स्वरादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા न् નો લોપ જેમાં થયો છે તેવા જ अच् ને च् આદેશ થાય છે અને ત્યારે अच् ની પૂર્વેના સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી न् નો

લોપ જયાં થતો નથી એવા સ્થળે अच् ને च् આદેશાદિ કાર્ય થતું નથી. જેથી साधु+अञ्च् + टा આ અવસ્થામાં साध्वञ्चा આવો પ્રયોગ થાય છે. અહીં પૂજાના વિષયમાં 'अञ्चोऽन० ૪-૨-૪૬' થી अञ्च् ના न् નો લોપ થતો નથી. અર્થ - સુંદર પૂજકથી ॥૧૦૪॥

## क्वसुष्मतौ च २।१।१०५॥

णि क्य અને घुट् પ્રત્યયથી ભિન્ન यादि અને स्वरादि પ્રત્યય પરમાં હોય તો; તેમજ मतु પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા क्वस् ને उष् આદેશ થાય છે. विद् ધાતુને 'वा वेत्तेः क्वसुः ૫-૨-૨૨' થી क्वस् (वस्) પ્રત્યયથી નિષ્પન્ન विद्वस् નામને 'तत्र साधौ ૭-૧-૧૫' થી य પ્રત્યય. આ સૂત્રથી क्वस् ને उष् આદેશ. विदुष्य નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી "विदुष्यः' આવો પ્રયોગ થાય છે. અર્થ - વિદ્વાનોમાં શ્રેષ્ઠ. विद्वस् + टा આ સૂત્રથી क्वस् ને उष् આદેશ થવાથી 'विदुषा' આવો પ્રયોગ થાય છે. અર્થ - વિદ્વાન્‌થી. विद्वस् નામને 'तदस्या० ૭-૨-૧' થી मतु પ્રત્યય. આ સૂત્રથી क्वस् ને उष् આદેશ થવાથી विदुष्मत् નામ બને છે. તેને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'विदुष्मान्' આવો પ્રયોગ થાય છે. (જૂઓ સૂ.નં. ૨-૧-૯૪) અર્થ - વિદ્વાનોનું સ્થાન. अणिक्यघुटीत्येव- આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ णि क्य અને घुट् પ્રત્યયથી ભિન્ન જ यादि-स्वरादि અને मतु પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા क्वस् ને उष् આદેશ થાય છે. તેથી विद्वांसमाचष्टे આ અર્થમાં विद्वस् નામને णिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી 'विद्वयति' આવો પ્રયોગ થાય છે. विद्वांसमिच्छति આ અર્થમાં विद्वस् નામને क्यन् પ્રત્યયાદિ કાર્ય થવાથી विद्वस्यति આવો પ્રયોગ થાય છે. विद्वस् નામને जस् પ્રત્યયાદિ કાર્ય થવાથી 'विद्वांसः' આવો પ્રયોગ થાય છે. અહીં અનુક્રમે णि क्य અને घुट्-जस् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી क्वस् ને उष् આદેશ થતો નથી. પ્રક્રિયા

માટે જૂઓ સૂ. નં. ૨-૧-૧૦૩ માં उदयति અને उदच्यति તેમજ સૂ. નં. ૧-૪-૭૦ માં विद्वान्. અર્થ ક્રમશઃ - વિદ્વાનને કહે છે. વિદ્વાનને ઈચ્છે છે. વિદ્વાનો. ॥૧૦૫॥

## श्वन् - युवन् - मघोनो ङी-स्याद्यघुट्स्वरे व उः २।१।१०६॥

ङी (ई) પ્રત્યય તેમજ घुट् પ્રત્યયને છોડીને અન્ય स्वरादि-स्यादि પ્રત્યય પરમાં હોય તો श्वन् युवन् અને मघवन् નામના व ને (અહીં સૂત્રમાં मघोनो આ પ્રમાણે નિર્દેશ હોવાથી સ્વર સહિત व् ને; અન્યથા કેવલ व् નું ગ્રહણ કરીએ તો मघोनो આ નિર્દેશ સઙ્ગત નહીં થાય.) उ આદેશ થાય છે. श्वन् अतियुवन् અને मघवन् નામને 'स्त्रियां नृतो० ૨-૪-૧' થી સ્ત્રીલિંગમાં ङी (ई) પ્રત્યય . આ સૂત્રથી व ને उ આદેશ. उ ની સાથે उ ને 'समानानां० ૧-૨-૧' થી દીર્ઘ ऊ આદેશ. मघवन् ના घ ના अ ને उ ની સાથે 'अवर्णस्ये० ૧-૨-૬' થી ओ આદેશથી નિષ્પન્ન शुनी अतियूनी અને मघोनी નામને सि પ્રત્યય. 'दीर्घङ्याब्० ૧-૪-૪૫' થી सि નો લોપ થવાથી 'शुनी'; 'अतियूनी' અને 'मघोनी' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કુતરી. યુવાનને જીતવાવાળી સ્ત્રી. ઈન્દ્રાણી. श्वन् युवन् અને मघवन् નામને (ઘુટ્‌ભિન્ન સ્વરાદિ) शस् પ્રત્યય. આ સૂત્રથી व ને उ આદેશાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી 'शुनः' 'यूनः' અને 'मघोनः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કુતરાઓને. યુવાનોને. ઈન્દ્રોને. ङीस्याद्यघुट्स्वर इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ङी અને घुट् પ્રત્યય થી ભિન્ન સ્વરાદિ स्यादि પ્રત્યય પરમાં હોય તો જ તેની પૂર્વે રહેલા श्वन्; युवन् અને मघवन् નામના व ને उ આદેશ થાય છે. તેથી 'तस्येदम् ६-३-१६०' થી श्वन् युवन् અને मघवन् નામને अण् પ્રત્યય. 'द्वारादेः ૭-૪-६' થી श्वन् ના व् ની પૂર્વે औ નો આગમ. 'वृद्धिः स्वरे० ૭-૪-૧' થી युवन् અને मघवन् ના આદ્ય સ્વર उ ને વૃદ્ધિ 'औ' અને अ ને વૃદ્ધિ 'आ' આદેશથી નિષ્પન્ન

शौवन यौवन अने माघवन नामने नपुंसकमां सि प्रत्ययादि कार्य थवाथी 'शौवनम्' 'यौवनम्' अने 'माघवनम्' आवो प्रयोग थाय छे. अहीं ङी अथवा घुट् भिन्न स्वरादि स्यादि प्रत्यय परमां न होवाथी आ सूत्रथी व ने उ आदेश थतो नथी. अर्थक्रमशः- कुतरानुं. यौवन (युवाननुं ). ઈन्द्रनुं. ॥१०६॥

## लुगातोऽनापः २।१।१०७॥

ङी प्रत्यय परमां होय अथवा घुट् भिन्न स्वरादि स्यादि प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला आप् प्रत्ययथी भिन्न आ नो लोप थाय छे. कीलालपा+शस् अने हाहा+ङे (ए) आ अवस्थामां शस् अने ङे. प्रत्ययनी पूर्वेना आ नो आ सूत्रथी लोप ... वगेरे कार्य थवाथी 'कीलालपः' अने 'हाहे' देहि आवो प्रयोग थाय छे. अर्थक्रमशः - पाणी पीनाराओने. गन्धर्वने आप. अनाप इति किम् ?= आ सूत्रथी उपर जणाव्या मुजब ङी प्रत्यय परमां होय अथवा घुट् भिन्न स्वरादि स्यादि प्रत्यय परमां होय तो तेनी पूर्वेना आप् प्रत्ययथी भिन्न ज आ नो लोप थाय छे. तेथी शाला+शस् (अस्) आ अवस्थामां शाल नामने 'आत् २-४-१८' थी विहित आप् प्रत्ययान्त शाला नामना आ (आप्) नो आ सूत्रथी लोप न थवाथी 'शसोऽता० १-४-४९' थी शस् ना अ नी साथे तेनी पूर्वेना आ ने 'आ' आदेशादि कार्य थवाथी शालाः आवो प्रयोग थाय छे. अर्थ- शाळाओने.॥१०७॥

## अनोऽस्य २।१।१०८॥

ङी प्रत्यय परमां होय अथवा घुट् भिन्न स्वरादि स्यादि प्रत्यय परमां होय तो अन् ना अ नो लोप थाय छे. राजन् नामने स्त्रीलिंगमां 'स्त्रियां नृतो० २-४-१' थी ङी प्रत्यय. आ सूत्रथी राजन् ना अ नो लोप. 'तवर्गस्य० १-३-६०' थी ज् ना योगमां न् ने ञ् आदेशथी निष्पन्न राज्ञी नामने सि प्रत्ययादि कार्य थवाथी 'राज्ञी' आवो

પ્રયોગ થાય છે. અર્થ - રાણી. राजन् નામને शस् પ્રત્યય. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अन् ના 'अ' નો લોપ... વગેરે કાર્ય થવાથી 'राज्ञः' આવો પ્રયોગ થાય છે. અર્થ - રાજાઓને. ॥૧૦૮॥

## ई ङौ वा २।१।१०९॥

ई (औ ના સ્થાને નપુંસકમાં પ્ર. દ્વિ. ના દ્વિવચનમાં થયેલ ई) પ્રત્યય. તેમજ ङि (इ) પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अन् ના अ નો વિકલ્પથી લોપ થાય છે. सामन्+औ (નપુંસકમાં) અને राजन्+ङि; આ અવસ્થામાં 'औरीः १-४-५६' થી औ ને ई આદેશ. આ સૂત્રથી अन् ના अ નો લોપ. 'तवर्गस्य० १-३-६०' થી ज् ના યોગમાં न् ને ञ् આદેશ થવાથી 'साम्नी' અને 'राज्ञि' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી अन् ના अ નો લોપ ન થાય ત્યારે 'सामनी' અને 'राजनि' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે સામવેદ. રાજામાં ॥૧૦૯॥

## षादि - हन् - धृतराज्ञो ऽ णि २।१।११०॥

अण् (अ) પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ष् થી પરમાં રહેલા अन् ના अ નો; हन् ના अन् ના अ નો અને धृतराजन् સમ્બન્ધી अन् ના अ નો લોપ થાય છે. उक्षन् तक्षन् भ्रूणहन् અને धृतराजन् નામને 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् (अ) પ્રત્યય. આ સૂત્રથી अण् ની પૂર્વે રહેલા अन् ના अ નો લોપ. 'रषृवर्णा० २-३-६३' થી ष् ની પરમાં રહેલા न् ને ण् આદેશ. 'तवर्गस्य० १-३-६०' થી ज् ના યોગમાં न् ને ञ् આદેશ. 'हनो ह्नो घ्नः २-१-११' થી ह्न् ને घ्न् આદેશ. 'वृद्धिः स्वरेष्वा० ७-४-१' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ, अ ને વૃદ્ધિ आ, ऊ ને વૃદ્ધિ औ અને ऋ ને વૃદ્ધિ आर् આદેશ થવાથી નિષ્પન્ન औक्ष्ण ताक्ष्ण भ्रौणघ्न અને धार्तराज्ञ નામને

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'औक्ष्णः; ताक्ष्णः; भ्रौणघ्नः અને धार्तराज्ञः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બળદનું સન્તાન. કર્મકારનું સન્તાન. બાલહત્યારાનું સન્તાન. ધૃતરાજાનું સન્તાન. ॥૧૧૦॥

**न व - मन्तसंयोगात् २।१।१११॥**

व् જેના અન્તમાં છે અથવા म् જેના અન્તમાં છે એવા સંયોગ (સંયુક્તવ્યઞ્જન) થી પરમાં રહેલા अन् ના अ નો લોપ થતો નથી. અર્થાદ્ વ્યઞ્જનથી પરમાં રહેલા व् અથવા म् થી પરમાં રહેલા अन् ના अ નો લોપ થતો નથી. पर्वन्+टा(आ) આ અવસ્થામાં 'अनोऽस्य २-१-१०८' થી अन् ના अ નો લોપ થવાનો હતો, તેનો આ સૂત્રથી નિષેધ થવાથી 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् આદેશ થયા બાદ, 'पर्वणा' આવો પ્રયોગ થાય છે. कर्मन्+औ આ અવસ્થામાં 'औरीः १-४-५६' થી औ ને ई આદેશ. 'ई ङौ वा २-१-१०९' થી પ્રાપ્ત अन् ના अ ના લોપનો આ સૂત્રથી નિષેધ. ઉપર જણાવ્યા મુજબ न् ને ण् આદેશ થવાથી 'कर्मणी' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - પર્વથી. બે કર્મો ॥૧૧૧॥

**हनो ह्नो घ्नः २।१।११२॥**

हन् ધાતુના ह्न् ને 'घ्न्' આદેશ થાય છે. भ्रूणहन् નામને 'स्त्रियां नृतो० २-४-१' થી ङी (ई) પ્રત્યય. 'अनोऽस्य २-१-१०८' થી अन् ના अ નો લોપ. આ સૂત્રથી ह्न् ને घ्न् આદેશ. भ्रूणघ्नी નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી 'भ्रूणघ्नी' આવો પ્રયોગ થાય છે. અર્થ - બાલહત્યાકરનારી. हन् ધાતુને વર્ત્તમાનામાં अन्ति પ્રત્યય. 'गमहनजन० ४-२-४४' થી हन् ના अ નો લોપ. આ સૂત્રથી ह्न् ને घ्न् આદેશ થવાથી 'घ्नन्ति' આવો પ્રયોગ થાય છે. અર્થ- તેઓ મારે છે. ह्न इति किम् ? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ हन् ના ह्न् ને જ घ्न्

આદેશ થાય છે. (हन् ને નહિ.) તેથી वृत्रहन्+औ આ અવસ્થામાં न् ને 'रषृवर्णा० २-३-६३' થી ण् આદેશ થવાથી 'वृत्रहणौ' આવો પ્રયોગ થાય છે. અહીં हन् નો ह्न् ન હોવાથી આ સૂત્રથી घ्न् આદેશ થતો નથી. અર્થ - બે ઈન્દ્રો.॥૧૧૨॥

## लुगस्यादेत्यपदे २।१।११३॥

પદના આદિમાં ન હોય એવો अ અને ए પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अ નો લોપ થાય છે. तद् નામને પુલ્લિંગમાં सि પ્રત્યય. 'आद्वेरः २-१-४१' થી द् ને अ આદેશ. આ સૂત્રથી त ના अ નો લોપ. 'तः सौ सः २-१-४२' થી त् ને स् આદેશાદિ કાર્ય થવાથી 'सः' આવો પ્રયોગ થાય છે. અર્થ- તે. पच् ધાતુને વર્ત્તમાનામાં પરસ્મૈપદમાં अन्ति પ્રત્યય અને આત્મનેપદમાં ए પ્રત્યય. 'कर्त्तर्यन० ३-४-७२' થી शव् (अ) વિકરણ પ્રત્યય. આ સૂત્રથી शव् (अ) નો લોપ થવાથી पचन्ति અને 'पचे' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ તેઓ રાંધે છે. હું રાંધુ છું. अपद इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદના આદિમાં ન જ હોય એવો अ અથવા ए પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अ નો લોપ થાય છે. તેથી दण्डस्य+अग्रम् આ વિગ્રહમાં दण्ड નામને; अग्र નામની સાથે તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી दण्डाग्रम् આવો પ્રયોગ થાય છે. અહીં વિગ્રહવાક્યની અપેક્ષાએ अग्र નો આદ્ય अ પદની આદિમાં હોવાથી સમાસ ની અપેક્ષાએ તે પદની આદિમાં ન હોવા છતાં તેની પૂર્વેના दण्ड ના અન્ત્ય अ નો લોપ આ સૂત્રથી થતો નથી. અર્થ - દણ્ડનો અગ્રભાગ.॥૧૧૩॥

## डित्यन्त्यस्वरादेः २।१।११४॥

इ् इत् છે જેમાં એવો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા

શબ્દનો અન્ત્ય સ્વર જેના આદિમાં છે તે વર્ણ સમુદાયનો લોપ થાય છે. मुनि અને साधु નામને ङि પ્રત્યય. 'ङि डौं ૧-૪-૨૫' થી ङि ને डौ આદેશ. આ સૂત્રથી डित् डौ (औ) પ્રત્યયની પૂર્વેના मुनि અને साधु શબ્દના અન્ત્યસ્વરાદિ इ અને उ નો લોપ થવાથી 'मुनौ' અને 'धेनौ' આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે पितृ નામને ङस् પ્રત્યય. 'ऋतो डुर् ૧-૪-૩૭' થી ङस् ને डुर् (उर्) આદેશ. આ સૂત્રથી ऋ નો લોપ વગેરે કાર્ય થવાથી 'पितुः' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - મુનિમાં. સાધુમાં. પિતાનું ..॥૧૧૪॥

**अवर्णादश्नोन्तो वाऽतुरीङ्योः २।१।११५॥**

श्ना સમ્બન્ધી आ ને છોડીને અન્ય अ વર્ણથી (અ, આથી) પરમાં રહેલા 'अतृ' ને; તેની પરમાં ई અથવા ङी (ई) પ્રત્યય હોય તો વિકલ્પથી 'अन्त्' આદેશ થાય છે. तुद् અને भा ધાતુને 'शत्रानशा० ૫-૨-૨૦' થી शतृ (अत् ) પ્રત્યય. 'तुदादेः शः ३-४-८१' થી तुद् ધાતુની પરમાં शं (अ) વિકરણ પ્રત્યય. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી तुद ના अ નો લોપ. अत् ના अ ની સાથે भा ના आ ને 'समानानां० ૧-૨-૧' થી દીર્ઘ आ આદેશથી નિષ્પન્ન तुदत् અને भात् નામને સ્ત્રીલિંગમાં 'स्त्रियां नृतो० ૨-૪-૧' થી ङी પ્રત્યય. આ સૂત્રથી अतृ (अत्) ને अन्त् આદેશાદિ કાર્ય થવાથી 'तुदन्ती' અને 'भान्ती' આવો પ્રયોગ થાય છે. તેમજ तुदत् અને भात् નામને નપુંસકલિંગમાં औ પ્રત્યય. 'औरीः ૧-૪-૫૬' થી औ ને ई આદેશ. આ સૂત્રથી अतृ ને अन्त् આદેશ થવાથી 'तुदन्ती' અને 'भान्ती' આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી अतृ ને अन्त् આદેશ ન થાય ત્યારે 'तुदती' અને भाती આવો પ્રયોગ બંન્ને સ્થાને થાય છે. અર્થક્રમશઃ - પીડા કરનારા બે કુલો. પીડા કરનારી સ્ત્રી. શોભતા બે કુલો. શોભનારી સ્ત્રી. अवर्णादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ श्ना સમ્બન્ધી आ થી ભિન્ન अ વર્ણથી જ પરમાં રહેલા अतृ ને; તેની

પરમાં ई અથવા ङी પ્રત્યય હોય તો વિકલ્પથી 'अन्त्' આદેશ થાય છે. તેથી अद् ધાતુને ઉપર જણાવ્યા મુજબ शतृ પ્રત્યયથી નિષ્પન્ન अदत् નામને ङी પ્રત્યયાદિ કાર્ય અને औ પ્રત્યયાદિ કાર્ય થવાથી બંન્ને સ્થાને 'अदती' આવો પ્રયોગ થાય છે. અહીં शतृ પ્રત્યય अ વર્ણથી પરમાં ન હોવાથી આ સૂત્રથી अतृ ને अन्त् આદેશ થતો નથી. અર્થ - ખાનારી સ્ત્રી. ખાનારા બે કુલો. अश्न इति किम् ? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ श्ना સમ્બન્ધી आ થી ભિન્ન જ अ વર્ણથી પરમાં રહેલા अतृ ને તેની પરમાં ई અથવા ङी પ્રત્યય હોય તો વિકલ્પથી अन्त् આદેશ થાય છે. તેથી लू ધાતુને ઉપર જણાવ્યા મુજબ शतृ પ્રત્યય. 'क्र्यादेः ३-४-७९' થી लू ની પરમાં श्ना (ना) વિકરણ પ્રત્યય. 'प्वादे-र्हस्वः ४-२-१०५' થી ऊ ને -હ્રસ્વ उ આદેશ. 'श्नश्चातः ४-२-९६' થી श्ना ના आ નો લોપ થવાથી નિષ્પન્ન लुनत् નામને औ પ્રત્યયાદિ કાર્ય થવાથી તેમજ ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી બંન્ને સ્થાને 'लुनती' આવો પ્રયોગ થાય છે. અર્થ - કાપતા બે કુલો. કાપતી સ્ત્રી. યદ્યપિ અહીં तुदन्ती ઈત્યાદિ સ્થળે અને लुनती ઈત્યાદિ સ્થળે. સૂ. નં. ૨-૧-૧૧૩ અને સૂ. નં. ૪-૨-૯૬ થી अ નો અને श्ना ના आ નો લોપ થતો હોવાથી अ વર્ણથી પરમાં अतृ નથી. તેથી અહીં तुदन्ती ઈત્યાદિ પ્રયોગો કયી રીતે થાય છે; તેમજ श्ना નું વર્જન શાં માટે કર્યું છે? ઈત્યાદિ શઙ્કા થઈ શકે છે પરન્તુ જિજ્ઞાસુઓ-એ એના સમાધાન માટે બૃહદ્વૃત્તિનું અવલોકન કરવું જોઈએ. અથવા ભણાવનાર પાસેથી એનું સમાધાન મેળવી લેવું જોઈએ. અહીં તો માત્ર સૂત્રાર્થ અને પ્રક્રિયાંશનું જ સામાન્યતઃ દિગ્દર્શન ઉદ્દિષ્ટ છે.॥૧૧૫॥

### श्य - शवः २।१।११६॥

ई અને ङी પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના श्य (य) અને शव् (अ) થી પરમાં રહેલા अतृ (अत्) ને 'अन्त्' આદેશ થાય છે. दिव्

અને पच् ધાતુને 'शत्रानशा० ५-२-२०' થી शतृ પ્રત્યય. 'दिवादेः श्यः ३-४-७२' થી दिव् ધાતુની પરમાં श्य (य) વિકરણ પ્રત્યય. 'कर्त्तर्यन० ३-४-७१' થી पच् ધાતુની પરમાં शव् (अ) વિકરણ પ્રત્યય. 'भ्वादेर्नामि० २-१-६३' થી दिव् ના इ ને ई આદેશ. दीव्+य+अत्; पच्+अ+अत् આ અવસ્થાપન્ન નામને 'स्त्रियां नृतो० २-४-१' થી ङी પ્રત્યય. આ સૂત્રથી अतृ ને अन्त् આદેશ. 'लुगस्या० २-१-११३' થી य ના તેમજ शव् ના अ ના લોપ થી નિષ્પન્ન दीव्यन्ती અને पचन्ती નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી दीव्यन्ती અને पचन्ती આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે નપુંસકમાં औ પ્રત્યયાદિ કાર્ય થવાથી दीव्यन्ती અને पचन्ती આવો પ્રયોગ થાય છે. પૂર્વ સૂત્રથી વૈકલ્પિક अन्त् આદેશ વિહિત છે. તેનો બાધ કરીને નિત્ય વિધાન માટે આ સૂત્રનું પ્રણયન છે. પૂર્વ સૂત્રમાં अन्त् આદેશનું કાર્ય કરતા પૂર્વે अ નો લોપ કર્યાનું જણાવ્યું છે. અને આ સૂત્રમાં अन्त् આદેશ કર્યા પછી अ નો લોપ જણાવ્યો છે તે અપેક્ષાભેદથી સઙ્ગત છે... ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર ઉપયોગ પૂર્વક સમજી લેવું જોઈએ; અન્યથા વિસઙ્ગતિ સ્પષ્ટ છે. અર્થ - दीव्यन्ती = શોભતા બે કુલો. શોભતી સ્ત્રી. पचन्ती = રાંધતા બે કુલો. રાંધતી સ્ત્રી ॥ ૧૧૬॥

**दिव औः सौ २।१।११७॥**

सि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના दिव् ના અન્ત્ય વર્ણને औ આદેશ થાય છે. दिव् નામને सि પ્રત્યય. આ સૂત્રથી व् ને औ આદેશ. 'इवर्णादि० १-२-२१' થી दिव् ના इ ને य् આદેશ.... ઈત્યાદિ કાર્ય થવાથી द्यौः આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્વર્ગ . ॥૧૧૭॥

**उः पदान्ते ऽनूत् २।१।११८॥**

પદના અન્તે રહેલા दिव् ના અન્ત્ય વર્ણને उ આદેશ થાય છે. તેને

દીર્ઘ આદેશ થતો નથી. दिव् + भ्याम् અને दिव्+सु આ અવસ્થામાં આ સૂત્રથી व् ને उ આદેશ. 'इवर्णादि० १-२-२१' થી इ ને य् આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५' થી सु ના स् ને ष् થવાથી 'द्युभ्याम्' અને 'द्युषु' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બે સ્વર્ગોથી. સ્વર્ગોમાં. पदान्त इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદાન્તે રહેલા જ दिव् ના અન્ત્યવર્ણને उ આદેશ થાય છે. તેને દીર્ઘ આદેશ થતો નથી. તેથી दिव्+ङि (इ) આ અવસ્થામાં व् ને આ સૂત્રથી उ આદેશ થતો નથી. જેથી 'दिवि' આવો પ્રયોગ થાય છે. અર્થ- સ્વર્ગમાં. अनूदिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદાન્તસ્થ दिव् ના અન્ત્યવર્ણને થયેલા उ આદેશને દીર્ઘ ऊ આદેશ થતો નથી. તેથી अद्यौ द्यौ र्भवति આ અર્થમાં 'कृभ्वस्तिभ्यां० ७-२-१२६' થી दिव् નામને च्वि (०) પ્રત્યય. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ व् ને उ આદેશાદિ કાર્ય થવાથી 'द्युभवति' આવો પ્રયોગ થાય છે. અહીં 'दीर्घश्च्वि० ४-३-१०८' થી उ ને દીર્ઘ ऊ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ - સ્વર્ગ જેવું થાય છે. ॥૧૧૮॥

**॥इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे द्वितीयेऽध्याये प्रथमः पादः॥**

प्रावृड्जातेति .... । હે રાજાઓ! વર્ષા ઋતુ આવી ગઈ છે એવું માનીને જંગલનો ત્યાગ કરશો નહીં. કારણ કે વર્ષા ઋતુમાં વિષ્ણુ નિદ્રાધીન થાય છે; પરન્તુ આ મૂલરાજ રાજા સદૈવ જાગતા જ છે. - આશય એ છે કે - આ શ્લોકમાં મૂલરાજનું વિષ્ણુની ઉપમા દ્વારા વર્ણન છે. વર્ષાઋતુમાં વિષ્ણુ નિદ્રાધીન બને છે - એ લોકમાં પ્રસિદ્ધ છે. એના જેવા આ મૂલરાજ રાજા પણ વર્ષા ઋતુમાં નિદ્રાધીન બનશે- એમ માનીને એના ભયથી જંગલનો આશ્રય કરી રહેલા અને જંગલને છોડવા તત્પર બનેલા એવાં રાજાઓને કવિ; જંગલનો ત્યાગ કરવાની

ના પાડતા જણાવે છે કે વિષ્ણુ જેવા આ રાજામાં વિષ્ણુની અપેક્ષાએ એક વિશેષતા છે કે આ રાજા વિષ્ણુની જેમ વર્ષા ઋતુમાં નિદ્રાધીન ન થતાં સદાને માટે જાગતા રહે છે...

•••••••••••••

